શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૨

સંસ્કાર ગ્રંથાવલિ પુસ્તક તેત્રીસમું

# રસબિંદુ

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❋ **સંપુટ–૧**

**નવલકથાઓ**

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાન્વેષણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

❋ **સંપુટ–૨**

**નવલિકાસંગ્રહો**

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

❋ **સંપુટ–૩**

**કાવ્યસંગ્રહો**

નિહારિકા ★ શમણાં

**નાટ્યસંગ્રહો**

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

❋ **સંપુટ–૪**

**પ્રકીર્ણ**

જીવન અને સાહિત્ય ૧–૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન–ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

**ચિંતનમાળા**

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી – પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા – સાહિત્ય – સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત – હું લેખક કેમ થયો?

સરળતા અને વાત્સલ્યની મૂર્તિ સમાં

**સુમતિબહેન મેઢને**

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
RASBINDU, Short Stories
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·473

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૩૭-૫૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પ્રસ્તાવના

'પંકજ' તથા 'ઝાકળ' એ બે નવલિકાસંગ્રહોમાં 'રસબિંદુ' એ મારો ત્રીજો સંગ્રહ ઉમેરાય છે. એકલા ઉમેરાથી રીઝવું એ વાસ્તવિક નથી જ.

શામળ ભટના કથન પ્રમાણે

'નામમહિમા તે રાખે કોય!'

વાર્તાઓમાંની એકાદબે પણ રસબિંદુ બની શકી હશે ખરી?

વાંચવાપાત્ર લેખનકાર્ય મારાથી થયું હોય તો મારે બસ છે.

વડોદરા

રમણલાલ વ. દેસાઈ

રસબિંદુ

※

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ

| | | | |
|---|---|---|---|
| પરાધીન પુરુષ | ૧ | હવા ખાવાનું સ્થળ | ૮૬ |
| અવનવું ઘર | ૧૩ | એક જુલ્મકથા | ૯૭ |
| અહિંસાનો એક પ્રયોગ | ૨૧ | ગાંડી | ૧૦૬ |
| સફળ ધંધો | ૩૪ | કદરૂપો પ્રેમ | ૧૧૭ |
| રૂપૈયાની આત્મકથા | ૪૮ | સ્વર્ગદ્વાર | ૧૪૧ |
| ટેલિફોનનું ભૂત | ૬૧ | મહાન લેખક | ૧૫૯ |
| ગાડીવાન | ૮૧ | સંગીતસમાધિ | ૧૭૨ |


મુદ્રણો

બીજી આવૃત્તિ ૧૫–૯–'૪૩

ત્રીજું પુનર્મુદ્રણ : માર્ચ ૧૯૭૭

ચોથું પુનર્મુદ્રણ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

પ્રત : ૧૬૫૦

# પરાધીન પુરુષ

## ૧

સ્ત્રીઓના સમાન હકની ચર્ચા જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે મને મારા એક મિત્ર યાદ આવે છે. તેમનું નામ જયંતકુમાર. તેમને અમે બધા The strong silent Man – લોખંડી પુરુષ કહેતા હતા. તેમનો ઊંચો મજબૂત દેહઘાટ જ્યાં તેઓ જાય ત્યાં માર્ગ મુકાવે એવો હતો. તેમને ચોખ્ખાઈ અને વ્યવસ્થા માટે અતિશય ચીવટ રહેતી. નિયમિતપણું તેમના દરેક કાર્યમાં દેખાઈ આવતું હતું. આજ્ઞાપાલનનો તેઓ ભારે આગ્રહ રાખતા. અને પોલીસ ખાતામાં તેઓ ઊંચી અમલદારી કરતા હોવાથી આજ્ઞા, નિયમિતપણું, બંદોબસ્ત, ચોખ્ખાઈ અને કડક દેખાવ એ તેમનાં નિત્યનાંસાથી બની ગયાં હતાં.

આનો અર્થ એમ કોઈ ભાગ્યે જ કરે કે તેમનું હૃદય પણ લોખંડી હતું. તેમનું હૃદય સોને મઢેલું, વિશુદ્ધ લાગણીભર્યું અને મુલાયમ હતું. પરંતુ પ્રથમ છાપમાં તો તેઓ કડક લાગતા હતા, અને સાચી સીધી વાત કહેવાને ટેવાયલા હોવાથી તેઓ સહજ ભયપ્રદ પણ લાગતા હતા. નોકરો તેમનાથી થરથરતા, પાડોશીઓ તેમની સાથે છૂટ લેતાં અચકાતા, અને ગુનેગારો તેમનાથી છુપાયલા જ રહેતા.

તેમણે એક મકાન બાંધવાનું નક્કી કર્યું. તેનો વિચાર આવતાં બરાબર તેમણે કેટલો ખર્ચ કરવો તે પણ નક્કી કરી નાખ્યું. ઘરનો નકશો અને યોજના પણ તેમણે અત્યંત કાળજીપૂર્વક નક્કી કરી દીધાં. બારીબારણાં ક્યાં, કેવાં, કેવડાં મૂકવાં; કેટલા ઓરડા, કેટલા માપના રાખવા; પ્રત્યેક ઓરડામાં વધારેમાં વધારે સગવડ કેમ રીતે થાય; એ બધું જ તેમણે નક્કી કર્યું. વ્યવસ્થાના આગ્રહવાળા જયંતકુમારે મિત્રો

અને સગાંસંબંધીઓને અને પોતાની પત્નીને એ નકશા બતાવી તેમની પસંદગી મેળવી અને ભારેમાં ભારે ચોકસાઈ કરી લીધી. તેમણે સહુને કહી દીધું :

'આમાં કાંઈ સૂચના કરવી હોય તો કરી દો. પછીથી હું એક ખીંટીનો પણ ફેરફાર કરીશ નહિ.'

બધાંને ખાતરી હતી કે, એક વખત યોજના નક્કી થયા પછી જયંતકુમાર કશો જ ફેરફાર કરવા દેશે નહિ. માત્ર તેમનાં પત્નીએ કહ્યું : 'નકશાને ઘરના આકારમાં સહજ ઊતરવા તો દો. કેટલોક ફેરફાર ઘર બંધાવતાં પણ કરવો પડે !'

'આમાં જ તમારી ભૂલ થાય છે. પહેલેથી જે ફેરફાર કરવો હોય તે સમજીને કહી દો. હું પછીથી કાંઈ જ કરવા નહિ દઉં.'

તેમનાં પત્ની જ્યોત્સ્નાગૌરીએ કશો જવાબ આપ્યો નહિ; માત્ર એક સ્મિતથી તેમણે પોતાના પતિને સંમતિ આપી. જ્યોત્સ્નાગૌરી તેમના નામ પ્રમાણે ચમકતું સૌન્દર્ય અને ચમકતી બુદ્ધિ ધરાવતાં હતાં. તેમનું સ્મિત અજેય હતું.

'હું ફરીથી કહું છું કે પાછળથી તલ જેટલો પણ ફેરફાર હું કરવા નહિ દઉં. તમે મારો સ્વભાવ જાણો છો.' જયંતકુમારે છેલ્લી ચેતવણી આપી.

તેઓ જાહેરમાં પત્નીને બહુવચનમાં સંબોધતા. કારણ પારસીઓ કે અતિ નવીન હિંદુ યુવતીઓની માફક તેમનાં પત્ની જયંતકુમારને એક વચનમાં બોલાવતાં નહિ—જાહેરમાં તો નહિ જ. એટલે એ બાબતમાં બંનેના સમાન હક્ક સચવાઈ રહ્યા હતા.

'સારું. હું કશો ફેરફાર સૂચવીશ નહિ. મને કાગળમાં—નકશામાં કશી સમજ પડતી નથી.'

'હું ફરી સમજાવું. પણ ઘર શરૂ કર્યા પછી એક તસુનો પણ ફેર નહિ થાય.' જયંતકુમારે કહ્યું.

'એ તો હું જાણું છું જ ને ! તમને ગમશે તે મને કેમ નહિ ગમે ?' જ્યોત્સ્નાગૌરીએ વાગ્બાણ ફેંક્યું. જયંતકુમારને ખાતરી

થઈ કે તેમની કલાગરી પત્ની કશી અડચણ પછીથી નાખશે નહિ, અને તેમની વ્યવસ્થામાં કશો ફેરફાર કરવાની જરૂર રહેશે નહિ.

## ૨

ઘર બાંધવાનું કામ શરૂ થઈ ગયું. જરેજરની વિગત કૉન્ટ્રાકટરે સમજી લીધી અને એક માળ પૂરો થવા આવ્યો. હું એક દિવસ તેમને ઘેર જઈ ચઢ્યો અને જોયું તો જયંતકુમાર મકાનનો નકશો લઈ ગુસ્સામાં બેઠા હતા.

'કેમ જયંતભાઈ, આજે કાંઈ નિયમભંગ થયો શું ?' મેં પૂછ્યું. ઠરેલા નિયમ પ્રમાણે જ્યાં સુધી કાર્ય થાય ત્યાં સુધી મારા મિત્ર અત્યંત આનંદમાં રહેતા. આજે મને લાગ્યું કે કરેલા ક્રમમાં કાંઈ વિઘ્ન આવ્યું છે.

'ચાલ, તું આવ્યો એ ઠીક થયું. તું જાણે જ છે કે આ ઘરની કેટલી ચર્ચા કર્યા પછી આપણે કામ શરૂ કર્યું હતું !' તેમણે કહ્યું.

'બરાબર છે. તમારો આગ્રહ જ હતો કે પછી કશો ફેરફાર ન થાય. કૉન્ટ્રાકટર બરાબર નકશા પ્રમાણે નથી કરતો ?' મેં પૂછ્યું.

'કૉન્ટ્રાકટરનો સવાલ જ નથી.'

'તો પછી ?'

'ઘરમાં જ ઝઘડો ઊભો થયો છે.' જયંતકુમારે કહ્યું. અને એટલામાં જ જ્યોત્સ્નાગૌરી આવ્યાં. તેમણે હસીને કહ્યું :

'મારા ઘરમાં ઝઘડો હોઈ શકે નહિ.'

'ઝઘડો નહિ તો બીજું શું ? હવે તમે ફેરફાર કરવા માગો એ કેમ બને ?' જયંતકુમારે કહ્યું.

'હું કહેતી જ નથી કે તમે ફેરફાર કરો. હું તો ફક્ત સૂચના કરું છું !' જ્યોત્સ્નાગૌરીએ કહ્યું. તેમના મુખ ઉપરથી સ્મિતની છાપ કદી ખસતી નહિ.

'હવે આટલું કામ થયા પછી સૂચના ? ભીંત પાડીશું એટલે ખર્ચના અંદાજમાં પાંચસો રૂપિયા વધી જશે...અને નકશા પ્રમાણે કામ

નહિ થાય એ જુદું.' જયંતકુમારે કહ્યું.

'ભાભી ખુશ થતાં હોય તો એટલા પાંચસો રૂપિયા...' બોલવા ગયો ત્યાં તો મને ગુસ્સામાં જયંતકુમારે અટકાવ્યો :

'રૂપિયાનો સવાલ નથી. પણ આ આખી યોજના ફરી જાય છે એનું શું?'

'થોડી ફરે પણ ખરી. એમાં બહુ હરકત છે?' મેં કહ્યું.

'તમને હિંદીઓને યોજનાની કિંમત જ નથી. એક પણ બાબતની ચોકસાઈ નહિ.' તેમણે કહ્યું.

'પણ એમને કહો તો ખરા કે સૂચના કઈ છે? તમારા મિત્ર છે. તમને અને મને સાચી સલાહ આપશે જ.' જ્યોત્સ્નાગૌરીએ કહ્યું.

'નકશા વિરુદ્ધ કાંઈ પણ કહેશે તે હું નહિ માનું : મિત્ર હોય તોપણ.'

'મને ખોટું નથી લાગતું તો પછી મિત્રને તો ખોટું લાગે જ શાનું? છતાં આપણે જગા જોઈએ તો કેવું?' જ્યોત્સ્નાગૌરીએ દરખાસ્ત મૂકી.

'મારો મિત્ર મૂર્ખ નહિ હોય તો મારા મતને મળતો જ થશે.' જયંતકુમાર બોલી ઊઠચા.

'જુઓ જયંતભાઈ, મૂર્ખાઈ પણ સાપેક્ષ ગુણ છે. હું મૂર્ખાઈમાંથી બિલકુલ બાતલ થવા માગતો નથી. કોઈ વાર મૂર્ખાઈ મને ગમે પણ ખરી...' મેં કહ્યું.

'તારે ઘર જોવું છે કે મૂર્ખાઈ ઉપર વ્યાખ્યાન આપવું છે?' જયંતકુમાર ઊભા થઈ બોલ્યા. મને એક વિચાર આવ્યો. યોજનામાંથી તસુનો પણ ફેરફાર ન કરવાનો આગ્રહ પકડી બેઠેલા મારા મિત્ર શા માટે જ્યોત્સ્નાગૌરીની સૂચના માની મારો અભિપ્રાય માગતા હશે? મેં જ્યોત્સ્નાગૌરી તરફ જોયું. તેમના મુખ ઉપરની મધુર સરળતા કોઈ દૃઢ નિશ્ચયને તો ઢાંકતી નહિ હોય? જયંતકુમાર અજાણપણામાં દોરવાતા તો ન હતા?

નવું મકાન પાસે જ બંધાતું હતું. ત્યાં જતાં બહુ વાર ન લાગી.

રસ્તામાં મેં જ્યોત્સ્નાગૌરીના મત પ્રમાણે ફેરફાર થવા દેવા સહજ સૂચન કર્યું એટલે જયંતકુમાર બોલી ઊઠ્યા:

'તને મત બાંધતાં જ ક્યાં આવડે છે? અત્યારથી તું પક્ષપાતી બની ગયો.'

'એમ નહિ...' મેં કહ્યું.

'તારો એક જ મત : સ્ત્રીઓમાં માનીતા બની જવું! +Back-bone જ નહિ!' મારે માટે જયંતકુમારે અભિપ્રાય આપી દીધો.

મેં ફરીને આખું ઘર બનતું જોયું. પ્રથમથી જ ચોકસાઈ કરી મૂકેલા જયંતકુમારના મકાનમાં મને તો ખામી દેખાઈ નહિ. પતિ-પત્ની બંને ઘર બતાવવામાં એટલાં એકાગ્ર બની ગયાં હતાં કે લગભગ બે કલાક ઘર જોયા પછી પણ તેમના મતભેદનો ઉલ્લેખ તેમણે કર્યો નહિ. નવાઈ જેવી વાત એ હતી કે જયંતકુમાર પ્રત્યેક બતાવવા લાયક વસ્તુમાં પોતાની પત્નીનો જ નિર્દેશ કરતા હતા.

'અહીં હીંચકો ન હતો. તારાં ભાભીની ઇચ્છા થઈ કે અહીં એક હીંચકો તો હોવો જોઈએ; મેં બે બંધાવ્યા. પણ પ્લૅનમાં× ફેરફાર નહિ હો!...આ કબાટ જરા અંદર લીધું હતું; એમણે કહ્યું કે થોડું આગળ વધારો, એટલે વધાર્યું; નકશો બગડ્યો નથી...અહીં પહેલાં જાળી ધારેલી. આમને મન થયું કે જાળી સાથે કાચનાં બારણાં હોય તો સારાં. એમાં શું? પ્લૅનમાં ફેરફાર ન થાય ત્યાં સુધી હરકત શી?...આ સીડી પહેલાં સીધી કરવા કૉન્ટ્રાકટરે કહ્યું. તદ્દન અક્કલ વગરની વાત. એમણે કહ્યું કે ગોળ સીડીથી જગ્યા બચશે. વાત તદ્દન ખરી.કૉન્ટ્રાકટરને કેમ સૂઝ્યું નહિ એ હું સમજી શકતો નથી. કેટલી જગા બચી છે?...ભોંયરામાં થોડું ખર્ચ વધ્યું. વાત ખરી છે. ઉનાળાની ગરમીથી રક્ષણ તો મળે, એ પણ તારાં ભાભીની જ સૂચના. પરંતુ બધું પ્લૅનની અંદર...'

આમ બે કલાક સુધી ઘર જોતાં જોતાં જયંતકુમારે સઘળી વિગત

+ મરુદંડ.

× નકશા.

મને સમજાવી દીધી. ક્વચિત્ હું અને જ્યોત્સ્નાગૌરી એકબીજાની સામે જોઈ લેતાં હતાં, કારણ જયંતકુમારની આખી વાતમાં એક જ તત્ત્વ મને દેખાયું—જ્યોત્સ્નાગૌરીએ જે જે સૂચના કરી હતી તે બધી ઉપયોગી અને અક્કલથી ભરેલી હોવાનો સ્વીકાર જયંતકુમારે કર્યો હતો. એટલું જ નહિ, પણ સૂચનાઓનો અમલ પણ કર્યો હતો. જયંતકુમાર જોકે વારંવાર પોતાના નકશા અને પ્લૅનને આગળ કરતા હતા, છતાં મને લાગ્યું કે એ આખો નકશો અને પ્લૅન બદલાઈ જઈ જ્યોત્સ્નાગૌરીના મનમાં રહેલાં નકશા પ્રમાણે મકાનનું ઘડતર ઘડાતું હતું.

'પરંતુ આમાં તમારી તકરારની જગા કઈ?' મેં પૂછ્યું.

'તકરાર? હાં, હાં; જો હવે હું તને સમજાવું. આ બારી બિલકુલ સીધી રાખી હતી. આ કહે છે કે એમાંથી ઝરૂખો બનાવો. કેટલું બદસૂરત ઘર બની જાય? તું જ કહે.' જયંતકુમારે એક બારી બતાવી મારી સહાય લીધી.

એમાં બદસૂરત શું બની જાય?' મેં પૂછ્યું.

'તને પ્રમાણનો–harmonyનો ખ્યાલ છે ખરો?' જયંતકુમારે મને પૂછ્યું.

'હું માનું છું કે એવો ખ્યાલ છે ખરો. એમાં કયું પ્રમાણ બગડે છે?'

'આખા ઘરની આગળ આ ભાગ આવી જશે એ તું સમજી શકે છે?'

'ઝરૂખો હોય તો આગળ આવે જ.'

'મારા પ્લૅનમાં નથી. અને એ જ તકરારનો વિષય છે. હું કદી તે પ્રમાણે થવા દેવાનો નથી.' જયંતકુમારે દૃઢતાપૂર્વક કહ્યું.

'મેં ક્યાં કહ્યું કે તમે આમ જ કરો? આ તો મને ઠીક લાગ્યું તે મેં સૂચવ્યું. તમને ન ગમતું હોય તો તે કદી થાય જ નહિ, હું મારી સૂચના પાછી ખેંચી લઉં છું.' જ્યોત્સ્નાગૌરીએ કહ્યું. તેમના મુખ ઉપર જરા પણ ક્ષોભ ન હતો.

'ત્યારે તમે સૂચના કરી કેમ? તમારું મન...!' જયંતકુમારે

જવાબ આપ્યો.

'તમારું મન એ જ મારું મન. તમે મારી ચિંતા મૂકોને!' જ્યોત્સ્નાગૌરી બોલ્યાં.

મેં કશો અભિપ્રાય આપ્યો જ નહિ. મને ખાતરી હતી કે આ ઘર ઝરૂખા વગર રહેવાનું નથી. જયંતકુમાર કરતાં જ્યોત્સ્નાગૌરીમાં મને વધારે શક્તિનું ભાન થયું.

૩

ઘર તૈયાર થયા પછી મને આમંત્રણ ઉપર-આમંત્રણ આવવા લાગ્યાં. તેમને ત્યાં થોડા દિવસ રહ્યા વગર મારો છૂટકો ન હતો. એક સંધ્યાકાળે હું તેમના નવા ઘરમાં જવા માટે નીકળ્યો. ઘર પાસે આવ્યો ત્યારે સંધ્યાકાળનું અંધારું ઘરના થોડા ભાગને અસ્પષ્ટ બનાવતું હતું. એ અસ્પષ્ટ ભાગમાંથી એક ઝરૂખો આગળ નીકળી આવેલો મેં જોયો. હું બગીચાના આછા અંધકારમાં હતો એટલે મારા પ્રવેશનો ખ્યાલ નોકરો સિવાય કોઈને આવ્યો નહિ. ઘરના અંદરના ભાગમાં પેસવા કરતાં હું પહેલો બહાર પાડતા ઝરૂખા તરફ વળ્યો. એ ઝરૂખામાં એક પુરુષ અને એક સ્ત્રી સાથે ઊભેલાં દેખાયાં.

આવી સ્થિતિમાં આપણી આંખ ચોર બની જાય છે. બીજે બધે દીવા થવા લાગ્યા, માત્ર ઝરૂખામાં અંધકાર રહ્યો. છતાં મેં જયંતકુમાર અને જ્યોત્સ્નાગૌરીને સાથે ઊભેલાં ઓળખી કાઢ્યાં. એટલું જ નહિ, જયંતકુમારના નિયમિત જીવનમાં કદી ન કલ્પી શકાય એવી અનિયમિતતા પણ મેં જોઈ. જયંતકુમાર પોતાના હાથમાં જ્યોત્સ્નાગૌરીનો હાથ પકડી રહ્યા હતા!

અમે માનતા હતા કે અમારા આ કડક મિત્રનો પ્રેમ–ઉપચાર પણ બહુ જ વ્યવસ્થિત, નિયમિત, ઠરેલા કાર્યક્રમ પ્રમાણે ઘડિયાળના ટકોરાથી દોરાતો હોવો જોઈએ. જયંતકુમાર જેવા યંત્ર સરખા સ્વચ્છ અને નિયમિત પુરુષ પત્નીનો હાથ પકડતા પહેલાં સાબુ અને જંતુનાશક દવાઓથી પોતાના અને પત્નીના હાથને સ્નાન કરાવતા હોવા જોઈએ.

એ તો ઠીક. પણ સંધ્યાકાળનો સમય પણ આવા પ્રેમકાર્ય માટે અનુકૂળ હતો કે નહિ તે અમે મિત્રોએ તેમને પૂછી જોયેલું નહિ. વળી ઝરૂખો એ અમથાં યુવાનો કે લફંગાઓ માટે પ્રેમ કરવાનું સ્થાન બની શકાય; જયંતકુમાર જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થો માટે એ સ્થળ પ્રેમકુંજ બની શકે નહિ.

મેં મારી આંખોને ખોટી માની. કદાચ જ્યોત્સ્નાગૌરીના હાથે ઝણઝણી ચઢી હોય તો તે ઉતારવા માટે શારીરિક પ્રયોગ તેઓ કરતા હોય એ પણ સંભવિત હતું. હું ઘરમાં ગયો. નોકરો ઓળખતા હતા એટલે મારે વરદી આપવાની ન હતી. હું સીધો ઝરૂખા તરફ વળ્યો – અલબત્ત ચોરપગલે. અને ત્યાં પહોંચ્યો ત્યારે જે મેં દૃશ્ય જોયું તે હું કદી કલ્પી શકું એમ હતું જ નહિ.

કડક નિયમપાલક જયંતકુમાર અનિયમિત પ્રેમ કરતા હતા! જ્યોત્સ્નાગૌરીને ગળે હાથ નાખી તેઓ તેમને પોતાની પાસે ખેંચતા હતા, અને જ્યોત્સ્નાગૌરી ખેંચાતાં હતાં!

મેં પાછાં પગલાં કર્યાં, પરંતુ મારો પડછાયો તેમને દેખાયો હશે.

‘કોણ છે?’ જયંતકુમારે તેમના મર્દાનગીભર્યા ભારે સ્વરથી પ્રશ્ન કર્યો.

હું જાણે પાછો ફર્યો જ ન હોઉં તેમ બોલ્યો: ‘અરે શું જયંતભાઈ. તમે તો આખા ઘરમાં દેખાયા નહિ! તમારી ડ્રૉઈંગ રૂમ સિવાય તમે બીજે સ્થળે હોઈ શકો જ નહિ એમ હું ધારતો હતો.’

‘પણ તને ગમે ત્યાં આવતાં કોણ રોકે છે? સીધો અહીં કેમ ચાલ્યો ન આવ્યો?’

‘સીધો ન આવ્યો એ જ સારું થયું. તમે બે જણ ઝરૂખામાં હો અને મારાથી અવાય?’

‘જા, જા હવે, નાનો ન બન. તું પણ આવ ઝરૂખામાં. બહુ જ શાંતિ મળે છે.’

મારો હાથ પકડી જયંતકુમાર મને ઝરૂખામાં ખેંચી ગયા. અલ

બન્ને જ્યોત્સ્નાગૌરીના અને મારા હાથમાં તેમને આસમાન જમીનનું અંતર લાગ્યું હશે જ. અને મારા આવવાથી ઝરૂખાની શાન્તિમાં ભંગ થયો હતો એમાં આજ સુધી મને શંકા આવી નથી.

ઝરૂખો ધાર્યા કરતાં પણ મોટો હતો. ખુરશીઓ મુકાય એવું છજું ત્યાં બની રહ્યું હતું.

'હું ઘણુંખરું અહીં જ બેસું છું. આમની સૂચના બહુ જ વિચાર ભરેલી હતી. મને જોઈતાં એકાંત અને શાન્તિ આ સ્થળે જ મળે છે.' જયંતકુમાર આરામથી બેસી બોલ્યા.

'પણ એ ઝરૂખા ઉપર તો તમે ઝઘડો કરી ઊઠ્યા હતા!' મારાથી રહેવાયું નહિ એટલે એ ઝઘડાની વાત મારે આગળ લાવવી પડી.

'ઝઘડો? કોણે કર્યો હતો?' જ્યોત્સ્નાગૌરી સ્થિરતાથી પૂછવા લાગ્યાં. તેમણે બટન દબાવી દીવો પ્રગટાવ્યો.

'જયંતભાઈએ, વળી!' મેં કહ્યું.

'ના રે ના. એમને એકાંત તો જોઈતું જ હતું. મેં ઝરૂખો કરવા કહ્યું તે એમને ગમી ગયું. અને આ ઝરૂખો તૈયાર થયો એટલે શાન્તિ મળે છે!' જ્યોત્સ્નાગૌરી બોલ્યાં.

શાન્તિનો સદુપયોગ થયો હતો એ તો મેં નજરે પણ જોયું હતું! વધેલી ઉમરવાળાં કહેવાતાં પતિપત્ની પ્રેમી બની જાય તો? જરા પણ હરકત નહિ. પ્રેમી બનતાં નથી માટે તેઓ વૃદ્ધ બની જતાં હશે!

'વળી એ ઝરૂખામાં બહુ ઊંચી કલા અને પ્રમાણ રહેલાં છે.' જયંતકુમારે કહ્યું અને મને ચમક થઈ આવી.

'કેમ ચમક્યા?' જ્યોત્સ્નાગૌરીએ હસીને મને પૂછ્યું.

'તમારા જેવી સ્ત્રી જરૂર મને ચમકાવે. અમારા જયંતભાઈને ઝરૂખામાં આજે કલાનો નમૂનો દેખાય છે; મને તે દિવસે મૂર્ખ ગણી કાઢ્યો હતો!' મેં જવાબ આપ્યો.

'તારું સૂચન બહુ વિચિત્ર હતું. તે પ્રમાણે કર્યું હોત તો ઘરનો ઘાટ બગડી જાત.' જયંતકુમારે મારી મૂર્ખાઈ કાયમ કરી. પણ તેઓ ભૂલી ગયા હતા કે મેં તો એકે ય સૂચન કર્યું ન હતું. હું તો

માત્ર જ્યોત્સ્નાગૌરીની યોજનાને ટેકો આપી રહ્યો હતો. જ્યોત્સ્નાગૌરી મારી સ્થિતિ સમજી શકે એવાં હતાં; તેમણે અર્થસૂચક સ્મિત કર્યું અને કહ્યું :

'આ ઝરૂખા માટે તો શિલ્પી–Archtectની પણ એમણે સલાહ લીધી હતી.'

'એણે પણ કહ્યું કે ઝરૂખો કરવાથી બાંધણી કલાલય થશે!' જયંતકુમારે સાક્ષી પૂરી.

ઝરૂખાના કટ્ટા શત્રુ જયંતકુમાર આજ ઝરૂખામાં કલા નિહાળી રહ્યા હતા. પૂર્વમાં ઊગતો સૂર્ય પશ્ચિમમાં ઊગે એ અમારે મન શક્ય હતું. પરંતુ કડક જયંતકુમાર પોતાનો આગ્રહ ભૂલી જઈ સામા અભિપ્રાયમાં ભળી જાય એ અમે કદી માની શકતા નહિ. આજે નેવાંનાં પાણી મોભે ચઢતાં હતાં–ચઢી ચૂકેલાં હતાં! નિયમબદ્ધ જયંતકુમાર કલાનો શોખ ધરાવતા હતા એવું અમે જાણેલું નહિ.

'તમે નવી કલા સમજતા ક્યારથી થયા?' મેં પૂછ્યું.

'શું?' જયંતકુમારે ઉગ્રતાથી પૂછ્યું.

'અતિ નિયમબદ્ધ વસ્તુમાં એક અનિયમિતતા દાખલ થાય તો તે આખી કલાને દીપાવે છે. ચોરસ ઘરમાં આ ઝરૂખો આગળ નીકળ્યો તું મુગટ જેવો દેખાય છે.' જ્યોત્સ્નાગૌરી બોલ્યાં.

'પરંતુ તે દિવસે આપની સમજ ક્યાં જઈ બેઠી હતી?' મેં જયંતકુમારને પૂછ્યું.

'તમે આનું કહેવું સાંભળશો નહિ. એને લડાવી મારવાની ટેવ છે.' જયંતકુમારે મને પ્રમાણપત્ર આપ્યું.

'પણ મારે લડવું હોય તો ને? તમારી હા એ જ મારી હા; તમારી ના એ મારી ના. પછી ઝઘડો જ ક્યાં રહે?' જ્યોત્સ્નાગૌરીએ પતિપરાયણતા દર્શાવી; અને બેભાન પતિએ તે સ્વીકારી લીધી. ઝરૂખાનો ઝઘડો બંને વચ્ચે કદી થયો જ નથી એમ જયંતકુમારની દૃઢ માન્યતા થઈ ગઈ હતી.

હું શૂન્ય બની ગયો. સ્ત્રી એ માયા છે, મોહિની છે, જાદુગર છે,

એની મને ખાતરી થઈ ગઈ. જ્યોત્સ્નાગૌરીએ જયંતકુમારનાં ઘરને ઘડયું હતું. નકશો અને પ્લેનનો ભારે વિચાર કરી ડગલું ભરનાર જયંતકુમારના ઘરની એકેએક ઈંટમાં મને જ્યોત્સ્નાગૌરી દેખાયાં. જયંતકુમારની યોજનાનો અંશ પણ એ મકાનમાં હું દેખી શક્યો નહિ. એકેએક વસ્તુ તેમનાં પત્નીની યોજનારૂપ હતી!

જ્યોત્સ્નાગૌરીએ ઘરને ઘડી પોતાની એક અદ્દ્ભુત શક્તિનો પરચો મને કરાવ્યો. સ્ત્રી ઘરને જ ઘડે છે એમ નહિ, તે પુરુષને પણ ઘડે છે. નહિ તો જગતમાં આગ્રહી, જિદ્દી, ટેકી, એકવચની, ઉગ્ર ગણાતા સૂર્યચંદ્ર સરખા નિયમિત જયંતકુમાર આ જુદા સ્વરૂપમાં મને દેખાય? એ જુદું સ્વરૂપ નહિ, ખરું સ્વરૂપ—સ્ત્રીએ ઘડેલું સ્વરૂપ!

અને પુરુષ માને છે કે તે સ્ત્રીનો સ્વામી છે, પતિ છે, માલિક છે! મૂર્ખાઈની પરાકાષ્ટા! જગતમાં પુરુષનું ધાર્યું કાંઈ જ થતું નથી. પુરુષ તો નિમિત્ત માત્ર છે. તેની ધારણા નિરર્થક છે, જો સ્ત્રીની ધારણાથી તે વિરુદ્ધ હોય તો.

'શા વિચારમાં પડ્યા?' જ્યોત્સ્નાગૌરીએ મને પૂછ્યું.

'કાંઈ નહિ. હું આજે સ્ત્રીપુરુષના સરખા હક્ક વિશે વ્યાખ્યાન સાંભળી આવ્યો; તેના વિચાર કરું છું.'

Bosh...તદ્દન ખોટું!' જયંતકુમારે કહ્યું.

તેમના અભિપ્રાયને પૂરું ઉચ્ચારણ મળે તે પહેલાં જ જ્યોત્સ્ના-ગૌરીએ તેમના મતને ટેકો આપ્યો:

'સરખા હક્ક? એ તે હોઈ શકે? પુરુષ તે પુરુષ અને સ્ત્રી તે સ્ત્રી! પુરુષોનું માનસિક અને શારીરિક બળ તેમને જ વધારે હક્ક આપે!' જ્યોત્સ્નાગૌરી હસતાં હસતાં બોલ્યાં.

'જો, સાંભળ.' જયંતકુમારે અત્યંત રાજી થઈ મને કહ્યું. જ્યોત્સ્નાગૌરી જાણે દેવી હોય અને તેમના કથનમાં કોઈ પયગંબરી સંદેશ હોય એવા ભાવથી જયંતકુમાર બોલ્યા. એમાં ઉપરથી જોતાં પુરુષના હક્કની પ્રતિષ્ઠા હતી. પરંતુ જયંતકુમારની શ્રેષ્ઠતા પાછળ એક કુશળ, દક્ષ, પ્રેમાળ અને ખાડોશ સ્ત્રીનું પૂરેપૂરું અવલંબન હતું

એવું હું જોઈ શક્યો. તેમના રોફમાં પરાધીનતા જ હતી.

અને આવી ચમકતી, હસતી, વાણીથી સર્વને વશ કરતી સ્ત્રીને પરાધીન થવામાં ખોટું પણ શું? સ્ત્રીને હક્ક આપવાની જરૂર નથી; તેને જીવન સોંપી દેવાની જરૂર છે. આપણે ઘમંડમાં ભલે માનીએ કે પુરુષ એ સ્વામી છે, અને સ્ત્રીએ તેને સર્વસ્વ સોંપવું જોઈએ. ખરું જોતાં તો પુરુષની માલિક સ્ત્રી છે.

એ દિવસથી મેં નક્કી કર્યું છે કે સ્ત્રીપુરુષની સમાનતાના ઝઘડામાં પડવું જ નહિ. સ્ત્રીપુરુષ સમાન નથી જ. પુરુષ કરતાં સ્ત્રીના હક્ક અવશ્ય વધારે છે—પુરુષ માનતો હોય કે ન માનતો હોય તોપણ. સ્ત્રીની જાળમાં સપડાયલો એ પરાધીન કેદી છે.

અને એ જાળ! એ કેદ! ગમે તે નામે એને ઓળખો. પુરુષને માટે એ જાળ અને એ કેદ સ્વર્ગ કરતાં વધારે સોહામણાં છે, નહિ? તે સિવાય પથરીલો પુરુષ આવો મીણ સરખો મૃદુ કેમ બની જાય?

તમે નથી માનતા? આવો, હું આજ પણ એ ઝરૂખામાં કડક અને ચોક્કસ જયંતકુમાર સાથે બેઠેલાં સૌમ્ય સ્મિતભર્યાં જ્યોત્સ્નાગૌરીને દેખાડું. અરે તેટલે પણ જવાની જરૂર નથી. તમે તમારી જાતને જ જુઓને! કોની કેદમાં તમે પડ્યા છો? તમને કોણ ઘડી રહ્યું છે? ઘરમાં જ નજર નાખો.

# અવનવું ઘર

મારે એક ઘર ભાડે રાખવું હતું. લોકોની ગિરદી મને ગમતી નહિ. મકાનો પણ ગીચ હોય એ મને પસંદ ન હતું. આપણા ઘરમાં આપણે નિરાંતે બેઠાં હોઈએ અને પાડોશીની આંખો ન જોયાનો દેખાવ કરીને આપણને જોયા કરતી હોય એ અગવડભરી પરિસ્થિતિ મને ખૂંચતી હતી. હિંદ જેવા દેશમાં હવાની જરૂર છે. ઠંડા વિલાયતના અનુકરણમાં બારીએ બારીએ, જાળીએ જાળીએ, ખંડે ખંડે અને ખંડની વચમાં પડદા નાખી માણસની સાથે જડ ઓરડાઓને પણ બુરખાધારી બનાવી દેવાની નવીનતા પ્રત્યે મને હજી સદ્‌ભાવ ઉત્પન્ન થયો ન હતો. અને ગીચ વસ્તીમાં આમ પડ ન રાખીએ તો પાડોશી, પાડોશીનાં બાળકો, તેમના નોકરો અને આખું જગત જાણે આપણા તરફ ત્રાટક કરી રહ્યું હોય એમ લાગ્યા કરે છે.

એટલે હું સારા, મનપસંદ ઘરની શોધમાં જ હતો, અને મને એક મકાન મનગમતું દેખાયું. એક શેરીને છેડે કમ્પાઉન્ડવાળું, સુશોભિત, માળ વગરનું એકલ ઘર મારી નજરે પડ્યું. મેં શેરીમાં કોઈને પૂછ્યું :

'પેલું ઘર ભાડે આપવાનું છે?'

'ખાલી તો છે...પણ...પૂછો ને આગળ!'

મેં આગળ પૂછ્યું :

'પેલું ઘર ખાલી છે; નહિ?'

'ખાલી જ હોય તો બીજું શું થાય?'

'એમ કેમ? કોઈ ભાડે નથી રાખતું?'

'કોના ભોગ લાગ્યા હોય કે...પણ જુઓ ને ભાઈ, તમને ગમતું હોય તો અમારે શું?'

'એ કોણ બતાવશે?'

'જોઈ લો. એને તાળું કદી લાગતું જ નથી.'

મને લાગ્યું કે ઘરના માલિક અને મને માહિતી આપનારની વચ્ચે કોઈ અણબનાવ હોવો જોઈએ. મને થયું કે હું જાતે જ કમ્પાઉન્ડમાં જઈ ઘરમાલિકને મળી કોઈને પૂછયાગાછયા વગર જ વ્યવસ્થા કરી લઉં. ઘરનો એકાદ ભાગ મળે તોપણ તાત્કાલિક મારે માટે બસ હતું.

કમ્પાઉન્ડનો ઝાંપો ખોલી હું ઘરને ઓટલે ઊભો રહ્યો. આવડા મોટા અને સારા ઘરમાં આટલી બધી શાન્તિ કેમ હતી તેની મને સમજ પડી નહિ. નવી ઢબની ઘંટડી વગાડતાં બરાબર બારણું આપોઆપ ખૂલી ગયું. મેં અંદર પ્રવેશ કર્યો. ઘર સારું, સફાઈભર્યું, થોડા થોડા ફર્નિચરવાળું હતું. એ જોઈ મને આનંદ થયો. મને એમાં ખૂબ અનુકૂળતા દેખાઈ. પ્રથમ ઓરડામાંથી હું બીજા ઓરડામાં ગયો, અને બીજામાંથી ધીમે રહી હું ત્રીજા ઓરડામાં ગયો: બધે જ મને ગમતી સ્વચ્છતા, મોકળાશ અને ગૂંચવણ વગરની ગોઠવણી નજરે પડયાં. પણ એકાએક મને થયું કે બારણું ઉઘાડનાર કોઈ કેમ દેખાયું નહિ?

અને આવી સ્વચ્છ ગોઠવણીવાળું ઘર આટલું બધું શાંત અને એકાન્તભર્યું કેમ? હું શું કોઈ તિલસ્માતી ઘરમાં આવ્યો હતો? શું કોઈ જાદુઈ મકાન મને આકર્ષતું હતું?

જરા સરખા એકાન્તથી આમ ડરી જવું એમાં મને શરમ ઊપજી. દુનિયાનો ભાર ઊંચકવા તત્પર બનેલા યુવકે ઘરની શાંતિથી ગભરાવું એ તેને જરા પણ શોભાસ્પદ કહેવાય નહિ. ઘર મોટું હતું, સુંદર હતું. ગોઠવણીવાળું હતું. નોકર અંદરના ભાગમાં રોકયા હોય એ સંભવિત હતું; માલિક કામકાજમાં પરોવાયલા હોય એ પણ

શક્ય હતું. હું આગળ વધ્યો–જોકે ઘરના વાતાવરણમાં મને ન સમજાય એવી અશાન્તિ પહેલી વાર લાગી.

છતાં અંદરના ચોક સુધી હું પહોંચ્યો. ખાલીખમ લાગતા ચોકનું અજવાળું પણ મને ઇંદ્રજાળ સરખું લાગ્યું. એકાન્ત માણસને કેમ ઘેલો બનાવી દે તેનો મને સહજ ખ્યાલ આવ્યો. મેં ઉતાવળે મુખ ફેરવ્યું અને પાછાં પગલાં માંડ્યાં.

‘આવો ભાઈ, કોનું કામ છે?’ પાછા ફરતાં બરોબર એક સ્ત્રીનો મીઠો, આવકારભર્યો અવાજ મેં સાંભળ્યો, અને હું ચોક તરફ વળ્યો. ચોકની બાજુએ આવેલા રસોડામાંથી એક સ્ત્રી મને બોલાવી રહી હોય એવો ભાસ થયો.

આ ઘરમાં શું એ બાઈ એકલી રહેતી હશે? એવી રીતે એકલી રહેતી સ્ત્રીના રસોડા સુધી પેસી જવામાં મેં ભૂલ કરી હોય તો? હું શોખીન માણસ છું, પરંતુ સારો માણસ છું. સારા માણસ તરીકે ગૂંચવણભરી પરિસ્થિતિમાં પકડાઈ જવાની મારી ઇચ્છા ન જ હોય, છતાં આમ સદ્ભાવભર્યું આમંત્રણ મળ્યું એને નકારવા જેવી કઠોરતા મારામાં ન હતી.

‘આપ કોણ છો? કોને જોવા આવ્યા છો?’ સ્ત્રીએ ફરીથી પ્રશ્ન કર્યો. સ્ત્રીનો દેખાવ સુંદર હતો, અને જોકે તે બહુ નાની ન કહેવાય છતાં તેના મધ્ય વયમાં પણ તેનું યૌવન ખૂબ સચવાઈ રહેલું મને લાગ્યું. સુંદર સ્ત્રીઓનાં દૃશ્ય મને ગમતાં હોવા છતાં તેમની સાથેના એકાન્ત મને ભયભર્યો જ લાગે છે. હું જરા આગળ વધ્યો અને બોલ્યો :

‘હું ઘર જોવા આવ્યો છું.’

‘આપે ઘર જોયું! હું એને ઠીક રાખી રહી છું, નહિ?’

હું રસોડા પાસે પહોંચી ગયો, અને મેં જવાબ આપ્યો :

‘ખરેખર, ઘર તો ગમે એવું છે.’

બાઈ રસોઈ બનાવતી હતી. તેણે મને ઇશારાથી સહજ દૂર પડેલો પાટલો બતાવ્યો અને તે ઉપર બેસવા સૂચન કર્યું.

'આપને કેમ ઘર જોવું પડ્યું ?' બાઈએ મારી સામે જોયા વગર પૂછ્યું. તે રોટલીઓ વણ્યે જ જતી હતી.

'મારે ઘર ભાડે રાખવું છે.' મેં કહ્યું.

'એમ ?'

'હા જી. હું રહું છું તે ઘર મને કબૂતરખાના જેવું લાગે છે.'

'મનગમતું ઘર બંધાવતા કેમ નથી ?'

'હજી એટલો પૈસો સાચવ્યો નથી, એટલે ભાડાનાં ઘર શોધવાં રહ્યાં.'

'કોઈ સારું મકાન મળ્યું ?'

'ના જી, મને તો આ ઘર સારું લાગે છે.'

બાઈએ મારી સામે જોયું. તેની આંખ મીંચાતી ન હતી એવો મને ભ્રમ શા માટે થયો હશે ?

'તમને કોઈએ આ ઘરમાં આવવાની ના ન પાડી ?'

'ના તો ન પાડી, પણ એકબે જણને પૂછ્યું ત્યારે મને ન સમજાય એવો અણગમો એમણે દેખાડ્યો ખરો.'

'હં. છતાં તમને આ ઘર ગમ્યું ?'

'લોકો ગમે તે કારણે અણગમો બતાવે. મને તો ઘરની ચોખ્ખાઈ, વિશાળતા, આંગણું, એ બધું જ ગમ્યું. મને ગમે એટલે બસ. હું ઘણી બાબતોમાં લોકોની શિખામણ બાજુએ મૂકું છું.'

'પણ લોકો શા કારણે અણગમો બતાવે છે એ તમે જાણો છો ?'

'ના જી.'

'તો ઘર ભાડે રાખો તે પહેલાં તમે એટલું જાણી લો કે આ ઘરને માટે બધાંને વહેમ છે.'

'એટલે ?'

'એટલે એમ કે અહીં ભૂત વસે છે.'

હું હસ્યો. ઘરની માલિક લાગતી બાઈ પોતાની મેળે જ પોતાના ઘર વિષે વહેમની માન્યતા દર્શાવે એ મને જરા નવાઈભર્યું લાગ્યું. બાઈની પ્રામાણિકતા અદ્ભુત કહેવાય. અને... કદાચ મારા બીકણ-

પણાની કસોટી એ કરતી હોય તો? હસીને મેં મારા બીકણપણાને દેખાતું બંધ કર્યું અને તેને જવાબ આપ્યો :

'મને ભૂતનો ભય લાગતો નથી.'

'એ જુદી વાત છે. પણ તમે ઘર ભાડે રાખો અને પછી ભૂત દેખી ભડકો એના કરતાં પહેલેથી જ તમને એ વાત કહેવી ઠીક લાગે છે.'

'મને તો ઘર ગમ્યું છે, અને આજનાં માણસ કરતાં મને ભૂતનો સાથ વધારે સારો લાગે છે.' હસીને મેં કહ્યું.

પરંતુ મારા હાસ્યને તે સ્ત્રીએ સાથ ન આપ્યો. નીચું જોઈ તેણે રોટલીઓ વણવાનું ચાલુ રાખ્યું.' જરા રહી તેણે કહ્યું :

'એ તો જેવો અનુભવ.'

'તમે અહીં રહો છો તે તમને શું લાગે છે? તમને ભૂત હરકત કરે છે?'

અકથ્ય દુઃખનો ભાવ વ્યક્ત કરી તેણે મારી સામે જોયું, અને નજર બાજુએ કરી જવાબ આપ્યો :

'મને જ લોકો ભૂત કહેતા હોય તો?'

'શી ઘેલી વાત કરો છો? ભૂત તમારા જેવું રૂપાળું હોય ખરું? અને રૂપાળું હોય તોપણ આવું માયાળુ હોય ખરું?'

તે સ્ત્રીએ ભારે નિસાસો નાખ્યો. તેની આંખમાંથી આંસુની સેર ઊતરી રહી. મને તેના પ્રત્યે ખૂબ અનુકંપા ઊપજી. નિરાધાર એકલવાઈ બાઈને આ પ્રમાણે પજવી રહેલાં પડોશી માટે મને ખૂબ તિરસ્કાર આવ્યો. ઘર ભાડે આપવામાં પણ ભૂતનો વહેમ ફેલાવી અસહાય સ્ત્રીને હરકત કરી રહેલા પડોશીઓના મત વિરુદ્ધ મારે અહીં આવી, આ ઘર ભાડે લઈ તેમાં રહેવું એવો મેં નિશ્ચય કર્યો.

રડી રહીને પાછી એ સ્ત્રીએ રોટલીઓ વણવા માંડી. બીજી રસોઈ બાજુ ઉપર હતી. અને રોટલીના થોક કર્યે જતી સ્ત્રી હજી અટકતી કેમ નથી તેનો મને સહજ વિચાર આવ્યો.

'તે તમે આ ઘરમાં એકલાં જ છો?' મેં પૂછ્યું.

'હા.'

'તો આટલી બધી રસોઈ કોના માટે કરો છો ?'

'ભૂતને ભાન શું ? હસીને પેલી બાઈએ મને જવાબ આપ્યો.

'નહિ, નહિ. મને માફ કરો. આપને આટલી રસોઈ કરવા માટે અનેક કારણો હશે. એ અંગત વાતમાં હું નહિ ઊતરું. પરંતુ આ ભૂતની શી વાત છે? હરકત ન હોય તો આપ કહેશો ?'

તેની વાતનો નીચે પ્રમાણે સાર સમજાયો.

આ ઘરમાં જ એક યુવક રહેતો હતો. એ અને એની પત્ની સુખમાં દિવસ ગાળતાં. વર્ષો–કહો કે આઠ દસ વર્ષ વીત્યાં અને યુવકે હિંદની મુસાફરીમાં એકલાં મહિનો વિતાવ્યો. સુખ ભોગવી રહેલા યુવકમાં સેવાવૃત્તિ જાગી એટલે પ્રાંત પ્રાંતની સેવાસંસ્થાઓ જોવાનો તેણે કાર્યક્રમ ગોઠવ્યો હતો. એક મુસાફરીનો અનુભવ થયા પછી બીજી મુસાફરી પતિપત્નીએ સાથે જ કરવાની હતી. પત્નીએ ઘેર રહી હાથે કામ કરી લેવાની તાલીમ લેવા માંડી હતી, કારણ સેવાકાર્ય અને નોકરો બહુ જ અસંગત લાગે છે. પત્ની અને પતિ વચ્ચે અનહદ પ્રેમ હતો, એકબીજાથી છૂટાં પડવાનો ખ્યાલ પણ અણુકલ્પ્યું કષ્ટ આપતો હતો. છતાં સેવાકાર્યમાં અંગત સુખદુઃખ વચ્ચેની સમાનતા પણ કેળવવાની જરૂર હતી. એથી પણ બંનેએ એક માસ છુટાં રહેવાનો નિશ્ચય કર્યો હતો.

મુસાફરીનો છેલ્લો દિવસ હતો. મહિનો વીત્યો અને પત્ની પોતાને જ હાથે ઘરનું સઘળું કામકાજ કરી રસોઈ કરતી બેઠી. આજ પતિ આવશે જ એવો પત્ર પણ હતો. પ્રત્યેક પળ લાંબી થયે જતી હતી. નોકર વગર પણ ઘર કેવું રહી શકે છે તેનું દશ્ય સેવાભાવી પતિને દર્શાવવા અને ખાસ તો મહિનાથી દૂર વસેલા પતિની ઝાંખી કરવા આતુર બનેલી પત્ની કેટલી યે વાર બારણાં પાસે જઈ આવી.

અને બારણે ખરેખર કોઈ આવ્યું ! દોડીને બારણાં પાસે ગયેલી પત્નીને તારવાળો મળ્યો ! મહા ચિંતાથી પત્નીએ તાર વાંચ્યો,

અને વાંચતાં ખરેખર તેનો આત્મા દેહમાંથી ઊડી ગયો—જો આત્મા દેહમાં રહેતો હોય તો. રેલ્વે અકસ્માતમાં પતિ મૃત્યુ પામ્યાના સમાચાર એ તારમાં હતા!

'પછી શું થયું?' મેં પૂછ્યું.

'પછી તો શું થાય? પત્ની ભૂત થઈ એમ લોકો કહે છે!'

'ભૂત થઈને કરે છે શું?'

રસોઈ કર્યા જ કરે છે.'

'ક્યાં સુધી રસોઈ કરશે?'

'એનો પતિ આવી જમશે નહિ ત્યાં સુધી.'

સ્થિરતાથી સ્ત્રીએ મારી સામે જોયું, અને મારા હૃદયમાં થરકાટ થયો. હું ભૂત સાથે જ વાત કરી રહ્યો હું શું?

એકાએક હું ઊભો થયો અને બહાર દોડ્યો. અપાર્થિવ વાતાવરણ મારી આસપાસ જામી ગયું હોય એમ મને લાગ્યું. હું બહાર નીકળ્યો અને મારી પાછળ બારણાં બંધ થયાં. જરા જડ જગત જોયા પછી મને શાન્તિ વળી. મેં બારણું પાછું ઠોક્યું, પણ તે ખરેખર બંધ હતું.

આવા કુલીન પ્રેમી આત્માના પ્રેતથી બીને ભાગી જવા માટે હું શરમાયો. પરંતુ ત્યાં પાછા જવાની હિંમત કેમે કરીને આવી નહિ. એ સ્ત્રી પ્રેત હોય તો ય તેણે મારું કશું નુકસાન કર્યું ન હતું; મને કશો ભય ઉપજાવ્યો ન હતો. માત્ર અન્ય સૃષ્ટિનો પડછાયો તે લાવી રહી હતી. એ સૃષ્ટિ પણ શા માટે ન જોવી? માનવી અજાણ્યા પ્રદેશોથી ડરશે તો તે શોધખોળ કેમ કરશે? અને આ તો એક પ્રેમાત્માનો—પુણ્યાત્માનો અવશેષ હતો. ભયનું કારણ એમાં હોય જ નહિ. હિંમત લાવતાં દિવસ વીતી ગયો, અને રાત્રે મનને દૃઢ કરી હું એ જ ઘર પાસે આવ્યો. બારણાં બંધ હતાં; મેં તે ખૂબ હચમચાવ્યાં, પણ કોઈએ બારણું ઉઘાડ્યું જ નહિ. માત્ર અંદરથી કોઈ સ્ત્રીના ગીતસૂર સંભળાયા:

'રંગભીના હવે આવજો, મારી સૂની માઝમ રાત.'

હું પ્રત્યક્ષ પ્રમાણમાં માનનારો વૈજ્ઞાનિક દૃષ્ટિવાળો સુધારક છું. છતાં આ વાત જ્યારે જ્યારે કોઈને કહું છું ત્યારે ત્યારે સાંભળનાર મને વહેમી કહે છે. એમ પણ હોય. છતાં હજી જ્યારે જ્યારે સંધ્યાકાળે હું એ બાજુએ જાઉં છું ત્યારે કોઈ સુંદર સ્ત્રીનો પડછાયો મને દેખાય છે, અને ગીત તો અચૂક સંભળાય છે.

# અહિંસાનો એક પ્રયોગ

૧

હું અહિંસામાં માનું છું. હિંદુસ્તાનનો ઉદ્ધાર અહિંસાથી જ થવાનો છે એમાં મને જરા ય શંકા નથી. એટલું જ નહિ; સમગ્ર માનવજાતની ઉન્નતિ અને પ્રગતિ અહિંસા ઉપર જ રચી શકાય એવી મારી ખાતરી થઈ ગઈ છે. અહિંસાનો સિદ્ધાંત વર્તમાન યુગમાં મેં જ શોધી કાઢ્યો એમ કહેવામાં મારી શરમાળ વૃત્તિ જ મને રોકે છે. બાકી સત્ય તો એ જ છે. મને ગાંધીજીનો ટેકો મળવાથી અહિંસા વિષે સ્પષ્ટ ઉચ્ચાર કરી અહિંસાનો જેમ બને તેમ વધારે પ્રચાર કરવામાં હું રાતદિવસ રોકાયલો રહું છું. અહિંસાની અદ્ભુત અસરમાં લોકોને કેમ શ્રદ્ધા નથી ઊપજતી એનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે માનવસમાજની ક્ષુદ્રતા મારા હૃદયને ચીરી નાખતી હું જોઉં છું.

જર્મન-બ્રિટન યુદ્ધની બેવકૂફી વિષે ગાંધીજીનો લખેલો એક લેખ વાંચી અત્યંત રાજી થઈ મેં એ અહિંસાના સિદ્ધાંતનું નવું રાષ્ટ્રીય સ્વરૂપ મારા કુટુંબીજનોને સમજાવવાનો યત્ન કર્યો. મારી પુત્રી ઇન્ટરમાં અભ્યાસ કરતી હતી. ચહા પીતાં પીતાં મારી પુત્રી યશદા–યશોદા નામ જરા જૂનું લાગવાથી અમે સહુએ તેનું નામ યશદા રાખ્યું હતું તે–પ્રોફેસરોની નકલ કાઢતી હતી. અમુક પ્રોફેસર ક્લાસમાં શીખવતી વખતે મેજ ઉપર પેટ કેમ ઘસડે છે, બીજા પ્રોફેસર સી.આઈ.ડી.ની અદાથી શીખવતાં શીખવતાં વાતો કોણ કરે છે તેની માહિતી બાડી આંખે જોઈને કેમ મેળવી લે છે, ત્રીજા પ્રોફેસર ચિચિયારી પાડીને અને ચોથા પ્રોફેસર જાણે મોં ભરેલું હોય એવા

હવે કેમ બોલે છે તેનો આબેહૂબ ખ્યાલ આપવાનો પ્રયત્ન યશોદા કરતી હતી.

'આનું જ નામ હિંસા.' મેં ચારે પાસ હસતાં છોકરાંને કહ્યું.

'એમાં ક્યાં કોઈ પ્રોફેસરને અમે મારીએ છીએ?' યશોદાએ કહ્યું.

'હવે વિદ્યાર્થીઓએ એટલું જ બાકી રાખ્યું છે.' મેં કહ્યું.

'બાકી નથી રાખ્યું. એરોપ્લેન તો તેમના ઉપર ફેંકવા માંડ્યાં છે.' મારા એક પુત્રે કહ્યું. એ બી.એ. કલાસમાં ભણતો હતો.

'એટલે જ તમે ભણવામાંથી હજી ઊંચા આવતા નથી.' સાધારણ કારકીર્દિવાળા પુત્રના અભ્યાસનો નિર્દેશ કરી મેં કહ્યું.

'પ્રોફેસરો ભણાવે જ નહિ પછી અમે શું કરીએ?' પુત્રે કહ્યું.

'શા માટે તમને નથી ભણાવતા એનો તમે વિચાર કર્યો?' મેં પૂછ્યું.

'મફતનો પગાર ખાવો છે માટે.' પુત્રીએ કહ્યું.

'જરા વધારે ઊંડા ઊતરો! તમારી હિંસકવૃત્તિ જ તેમને સારું શીખવવા દેતી નથી. તેમને પ્રેમથી જીતો. પછી જુઓ...' મેં કહ્યું.

'અરે પણ મેજ ઉપર પેટ ઘસડે એના ઉપર કોણ પ્રેમ કરે?' પુત્રીએ પ્રેમની મીમાંસા માંડી!

'એના પ્રત્યે પણ આપણે સદ્‌ભાવ રાખીએ...'

'જેટલી વાર એ પેટ ઘસડે એટલી વાર એકેએક આંગળી કાપી કાની તેના ઉપર લોહી છાંટવું! એમ?' મારી પુત્રીએ અહિંસાનું મને ચીડવતું દૃષ્ટાંત આપ્યું.

'તમે અહિંસાનું હાર્દ સમજો...' મેં કહ્યું.

'અહિંસાથી કાંઈ વળે એમ નથી.' મારા પુત્રે કહ્યું.

'વાદવિવાદ બંધ કરશો?' મેં આવેશને અટકાવી નમ્રતાથી બાળકોને કહ્યું અને તેની તુર્ત અસર થઈ. કોઈએ તે દિવસે અહિંસાની મશ્કરી ન કરી. અમારી વાતચીત પૂરી થઈ. ચહાના પ્યાલા

નોકરે ઉઠાવ્યા, પણ એક રકાબી પથ્થર ઉપર પડી અને ફૂટી ગઈ. અહિંસાનો જો મેં આગ્રહ ન રાખ્યો હોત આજે તો નોકરને એક ધોલ હું વગાડી દેત, પરંતુ મેં કશી જ બૂમ ન પાડી. માત્ર નોકરના પગારમાંથી એક રકાબીની રકમ ભરપાઈ કરી લેવાનો વિચાર પ્રદર્શિત કરી હું મારી અહિંસાને વળગી રહ્યો.

## ૨

હું વકીલ છું, અહિંસક વકીલ છું. કચેરીમાં નવા આવેલા ન્યાયાધીશ બરાબર સાડાઅગિયાર વાગે કામ શરૂ કરતા હતા. ન્યાયાધીશો ન્યાય તોળે જે એ વાત ખરી, પરંતુ તે તુલામાં તેમની વ્યક્તિગત વિચિત્રતાઓ પણ એક અગર બીજા પલ્લામાં તેઓ મૂકી શકે છે એમ કહું તો તેઓ અહિંસાને ખાતર મને માફ કરશે. નવા આવેલા ન્યાયાધીશ ભારે હિંસાવૃત્તિ ધરાવતા હતા એવો મને ભાસ થયો હતો. સહજ મોડું થાય એટલે કામ કાઢી નાખવાની આપણને એવી ધમકી આપે, જાણે આપણે ફાંસીએ ચડવાપાત્ર ગુનો કર્યો હોય! વખતસર જવાથી તેમની હિંસકવૃત્તિ જરા મિજાજમાં રહેતી. એટલે હું વખતસર કોર્ટમાં જવા માટે ઘેરથી નીકળ્યો. હિંસાનો ઇલાજ અહિંસા. વાઘ અને વરુ અહિંસાને વશ થાય તો ન્યાયાધીશો કેમ વશ ન થાય?

શોફરની બેદરકારીથી રસ્તે બેઠેલા એક કૂતરાની પૂંછડી ચગદાતાં મેં ગઈ કાલે જરા ભારપૂર્વક તેને અહિંસક બનવા કહ્યું એટલે તે આજે આવ્યો ન હતો. અહિંસાના પ્રચારમાં આવાં આવાં તો અનેક દુઃખ આવે. મેં ભાડાની ગાડી મંગાવી તેમાં બેસવા માંડ્યું, અને એક ભિખારીએ મારી પાસે ભીખ માગી. હિંદ સરખા ગરીબ દેશમાં વધારે પડતી રકમ કોની પાસે હોય છે? મોટરકારવાળા વકીલો પાસે પણ નહિ! મેં તેને કાંતવાની સલાહ આપી એટલે ભિખારીએ મારી અખિલાઈ ઉપર 'તુલસી હાય ગરીબ...' જેવા તુલસીદાસના દુહાઓ ઉદારતાથી ફેંક્યા. એ ભિખારી જો

ભણેલો હોય તો તેને પ્રૌઢશિક્ષણપ્રવૃત્તિમાં કામ કરવા માટે સમજાવી હું આગળ નીકળ્યો. મહેનત કર્યા વગર પૈસો પામનાર જેમ પાપી થાય છે તેમ પૈસો આપનાર પણ પાપી થાય છે, એ અહિંસામાંથી ઉદ્‌ભવતા સિદ્ધાંત અનુસાર મેં ભિખારીને કાંઈ આપ્યું નહિ; એટલે આખી શેરીને ભેગી કરતી બૂમો પાડી ભિખારીએ દુનિયામાં કળજુગ ઊતર્યો હોવાની જાહેરાત આપી અને એ કળજુગ હું જ હોઉં એવું દૃશ્ય ખડું કર્યું.

આમ કચેરીમાં જતાં પાંચેક મિનિટ વાર લાગી.

'શિકારની શોધમાં રહેતા હિંસક પ્રાણી જેવી મુખાકૃતિવાળા ન્યાયાધીશે તેમના ખંડમાં મારો પ્રવેશ થતાં બરાબર તેમની યાળ હલાવી ઘર્ઘર નાદ કર્યો. મને લાગ્યું કે આ ન્યાયાધીશના નખ લાંબા થાય તો જરૂર તેઓ અસીલો અને વકીલોને ફાડી ખાધા વગર રહે નહિ.

'હું દિલગીર છું, સાહેબ!' મેં કહ્યું.

'તમે તો દિલગીર થયા. પણ મારી પાંચ મિનિટ બગડી તેનું શું?' શબ્દોમાં દર્શાવી શકાય એના કરતાં એમના મુખ ઉપર વધારે ક્રોધ ભરેલો હતો.

'પાંચ મિનિટ પૂરતો આપનો પગાર મારી પાસેથી આપ વસૂલ કરી શકો છો.' મેં બહુ જ પ્રામાણિકપણે મારો વાંક સ્વીકારી એ વાંકનો બદલો ભરી આપવાની સાચી અને શાન્ત સૂચના કરી, છતાં કોણ જાણે કેમ, ન્યાયાધીશ સાહેબ ન્યાયાસન ઉપરથી ઊછળી બોલ્યા :

'કોર્ટનું અપમાન હું કદી સાંખી લઈશ નહિ. કોર્ટનું અપમાન કરવા બદલ તમારા ઉપર તહોમત મૂકી હું અબઘડી કામ ચલાવું છું તેની તમે નોંધ લો.'

બધા વકીલબંધુઓ હાલી ઊઠ્યા.

'નામદાર! હું કોર્ટનું કદી અપમાન કરું જ નહિ. મારી આબરુ કરતાં મને કોર્ટની આબરૂ વધારે વહાલી છે.' મેં કહ્યું.

'પ્રથમ તો તમે મોડા આવ્યા. એ પહેલું અપમાન...'

'નામદાર સાહેબ! મારી ઘડિયાળ જરા મોડી હશે...'

'અને મારો પાંચ મિનિટનો પગાર આપવાનું કહી તમે કોર્ટનો તિરસ્કાર કર્યો એ બીજું અપ...'

'સાહે...'

'બોલશો નહિ; મને સાંભળી લો. અને ઘડિયાળ મોડી હોવાની જૂઠી વાત કહી તમે કોર્ટનું ત્રીજી વાર અપમાન કરો છો. એટલું જ નહિ પણ મને બોલતો અટકાવી વચમાં બોલી કોર્ટનો ચોથો તિરસ્કાર તમે કર્યો એ તો તદ્દન ભૂલી જાઓ છો!'

મોટર ખરીદી શકું એવી સ્થિતિમાં આવેલો હું સીનિયર વકીલ! જોતજોતામાં મેં કોર્ટનું ચાર વાર અપમાન કર્યું એમ નામદાર કોર્ટે માની લીધું! ચારે પાસ ધાંધલ મચી ગયું. મારા વકીલમિત્રો ધીમેથી કહેવા લાગ્યા:

'માફી માગી લો, એટલે પત્યું.'

'મેં દિલગીરી તો દર્શાવી; પછી શું?' મેં કહ્યું.

'અરે કહી દો ને મારા સાહેબ, કે નામદાર કોર્ટ ઉદારતા દર્શાવે?'

ઉદારતાનો પ્રશ્ન આવતાં મને ઉદારતાના પાયામાં રહેલી અહિંસા યાદ આવી. મારી અહિંસાથી આ ફાડી ખાનાર જાનવર જેવા બની ગયેલા ન્યાયમૂર્તિમાં અહિંસાનો અલ્પ સંચાર પણ થાય તો તે જગતને માટે, કોર્ટને માટે, વકીલ માટે, અસીલ માટે, અરે! ન્યાય માટે પણ ઇચ્છવાયોગ્ય હોવાથી મેં મારા આત્મમાન અને આત્મભાનનો પણ ભોગ આપી અત્યંત શાન્તિથી બન્ને હાથ જોડી કહ્યું:

'કોર્ટનું અપમાન કરવાની ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં પણ ઇચ્છા ન રાખતા મારા સરખા પામર માનવીથી નામદાર કોર્ટનું અપમાન કર્યાનો ભાસ પણ નામદાર ન્યાયમૂર્તિને થયો હોય તો તે માટે અત્યંત દિલગીરી દર્શાવી હું નામદાર કોર્ટની માફી ચાહી મને

પોતાને નામદાર કોર્ટની દયા ઉપર છોડું છું!'

'આ માફીમાગણી હું રેકર્ડ ઉપર રાખું છું.' વિજયી યોદ્ધાનું સ્મરણ આપતાં ન્યાયમૂર્તિએ કહ્યું.

'રેકર્ડ ઉપર જ નહિ, પણ હૃદય ઉપર રાખશો એવી હું નમ્ર માગણી કરું છું.' મેં વધારે અસર ઉપજાવી. પરંતુ સ્મિતને ગોલે ચડેલું ન્યાયમૂર્તિનું મુખારવિંદ પાછું ચીલા બહાર જતું દેખાયું.

'ન્યાયને હૃદય હોતું નથી એ તમે જાણો છો ને?' ન્યાયમૂર્તિએ કહ્યું.

હૃદય વગર અહિંસા હોઈ શકે? હું ન્યાયમૂર્તિને ધીમે ધીમે અહિંસામાં ઉતારતો હોવાથી અહિંસાથી ચલિત બનતા તેમને અટકાવવા હું ઊભો થઈ કાંઈ કહેવા જતો હતો; એટલામાં મારો કોટ ખેંચી મારા મિત્રે મને બેસાડી દીધો...અને એ જ દિવસે આખું કામ ચાલ્યું અને નિર્ણય પણ મારા લાભમાં આવી ગયો.

'મિજબાની આપો, સાહેબ!' મારા એક જૂનિયરે બીજે દિવસે ચાહ પીતાં પીતાં કહ્યું.

'મિજબાની? શા માટે?' મને નવાઈ લાગી. સીનિયર વકીલોએ જૂનિયર વકીલોને મિજબાની આપવાની પ્રથા કદી પણ પાડી છે? વળી જૂનિયરોએ સીનિયર વકીલની સાથે આવી ઢબે વાતચીત કરવી એમાં મને અવિવેક અને તેમાંથી ઉદ્‌ભવતો અહિંસાનો ભંગ દેખાયાં.

'આપ કેસ જીત્યા ને?'

'હું ભાગ્યે જ હારું છું.' મેં કહ્યું.

'પણ કાલ તો ન્યાયમૂર્તિએ ખરો ન્યાય કર્યો – ધાર્યું ન હતું તોપણ આપની માફી—'

'મારી અહિંસા.'

'અહિંસા? એને અને ન્યાયને શો સંબંધ?'

'એ સંબંધ સમજશો ત્યારે આ ન્યાયમંદિરો બંધ થઈ જશે.'

'બંધ થશે તો તમારી આવક જશે. અમારે જૂનિયરોને તો

આમે બંધ જ છે ને!'

'તે તમે એકલા કમાણીના ઉદ્દેશથી જ અહીં આવો છો શું?'

'બીજો કયો ઉદ્દેશ હોઈ શકે?'

'ન્યાય આપવા-અપાવવાનો.' મારા એક સીનિયર મિત્રે મિજબાની માગતા ધૃષ્ટ જૂનિયરને કહ્યું.

'વાત છોડો ને, સાહેબ! વગર ફીએ લડતા હો તો ન્યાયબ્યાય સમજીએ...' બીજા સીનિયરની પાયરીમાં ઝડપથી પ્રવેશતા વકીલમિત્રે કહ્યું.

'પૈસા એ અકસ્માત છે. ઉદ્દેશ તો અહિંસાનો છે.' મેં કહ્યું. આજે મને બધાં તત્ત્વો અહિંસાનું સૂચન કરતાં હતાં.

'અહિંસા તમે રાખો. અકસ્માત અમને થવા દો.' એક જૂનિયરે કહ્યું.

'ગાંધીએ વળી ક્યાં આ અહિંસાનું તૂત ઊભું કર્યું! છેવટ વાણિયા જ ને!' એક ક્ષત્રિય ગુજરાતીએ કહ્યું.

'તેમાં યે ગુજરાતી!' શિવાજી અને બાજીરાવના આત્માને જીવંત રાખતા એક દક્ષિણી વકીલે કહ્યું.

'અહિંસાબહિંસા છોડો, વાનિયાઓ! અંગ્રેજી વગર તમારા બાપનું પન ચાલવાનું નથી.' એક ગંભીર પારસી સીનિયરે કહ્યું.

'સોરાબજી! બાપની વાત જવા દો.' એક વકીલે ગંભીરતાથી કહ્યું.

'બાપની વાત જવા દો. આપને તારી વાત કરીએ, દીકરા!' આંખમાં મશ્કરી ચમકાવી સોરાબજીએ કહ્યું.

'આપણે સિદ્ધાંતનો સવાલ છે. અહિંસા અને વકીલો વચ્ચે કેટલો સંબંધ હોઈ શકે એ જ આજે પ્રશ્ન છે. એમાં નથી મારો સવાલ કે નથી તમારો—નથી હિંદુનો કે નથી મુસલમાનોનો...' મેં અહિંસા ધરમૂળથી સમજાવવા વચ્ચે પડી કહ્યું. પરંતુ મને બોલતો અટકાવી મારા જોડીદાર શમસુદ્દીન વકીલ બોલ્યા :

'બધી વાત કરજો, પણ અમારું નામ નહિ લેશો.'

'અરે, મુસ્લિમ ધર્મમાં પણ અહિંસા છે.' એક વકીલે કહ્યું.

'તમને એક વખત કહ્યું કે અમારું નામ ન લેશો...' શમસુદ્દીન ગુસ્સે થઈ બોલી ઊઠ્યા.

'નામ ન લેશો એટલે તમે શું કહેવા માગો છો?' આર્યસમાજની ઓસરતી અસરવાળા એક હિંદુત્વ અભિમાની વકીલે પૂછ્યું.

'અરે યાર, જવા દો ઝઘડો. મુસ્લિમોને ન ફાવતું હોય તો આપને એમનો મ પન ન બોલવો.' સોરાબજી બોલ્યા.

'અને બોલીએ તો?' આર્ય વકીલે કહ્યું.

'બોલી જુઓ જોઈએ? તમને ખબર પડશે!' શમસુદ્દીને કહ્યું.

'જુઓ, સાંભળો બધા. મુસ્લિમોનો મ.' હિંદુત્વ ઉદ્ધારક આર્ય વકીલે હિંમત કરી.

અને મને લાગ્યું કે ચારે પાસથી ખુરશીઓ ઊંચકાઈ અને ફેંકાવાની પણ શરૂઆત થઈ ચૂકી. હિંસાને નજરે પણ ન જોવાનો નિશ્ચય કરી ચૂકેલો હું બહાર નીકળી આવ્યો અને હિંસાને ફેલાતી અટકાવવા પાસે જ ઊભા રહેલા એક બે પોલીસ સિપાઈઓને મેં કહ્યું :

'અરે, જલદી કરો, જલદી કરો. વકીલોમાં મારામારી થાય છે;'

'વકીલોમાં?' સિપાઈએ ખરું ન માની પૂછ્યું.

'હા હા; હિંસા અને અહિંસાનો ઝઘડો જામ્યો છે.'

૩

ઘેર આવતાં બરોબર મેં જોયું કે મારો પાંચેક વર્ષનો પુત્ર એક ખૂણામાં બેઠો બેઠો કાગળો ફાડી રહ્યો હતો. અમે અહિંસકો સંતતિનિયમનના કૃત્રિમ ઇલાજોમાં માનતા નથી. એટલે મારી સંતતિ સારી સંખ્યામાં અને વિસ્તૃત વયમર્યાદામાં રહેલી છે. કૉલેજના શિક્ષણથી માંડીને મોન્ટેસરી પદ્ધતિના બાલશિક્ષણ સુધી એકસામટો વિચાર કરવાની અમને સગવડ રહેલી હોય છે.

બાળકપુત્ર કાગળો ફાડવાનું કાર્ય કરતો હતો એ બરાબર ના

હતું પરંતુ એ કાર્ય ખોટું છે એમ એ પોતે જ સમજે તો વધારે સારું એમ વિચારી મેં હસતાં હસતાં તેને પૂછ્યું :

'શું ફાડે છે ?'

પ્રામાણિકપણે બાળકે ફાટેલો કાગળ બતાવ્યો અને મારા હૃદયમાં અગ્નિ પ્રજ્વળ્યો હોય એમ લાગ્યું. અહિંસાના પયગમ્બર સરખા ગાંધીજીની છબી એક કેલેન્ડર ઉપર આવી હતી. એ કેલેન્ડરને તોડીફોડી ગાંધીજીની છબી વિકૃત કરતા મારા પુત્રને જોઈ બીજું શું થાય ?

'તું શું કરે છે તેનું તને ભાન છે ?' મેં પૂછ્યું.

'ના, ભાઈ !' બાળકે જવાબ આપ્યો.

'આ ગાંધીજીની છબી છે તે તું જાણે છે ને ?' ગાંધીજીની છબીને આજ કોણ નથી ઓળખતું ? છતાં બાળકને અન્યાય ન થાય એ માટે મેં ખાતરી કરવા તેની જુબાની લીધી,

'હા.'

'એ ફાડી ન શકાય તે તું જાણે છે ને ?'

'ના.'

'તારા કરતાં ગાંધીજી મને વધારે વહાલા છે એ તું સમજી લે.'

મને લાગ્યું કે બાળકે આ સ્થળે હિંસક અજ્ઞાન બતાવી જાણે તે કશું યે સમજ્યો ન હોય એવું મુખ બતાવ્યું. એટલે ઊગતા જ અનર્થનું મૂળ ટાળવા મેં તેને ભલામણ કરી :

'અને એ વાત તું જીવનભર યાદ કરે એ માટે...તથા તેં ગાંધીજીની છબી ફાડ્યાનું પાપ કર્યું છે તેના પ્રાયશ્ચિત્ત તરીકે તારે ચોવીસ કલાકનો ઉપવાસ કરવો.'

બાળકને આનંદ કેમ થયો તે હું પ્રથમ સમજી શક્યો નહિ. તેણે બહુ જ આતુરતાથી મને પૂછ્યું :

'ભાઈ ! તમે પણ ઉપવાસ કરશો ને ?'

'ના, પાપ તારું છે, મારું નહિ. પ્રાયશ્ચિત્ત તારે કરવાનું છે, મારે નહિ.'

'જન્માષ્ટમી જેવો ઉપવાસ ? કે બહેન ગૌરીવ્રતમાં કરતી હતી

એવો ?' બાળકે પૂછ્યું અને મારી પત્નીએ આવી કહ્યું :

'શી એની સાથે લમણાઝીક કરો છો ?'

'લમણાઝીક ? તમને બાળકો કેમ ઉછેરવાં તેનું ભાન પણ નથી. આ જો, એણે શું કર્યું છે તે !'

'પણ એ તો તમે જ કેલેન્ડર ફેંકી દેવા સૂચના કરી હતી ! ગાંધીજીની સાથે જ પછી સુભદ્રા નટીની છબી છે એ તમને ગમતું ન હતું !' મારી પત્નીએ કહ્યું. પરંતુ મેં મારી વકીલાત છેક અફળ નહોતી બનાવી. બાળકનો ગુનો ઢાંકવા મથતી માતાને એની ભૂલ ન સમજાય તો એનું પાપ મને લાગે ! મેં સત્ય હકીકત સમજાવી.

'કેલેન્ડર ફેંકવાનું કહ્યું હતું, ફાડવાનું નહિ.'

'બાળકને કાંઈ સમજ પડે ? અમે ફેંક્યું અને એણે ફાડ્યું.'

'તો એ બેકાળજીથી ફેંકનાર અને અજ્ઞાનથી ફાડનાર બંનેએ ઉપવાસ કરવા.' એમ કહી મેં મારા કપડાં બદલ્યાં. બંને માદીકરાએ ઉપવાસ કર્યો કે નહિ તેની તપાસ કરવા જેવી હલકટ વૃત્તિ મારે દર્શાવવાની હોય જ નહિ. માનવ સ્વભાવ ઉપર મને એટલો તો વિશ્વાસ છે જ. મારા પુણ્યપ્રકોપે ઘરના આખા વાતાવરણને શાંત બનાવી દીધું.

અર્થ વગરના હાસ્ય, અગંભીર વાતો, નોકરોની ચાડીચુગલી અને સગાંવહાલાંની નિંદા તે રાત્રે બંધ થઈ ગયાં.

૪

સવારે ઊઠતાં બરોબર વર્તમાનપત્રો વાંચ્યા સિવાય કોઈ પણ સમજદાર માણસને આજ ચાલે એમ નથી. મેં પત્ર ઉઘાડ્યું અને પ્રથમ પાને યુદ્ધના સમાચાર વાંચવા લાગ્યો. 'પશ્ચિમનું ભયંકર યુદ્ધ પૂર્વમાં આવ્યું !' એ મથાળું વાંચી હું જરા ચમક્યો. હિટલરની ઘેલછા અને અંગ્રેજોની કૃપણતા બંનેને દૃષ્ટિમાં રાખી મેં એ લેખ વાંચવો શરૂ કર્યો અને મારા ઉપર જ બૉમ્બ પડ્યો હોય એમ મને લાગ્યું. ગઈ કાલે વકીલોના ખંડમાં થયેલી વાતચીત અને ઉગ્રતાને

વધારે પડતું સ્વરૂપ આપી વર્તમાનપત્રોના ખબરપત્રીએ મને આંદર સંડોવ્યો હતો! અહિંસાની વાત કરી હિંસાનો જ્વાળામુખી પ્રગટાવનાર અપરાધી હું હતો એ આરોપ વાંચી ગઈ રાતે પ્રગટવો શરૂ થયેલો મારો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો.

અમે અહિંસકો ક્રોધ કરતા નથી, પુણ્યપ્રકોપ કરીએ છીએ. નિંદાભર્યા પત્રને બાજુએ ફેંકી મેં બીજું પત્ર હાથમાં લીધું. એ પત્રની ટીકાઓ બહુ જ ન્યાયભરી હતી. એવો મને ખ્યાલ હતો. પરંતુ એમાં પણ જ્યારે વાંચ્યું કે:

"હિંસા–અહિંસા વચ્ચે યુદ્ધ.

એક જાણીતા વકીલે તેમાં ભજવેલો ભાગ!

"ગાળો ખાઈ ભયના માર્યા ભાગી છૂટેલા ગુજરાતી વીર વકીલની અહિંસક બહાદુરી."

એ પત્રને પણ મેં ફેંકી દીધું. અહિંસાની સાચી સેવા કરતાં, અનેક જોખમો વેઠતાં એક સાધકના કાર્યમાં વીરત્વહીનતા વાંચતાં, ઝેરી વર્તમાન પત્રો પ્રજાની કેવી ભારે કુસેવા કરી રહ્યાં છે તેનું દૃષ્ટાંત મને આજે મળી ગયું.

ખબરપત્રીને ચોવીસ કલાક દોડતા રાખી એક અંધારી કોટડીમાં ભરાઈ બેસી અહિંસકોની મશ્કરી કરતા સલામત તંત્રી કરતાં છરેચોક અહિંસાનો બોધ કરનાર મારા જેવામાં વધારે બહાદુરી છે એની મને તો ખાતરી થયેલી જ હતી. તંત્રીઓ વાંચીને ઊભા ઊભા સળગી જાય એવી ભાષામાં એક જવાબ આપવાની હવે મારે માથે ફરજ ઊભી થઈ. સિદ્ધાંતને ખાતર હું ગમે તેનો ગમે તેવો ભોગ આપવા માટે તૈયાર હતો. મેં તેનો જવાબ ઘડવા માંડ્યો:

'તમે તે પત્રના તંત્રીઓ? કે ચાર પાસ નાગની ફેણાઓ જગાડતી તંતુનીઓ!' આમ મેં શરૂઆત કરી. એમાં મને જરા ઓછું ગૌરવ લાગ્યું. લખવું તો એવી રીતે કે મને કાંઈ અંગત લાગણી થઈ નથી એમ દેખાવું જોઈએ – જે ખરી વાત હતી. મેં ફરી શરૂ કર્યું:

'પ્રજાના જીવનમાં ઝેર રેડતા...'

મને લાગ્યું કે ઝેર શબ્દ મારી કલમ ઉપર સામું ઝેર રેડશે, એટલે એ પણ ફેરવી મેં બીજા કાગળમાં લખ્યું :

'પ્રજાના જીવનમાં અમૃત રેડવા માટે પત્રકારોની તૈયારી હોય તો તેમણે અહિંસાની સાચી પિછાન...'

જવાબમાં જોર ન દેખાયું. બપોર કોર્ટમાં જવાનું માંડી વાળ્યું, કેસની મુદતો પડાવવા ન્યાયમૂર્તિઓને વિનંતી લખી મોકલી અને શું લખવું એના વિચારમાં હું ખાટલા ઉપર આડો પડ્યો...

અને મને લાગ્યું કે હું એક મહાસભામાં વ્યાખ્યાન આપું છું!

એ મહાસભા તે હિંદની ધારાસભા હતી. એ ધારાસભાને અંકુશમાં રાખતા અધ્યક્ષ – સ્પીકર – ને સંબોધી હું 'અહિંસાધારો' સભા સમક્ષ રજૂ કરતો હતો. મુખ્ય પ્રધાનનો બોજો મારે માથે પડ્યો હોય એમ મને લાગતું હતું, અને વચમાં વચમાં મને પુછાતા પ્રશ્નો ઉપરથી મારી ખાતરી થઈ કે હું હિંદનો વડો પ્રધાન હતો. હું સમજાવતો હતો એક કલમ :

'અહિંસા જોખમાય, અહિંસા તિરસ્કૃત બને, અહિંસાનો ફેલાવો અટકે, અહિંસાનો થયેલો ફેલાવો સંકોચાય એવા શબ્દથી, ચેનચાળાથી, વાતથી, વ્યાખ્યાનથી, કાર્યથી, કાર્યના દેખાવથી તન, મન કે ધન દ્વારા કોઈ પણ ઇસમ પ્રવૃત્તિ કરે, પ્રવૃત્તિ કરાવે, તો તેનો ગુનો ફાંસીને પાત્ર ગણાશે...'

તાળીઓના ગડગડાટ વચ્ચે મારો અવાજ સંભળાતો બંધ થયો. મને લાગ્યું કે અહિંસાનો વિજય થાય છે. સામો પક્ષ શાન્ત બેઠો હતો. તેમના ભણી વિજયભરી દૃષ્ટિ હું કરી રહ્યો. તેઓ તાળીઓ પાડતા ન હતા. મત લેવાનાં હાથ ઊંચા કરવામાં આવ્યા. વિરુદ્ધ પક્ષના કેટલા ય સભ્યોએ હાથ ઊંચા કર્યા : અને ભારે બહુમતી સાથે એ કલમ પસાર થઈ.

'સામે બેઠેલા મારા મિત્રે હવે વિચાર કરવાનો છે કે તેમને અહિંસા વિરુદ્ધ હજી આગ્રહ રાખવો છે કે નહિ.' મેં વિજયથી

ઉન્મત્ત ન બનતાં સલુકાઈથી કહ્યું.

'કાયદામાં દાખલ થઈ ચૂકેલો સુધારો મારા ઉપર હુમલો કરે તે પહેલાં આ ધારામંદિરનો આશ્રય લઈ મારા મિત્ર મુખ્ય પ્રધાનને એક જ સૂચના કરવાની છે. અહિંસાની સ્થાપના માટે નામે કહેવાતા અહિંસકો હિંસાની જ પુનઃપ્રતિષ્ઠા કરો છો!'

'નામદાર અધ્યક્ષ! એ દલીલ મેં ઘણી યે વાર સાંભળી છે. હિંસા એના છેલ્લા પગ ઉપર ઊભી છે. એને પૂરી ઉથલાવી પાડવા ધક્કો મારવાની જરૂર હોય તો તેથી અમારી અહિંસા ડરશે નહિ. અહિંસાની સ્થાપના હિંસાની હિંસાથી જ થઈ શકે.' મેં મુખ્ય પ્રધાન તરીકે કહ્યું.

'પણ તે આવી બળજબરીથી?...'

અને મારી આખી સભા ઊડી ગઈ. મારી પુત્રીનો કંઠ મેં સાંભળ્યો. એ કાંઈ અહિંસાની વાત કરતી હતી.

'શા માટે નહિ? અમે સામ્યવાદીઓ બળજરીથી પણ લોકનું ભલું કરવાના જ.' મારા પુત્રનો કંઠ સંભળાયો.

અને મારી ખાતરી થઈ કે અહિંસાને માટે મેં રજૂ કરેલી કલમ જ્યાં સુધી ફોજદારી કાયદામાં દાખલ નહિ થાય ત્યાં સુધી અહિંસાની સ્થાપના અશક્ય છે!

# સફળ ધંધો

ધંધો કરવામાં નાનમ હોવી ન જોઈએ. જેટલા ધનિકોનાં નામ હું સાંભળું છું એટલા સર્વ મહેનતુ, દક્ષ, કુનેહબાજ અને ધીરજવાન હોય છે. ખભે કાપડના થેલા નાખી ફેરી કરતો એક સમયનો અભણ છોકરો આજ છસાત મિલનો માલિક બની અનેક ભણેલાઓ પાસે ચોપડા લખાવે છે, અને પોતાની ત્રીજી કે ચોથી વારની પત્નીને નૃત્યનું શિક્ષણ અપાવે છે. રસોઈ કરવા રહેલો ચબરાક બ્રાહ્મણ છોકરો માલિક મર્યા પછી એના છોકરાનો વાલી નિમાયલો મેં જોયો છે... અરે માલિકના જ પલંગમાં સૂતેલો મેં જોયો છે. એક ચોપદાર પંદરવીસ વર્ષે કારભારી બન્યો, અને દેશી રાજ્યોના દીવાનોની સભામાં ભાષણ કરતો મેં સાંભળ્યો. એક નટી સો રૂપિયામાં સ્ટેજ ઉપર તથા મૅનેજર સામે પ્રેમના હાવભાવ કરતાં થાકી જતી હતી; આજે અનેક મૅનેજરો એને પંખા નાખે છે અને મોજડી પહેરાવે છે. જાદુના ખેલ કરતાં કરતાં જ્યોતિષી બનેલો એક સાહસિક સાધુ બન્યો, અને શિષ્યોએ એને સોને તોળ્યો. એટલે કે એના વજન જેટલું સોનું એને કરી આપ્યું. આજ એ કોઈને પુત્ર, કોઈને ધન અને મોટા ભાગને આશીર્વાદ આપતો પહેલા વર્ગની ગાડીમાં ફરી આધ્યાત્મિક માર્ગનું જગતને દર્શન કરાવે છે.

એટલે મારું કહેવું એમ છે કે ધીરજનાં ફળ મીઠાં હોય છે. પેલી અંગ્રેજી કહેવત 'યુદ્ધમાં તેમ જ પ્રેમમાં જે કાંઈ સારુંમાઠું કરો એ ન્યાય જ છે' એમાં એક સુધારો કરવાની જરૂર છે કે 'યુદ્ધમાં, પ્રેમમાં અને ધંધામાં જે કાંઈ સારુંમાઠું કરો એ ન્યાય

જ છે.' એ સિદ્ધાંત જો ન સ્વીકારાય તો ધનાર્થીને ધન ન મળે, કીર્તિ વાંચ્છનારને કીર્તિ ન મળે, સત્તાશોખીનને સત્તા ન મળે ...અરે સામાન્ય માનવીને આખો રોટલો પણ ન મળે! મને તો ખાતરી થઈ છે કે ઈશ્વરને મેળવવામાં સાધુઓ અને સત્પુરુષો પણ કંઈ કંઈ કુનેહભર્યા કિસ્સા કરતા હશે! ખુદ નરસિંહ મહેતાને જ સંભારો ને?

પરંતુ ઈશ્વરને આપણા નિત્યવ્યવહારમાં લાવવાની જરૂર જ નથી. ઈશ્વર કઈ ઢબે આપણા વ્યવહારમાં ઉપયોગી થઈ પડે છે એની સમજ પડતી નથી. એટલે હું અજ્ઞેયવાદી બની ગયો છું. ઈશ્વરથી ડરી ડરીને હું ચાલ્યો, પ્રામાણિક અભ્યાસ કર્યો ત્યારે હું ગ્રેજ્યુએટ તો થયો. પરંતુ મારો એક સાથીદાર પ્રત્યેક વર્ષે વગર વાંચ્યે ચોરી કરીને પરીક્ષા પસાર કરી ઊંચા વર્ગનો ગ્રેજ્યુએટ બન્યો! મહા મહેનતે મને શિક્ષકની નોકરી મળી અને મારા એ મિત્રને જોતજોતામાં એક વીમા કંપનીના મૅનેજર તરીકે મોટરકારમાં ફરતો જોયો. એટલું જ નહિ, કલાપ્રદર્શનોનાં ઉદ્દઘાટનો કરી કલાનિપુણ તરીકે એણે નામ પણ મેળવવા માંડ્યું હતું!–જોકે લોકોના મોત ઉપર સટ્ટો રમતા વીમાને અને કલાને કેમ સંબંધ બંધાય તે હું સમજી શક્યો ન હતો. પરંતુ એ સરખામણીનો કશો અર્થ નથી. ઈશ્વરને માથે રાખી આપણે મહેનત કર્યે જવી એ ધૂનમાં મેં શિક્ષક તરીકે ઠીક સફળતા એટલે વિદ્યાર્થીપ્રિયતા મેળવી, અને મારા સંતોષ વચ્ચે મેં જોયું કે હું ત્રણ ટ્યૂશનો પણ મેળવી શક્યો છું.

'ત્રણ ટ્યૂશનો? માસ્તર, એ નહિ બને.' અમારા પ્રિન્સિપાલે મને એક દિવસ પોતાની ઓરડીમાં બોલાવી ધમકાવ્યો.

મને સમજ ન પડી. ત્રણ ટ્યૂશનો શા માટે ન બને? મારા જીવનમાં એ બનતું જ હતું! પછી?

'સાહેબ! મને સમજ ન પડી કે આપ શું કહેવા માગો છો.' મેં જવાબ આપ્યો.

'ત્રણ ટ્યૂશનો આપી તમે નિશાળમાં શીખવવાના શું છો?'

'મારા વર્ગનું પરિણામ તો સારું આવે છે.'

'તે તમારા શીખવવાથી આવે છે, એમ ?'

'વર્ગમાં જેને ન આવડે તે ભલે ટ્યૂશન માટે આવે. બધુંને શીખવું છું તેમ હું ત્રીસને શીખવીશ.'

'એક કરતાં વધારે ટ્યૂશન જેટલાં હોય એટલાં છોડી દો, માસ્તર!' પ્રિન્સિપાલે કહ્યું.

'હિંદુ મુસલમાનને એકપત્નીવ્રત પાળવાનો કઢંગો હુકમ થતો હોય એમ મને લાગ્યું.

'સાહેબ! કાલે ઊઠીને આપ કહેશો કે એકપત્ની...મારું કહેવાનું એમ કે...એક જ ટંક તમે જમજો! એ કેમ બને? એક એક ટ્યૂશને એક એક ટંકનું જમવાનું નીકળે છે, અને ત્રીજા ટ્યૂશનમાંથી બે વારની ચહા ઊભી કરું છું...'

'પગાર ક્યાં નાખો છો?'

'મારાં માબાપને મોકલું છું—પરગામમાં.'

'તે તમારે માબાપ પણ છે?'

'હા જી; વૃદ્ધ બાપ છે અને અર્ધવૃદ્ધ સાવકી મા છે. બીજું કોણ કોણ છે તે ગણાવું?'

'તે તમે હિંદુઓ uneconomic—ન પોસાય એવા સંબંધો બાંધો એમાં અમે શું કરીએ? અમારે તો અમારી શાળાનું ભવિષ્ય વિચારવાનું છે!' પ્રિન્સિપાલ જાતે હિંદુ હતા. છતાં તેમણે મારા હિંદુત્વ ઉપર હુમલો કર્યો. મારાથી એ સહન ન થયું. મેં જવાબ આપ્યો :

'ત્યારે એમ કરો ને, સાહેબ? પગારના પ્રમાણમાં શાળાના કલાક દરેકને ઠરાવીને આપો. આપ પાંચસો લો છો તો અઠવાડિયે પચાસ કલાક તમે શીખવો...'

પ્રિન્સિપાલે મને બહાર નીકળવાની તીવ્ર વિનતિ કરી, અને હું બહાર નીકળ્યો નહિ હોઉં એટલામાં તો મને નોકરીથી છૂટા કર્યાનો લેખી હુકમ મળ્યો. મને લાગ્યું કે હું તમ્મર ખાઈ પડીશ.

નોકરી ખોવી એ ઘણી વાર જીવ ખોવા જેટલો જ દુઃખદ પ્રસંગ હોય છે.

મને થતું રૂંધામણ અટકાવવા હું શાળાના મકાનની બહાર નીકળ્યો, અને ખાવામાં હવે માત્ર હવા જ રહેલી હોવાથી મારા પગે યંત્રની માફક મને એક સાર્વજનિક બગીચામાં ખેંચ્યો. શૂન્ય મન સાથે હું એક બેઠક ઉપર કેટલી વાર બેઠો એની મને ખબર ન પડી. પરંતુ સંધ્યાકાળના દીવા દૂર દૂર પ્રગટ્યા તો ય મને ત્યાંથી ઊભા થવાનો ખ્યાલ આવ્યો નહિ. અંધારામાં ધીમે ધીમે મારા જાગ્રત થતા મને અનેક ધંધારોજગાર બતાવ્યા, જેમાં ચોરી, ધાડ, લૂંટ, ખોટા લેખ, નામની કંપનીઓ, અને છેતરપિંડીના સઘળા જાણીતા પ્રકારો ઓછેવધતે અંશે આવી જતા હતા. બેકારી સઘળા ગુનાઓનું મૂળ હશે? કે ધનિક થવાના બધા જ રસ્તા ફોજદારી કાયદાની કલમમાં થઈને જ લંબાતા હશે?

બગીચો અવરજવર હીન બની ગયો હતો તેનું કશું ભાન મને રહ્યું ન હતું, છતાં એકાએક મને ખડખડાટ હસવું કેમ આવ્યું?

મારી પાસે આવીને કોઈ માણસ બેસી ગયો હતો અને પાંચ દસ મિનિટથી ફૂલ સરખી સુંવાળી આંગળી વડે મારા ખિસ્સાંને તપાસતો હતો! મને કશું જ ખોવાની ફિકર ન હતી એટલે મેં એને હાલ્યાચાલ્યા વગર એનો પ્રયોગ કરવા દીધો. પરંતુ મારાથી છેવટે રહેવાયું નહિ અને અંધારામાં મેં મુક્ત હાસ્યનો પ્રકાશ વેર્યો.

'મહેરબાન! તમે ખોટા માણસનું ખિસ્સું ફંફોસો છો.' હસી રહીને મેં કહ્યું.

'કેમ?' પાસે બેઠેલા માણસે સામો પ્રશ્ન કર્યો.

'પગારદાર માણસોનાં ખિસ્સાં દસમી તારીખ સુધીમાં તો ખાલી થઈ જાય છે. કાતર કે ચપ્પુની ધાર એમનાં કપડાં કાપવામાં એ તારીખ પછી કદી બગાડશો નહિ.'

'તે તમે પગારદાર માણસ છો?'

'આજ તો એ હલકાબ પણ મને લાગુ પડે એમ નથી. હું

મટી ગયો છું.'

'મને લાગ્યું ખરું. માટે જ મેં તમારું ખિસ્સું તપાસ્યું.'

'એટલે?'

'અંધારામાં તમારું મુખ તો ન દેખાયું, પરંતુ તમે દુઃખમાં છો એ હું જોઈ શક્યો.'

'એમ? પણ મારા દુઃખના વિચારે તમારા હાથ મારા ખિસ્સા તરફ કેમ આકર્ષાયા?'

'પૈસા સર્વ દુઃખને ટાળે છે એ હું જાતઅનુભવથી જાણું છું.'

'તમે પણ બેકાર છો શું?'

'ના. હું બેકારોને સારી સહાય આપું છું.'

'સાહેબ! પારકા ખિસ્સામાં હાથ નાખ્યા વગર સહાય આપો તો ન ચાલે?'

'હું ખાતરી કર્યા વગર સહાય આપતો નથી. અને ખિસ્સાં, ખાનાં કે તિજોરી તપાસ્યા વગર મને ખાતરી શી રીતે થાય?'

'ત્યારે મને હવે આપની સહાય મળશે જ, નહિ?' આ ખિસ્સાકાતરુની હિંમત ઉપર આફરીન થઈ હસતાં હસતાં મેં કહ્યું.

'મળશે એટલું જ નહિ, મળી જ ગઈ છે.'

'શું કહો છો? કેવી રીતે?' મને જરા આશ્ચર્ય થયું.'

'તમારા ખિસ્સામાં તમે જ હાથ નાખી જુઓ ને? મેં સહાય કરી છે તેની તમને આપોઆપ ખબર પડશે.'

' મેં તત્કાળ ખિસ્સામાં હાથ નાખ્યો. બરતરફીનો હુકમ તો મેં ફાડી નાખ્યો હતો. એમાં ક્યાંથી નવો કાગળ આવ્યો? મેં કાગળ બહાર કાઢ્યો. સહજ ચીકણો, જલદી ફાટે નહિ એવો...શું એ 'નોટ' તો નહિ હોય? મને અંધારામાં પણ થોડા આંકડા દેખાયા.

'એ નોટ છે. દસ જ રૂપિયાની. મારી પાસે વધારે હોત તો હું વધારે મૂકત.' એ વિચિત્ર ગૃહસ્થે કહ્યું.

ખરેખર, એ નોટ જ હતી!

હું જેને ખિસ્સાકાતરુ માની રહ્યો હતો એ તો કોઈ અજબ

પરમાર્થી પુરુષ નીવડ્યો. મેં એનો અવિશ્વાસ કરવામાં કેટલી ભૂલ કરી ?

'માફ કરજો, સાહેબ ! પણ આવી અણધારી ઢબે...' મેં કહ્યું.

'આ જ રીતે આપણે એકબીજાને સાચા ઉપયોગમાં આવી શકીએ. અરજીઓ મંગાવીને મદદ કરવામાં હું બહુ છેતરાયો છું.' તેમણે મને બોલતો અટકાવી કહ્યું.

'હું આપનો આભાર માનું છું. આજ સાંજે જ મારી નોકરી ગઈ. આપના દસ રૂપિયામાં પાંચેક દિવસ ગાળીશ. પણ છઠ્ઠે દિવસે...' મેં મારા ભવિષ્યનો માર્ગ ખુલ્લો કરવાની આશાથી આ પરમાર્થી ગૃહસ્થને વાત કરી.

'કોઈનું ગાડું અટકતું નથી. છ દિવસમાં આપણું ભાગ્ય છ હજાર ગાઉની મુસાફરી કરી શકે.' મને આશ્વાસન મળ્યું.

'પણ સાહેબ ! એ તો રેલગાડીમાં સતત ફરીએ ત્યારે. અમને તો ગાડાં પણ ન મળે. પગે ચાલીને તો સાઠ ગાઉ પણ છ દહાડામાં ન પહોંચાય.'

'આપણે કદી મળ્યા હોઈશું ?'

'ના જી. આ પહેલી જ સહાય આપે આપી છે.'

'ક્યાં નોકરી કરતા હતા ?'

'કલા ક્રાન્તિ કંદરામાં !'

'તમારું નામ રમેશ તો નથી ને ?'

આ વિચિત્ર પુરુષ મારું નામ પણ જાણી ગયો ? એને જરૂર મંત્રસાધના હોવી જોઈએ. વાત કર્યા વગર મારું મન સમજી લે અને મને બેકારીમાંથી બચાવે તો કેવું સારું ?

'હા જી. પણ મને આપ શી રીતે ઓળખો ?'

'શી રીતે ઓળખું ? ભલા માણસ ! તારો અવાજ ને તારી બોલ–લઢણ આજ નવાં ઓળખવાનાં નથી ?'

'આપ કોણ ?'

'મને નથી ઓળખી શકતો ?'

'ના જી. આપના અવાજમાં વિજયની સ્થિરતા છે. મારા કોઈ મિત્રમાં એવી...'

'સુરેશ યાદ આવે છે?'

'સુરેશ? અલ્યા ચોરી કરીને ગ્રેજ્યુએટ થયો હતો તે?'

'હા, અને તારાથી ઉપલો વર્ગ મેળવ્યો હતો તે!'

'મને આમ રમાડવાનું કાંઈ કારણ?'

'હજી વધારે રમાડીશ, પણ અત્યારે વખત નથી. અને તને પણ બહુ મોડો ઓળખ્યો.'

'સુરેશ! તારી વીમા કંપનીનું શું થયું?'

'લોકોનાં જીવનમરણ ઉપર તે નિર્ભર છે.'

'અને તારો કલાશોખ...'

'નફાકારક નીવડે છે. ચાલ, તારો પણ લાભ એમાં લઈએ.'

'મારે અને કલાને કશો જ સંબંધ હોય એમ માનીશ નહિ.'

'પણ તારા પ્રિન્સિપાલને અને કલાને તો સંબંધ છે ને?'

'હશે ખરો. કંઈ જૂની મૂર્તિઓ, જૂનાં ચિત્રો, જૂની વસ્તુઓનો એ શોખ ધરાવે છે. જીવતી દુનિયા એને ગમતી નથી એટલે એ સ્મશાનો શોધે છે.'

'એક કામ ન કરે?'

'તેં દસ રૂપિયા મને આપ્યા, એટલે આજનો દિવસ તો તું મારી જિંદગી પણ માગી શકે.'

'તેનો મારે બહુ ખપ નથી. તું એટલું કર; અત્યારે જ તારા પ્રિન્સિપાલની પાસે જા, અને તારા તરફથી એટલું કહે કે પેલી હીરા ઉપર કોતરેલી નાની મૂર્તિના હું બે હજાર વધારે આપીશ.'

'તું જ કહી આવ ને?'

'હું લઈને આવ્યો છું અને સંભવિત છે કે તને એ વાતચીતમાંથી તારી ગયેલી નોકરી પાછી મળે!'

મને ટ્યૂશનની પણ ના પાડનાર પ્રિન્સિપાલ જૂની વસ્તુઓ વેચવાનો પણ ધંધો કરતા હશે એની મને શી ખબર? અને મારા

જૂના મિત્ર સુરેશને એક નવી રાજગાદી પામેલા યુવાન રાજા તરફથી નીમા ઉપરાંત એ મૂર્તિનો સોદો કરવાનું કાર્ય પણ દલાલી પેટે મળ્યું હશે એનો પણ મને શો ખ્યાલ? પરંતુ દુનિયામાં અનેક પ્રકારના ચાલતા ધંધાઓમાં આ પ્રકારનો ધંધો પણ ચાલે છે! એમાં મારે આશ્ચર્ય સેવવું ન જોઈએ. દત્તક લેવાઈ ગાદી ઉપર બેસી રાજા બનેલા એક અર્ધ ભલા અને મોટાભાઈના ખ્યાલવાળા ભાયાતપુત્રની બાલ્યાવસ્થામાં અમારા પ્રિન્સિપાલ તેના શિક્ષક હતા, અને અડધા મહિનાનો રોકડ પગાર તથા દોઢ મહિનાના પગાર પેટે દાણા લઈ એ નોકરીથી કંટાળી 'કલાકાન્તિકંદરા' નામની સંસ્થા સ્થાપી શિક્ષણને બદલે નૃત્ય, ભાવ અને નાટકોમાં વિદ્યાર્થીઓને દોરી નામના મેળવી ચૂકયા હતા. દત્તક લેવાયા પહેલાંના એ ભાયાતપુત્ર સુરેશની પણ મૈત્રી સાધી શકયા હતા અને રાજા બન્યા પછી સુરેશના કલા-શોખને આધારે કલાસંગ્રહ રાખતા થયા હતા. જોકે સંગ્રહેલી વસ્તુઓ તેઓ ઝડપથી વિસારે પાડતા હતા અને સુરેશના સંગમાં નશાની આછી અસર નીચે ભેટ પણ આપી દેતા હતા. સુરેશનાં બંગલા, મોટરકાર તથા મુસાફરીઓમાં આ રાજમૈત્રીનો પણ કેટલોક ફાળો હોવો જોઈએ એમ મને લાગ્યું.

આવા અનેક ધંધા કરવાની સહુને છૂટ! અને શિક્ષકોનાં ટ્યૂશન ઉપર કાપ! શિક્ષકોએ માનવજાતનું શું બૂરું કર્યું છે?

સુરેશની કારમાં બેસી હું એની સાથે પ્રિન્સિપાલને ઘેર ગયો. કારમાં સુરેશ બેસી રહ્યો અને મેં સુરેશના કાર્ડ ઉપર મારું નામ લખી અંદર મોકલાવ્યું. અંદરથી હુકમ આવ્યો કે રાત્રે પ્રિન્સીપાલ કોઈને મળતા નથી.

'રાતને એટલું બધું મહત્ત્વ આપવાની જરૂર નથી. કહો કે હું એવા કામે આવ્યો છું કે મળ્યા વગર પાછો જઈશ નહિ.' મેં નોકરને કહ્યું.

ગુસ્સે થયેલા પ્રિન્સિપાલ બહાર આવ્યા અને મને ધમકાવીને કહેવા લાગ્યા :

'સુરેશની ચિઠ્ઠી લઈને આવો છો, પણ હું કોઈની ચિઠ્ઠી માનતો જ નથી. મારી સંસ્થામાં હવે તમને સ્થાન છે જ નહિ!'

'આપની ભૂલ થાય છે, સાહેબ! હું નોકરીમાં દાખલ થવા માટે આવ્યો જ નથી. હું સુરેશ તરફથી આપના લાભનો સંદેશો લઈ આવ્યો છું.' મેં કહ્યું.

'સંદેશો? શો છે? આવો અંદર.' કહી કડવું મુખ રાખી તેઓ મને તેમના દીવાનખાનામાં લઈ ગયા. માનવીના મુખ ઉપરની કડવાશ ખરેખર જોઈ અનુભવી શકાય છે.

'હીરાની મૂર્તિ સંબંધી વાત કરવા મને મોકલ્યો છે.' બેસતાં બેસતાં મેં કહ્યું.

'તમારે અને સુરેશને શો સંબંધ? તેમણે ઝીણી આંખો કરી પૂછ્યું.

'અમે જૂના મિત્રો. મારા લખાણમાંથી ચોરી કરી એ ઘણું ખરું પાસ થતો.'

'એણે શું કહેવરાવ્યું છે?'

'મૂર્તિના બે હજાર વધારે આપશે.'

'ચાલો, એમ તો એમ. મારી અને એમની વચ્ચે બહુ તફાવત ન રહ્યો. એમને કહેજો કે દસ હજાર સુધીનો સોદો આવતી કાલની રાત સુધી મંજૂર. પણ તે પછી એ રકમ વધે ખરી!'

'એની સાથે સારાસારી રાખવામાં જ માલ છે. અમે ભણતા ત્યારે એની ચોરી પકડનાર શિક્ષકો અને પ્રોફેસરોને પણ એ ચોર ઠરાવતો.'

'પ્રામાણિકતાનો કશો ભય જ નથી...અને તમે શાળામાં આવજો ને કાલથી!'

'પણ સાહેબ! ટ્યૂશન વગર કેમ ચાલશે?' મને નવાઈ લાગી. બરતરફીનો હુકમ કરનાર પ્રિન્સિપાલ આજ નાની વાતમાં એ ઠરાવ ફેરવી મને પાછા નોકરી આપતા હતા! સુરેશના નામમાં કાંઈ જાદુ રહ્યો હોય એમ મને લાગ્યું.

'એ તો જોવું જશે. તમારા પગારમાં જ વખત આવ્યે વધારો કરીશું. એટલે થોડા વખત પછી તમને ટ્યૂશનની કોઈ જરૂર જ નહિ રહે.'

'હું આભાર માનું છું, અને રજા લઉં છું.' મેં કહ્યું.

'તમે એ મૂર્તિ જોઈ છે?'

'ના જી.'

'જુઓ તો ખરા. સાચા હીરા ઉપર વાંસળી વગાડતા કૃષ્ણની મૂર્તિ કોરી છે. હીરાના ભાવ ઘટ્યા, નહિ તો એની કિંમત બમણી આવત.' કહી તેમણે અંદર જઈ એક મૂર્તિ લાવી મને બતાવી. મને ખરેખર એ કલા માટે માન ઉત્પન્ન થયું. મારી પાસે સાધન હોત તો હું દસના બાર હજાર આપી એ લઈ લેત. પણ એ કલાકૃતિ કરતાં વધારે જડ વસ્તુઓ માટે મારે પૈસાની જરૂર હતી.

'જોયું હીરાનું પાણી?' પ્રિન્સિપાલે કહ્યું.

મેં હા પાડી—જોકે હીરામાં પાણી હોય છે કે નહિ તેની મને ખબર ન હતી.

'કેમ, જશો?' તેમણે પૂછ્યું.

'સુરેશની કાર બહાર ઊભી છે.'

'સુરેશભાઈ અંદર છે શું?'

'હા.' મારાથી સાચું બોલાઈ ગયું.

'એમ? મને મળ્યા વગર તો હું ન જવા દઉં. એમને મારા ઉપર ખોટું લાગ્યું છે.' કહી તેઓ મારી સાથે કાર પાસે આવ્યા.

'કેમ રમેશ? પેલા મારવાડીએ શું કહ્યું?...ઓહો! પ્રિન્સિપાલ સાહેબ, તમે છો કે?'

'હજાર બે હજાર માટે હું તમને નાખુશ કરું ખરો? રમેશભાઈએ કહ્યું અને દસ હજારમાં મેં હા પાડી દીધી. તમે નકામા હઠે ભરાઈ ચાલ્યા ગયા.' પ્રિન્સિપાલે કહ્યું.

'અને એ રકમ પણ આવતી રાત સુધીની જ છે, સુરેશ!' મેં કહ્યું.

'આપણે આવતી રાત પણ કરવી નથી ને! અબઘડી પૈસા આપી દઉં.' સુરેશે કહ્યું.

'તો આવો ને ઘરમાં.' પ્રિન્સિપાલે કહ્યું.

'હવે ઘરમાં નથી આવવું. અહીં જે થાય તે ખરું. એક હાથમાં મૂર્તિ લઉં અને બીજે હાથે રૂપિયા આપું.'

'મૂર્તિ તો ઘરમાં છે.'

'રમેશ! આટલું મારું કામ ન કરે? મૂર્તિ લેતો આવ અને રૂપિયા આપતો આવ.' સુરેશે કહ્યું.

મારા હાથમાં નોટોનો મોટો થોકડો સુરેશે મૂક્યો.

'તમે કહ્યા એનાથી સો રૂપિયા વધારે છે, હો!' સુરેશે કહ્યું. અને હું તથા પ્રિન્સીપાલ ઘરમાં ગયા. તેમણે મૂર્તિ લાવી મારા હાથમાં મૂકી અને મેં નોટો ગણી પ્રિન્સિપાલના હાથમાં આપી. અનેક નોટો ગણનારની સફાઈથી થોકડાની નોટોના માત્ર આંકડા ગણી તેમણે એ થોકડો ખિસ્સામાં મૂક્યો.

'કાંઈ લેખ ના કરવાનો?' મેં પૂછ્યું.

'ક્યાં કો વેશ્વાસ છે? કાલે કરી લઈશું. એમાં વળી ઉતાવળ શી?'

પ્રિન્સિપાલને મારી જોડે આવતા રોકવાનો વિવેક કરી હું કાર પાસે આવ્યો અને પેલી મૂર્તિ અત્યંત સંભાળપૂર્વક મેં સુરેશના હાથમાં મૂકી, અને અમારી કાર આગળ ચાલી. મારા મકાન પાસે મને ઉતારતાં સુરેશે ધીમે રહી મને કહ્યું:

'જો, રમેશ! આમ મળતો રહેજે. મારી સોબતમાં તને નોકરી પાછી મળી.'

'તારો આભાર માનું છું. ઉપરાંત પેલી દસની નોટ...'

'એ યાદ જ ન કરીશ,' કહેતાં તો તેની કાર સડસડાટ ચાલી ગઈ.

મને બહુ સરસ નિદ્રા આવી. સ્વપ્નામાં એક હીરાનું મંદિર બંધાવી તસુએ તસુ જગામાં આખું ભાગવત કોરાવાનો મેં લહાવો

લીધો.

બીજે દિવસે શાળાના કમ્પાઉન્ડમાં પેસતાં જ એક શિક્ષકે મને રોક્યો.

'જશો નહિ. તમને પોલીસસ્વાધીન કરવાના છે.'

'કારણ ?'

'ખબર નથી. પણ કાંઈ ઠગાઈ તમે કરી એવું સંભળાય છે.'

સુરેશે આપેલી દસ રૂપિયાની નોટના જોર ઉપર એક ટેક્સી કરી હું સુરેશ પાસે દોડ્યો. મને હાંફળોફાંફળો આવતો જોઈ સુરેશના મુખ ઉપર સ્મિત ફરી વળ્યું, અને તેણે કહ્યું :

'કેમ, કેમ રમેશ ? આટલો ગભરાટ...'

'અરે શું ગભરાટ ? ઝેર ખાવાનો વખત આવ્યો...' મેં કહ્યું.

'આપણે ત્યાં ઝેર મળે નહિ અને ઝેર ખાવાની કોઈને સલાહ આપીએ નહિ. જો, હું તારે માટે શરબત મંગાવું.'

'મારે તો કાંઈ પીવું નથી. મને તો પોલીસમાં પહોંચાડે છે !'

'કોણ ?'

'અમારો પ્રિન્સિપાલ !'

'શા માટે ?'

'કાંઈ ઠગાઈ મારાથી...'

'હજી સુધી તું આવો ને આવો જ ગભરાટિયો રહ્યો ! જા, નિરાંતે તારી શાળામાં, અને તને કોઈ ઠગાઈ કે પોલીસની વાત કરે તો એટલું જ કહેજે કે જે કારખાનામાં એ જૂનો હીરો બન્યો ત્યાં જ મારી નવી નોટ્સ બની છે.'

હું પ્રથમ ચમક્યો; પછી સમજ્યો અને શરબત પી પાછો ટેક્સી કરી શાળામાં આવ્યો. પ્રિન્સિપાલ મારી રાહ જોતા કંપાઉન્ડમાં જ ફરતા હતા.

'તમારી પાછળ મેં માણસો મોકલ્યાં છે.' તેમણે કહ્યું.

'કારણ ?'

'તમને નાસી જતા અટકાવવા.'

'હું શા માટે નાસી જાઉં ?'

'તમે અને સુરેશ બંનેએ મળી મને ઠગ્યો છે. દસ હજારની ખોટી નોટો મને આપી...'

'અરે સાહેબ ! ઠગાઈ તો અમે કરી જ નથી. જે કારખાનામાંથી જૂની કારીગરીનો હીરો તમે બનાવ્યો ત્યાં જ સુરેશે નવી નોટ્સ બનાવી છે.'

'મને ધમકી આપવા માગો છો ?'

'એ તો જે માનવું હોય તે માનો. પણ હું તમને સહુને ખૂબ વફાદાર નીવડીશ—જો મને નોકરીમાં ચાલુ રાખશો તો !'

'નોકરી ? હવે ?' પ્રિન્સિપાલે ગુસ્સે થઈને કહ્યું.

'હવે જ મારી ખરી જરૂર છે. પેલા રાજાને ઘેર તમારો હીરો ટકશે ત્યાં સુધી વખણાયા કરશે અને તમારી પાસે નવી માગણીઓ આવશે. સુરેશને દસ હજાર સાચા મળશે—રાજા તરફથી કદાચ ઇનામમાં થોડું વધારે પણ મળે. અને તમારી નોટ્સ હું વરસ દિવસમાં ખરી બનાવી દઉં.'

'ખોટી નોટ્સ ખરી કેમ બને ?'

'મને એ સોંપી દો.'

'પણ તમે કરશો શું ?'

'આપણી સંસ્થામાં મહિને હજારનો તો પગાર થાય; એમાં બસો સેરવી દઈશું. હજારની ફી આવે એમાં બસોની નોટ્સ ખોટી આવી એમ કરી વિદ્યાર્થીઓના વાલીઓને પધરાવી દેવાશે. આમ એક વર્ષમાં અડધી નોટ્સ કાઢી નાખીશું. બીજે વર્ષે એનું એ.'

કલાના શોખીન પ્રિન્સિપાલની બાવરી બનેલી આંખ જરા સ્વસ્થ થઈ, અને મને શાળામાં ચાલુ રાખવાનો હુકમ પણ મળ્યો.

ત્યારથી હું એ સંસ્થામાં ચાલુ રહ્યો છું. એટલું જ નહિ, પણ વાઈસ પ્રિન્સિપાલનો હોદ્દો ભોગવી સુરેશની વીમા કંપનીનો એજન્ટ પણ બન્યો છું. એટલું જ નહિ, પેલા રસિયા રાજવીના

સુપુત્રને મારે ઘેર જ રાખી ટ્યૂટર કે કંપેનિયનનું કામ કરી હું તેની કાર પણ વાપરું છું.

એટલે મારું કહેવાનું એમ કે ઈશ્વરમાં ન માનો તો જુદી વાત. બાકી માનતા હો તો 'સાચાનો બેલી રામ' એ કહેવત બદલી એમ કહેજો કે 'સહુનો બેલી રામ.'

# રૂપૈયાની આત્મકથા

પૂછો; મને જે પૂછવું હોય તે પૂછો. હું તમારી આંખમાં ઊપજેલા પ્રશ્નો વાંચી શકું છું. તમારા બધા પ્રશ્નોના ઉત્તર મારી પાસે છે. હું તમારા મનનો ટુકડો છું, અનુભવનો ટુકડો છું, તમારા આદર્શોનો પણ ટુકડો છું.

મને ચલણમાંથી કદી કાઢી નાખશે એનો તમને ભય છે? હું ખાતરી આપું છું કે જો મને હજાર, બે હજાર વર્ષ સુધી સંઘરી રાખશો તો હું તમને હજાર, બે હજાર રૂપિયા જેટલો કિંમતી થઈ પડીશ. જૂની વસ્તુઓ સદાય નિરુપયોગી હોતી નથી. જેટલાં વરસ એટલો વધારો. એ ધંધો છેક કાઢી નાખવા જેવો તો નથી જ!

તમને ભય છે કે તમે હજાર બે હજાર વર્ષ જીવવાના નથી, એટલે મને રાખી મૂકવામાં તમને કશો અંગત લાભ નથી. તમારો વંશ પણ હજાર બે હજાર વર્ષ ચાલે એવી તમને ખાતરી નથી, ખરું? માનવી હજાર બે હજાર વર્ષ જીવતો રહે તો કેટલી મુસીબતો ઊભી થાય તેનું હું વર્ણન કરવા માગતો નથી. મૃત પૂર્વજોની પાંચ-સાત પેઢીથી આગળની યાદી આપણે રાખતા નથી એ જ બતાવી આપે છે કે સઘળા પૂર્વજો જીવતા હોય તો ય આપણે હરગિજ તેમને યાદ ન રાખીએ. અને છતાં હું તમને આશ્વાસન આપું છું કે હજાર બે હજાર વર્ષ માનવજાત જીવતી હશે તો જરૂર એમાં તમારો પણ વંશ જાણ્યે-અજાણ્યે કેટલીક વ્યક્તિઓમાં ઊતર્યો જ હશે. તે વખતના પુરાતત્ત્વવિદો મને હીરાને તોલે તોળશે.

આ દલીલ તમને ન ગમી, ખરું? વારુ, હિંદવાસીઓ તો

વફાદારીના અર્ક સરખા છે. મારા ઉપર તમારા શહેનશાહની પ્રતિમા છે. એ પ્રતિમાને પણ પૂજ્ય નહિ ગણો? એ શહેનશાહની આજ્ઞા કરોડો માનવીઓ એક વખત ઉઠાવતા હતા. આજ એ જીવંત નથી એ ખરું. પરંતુ રાજપ્રતિમાઓની પણ કેવી હાલત થાય છે તે સમજવા માટે તો મને સાચવો! આજના શહેનશાહને એટલું કહેવા માટે તો મને રાખો કે એમની પ્રતિમા પણ અચલણી બની જવાનો સંભવ છે.

તમારી વફાદારી ઉપર સ્વદેશાભિમાનનો રંગ ચડયો છે, નહિ? અસ્તુ. એ અભિમાન આપને મુબારક હો. એ અભિમાન બહુ લાંબું ચાલ્યું. કૉંગ્રેસ જેટલા તમારા સ્વદેશાભિમાનનાં વર્ષ ગણીએ તો ય અડધી સદી તો ક્યારની વીતી ગઈ. તમારા અભિમાને હવે વન-પ્રવેશ પણ કર્યો. એટલે તમારે એક વનમાળા ધારણ કરવી જોઈએ. તમારા મહાન કહેવાતા દેશે કેટકેટલા પરદેશી રાજાઓની ધૂંસરી ખભે ઉપાડી એનો ખ્યાલ તમને સતત રહે એ માટે મને જરૂર એક હારમાં સાચવી રાખો. હું ઇતિહાસ છું એ ભૂલશો નહિ. રૂપૈયાના હાર પહેરવાની આપણા હિંદવાસીઓમાં રૂઢિ હતી. જે જે પરદેશીના ચરણની રજ તમે બન્યા હો તે તે પરદેશીની પરાધીનતા સંભારવા માટે નવેસર એ રૂઢિ દાખલ કરો. મારું એ હારમાં સ્થાન છે. તમે કોના તાબેદાર છો એ હકીકત તમારી નજર સામે રાખવામાં હું બહુ ઉપયોગી થઈ પડીશ. પ્રત્યેક હિંદવાસીએ આવાં પરાધીનતાનાં તાવીજ પહેરી રાખવાની જરૂર છે.

હિંદના ચાળીસે કરોડ માનવીઓને આવા હાર આપી શકાય એમ નથી એ તમારું કથન મને સાચું લાગે છે. વાઇસરૉય ગવર્ન-રોની ટોળી, એમના અધિકારીઓ અને ગોરા વ્યાપારીઓમાં ઊછળતી લક્ષ્મી ભોંય ઉપર પડે છે તેને આપણા રાજાઓ, કાળા અમલદારો, જમીનદારો અને કાળા વ્યાપારીઓ વીણી લે છે. પછી બહુ થોડી લક્ષ્મી બચે છે. એમાંથી બધાંયને હાર અપાય એમ નથી જ. વકીલો અને ડૉક્ટરોની ઝૂંટાઝૂંટમાંથી જે રહે તે ગામડે પહોંચે.

અને ગામડે શું રહે છે તે આપણે જાણીએ છીએ. એટલે મને હારમાં મઢવાની અને દરેક હિંદવાસીએ એ હાર પહેરવાની વાત બાજુએ મૂકીએ.

પરદેશમાં તો મને કોઈ પૂછતું નથી એમ તમે મને મેણું મારો છો? હું તો બ્રિટિશ સામ્રાજ્યના પાઉંડે ટીંગાયેલો છું. પરદેશમાં તો જેવો તમારો ભાવ પુછાય તેવો મારો. તમારા સરખી સહિષ્ણુ પ્રજાને માટે હું સર્જાયો, એટલે મારે પણ સહિષ્ણુ બનવું જોઈએ ને? બહુ ઉગ્ર બનીને કરવું શું? વિલાયતને યોગ્ય લાગે તે પ્રમાણે મારો ભાવ પડે. તમારો ભાવ પણ વિલાયતીઓની અનુકૂળતા પ્રમાણે જ પડે છે ને? પચાસ વરસથી તમે બોલ બોલ કરો છો. એનું પરિણામ? જરાસંધના દેહનાં તો બે ફાડિયાં થયાં. તમારા હિંદનાં ચાર થયાં: એક હિંદુ, બીજું મુસલમાન, ત્રીજું દેશીરાજ્યસમૂહ અને ચોથું લઘુમતી કોમ. વચ્ચે મને મૂકી દીધો કે એ ભાગલા કાયમના જ બન્યા જાણજો...

હું અર્થશાસ્ત્રી બની ગયો એમ તમે કહો છો? હું અર્થ તો છું; શાસ્ત્ર તમારે માટે રહેવા દઈએ—પરાધીનતાને અર્થશાસ્ત્ર સાથે કાંઈ પણ લાગતું વળગતું હોય તો. એ જંજાળ આપણે સામાન્ય જીવનમાં દાખલ ન કરીએ તો વધારે સુખી થઈશું; અને સામાન્ય જીવનમાં તો હું તમારો નિત્યનો મિત્ર!

કહો, હું તમને ખાતરી કરી આપું કે માનવજાત સાથે મેં કેટલી બધી મૈત્રી સાધી છે? લાંબી વાત જવા દઈએ. હું કેમ અને ક્યારે જન્મ્યો, અને જન્મ્યા પછી મેં માનવજાતની શી શી સેવા સાધી એની સઘળી વિગતો કદાચ તમે નહિ સાંભળો. હિંદુસ્તાનમાં એ બધું સાંભળવાનો સમય ન પણ મળે. કાંઈ પણ કામ વગર કામગરા બનતાં સહુને આવડવા માંડ્યું છે એ ઉન્નતિની નિશાની છે. સમયની કિંમત છે એમ તમે કહો છો એટલે એ માન્ય કરી હું તમને મારી સેવા ટૂંકામાં સમજાવું. હું એકાદ બે માસની જ મારી વાત કરીશ,

તમારી પાસે તો હું ગઈ કાલે જ આવ્યો. સિનેમામાંથી તમે મને લઈ આવ્યા, નહિ? તમે અને તમારાં પત્ની, તમારા મિત્ર અને મિત્રનાં પત્ની, એમ ચાર જણ માટેની ટિકિટોના તમારે ચાર રૂપિયા આપવાના હતા. કેવી છટાથી તમે પાંચ રૂપિયાની નોટ ટિકિટ આપનાર તરફ ફેંકી? પણ સાચું કહો, કાગળનાં નાણાંનો તે રુઆબ હોય ખરો? એ તો નિર્માલ્ય લાગે છે. ટિકિટ આપતી વખતે મને તમારે સ્વાધીન કર્યો. પણ કેવા કવિત્વમય રણકાર સાથે હું આવ્યો છું? ચામડાના કટકામાંથી નાણાંચલણ ઉપજાવનાર પેલા મહમદ તઘલખને ઇતિહાસકારોએ ગાંડો ઠરાવ્યો છે! કમળના ટુકડામાં ધન બનાવનાર માટે કોઈ કાંઈ કહેશે ખરું?

પણ જવા દો એ વાત. મારે નાણાશાસ્ત્રીની પદવી ન જોઈએ. હું તો ચોખ્ખું રણકારભર્યું નાણું છું. બહુ મહત્ત્વનું કાર્ય કરી હું સિનેમાગૃહમાં દાખલ થયો હતો. પત્તાં રમતા એક જુગારીએ હારનાર પાસેથી મને પડાવ્યો; પરંતુ એ જુગારીની ઉદારતાને હું ધન્યવાદ આપું છું. જીત્યા પછી એણે ત્રણે રમનારાઓને સાથે લીધા, ચાર ચાર આનાની ટિકિટ ચારે મિત્રો માટે ખરીદી, અને તમે જોયો એ જ ખેલ જીતનાર તથા હારનારે જોયો!

નાના ગરીબ માનવીઓ ધનિકો કરતાં વધારે ઉદાર હોય છે એની મને ખાતરી થઈ. મેં મહા જુગારીઓ પણ જોયા છે, અને તેમના હાથમાં પણ હું રમ્યો છું. કપાસ, અળશી, અનાજ, લોખંડ અને ઉદ્યોગોના શેર ઉપર શરતે ચડતા કેંક શેઠિયાઓનો મને પરિચય છે. લોકનેતા તરીકે આગળ પડેલા દાનવીર તરીકે ઓળખાતા એક સટોડિયા મહાશયે ગાંધીજીને ભેટ આપવા તૈયાર કરેલી થેલીમાં હું પડતો પડતો રહી ગયો, અને તેને બદલે એક જોશી મહારાજના હાથમાં જઈ ચડ્યો. બંગલા, કાર અને લખલૂટ વૈભવ હોવા છતાં એ મહાશય નિત્ય જોશીને બોલાવી પોતાના ગ્રહ દેખાડ્યા કરતા હતા અને બની શકે એટલી પળવિપળનો નકશો તૈયાર કરાવતા હતા.

'ગાંધીજીના ફાળામાં પાંચસોની રકમ આપીશ તો કેટલો ફાયદો

મળશે ?' એ પ્રશ્ન તેમણે જોશીને પૂછ્યો.

જોશીએ કહ્યું :

'મીંડાં ન જોઈએ. ચારસો નવાણું રૂપિયા આપો. સાત વાગ્યા પહેલાં મોકલી દેશો તો એથી બમણા કાલે એક જ સોદામાં મળે એમ ગણિત કહે છે !'

'પાંચસો એક આપું તો ?'

'પાંચનો આંકડો આજ તમને હાનિકારક છે. પાંચનો ઉચ્ચાર પણ જેટલો ઓછો થાય એટલો કરજો.' જોશીએ કહ્યું.

એટલે હું જોશીના હાથમાં ગપ મારવાના લવાજમ તરીકે પડ્યો. પાંચસોની રકમમાં છેલ્લો હું હતો.

એ ગૃહસ્થને બમણી રકમ મળી કે નહિ એ તમારે જાણવું છે ? તમને પણ ઇચ્છા થાય છે કે દેશસેવામાં ખર્ચેલાં નાણાં બમણાં થતાં હોય તો એ ધંધો કરવા જેવો છે, નહિ ?

હું એટલું જાણું છું કે એમની ઉદારતાનું ધાર્યું ફળ મળી શક્યું નહિ હોય. બીજે દિવસે જોશીની થયેલી મુલાકાત વખતે હું જોશીના ખિસ્સામાં જ હતો અને મેં એ બંનેની વાતચીત સાંભળી પણ ખરી.

'જોશી મહારાજ ! તમારું કહેવું ખરું ન પડ્યું.'

'તમને શું કહ્યું હતું ? પાંચનો આંકડો તમારે માટે અપશુકનિયાળ નીવડ્યો. અને...અને એ હેડ ભંગી સાથે આપણા જેવી ઉચ્ચ શુદ્ધ કોમોને એક કરનાર ભ્રષ્ટ યોજનામાં તમારા જેવા ધર્મનિષ્ઠ પુરુષ સામેલ થાય એનું ફળ ક્યાંથી સારું આવે ? હવેથી મને પૂછ્યા વગર દાન પણ ન કરશો. દાનની પાત્રતા ઉપર ફળનો બહુ મોટો આધાર છે.' જોશી મહારાજે કહ્યું અને મને ન સાંભરે એવા એક સંસ્કૃત શ્લોકનું પ્રમાણ પણ તેમણે નોંધ્યું.

હું તો વાતના ટુકડા પાડી રહ્યો છું. મારે સિલસિલાબંધ વાત કરવી જોઈએ. ચાલો. હું જોશી મહારાજથી જ મારો ઇતિહાસ શરૂ કરું. બે માસ ઉપરની જ એ વાત છે. જોશીના ખિસ્સામાં હું એકલો

જ ન હતા. બીજા પણ મારા સરખા નાના સોબતીઓ હતા. એક સોબતી સારો વર શોધતી એક ભણેલી યુવતી તરફથી આવ્યો હતો. પરીક્ષામાં વગર વાંચ્યે પસાર થવાશે એવી ખાતરી પામેલા એક વિદ્યાર્થી તરફથી મારો બીજો સોબતી આવ્યો હતો. ત્રણ અઠવાડિયાં પછી તબિયત પૂરી સુધરશે એવું આશ્વાસન પામેલા એક નાદુરસ્ત તબિયતવાળા ગૃહસ્થ તરફથી ત્રીજો સોબતી આવ્યો. પગારમાં વધારો જરૂર થશે એવા યોગની ખાતરી પામેલા સરકારી નોકર તરફથી ચોથો સોબતી આવ્યો. અમે પાંચે સોબતીઓએ પોતપોતાની વાતો કરી. બહુ રસભરી વાતો છે. પરંતુ એ બધાની વાતમાં હું તમને ન ઉતારું એ જ ઠીક છે. મને સાચવી રાખશો તો એમની અને એમના જેવા બીજા સોબતીઓની પણ હું વાત કરીશ. તમારી પાસે આવતા પ્રત્યેક રૂપિયાને તમે એનો ઇતિહાસ પૂછશો તો એરેબિયન નાઈટ્સ તથા કથાસરિત્સાગર એની આગળ ઝાંખાં પડી જશે.

હું તો મારી જ વાત કહું. જોશી પાસેથી હું ઝડપથી છૂટ્યો. જોશી મહારાજ રસિક લાગ્યા. શાસ્ત્રીઓ અને જોશીઓ સંસ્કૃત બોલે માટે એમ ન ધારશો કે તેઓ રંગીલા હોતા નથી. તેમની પહેલી વારની પત્ની પાસે જોશી મહારાજ એવું કડક પતિવ્રત પળાવતા હતા કે એ વ્રતના તાપથી પત્ની બળી ભસ્મ થઈ ગઈ. બીજી પત્ની પ્રત્યે તેમણે માર્દવ ધારણ કરવા માંડ્યું. પરંતુ ઝડપી સુવાવડમાં બીજી પત્ની પણ ઝપટાઈ ગઈ. લખ્યા લેખ મિથ્યા થતા નથી. જોશી મહારાજના ગ્રહ જ બોલતા હતા કે ત્રીજી પત્ની તેમને લલાટે લખાયેલી જ છે. શું કરે એ બિચારા? પોતાનાથી ત્રીસ પાંત્રીસ વર્ષે નાની કિશોરી સાથે તેમણે પોતાનું લગ્ન થવા દીધું. લોકો હસતા હતા કે જોશી મહારાજ ત્રીજી પત્નીને વશ બની ગયા હતા. જીવતા રહેવું હોય તો પત્નીને તાબે થવું એ જ સાચો માર્ગ છે. અને અનુભવી જોશીએ નિત્યક્રમ રાખ્યો હતો કે રોજ ઘેર પાછા જતી વખતે એક સુંદર ગજરો વેચાતો લઈ પત્નીના પગ પાસે મૂકી જ દેવો.

સંધ્યાકાળે માળીની દુકાને કોઈ તેમાંનું ખણખણ કરતો એક રૂપિયો ફેંક્યો અને બે આનાનો ગજરો ઉપાડયો. એ રૂપિયો તે હું જ.

માળીને ત્યાં એકલા શોખીનો જ ગ્રાહક આવે છે? ફૂલ એટલે રસિકતા; ફૂલ એટલે શોખ; ફૂલ એટલે ભક્તિ; ફૂલ એટલે માન. કોઈ નેતાને ગાડીમાંથી ઊતરતાં હાર પહેરાવવાનો હોય; કોઈ વક્તાને ભાષણ પૂરું થયા પછી હારતોરા કરવાના હોય; અમલદારોની અવર જવર તો ફૂલદડગલા માગે જ; લગ્નજનોઈમાં ફૂલ જોઈએ; અને સાધુસંન્યાસીઓને ફૂલમાળાની ભારે જરૂર; રસિકાઓને ફૂલવેણી વગર કેમ ચાલે? અને શોખીનોથી તો ગજરા વગર ડગલું પણ ભરાય નહિ! એટલે માળીને ત્યાં ભીડ તો ઘણી જ રહેવાની. માળીનું આખું કુટુંબ કામ કરતું તો ય લોકોને થોભવું પડતું. ઊભા રહેલા ટોળામાં બધા જ ગ્રાહકો ન હતા; કામ ન મળવાથી કે પોતાનું કાર્ય વધારે સફળ થઈ પડવાથી ભીડમાં લોકોનાં ખિસ્સા ફંફોસી કે કાતરી પોતાનું ગુજરાન ચલાવનાર તમારા કેટલા ય માનવબંધુઓ આવાં ટોળામાં ફરતા રહે છે. એવી મહારાજનો ફેંકેલો હું જરા દૂર પડચો. માળીએ ધાર્યું કે કલગી બનાવી લઈ તે મને ઊંચકી લેશે. પરંતુ જાદુગરની સિફતથી એક ખિસ્સાકાતરુએ મને ઊંચકી લીધો – અને એક શાહુકારની માફક ઉતાવળ કરી રોકડ મારા બે પૈસાનાં ગુલાબ પણ એણે વેચાતાં લીધાં.

સહેલાઈથી પૈસા મેળવનાર સહેલાઈથી તેમને ખર્ચી પણ શકે છે. એણે મારા જોર ઉપર એક સારી હોટેલમાં – ક્ષુધાશાન્તિગૃહમાં પ્રવેશ કર્યો અને ચહાચવેણું મંગાવી તેને ઠીક ઠીક ન્યાય આપ્યો. આખા દિવસનો એ ભૂખ્યો હશે એમ મને લાગ્યું. છતાં માનવીનો ખોરાક કેટલો? છ આના, આઠ આના એક ટંકના ખરચે તો પરમ વૈભવી ખાણું એને મળી શકે. પણ એટલું બધાંને મળે છે ખરું? ન મળતું હોય તો વધારે પૈસા સંઘરી રાખનાર પાસેથી ચોરવાનો, લૂંટવાનો કે ઝૂંટવવાનો હક્ક ભૂખે મરનારને મળવો જોઈએ, નહિ? એ ખિસ્સાકાતરુએ મને તો ગલ્લા ઉપર ફેંક્યો અને દસ કે આઠ

આના પાછા લઈ એ સુધાશાન્તિગૃહની બહાર નીકળ્યો. ગલ્લામાં પડતાં પડતાં મેં જોઈ લીધું કે એ ખિસ્સાકાતરુએ ઉદારતાનો અભિનય કરી એક ભીખારી તરફ એક પૈસો પણ ફેંક્યો. પરાયા શ્રમ અને પરાઈ બુદ્ધિ વેચાતી લઈ લાખો રૂપિયા કમાઈ હજારોનાં દાન કરી પોતાની તખ્તીઓ, છબીઓ અને બાવલાં ઊભાં કરાવનાર આજના દાનવીરો કરતાં આ ખિસ્સાકાતરુની ઉદારતા મને વધારે ઊંચી લાગી !

પરંતુ હું તમારી માનવજાતની નીતિ કે ન્યાયભાવના ઉપર વિવેચન કરવા ઇચ્છતો નથી. હું જ તમારી નીતિઅનીતિનું પરિણામ છું એમ કહું તો ય શું ખોટું ? મારા પ્રત્યે તમને મમતા હોય છે એ હું જાણું છું; પરંતુ મારો બદલો કરવામાં તમને જરા ય સંકોચ થતો નથી એ પણ હું જાણું છું. ફેંકી દેનાર મને આસાનીથી જરા ય શરમ રાખ્યા વગર ફેંકી દે છે. હોટલવાળાએ મને દાણાવાળાને ત્યાં મોકલ્યો અને દાણાવાળાએ મને એના શરાફને સોંપ્યો. યુદ્ધમાં માનવીનું – લશ્કરીનું મહત્ત્વ ખરું, પણ તે કપાવા માટે. આગળ ધસવાનો હુકમ આપનારને કપાતાં માનવી નિહાળી જરા ય અરેકારો થતો નથી. મારું પણ મહત્ત્વ ખરું – પણ તે એક હાથથી બીજે હાથ ઉછાળવા માટે. મને ફેંકતાં કોઈનો જીવ ચણચણતો લાગતો નથી. હશે ! હું મૂર્તિમાન ધન હોવા છતાં વિરાગી છું.

શરાફ મને ક્યાં લઈ ગયા તે કહું ? એમને ઘેર દેવસેવાનો ભારે ઠાઠ હતો. એ જાતે બચ્ચરવાળ ગૃહસ્થ છે. એમનાં પત્ની રેશમી કપડાં અને સોનેમઢ્યાં હીરાના ઘરેણાં ઘરમાં પણ પહેરીને ફરે છે. દેખાવ પણ ગમે એવો કહેવાય – શરાફનો નહિ, શરાફનાં પત્નીનો; પરંતુ એમને સંગીત આવડતું નથી. એટલે ગાનારીઓને ત્યાં શરાફ સંગીત સાંભળવા વારતહેવારે જાય છે અને શંકર તથા સરસ્વતીનાં નામ સાથે જોડાયલી સંગીતકલાનો આસ્વાદ લે છે. બીજા શા શા આસ્વાદ લે છે એ હું તમારા જેવા કોઈ ગૃહસ્થને નહિ કહું; તમે જાણતા જ હશો. તમે નહિ તો તમારા જેવા કોઈ ગૃહસ્થને

મેં એક દિવસે કે રાત્રે – શરાફની સાથે બેઠેલા જોયા હતા એ હકીકત આપણે ખાનગી રાખીશું. હું અનેક ખાનગી વિગતો જાણું છું. છતાં મારી ગૃહસ્થાઈ મને એ વિગતો કહેતાં જરૂર અટકાવે જ. જેટલી ગૃહસ્થાઈ માનવીમાં એટલી જ ગૃહસ્થાઈ માનવીના રૂપિયામાં. પણ એ ગાયિકાગૃહમાંથી શરાફે બીજા રૂપિયા સાથે મને પણ ખિસ્સામાંથી કાઢી મદ્યગૃહમાં રવાના કરી દીધો એ કહેવામાં શા માટે શરમ આવવી જોઈએ? મુસ્લિમ ધર્મ સિવાય કયા ધર્મે દારૂ-નિષેધ પોકાર્યો છે? અને ધર્મે પોકારેલા કયા નિષેધને ધર્મીઓએ માન્ય કર્યો છે? સુધરેલાં રાજ્ય પણ એ વેચાણ માન્ય કરે છે એટલે મારે દારૂ વેચનારને ત્યાં જવામાં વાંધો શા માટે હોય?

ત્યાં કાંઈ મારે લાંબો વખત રહેવાનું હતું જ નહિ. સૂકા ગુલાબનાં ફૂલ વેચાતાં લેવા માટે સરૈયાની દુકાને કલાલે મને મોકલ્યો, અને એ જ રાતે સરૈયાને ઘેર સત્યનારાયણની કથા હતી ત્યાં પૂજનમાં મને સોપારી નીચે મૂકી ગંગાજળ છાંટી મંત્રોપચાર વડે કથાકાર બ્રાહ્મણે મને દેવ પણ બનાવી દીધો. એ દેવમાંથી હું દક્ષિણા બની કથા કહેતાર બ્રાહ્મણને ઘેર ચાલ્યો ગયો. કહો જોતજોતામાં ગાયિકાને ઘેરથી કલાલને ઘેર અને ત્યાંથી સરૈયાની કથામાં પૂજા પામી બ્રાહ્મણના મકાનમાં પહોંચી જવું એ અનુભવ કેટલો રોમાંચક લાગે છે? છતાં ગાયિકા, કલાલ, સરૈયો અને બ્રાહ્મણ એ તમારા જીવનનાં કેટલાં પાસે પાસે રહેતાં અંગો છે એની સચોટ સાબિતી મારા સિવાય બીજું કોણ આપી શકે એમ છે?

પરંતુ સત્યનારાયણની કથા કહેનાર બ્રાહ્મણ ઉપર સત્યનારાયણ ખાસ પ્રસન્ન હોય એમ દેખાયું નહિ. એના ઘરનું નાવ કથા પ્રમાણે લતાપત્રથી ભરેલું નીકળ્યું. એને બિચારાને પોતાની મોટી દીકરી પરણાવવાની હતી, અને ચાર પાંચ હજાર રૂપિયાનો હુંડો આપ્યા વગર કોઈ કુલીન બ્રાહ્મણનો છોકરો એને પરણે એમ ન હતું. અડધા ભૂખમરો વેઠી ગામેગામ ટહેલ નાખી કંઈક શેઠશાહુકારોની ખુશામત કરી એ બ્રાહ્મણે હજાર રૂપિયા ભેગા કરી એક

કહેવાતા કુલીન બ્રાહ્મણને એ રકમ આપી અને એના દીકરાને જમાઈ તરીકે પસંદ કર્યો. હું એ પાંચ હજારની ગાંસડીમાં બળ્યો અને એક બ્રાહ્મણ યુવકયુવતીના લગ્નમાં આમ મહત્ત્વનો ભાગ મેં ભજવ્યો. કન્યાવિક્રય પાપ છે, વરવિક્રયમાં કાંઈ પાપ નથી, એવી દલીલો પણ મેં સાંભળી. રૂપિયા ગણતી વખતે મને કહેવાનું તો મન થયું કે વરવિક્રય પાપ કરતાં પણ વધારે પાપ વસ્તુ છે. પૈસા લઈ પરણતા પુરુષોની નિર્માલ્યતા ઉપર મને તિરસ્કારભર્યું હસવું પણ આવ્યું.

વહોરાને ત્યાં વંશપરંપરાથી ગુમાસ્તી કરી ખાતા એ કુલીન બ્રાહ્મણે પોતાનું ગીરો મૂકેલું ઘર એ રૂપિયામાંથી છોડાવ્યું અને દસ્તાવેજમાં કાંઈ શેરા કરવા માટે એણે ખુશાલખ્તીમાં મને નોંધણી કામદારને સુપ્રત કર્યો. નોંધણી કામદારને પાંચ છોકરા ભણાવવાના હતા, તથા ત્રણ છોકરા અને બે છોકરીઓનાં લગ્ન કરવાં બાકી હતાં એટલે ખુશબખ્તી લીધા વગર એનું કેમ પૂરું થાય? તમારી મોંઘી અને મહા લાડવાઈ સનદી નોકરીના ભારે પગારનો બચાવ જે ઢબે કરવામાં આવે છે તે ઢબ જોતાં નોંધણી કામદારની ખુશબખ્તી વધારે ટીકાને પાત્ર તો નથી જ. લાંચ લેવાનું મન થાય જ નહિ એટલો ભરપટ્ટે પગાર આપી લાલચથી દૂર રહેવાની સગવડ સનદી નોકરીના મહા નોકરોને કરી આપવાથી નોકરીની વિશુદ્ધિ જળવાઈ રહે છે એ દલીલ અન્વયે નોંધણી કામદારોને પણ ભરપટ્ટે પગાર મળશે તે દિવસે તેમની નોકરી પણ વિશુદ્ધ બની જશે એમાં મને શક નથી લાગતો. બાકી લાંચ ખાતા નોંધણી કામદારો કરતાં લાંચને બદલે રૈયતના કરમાંથી ભરપટ્ટે પગાર ખાનાર સિવિલિયનોએ દેશની કઈ સેવા વધારે કરી એ તો તમે શોધી કાઢો ત્યારે ખરું! ખુલ્લી રીતે અણઘટતો ભારે પગાર ખાનાર અને છૂપી રીતે ખુશબખ્તી લઈ પોતાનો વ્યવહાર ચલાવનાર એ બેમાં લાંચિયું કોણ વધારે તે પણ તમારે જ નક્કી કરવાનું.

લાંચમાંથી હું પ્રેમના પ્રવાહમાં પડ્યો. નોંધણી કામદારનો કોલેજમાં ભણતો યુવાન પુત્ર પરણેલો છતાં પ્રેમી હતો. એની પત્ની

પાસે કાગળ લખવાના પૈસા ન હતા એટલે એ યુવાન પુત્રે વચન બેવચન કોલેજમાં જતી વખતે મળતી રકમમાંથી થોડી રકમ બચાવવાની ટેવ પાડી હતી, અને તેમાંથી પોતાની પત્નીને પોસ્ટની ટિકિટો એ આપ્યા કરતો હતો. મારો પણ એ જ ઉપયોગ થયો. હું જરા રાજી થઈ મોજમાં આવ્યો. એ યુવાનનો આત્મભોગ પણ મને ગમ્યો. ગાડી કે ટ્રામનું ભાડું ન ખરચી, ચા કે સિગરેટ પીવાની તક જતી કરી, એણે મને અખંડ રાખ્યો હતો; અને એના પ્રેમમાં ઉપયોગી થઈ પડવા માટે હું પોસ્ટ ઑફિસમાં આવ્યો એનું મને જરાય દુઃખ થયું નહિ.

અને પોસ્ટ ઑફિસના સિલક સાચવનાર કારકુને મારો જે ઉપયોગ કર્યો તે જોતાં મને લાગ્યું કે માનવજાતમાં માણસાઈના અંશ રહેલા છે ખરા. અલબત્ત, કાયદા પ્રમાણે તો એમાં ગુનો થતો હતો; પરંતુ મને લાગે છે કે ઘણા ગુનાની પાછળ માનવસ્વભાવની લીલોતરી સંતાયલી હોય છે, શુષ્કતા કે કઠોરતા નહિ. કારકુન પાસે એક પૈસો પણ ન હતો. એની પત્ની માંદી પડી ગઈ હતી અને ડૉક્ટરોએ તેને લીલા મેવા સિવાય કાંઈ પણ ખાવાની મના કરી હતી. ડૉક્ટરોનાં લવાજમ, દવાની કિંમત અને તેમણે સૂચવેલા પથ્ય ખોરાકનું મૂલ્ય પણ તમારા દેશની દેવાદાર સ્થિતિ ઉપજાવવમાં કેટલો ભાગ ભજવે છે તેના આંકડા કાઢવાની બહુ જરૂર ઊભી થઈ છે. શાહુકારોનું નામ ધારણ કર્યા વગરના કેટલા ય શાહુકારો તમારા દેશને ચૂસી ખાય છે તેની યાદી કરવા જેવી છે. પરંતુ એ વાતને બાજુએ મૂકીએ. કારકુનને ડૉક્ટરે કહ્યું :

'મોસંબીનો રસ, લીલી દ્રાક્ષ અને મસ્કતી દાડમ સિવાય તમારી પત્નીને કશો પણ ખોરાક આપશો તો દર્દ હાથમાં નહિ રહે.'

પત્નીનું દર્દ કારકુનના ખિસ્સાને ચોંટ્યું. કારકુનને કેટલો પગાર મળતો હતો અને મોસંબી, દ્રાક્ષ તથા દાડમનો બજારમાં શો ભાવ હતો એ સંબંધી કાંઈ પણ ચિકિત્સા કરવાની ફરજ ડૉક્ટરના વૈદકશાસ્ત્રમાં આવતી ન હતી, એટલે આવી આજ્ઞા ફેંકવાની એક પણ

નાક ડોક્ટર જતી કરતા નથી. તે દિવસે કારકુન પાસે કશું જ બચ્યું ન હતું. એનો પગાર આવવાને ચારેક દિવસની વાર હતી. ઉછીની રકમો લેવાનું એનું વર્તુલ હવે વધારે લંબાય એમ ન હતું. એણે સિલિકમાંથી એક રૂપિયો ઉપાડ્યો—અને એની દાનત તદ્દન શુદ્ધ હતી. લીધેલા રૂપિયાને સ્થાને પગારમાંથી આવનાર રૂપિયો મૂકવાનો દૃઢ સંકલ્પ એણે કર્યો હતો. અને આમ એ કારકુન દ્વારા હું મેવાવાળાને ઘેર પહોંચી ગયો. કારકુનનું શું થયું તે હું જાણતો નથી; પરંતુ મને લાગ્યું કે એણે પોતાની પત્નીનો જીવ બચાવવા જે કર્યું તે સારું જ કર્યું.

મેવાવાળો પત્તાંનો—પત્તાંના જુગારનો શોખીન હતો. તમારા મનમાં એમ તો અભિમાન નથી ને કે પત્તાંનો જુગાર તો એકલી પ્રતિષ્ઠિત કલબોમાં જ રમાય છે? એ અભિમાન હોય તો દૂર કરજો. હું સોગન ઉપર જુબાની આપવા તૈયાર છું કે કેટલી યે દુકાનો, કેટલી યે હોટલો, કેટલી યે વીશીઓ અને કેટલા યે એકલવાયા બાગ બગીચા કલબોની દ્યૂતપ્રતિષ્ઠામાં ભાગ પડાવે એમ છે. સાધારણ ફેર એટલો જ કે કલબમાં દ્યૂત ખેલનાર ન્યાયાધીશો, ધારાશાસ્ત્રીઓ, પોલીસ અમલદારો અને ફંડફાળામાં ઉપયોગી થઈ પડતા શેઠશાહુકારો હોવાથી તેના ઉપર કદી દરોડો પડતો નથી, જ્યારે દુકાનો અને વીશીઓમાં જુગાર રમનારાઓને પકડાવાનો ભય હોય ખરો —અને તે પણ જ્યારે કોઈ પોલીસ અમલદાર ખાસ નારાજ હોય ત્યારે તો ખરો જ.

એટલે મેવાવાળાએ મને હોડમાં મૂક્યો અને હું દ્રૌપદીની માફક જિતાઈ પરહસ્તે પડ્યો. પરંતુ મેં જુગારીઓની ઉદારતા વિષે પ્રથમ કાંઈ કહ્યું હતું, નહિ? એ પણ એક રોમાંચક લાગણી છે હો! એકાએક હારવું, એકાએક જીતવું! અમારી આસપાસ એ વાતાવરણ સારું છવાયલું હોય છે. મને જીતનાર દિલાવર દિલનો હતો. એણે ત્રણ ભિલ્લુઓને સાથે લઈ સિનેમાની ટિકિટો ખરીદી મારો સરખો ઉપભોગ કર્યો! એણે ધાર્યું હોત તો તમારી માફક

એ એક રૂપિયાની બેઠકમાં આરામથી બેસી શક્યાં હોત! જેમ મિલકત ઓછી તેમ મિલકતનો મોહ ઓછો એ વાત ખરી છે, નહિ ?

પરંતુ તમને ફિલસૂફી કે વિરાગનું જ્ઞાન આપવા હું માગતો નથી. મારું કહેવું એટલું જ છે કે હું તમારી રજેરજ જેટલી વિગતોનો ભોમિયો છું. હું દેવને પણ ચરણે મુકાઉં છું અને દેવદાસીને ચરણે પણ; હું તમારા જુગાર પણ જોઉં છું અને તમારી જાત્રાઓ પણ નિહાળું છું; હું લાંચમાં પણ ખરો અને લગ્નમાં પણ ખરો. તમારું, લગભગ તમારી આખી પ્રજાનું, પ્રજાના જીવનનું હું પ્રતિબિંબ લઈને ફરું છું.

મને કાંઈ વધારે પૂછવું છે?

આજે મેં ઘણું કહ્યું. હવે તમને કંટાળો આવશે. પરંતુ કોઈ કોઈ વાર તમે મને પૂછતા રહેશો તો જાણવા જેવું ઘણું ઘણું હજી કહીશ.

માત્ર એ કહ્યાનું ખોટું ન લગાડશો!

# ટેલિફોનનું ભૂત

છાપાંનાં ભૂત વિષે તો સહુએ ઘણું ઘણું સાંભળ્યું હશે. 'વીરાંગના' લખ્યું હોય તેનું એ ભૂત 'વારાંગના' કરી નાખે, અને તેમાંથી અનેક રમખાણો ઉપજાવે.

પરંતુ હવે ટેલિફોનનાં પણ ભૂત ઊભાં થયાં છે એની ખબર મને પડી તેવી બીજાંને ભાગ્યે જ પડી હશે.

હું સામાન્ય ભૂતની વાત કરતો નથી. સાધારણ ગાળાગલીથી રાજી થતાં ભૂત તો સર્વસામાન્ય છે. ભૂતમાં ગૃહસ્થાઈ ન જ હોય માટે આપણે તેમને ભૂત કહીએ. કમનસીબે આ ટેલિફોનના તાર છેક ખાનગી ઓરડાઓ સુધી ખેંચવામાં આવે છે એથી બારે ભૂતાવળ ઊભી થાય છે. અણધારી જગાએ આપણો સાદ પહોંચી જાય અને આપણે ગાળ ખાવી પડે કે ધમકી સાંભળવી પડે. આમ બેત્રણ વાર થયું એટલે હું ફોનને અડકતાં જ ગભરાઉં છું. જેટલાં યંત્રો વધે છે એટલી ભૂતસૃષ્ટિ વધે છે એવો મારો સિદ્ધાંત રેડિયોના નવા ઉત્પાતથી પુરવાર થાય છે. પરંતુ હું તો ટેલિફોનની વાત કરું છું.

મને સરકારી નોકરી ન મળી કારણ હું અંત્યજ કે મુસલમાન ન હતો. હિંદુઓએ અંત્યજોને ભારે દુઃખ આપ્યું છે એમ ડૉ. આંબેડકર કહે છે—જોકે તેઓ એક ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ગણાતા મહારાજાને પૈસે ભણ્યા હતા; અને મુસ્લિમોને હિંદુઓએ બહુ અન્યાય કર્યો છે એમ ઝીણા કહે છે—શા કારણે તે સમજવા જેટલી ઝીગુવટ હું મુસ્લિમ ન હોવાથી કેળવી શક્યો નથી; અને અંગ્રેજ સરકાર આ બંને આરોપો પોતાને ઠીક લાગે ત્યાં સુધી કબૂલ

રાખી સરકારી નોકરી એ બે કોમ માટે અનામત રાખે છે. એટલે હિંદુ જન્મવાના અકસ્માતે મને સરકારી નોકરી ન મળી, જેનો મોહ હું નાનપણથી કેળવી રહ્યો હતો !

દેશી રાજ્યોમાં પણ બહુ શોધખોળ કર્યા છતાં હું નોકરી ન જ મેળવી શક્યો. રાજકુટુંબો અને તેમનાં સગાંવહાલાં તથા તેમનાં કોમી બિરાદરોની સંખ્યા દરેક રજવાડામાં એટલી વધી ગઈ છે – અને રાજવંશીઓએ છબી પડાવવા પૂરતું જ લશ્કરી શિક્ષણ લીધું હોઈ યુદ્ધમાં તેમનો ખપ ન હોવાથી તેમ જ આરોગ્યરક્ષણની આપોઆપ તેમને મળતી સગવડને લીધે તેમની કુશળતા અને ક્ષેમ એવાં નિર્ભર રહે છે કે સિપાઈથી માંડી પ્રધાન સુધીની બધી જ જગાઓ તેમના કુટુંબીઓથી જ ભરાઈ જવા છતાં કેટલાંક ફાલતુ રાજસગાં બાકી રહેતાં હતાં. એટલે એકાદ સૈકા સુધીની વ્યવસ્થા તો થઈ ચૂકેલી હોવાથી અને મારી ચોથી પાંચમી પેઢીના વંશજની ઉમેદવારી નોંધાવા હું જરા ય આતુર ન હોવાથી હું ઘણું ભણ્યો એમ કહેવા કરતાં ઘણા સમય સુધી હું બેકાર રહ્યો એમ કહેવું વધારે સાચું છે.

સારું થયું કે હું પરણ્યો ન હતો. નહિ તો મારા પ્રેમપ્રયોગ મારી બેકારી ઉપર અનેરા રંગ ચીતર્યા હોત ! માતાપિતા માયાળુ હોવાથી ફૂટપાથ ઉપર સૂઈ રહેવાનો પ્રસંગ આવ્યો ન હતો.

બેકારીમાં માનવી ક્યાં સુધી પ્રામાણિક રહી શકે એ પ્રશ્નમાં બહુ ઊંડા ઊતરવા જેવું નથી. પરંતુ હું બહુ લાંબા સમય સુધી પ્રામાણિક રહી શક્યો એનું મુખ્ય કારણ મારા નૈતિક સિદ્ધાંતો હતા, જેને જોરે હું ચોરી કે લૂંટ કે છેતરપિંડીની હિંમત જ કરી શક્યો નહિ.

એકાએક પ્રભુ પ્રસન્ન થયા અને મને એક ધનિક ગૃહસ્થને ઘેર નોકરી મળી. એ ધનિક ગૃહસ્થને એટલું બધું કામ હતું કે એમના પત્રો વાંચવા, લખવા, વર્તમાનપત્રોની હકીકત કહી જવી, અઠવાડિયે એકાદ ભાષણ લખી આપવું અને તેમનાં સત્કાર્યો અને તેમના

સુસ્વભાવની કાલ્પનિક, ટૂંકી ટૂંકી પણ રસપ્રદ નવલિકાઓ વખતોવખત પ્રગટ કરવી, એ કામ મારે કરવાનું હતું, મને તેઓ ' સેક્રેટરી 'ને નામે ઓળખાવતા.

ઘણા સમયની બેકારી દરેક કામમાં માનવીને પાવરધો બનાવે છે. આ કાર્ય કરવાનું મેં બીડું ઝડપ્યું. પૂરી સમજણ ન પાડવા છતાં અઠવાડિયા સુધી મેં તનતોડ કામ કર્યું; અને અઠવાડિયું વીતતાં મને શેઠસાહેબે પોતાના ખાનગી અભ્યાસગૃહ–study કે studioમાં બપોરના ચાર વાગે બોલાવી સામે બેસાડ્યો.

' જુઓ, આ મારો ફોટોગ્રાફ.' તેમણે મને ફોટોગ્રાફ આપ્યો. તેમના દેખાવ પ્રત્યે મને મોહ, મમતા કે માન ઊપજ્યાં ન હતાં. મને મારા સિવાય બીજા કોઈનો ફોટોગ્રાફ હજી ગમ્યો ન હતો, એટલે આ આજ્ઞા પાછળનું રહસ્ય હું સમજી શક્યો નહિ. છતાં આજ્ઞા પાળી છબી હાથમાં લઈ આશ્ચર્યચકિત બન્યાનો ભાવ મુખ ઉપર લાવી મેં કહ્યું : ' જી.'

' એની સાથે મારું એક રેખાચિત્ર મોકલવાનું છે.'

મને સમજ ન પડી. છબી ઉપરાંત પાછું આ કયું ચિત્ર ? ન સમજાય ત્યાં ' જી ' કહી બેસી રહેવું એવો પ્રત્યેક નોકરિયાતનો ધર્મ મેં બજાવ્યો.

' પણ એ તમારે આજે જ બે કલાકમાં લખી નાખવું પડશે.' તેમણે મને કહ્યું.

બે કલાકમાં બસો માણસોનાં ખૂન કરી શકાય તો એકાદ ભાગ્યશાળીનું જીવનચરિત્ર લખવામાં શો વાંધો આવે? મેં ખૂનીની હિંમતથી કહ્યું : ' હા જી; હરકત નહિ આવે.'

' ખાસ કરીને મારા મનગમતા શોખ, કસરતી દેખાવ અને નીડર સ્વભાવ ઉપર ભાર મૂકજો...'

' આપને કઈ કઈ રમતો આવડે છે ? '

' બધી જ. જે તમે જાણતા હો તે બધી જ એમાં મૂકજો ને; ક્યાં પરીક્ષા આપવાની છે ? '

એ પછી મેં તેમને પૂછ્યું નહિ કે તેઓ કસરત ક્યારે કરે છે અને તેમની નીડરતા કયા કયા પ્રસંગો ઉપર પ્રગટ થઈ હતી. દૃષ્ટાંતો ઊભા કરવાની મને છૂટ મળતી હતી એમ મેં માન્યું.

'દસ પાન કરતાં વધે નહિ. આ ટ્રંકી નોંધ ધ્યાનમાં રાખજો અને આજ ને આજ સાત વાગે મારી પાસે બધું જ લખાણ પસંદ કરાવીને તમારે 'પુષ્પપરાગ' નામના પત્રની ઑફિસમાં પહોંચાડી આવવાનું. રૂપિયા પાંચસો સાથે રાખજો.' મારા માલિકે મને આજ્ઞા આપી. પગાર આપે એ માલિક બની જાય છે એમાં જરા ય શક નથી. પગારની આશા આપનાર પણ માલિક બને છે.

'એ રૂપિયા કોને આપવાના?' મેં પૂછ્યું.

'પુષ્પપરાગ'ના અધિપતિને વળી!...હજી ફોન ન સંભળાયો, ખરું?'

'ના જી. આપની પાસે જ છે. પરંતુ "રીંગ" થયો જાણ્યો નથી.' મેં કહ્યું.

'સમયની આપણા લોકને કિંમત જ નથી.' તેમણે કહ્યું.

એ અભિપ્રાય સાથે સંમત થવામાં મને કશું જોખમ લાગ્યું નહિ. એટલે મને જાણે સમયની ભારે કિંમત હોય એમ દેખાવ કરી મેં કહ્યું: 'તો, સાહેબ! હું મારા મેજ ઉપર બેસી રેખાચિત્ર ઘસડી ...તૈયાર કરી નાખું.'

'હા...હજી ફોન નથી આવ્યો, ખરું?'

'ના જી.' કહી હું ઊભો થયો અને એટલામાં ટેલિફોન રણક્યો. હું સમજ્યો અને જરા ઊભો રહ્યો. મારા સાહેબ 'ફોન' ઉપર વાત કરતા સંભળાયા. તેમના મુખ ઉપર અધીરાઈ તરી આવતી હતી.

'હું કિશોરીલાલ...ઠીક...હા પાડે છે?...આભાર...હમણાં જ આવે છે?...હરકત નથી...બધી જ રકમ તો કેમ...અર્ધી તૈયાર છે. આવે એટલી વાર...એમ?...ફોનમાં વાત કરશે?...બ...હું સારું ...થેં...ક્સ...હા...હા...'

વાત પૂરી થઈ એટલામાં હું ધીમે ધીમે બારણાં પાસે પહોંચી

ગયો. મારા શેઠનું નામ કિશોરીલાલ હતું અને આવી રકમ આપવા માટે તેઓ તૈયાર છે એટલું મને સમજાયું. પરંતુ તે કોને? શા માટે? ફોનમાં કોણ શી બાબતની વાત કરશે? એ બધા ટુકડા હું સાંધી શક્યો નહિ. મારી એ ફરજ પણ ન હતી. જેની નોકરી કરવી તેના ઓરડા તરફ નજર ન કરવી અને તેની ફોન ઉપરની વાતચીતને સમજવા મંથન ન કરવું એ નોકરીની પહેલી કલમ હોવી જોઈએ. ઉત્સુક મનને વારી મેં બારણું ઉઘાડ્યું.

મિ. કુંજ! તમે જશો નહિ. અહીં જ બેસીને લખો. હું દસેક મિનિટમાં મારા મિત્રોને મળી આવું છું. કોઈનો ફોન આવે તો મને તરત ખબર આપજો.' માલિકનો હુકમ થયો. મારું નામ કુંજવિહારી હતું. પરંતુ સમયનો વ્યય એ નામોચ્ચારમાં વધારે થતો એટલે આજની ઉતાવળી દુનિયા મને મોટે ભાગે 'કુંજ' કહીને જ બોલાવતી. અને...વિહાર માટે સગવડ ન હતી એ સાચી વાત પણ એ ટૂંકા નામમાં સમજાઈ જતી.

હું પાછો આવી મારી અસલ જગાએ બેઠો, અને મારા શેઠ કિશોરીલાલ ખંડની બહાર ગયા.

મેં રેખાચિત્ર શરૂ કર્યું. છબી અને નોંધ મારી સામે મૂકી સરસ્વતી અને ગણેશની સ્તુતિ કરી પ્રેરણા માગી. પ્રેરણાના પહેલા પ્રકાશ રૂપે નીચેની કડીઓ યાદ આવી :

'શું જુઓ તનની છબી? એમાં નથી નવાઈ;
દેખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ!'

પરંતુ એમાં તો છબી ઉપર ભાર મૂકવાનો હતો. આવી કડી ન ચાલે. કલાપીની 'મૃત પુત્રી લાલાંની છબી જોતાંને' કવિતા યાદ આવી પરંતુ એમાં તો કરુણ રસ હતો. સુંદરમની 'બાની છબી' યાદ કરી જોઈ.

છતાં લેખની શરૂઆત થઈ નહિ. વચમાં કિશોરીલાલ આવીને પૂછી પણ ગયા કે કોઈનો ફોન આવ્યો હતો કે કેમ? પરંતુ 'ના'ની નિરાશા સાથે તેઓ પાછા ગયા. લેખની શરૂઆત થતી ન

હતી. કિશોરીલાલ મહાપુરુષ હતા? એ મને ખબર ન હતી, પરંતુ એ તો મારે પુરવાર કરવાનું હતું. એ પૈસાદાર હતા અને તેમાંથી મારે તેમને મહાન બનાવવાના હતા. કેવી રીતે શરૂઆત કરું? લક્ષ્મી અને સરસ્વતીનો વિરલ સંયોગ...કિશોરીલાલે કૉલેજ પણ દીઠી ન હતી. અકબર અને શિવાજીને અક્ષરજ્ઞાન ન હતું એમ કહેવાય છે. આ રેખાચિત્રના નાયકે ભલે ડિગ્રીઓ ન મેળવી...એ ઇન્કમ-ટેક્સ અને સુપરટેક્સ માટે ધનિકપણાનો કંઈક ભાગ છુપાવતો હશે એમ મને એક વખત લાગ્યું એટલે એ બાબત પણ શરૂઆતમાં ન લેવી. તો...? દૂધ જેવું નિર્મળ જીવન...

ટન, ટન, ટનનનન...

એકાંત ઓરડામાં ટેલિફોન ગાજી રહ્યો અને હું ચમકી ઊઠ્યો. કેવો સરસ વિચાર આવતો અટકી ગયો? આ ભૂતખાનાં બંધ થાય તો કેવું સારું?

ટન, ટન...

હું દાઝ્યો હોઉં એમ રિસીવર ઉપાડી મેં કાનને અજાણ સૃષ્ટિમાં રમતો મૂકી દીધો.

'એ તો હું છું.—કાન્તા.' અડધો રડતો સ્ત્રીઅવાજ સંભળાયો. સૂરસૃષ્ટિમાં પણ આ ભેદ પરખાઈ આવે છે. પરંતુ કનક અને કાન્તા બેમાંથી એકેયને હું ઓળખતો ન હતો.

'કોનું કામ છે?'

'આપનું.'

'મારું? કાંઈ ભૂલ થાય છે. મારો નંબર બે હજાર આઠ છે. ટુ—નોટ—નોટ—એઇટ.'

'એ જ નંબર જોઈએ. મને મારો યા બચાવો; બધું આપના હાથમાં છે.'

'નાટકમાં એક વખત હું આવું બોલ્યો હતો. તેને ઘણાં વર્ષો થઈ ગયાં. પરંતુ હું આપને ખાતરી આપું છું કે હું અહિંસક છું એટલે કોઈને પણ...'

'તમારું નામ ?'

'કુંજ. હું ધારું છું કે આપને કિશોરીલાલનું...'

'એનું નામ બાળો. મિ. કુંજ ! તમે અદ્દભુત પુરુષ લાગો છો.'

'મને જુઓ, મને મળો, તે સિવાય અભિપ્રાય બાંધી શકાય નહિ.'

'કબૂલ. ક્યારે મળશો ? ક્યાં મળશો ?'

'મારે ઘેર તો નહિ જ...અને મળીને શું કામ છે ?'

'આપની સહાય માગું છું.'

'એ તો નાટકમાં બને...ખરી સહાય...'

'આપણે નાટક કરવું છે.'

'હવે એ શોખ રહ્યો નથી. જુઓ, હું તો એક સાધારણ ગરીબ...'

'ગરીબ ? ગરીબમાંથી હું તમને ગિરિધર બનાવીશ. જુઓ, ઉતાવળ કરો. પહેલી તકે મને મળો.'

'વહેલામાં વહેલો હું સાત વાગ્યે "પુષ્પપરાગ"ની ઑફિસમાં હોઈશ. ત્યાર પછી મને સમય મળે.'

'હું તે જ વખતે ઑફિસ બહાર ઊભી રહીશ.'

'પણ શા માટે ? વળી આપણે એકબીજાને ઓળખતાં પણ નથી...લો, કિશોરીલાલ જ આવે છે.'

'ભૂલશો નહિ મળવાનું. કિશોરલાલને આવવા દો. એમને નફો આપી દો...' મેં ઉતાવળા બનેલા કિશોરીલાલના હાથમાં ફોન મૂકી દીધો. આ બધો અજાણ્યુ સૃષ્ટિમાં થયેલો ગોટાળો કયે માર્ગે મને લઈ જતો હતો તેની મને ખબર ન હતી. મારે ફોન આવતાં બરોબર કિશોરલાલને ખબર આપવાની હતી તેને બદલે મેં વાત લંબાવી એ ભૂલ કે ગુનો કર્યા બદલ શું પરિણામ આવશે તેની મને ખબર ન હતી. નોકરી જવાની બીક ભારે હતી. પરંતુ કિશોરીલાલના મુખ ઉપરના આનંદ જોઈ મારો ભય સહજ ઓછો થયો. તેમની વાતચીત મેં સાંભળી.

'કાન્તા કે ?...એમ ?...બધું નક્કી ?...પરમ દિવસે ?...

નારાજ બની રહી?...રકમ હમણાં જ આપીને આવ્યો...હું તો બધી જ આપું...પછી તારી જ મિલકત...હો...હા...હા...'

કિશોરીલાલે અત્યંત આનંદાવેશમાં આવી જઈ અંગ્રેજી ઢબે નાચનાં બે પાંચ ડગલાં ભરી મને કહ્યું: 'હવે મને તમારો લેખ બતાવવાની જરૂર નથી, તમે લખી તપાસીને 'પુષ્પપરાગ'માં આપી આવજો. બેસો તમારી ઓરડીમાં.'

માલિકોને નાચતા જોવામાં મઝા પડે છે ખરી. તેમાં યે અતિ ધનિક માલિકો પોતાના ધનની વિપુલતા પોતાના દેહમાં પણ પ્રતિબિંબિત કરતા હોય ત્યારે વધારે મઝા પડે. અને પિસતાળીશ પચાસ વર્ષની વય બહુ સંભાળવા છતાં મુખ ઉપર ઝૂકી રહેતી હોય એવા દેહના દેહીને નૃત્યમાં ઊતરતો નિહાળવો એ લહાવો જોનારની જિંદગીનું મહા ધન છે.

મેં કિશોરીલાલનો ખાનગી ખંડ છોડ્યો અને હું મારી નાનકડી ઓરડીમાં આવીને બેઠો. લેખ શરૂ કર્યો, છતાં મને તો ટેલીફોનના ભણકારા વાગ્યા જ કરતા. આ વળી કાન્તા કોણ હશે? મારી મજાક કરી હોય તો? કિશોરીલાલ કેમ ખુશ થયા? બંને વચ્ચે મૈત્રી હશે તો? મારી નોકરી ચોક્કસ જવાની.

આવા આવા વિચારોની વચ્ચે લેખ ઝપાટાબંધ લખાઈ ગયો: અને છબી, રૂપિયા તથા લેખ લઈ હું 'પુષ્પપરાગ'ની ઑફિસે ગયો. તંત્રીએ મને માનપૂર્વક બોલાવ્યો, અને લેખ તથા છબી સાથે પૈસા પણ પૂરા લાવ્યો છું એવી ખાતરી થતાં તેનું માન અને તેનો સદ્‌ભાવ મારે માટે વધી ગયાં. ચા, કૉફી, સોડા, લેમન–કાંઈ પણ મારે લેવું જોઈએ એવો તેમણે આગ્રહ પણ કર્યો અને આગ્રહને વશ થવામાં સાંજના સાડાસાત વાગી ગયા. જરૂરી કામનું બહાનું બતાવી હું બહાર નીકળ્યો. મને એક બાજુએથી ખાતરી હતી કે પેલી કાન્તાનો ફોન મશ્કરી રૂપ જ હશે; બીજી બાજુએથી ભય પણ લાગતો હતો કે વખતે ફોનમાંની ઊડી તે આવી વળગશે તો?

અને ખરેખર મારો એ ભય સાચો પડ્યો, 'પુષ્પપરાગ'ના

દ્વાર પાસે જ એક મોટરકારને પગથિયે પગ મૂકી પરી સરખી એક સુંદર યુવતી ઊભી રહી દ્વારનું નિરીક્ષણ કરતી હતી. મને બહાર નીકળતાં બરાબર તેણે પૂછ્યું : 'કુંજ તમારું જ નામ?'

'હા જી. આપ જ કાન્તાકુમારી કે?'

'વિવેકી લાગો છો પણ કેટલી રાહ જોવડાવી? જે બહાર આવે તેને "તમે કુંજ છો?" એમ પૂછી પૂછીને હું થાકી ગઈ! એક વખત તો પ્રેસના પટાવાળાને પણ પૂછ્યું કે એનું નામ કુંજ ખરું કે નહિ. લોકોએ મને ઘેલી ધારી હશે.' સહજ હસીને કાન્તાએ જવાબ આપ્યો.

હું સ્વપ્નમાં પ્રવેશ કરતો હતો. મારી આસપાસની સૃષ્ટિ સંધ્યાકાળને લીધે અસ્પષ્ટ બનતી જતી હતી. હવે મારે શું બોલવું તેનો વિચાર હું કરવા જતો હતો એટલામાં એણે મને કહ્યું :

'કેમ, બહુ વિચારમાં પડી ગયા?'

'ઘણુંખરું હું વિચારમાં જ પડેલો હોઉં છું.'

'ચાલો, હું તમને તમારે ઘેર પહોંચાડી દઉં.'

'મારા ઘરની પાસે પણ તમને લઈ જવાય એમ નથી.'

'મારા અને તમારા બંનેના ઘરથી આપણે દૂર ચાલ્યાં જઈએ. આ સીટ ઉપર બેસી જાઓ. હું કાર ચલાવું.'

આ મનુષ્યહરણ થતું હતું! આ કામરુ દેશની કિશોરી મને ક્યાં ખેંચી જતી હતી? પરંતુ પ્રથમ પ્રશ્ન તો એ જ કે હું શા માટે ખેંચાતો જતો હતો? મારામાં ના કહેવાની તાકાત કેમ વિકસતી ન હતી? એની આજ્ઞા પ્રમાણે હું શા માટે તુરત ગાડીમાં બેસી ગયો?

એને કાર ચલાવતાં આવડતી હતી. અને હું કારમાં ભાગ્યે અર્ધો ડઝન વાર બેઠો હોઈશ.

'બીતા તો નથી ને?'

'પૈસા બિલકુલ નથી એટલે લૂંટ કે ચોરીનો ભય રહ્યો જ નથી.' મેં જવાબ આપ્યો.

'કેટલા વાગતાં સુધી તમે ઘર બહાર રહી શકશો ?'

'ગમે ત્યાં સુધી. ઊંઘ આવે ત્યારે ઘર સાંભરે ખરું.'

'એમ ? ઘેર કોણ છે ?' મારા તરફ ઝીણી નજર કરી કાન્તાએ પૂછયું.

'આ કારના અકસ્માતમાંથી બચું તો હું જાતે મારે ઘેર હોઉં. બાકી તો કોઈ ઘેર નથી.'

'દેશમાં બધાં હશે.'

'હા.'

'કોણ કોણ હશે ?'

'પત્ની સિવાય બધાં જ છે.'

'પરણેલા તો છો ને ?'

'ના જી. હજી સુધી મને પરણાવવાની કોઈએ ભૂલ કરી નથી.'

કાન્તાએ શ્વાસ નીચે મૂકયો અને બેઠકે અઢેલી તે બેસી ગઈ. મને ડર લાગ્યો કે તે વ્હીલ ઉપરથી પણ હાથ ઉઠાવી લેશે કે શું ?

એકાએક ગાડી ઊભી રહી. સ્થળ નિર્જન હતું. એક તળાવને કિનારે અમે બંને જણ આવી ચડયાં હતાં. દૂર દીવા દેખાતા હતા, અને અંધારું એટલું ગાઢ ન હતું કે જેથી સૃષ્ટિસૌન્દર્ય દેખાય નહિ.

'તમને હરકત ન હોય તો આપણે તળાવની પાળ ઉપર બેસીએ.' કાન્તાએ કહ્યું.

'હરકત હોય તો ય મારું આજ કશું ચાલે એમ નથી. એટલે તમે કહેશો તેમ કરવા હું બંધાયલો છું.'

કાન્તા હસી અને અમે બંનેએ નીચે ઊતરી તળાવની પાળ ઉપર પગ માંડયા. એકાએક ઝાડમાંથી ચીબરી બોલી ઊઠી અને મને ભયકંપ થયો. મારે માથે શી આફત તૂટી પડવાની છે તે હું જાણતો ન હતો. પરંતુ દૈવ કોઈ ગંભીર કાવતરું મારી વિરુદ્ધ કરી રહ્યો હતો એની મને ખાતરી થઈ.

'સરસ જગા છે, નહિ ?' કાન્તાએ ટહુક્યું.

'એકાંત બિહામણું છે અને હું ભીંગોમાં રેવાયેલો નથી.'

'ભય અને સ્ત્રી બંનેથી હવે ટેવાવું પડશે. એ વગર બહાદુરી આવતી નથી.'

'મેં બહાદુર બનવાનો આદર્શ સેવ્યો જ નથી.'

'કોઈને પણ ઉપયોગી થઈ પડવાનો આદર્શ રાખ્યો છે કે નહિ?' જરા કડક ભાવથી કાન્તાએ પૂછ્યું.

'આદર્શ તો નહિ જ. પણ હા, મને ખાસ હરકત ન પડે તો કોઈને ઉપયોગી બનવા મથું ખરો.'

'મને તમે વગર હરકતે ઉપયોગી થઈ પડો એમ છો.'

'કહો, શી રીતે?'

'મારી સાથે લગ્ન કરીને!'

મને લાગ્યું કે સરોવરે ઊછળી મને ડુબાવી દીધો! એટલું જ નહિ પણ મને ડૂબતાને એક મગરે પોતાની દાઢમાં પણ લીધો.

મારું ધડકતું હૃદય મને પૂછવા માંડ્યું: 'લગ્ન કરીને કોઈ કોઈને ઉપયોગી થઈ શક્યું છે ખરું?

'તમે આજના યુવકો લગ્નથી ડરો છો, કેમ?' કાન્તાનો અવાજ સંભળાયો. જાણે ટેલીફોનમાં તે બોલતી ન હોય!

પ્રથમ તો આજના યુવકો યુવકો છે ખરા? અને આજની યુવતીને જોતાં તેમનો ડર સાચો છે એમ ન માનવાનું કાંઈ કારણ?

પરંતુ યુવતીઓને કોણ ખોટું લગાડે? મેં ખરું કારણ ન આપતાં કહ્યું: 'જુઓ ને, કાન્તાકુમારી! તમને અને તમારી કારને બંનેને રાખવાનું ઘર પણ મારી પાસે નથી.'

'કારને આ તળાવમાં હડસેલી દઈશ. પછી કાંઈ?' કાન્તાએ કહ્યું. અલબત્ત અમે શહેરથી યે એટલે દૂર આવ્યાં હતાં કે કાર વગર પાછા જવાની કલ્પનાએ મને ભયભીત તો કર્યો જ.

'પછી ઘણું ઘણું વિચારવાનું રહે છે.'

'કહો તો ખરાં?'

'મારા માતપિતા...'

'જગતનાં કોઈ પણ માતાપિતા મને જોઈને રીઝ્યા વગર

નહિ રહે.'

'જોઈને રીઝવાની વાત જુદી છે. આ તો તમને કુટુંબભેગાં કરવાની વાત છે.'

'તમે બહુ કુળવાન છો ?'

'પરદેશી સત્તા સ્વીકાર્યા પછી કોઈનાં યે કૂળ કે મૂળ જોવાની જરૂર નથી. પણ આ તમારો ખર્ચ...'

'તમારો યે ખર્ચ હું ઉપાડી લઉં તો ?'

'મારા પુરુષપણાને લાંછન લાગે.'

'લાંછન લાગે કે ન લાગે! તમારે આવતી કાલે મારી સાથે લગ્ન કરવાનાં છે એ વાત સો ટકા સિદ્ધ માનજો.'

'આ મહા કૃપાનું કાંઈ કારણ? મેં એ માટે તપશ્ચર્યા કરી નથી...'

'પણ મેં તપશ્ચર્યા કરી છે ને!' હસીને કાન્તાએ કહ્યું.

'મારા જેવો પતિ મેળવવા? વરદાનને બદલે પ્રભુએ તમને શાપ આપ્યો લાગે છે.'

'શાપ જેવું લાગશે તો આપણે છુટાં થઈ જઈશું.'

આ વળી નવું વજ્ર વાગ્યું! છુટાં થવાની સગવડ સાથેનાં લગ્ન આવકારદાયક છે એમ ઘણાં યુગલોને લાગશે. પરંતુ હજી હું પરણવાના વિચારને જ અનુકૂળ થયો ન હતો ત્યાં છુટાં થવાનો તો વિચાર પણ કેમ આવે? હું સ્વપ્નમાં તો નહિ હોઉં?

મેં મારા ગાલ ઉપર એક ચૂંટી ભરી.

'શું કરો છો?' કાન્તાએ પૂછ્યું.

'હું જાગ્રત છું કે સ્વપ્નમાં તેની ખાતરી કરું છું.'

'તમે શા માટે તસ્દી લો છો? હું ખાતરી કરી આપું.' કહી કાન્તાએ નખ વડે મારા ગાલ ઉપર એવી જબરદસ્ત ચૂંટી ભરી કે હું જાગતો હોઈશ તો સ્વપ્નમાં પડ્યો અને સ્વપ્નમાં હોઈશ તો જાગ્રત બની ગયો!

ચૂંટી ભરવાની કળામાં આ બાઈ અજોડ લાગી! ભારે મહા

વરા વગર આવી આવડત આવે નહિ! અને એની સાથે મારે લગ્ન કરવાનું હતું!

સિસકારા સાથે મેં ભિનશરતી સુલેહ માગી લીધી. મને પેલો દુહો યાદ આવ્યો :

'નહિ પુરુષ બલવાન.'

અને ખૂબ આનંદમાં આવી તેણે મારો હાથ પકડી કહ્યું : 'ચાલો હવે પાછા. ઘેર જવાની ઉતાવળ તો નથી ?'

'મારું ઘરબાર સઘળું હવે તમે જ છો.' મેં કાન્તાને પગે પડી કહ્યું.

'તમે અભિનય સરસ કરી શકો છો,'

'જે કહેશો એ મારે કબૂલ છે.'

'ત્યારે તો આપણાં લગ્ન થઈ જાય ત્યાં સુધી તમારે મારી આંખ સામે જ રહેવું.'

'હું ના કહું એવી સ્થિતિમાં જ નથી, તમારું ભરાવ્યું ડગલું ભરીશ.'

'તમે પતિ તરીકે બહુ સારા નીવડશો એમ મને લાગે છે.'

'તમારું પ્રમાણપત્ર હું સોને મઢીશ અને જ્વારે જ્યારે લગ્નનો પ્રસંગ આવશે ત્યારે ત્યારે...'

'શું ? શું બોલ્યા! લગ્નના કેટલા પ્રસંગો તમારે જોઈએ ?'

'મારે તો એકે ય નહોતો જોઈતો. પરંતુ પ્રભુ જે માથે નાખે તે ઉપાડવું.'

'આજ તો હું તમને ઉપાડી જાઉં છું.'

કહી કાન્તાએ મને પાછો કારમાં બેસાડ્યો અને એણે કાર પાછી વાળી. બીજા દિવસના બપોર સુધી હું એના વશીકરણની અસરમાં રહ્યો. ખરેખર, એ પરિસ્થિતિ સામાન્ય ન હતી. જાદુ સિવાય એ બને જ નહિ. હું જગતના સર્વ પુરુષોને આહ્વાન કરું છું કે જીવનમાં એક વાર પણ તેઓ સ્ત્રીના મોહનામંત્રથી ભાન ભૂલ્યા નથી એમ પુરવાર કરે! એમ થાય તો મારે તેમનું મંદિર

બંધાવી પૂજા કરવી.

બિલાડીના પંજામાં ઉંદર રમે તેમ કાન્તાની જાળમાં રમતો હું સ્થળ, સમય અને સ્થિતિનું ભાન ભૂલી જ ગયો હતો! હું ક્યાં રહ્યો, ક્યાં જમ્યો, તેનું મને ભાન પણ રહ્યું નથી.

બીજે દિવસે કાન્તાએ મને હુકમ કર્યો : 'ચાલો; કચેરીમાં જવાનું છે.'

ત્યારે મારા પગ ધ્રૂજી ઊઠ્યા.

'મારે ક્યા ગુના માટે કચેરીમાં જવાનું છે?' મેં પૂછ્યું.

'કેમ? લગ્ન નોંધાવવું પડશે ને?'

'નોંધાવવાનું? હું તો હિંદુ છું.'

'જે હો તે. અત્યારે તો આપણે એકે ય ધર્મ પાળતાં નથી એમ કહી ઐહિક લગ્ન નોંધાવવાનું છે. તમે યોગ્ય પુરવાર થશો તો પછી આપણે ધર્મવિધિથી પરણશું.'

અરે, પણ મને એક વખત કહે તો ખરો કે આ શાની સતામણી તેં માંડી છે?'

'આવો; કારમાં હું તમને બધી હકીકત સમજાવું. તમને ખાતરી થશે કે એક ભયંકર સતામણીમાંથી ઊગરવા હું આ બધું કરી રહી છું.'

કારમાં તેણે જે વાત કહી તેનાથી હું ચોંકી ગયો. માત્ર એણે વાતનાં પાત્રોનાં નામ કહ્યાં. વર્તમાન જગતનાં રાજ્યો કાયદાની સત્તા વિષે વાતો કરી અભિમાન લે છે; પરંતુ રાજ્ય સત્તા અને કાયદા ઉપર ધનની ચૂડ કેટલી જબરદસ્ત વળગેલી છે તેનો ખ્યાલ આજ સુધી મને આવ્યો ન હતો.

કચેરી આવતાં કાન્તાએ વાત પૂરી કરી અને ગાડી થોભાવી. એણે કહેલી વાત પરથી મને લાગ્યું કે ભોમાસુરના કેદખાનામાં સપડાયલી સોળ હજાર યુવતીઓને છોડાવી પરણી જવામાં કૃષ્ણે એક મહાન કાર્ય કર્યું હતું!

મેં વીરત્વના આવેશમાં કાન્તાને કહ્યું પણ ખરું કે, 'આવાં

બીજાં રીતકા કોઈને હોય તો મને જણાવજે. હું ફાવે તેટલાં લગ્ન કરવા તૈયાર છું.'

'લુચ્ચા! કહી કાન્તાએ મારા બીજા ગાલમાં ચૂંટી ખણી અને મારું વીરત્વ ઓસરી ગયું. મને ખાતરી થઈ કે એક લગ્ન થયા પહેલાં પણ પૂરતું છે.

કાન્તાએ સાક્ષીઓ પણ હાજર રાખ્યા હતા, અને કાન્તાના દેખાવ તથા છટાને લઈને અમલદારે અમારાં લગ્ન ઝડપથી નોંધી પણ આપ્યાં. માત્ર અમલદાર તથા સાક્ષીઓએ સહજ નિરાશા અનુભવી હોય એમ મને વચમાં વચમાં દેખાયું. કાન્તા જેવી યુવતી સાથે મારા જેવાનાં લગ્ન શક્ય થાય એવા જગતમાં કાંઈ કમનસીબ બનાવ બનતો ન હોય એવી તેમની માન્યતા તેમના મુખ ઉપરથી હું પરખી શક્યો. મારા કરતાં તેઓ કાન્તા માટે પોતાને વધારે લાયક માનતા હોવા જોઈએ. મારે એમાં તકરાર ન હતી.

સાક્ષીઓની સાથે મળી અમે એક સારી હોટેલમાં નિરામિષ ખાણું પણ ખાધું, અને મને છરીકાંટા વાપરતાં આવડતા ન હોવાથી મારી મશ્કરી પણ બહુ જ કરવામાં આવી. હું ઓછામાં ઓછું બોલ્યો. પરંતુ મારા બોલથી કાન્તા હસતી હતી અને અમારા લગ્નસાહેદો જરા ઝાંખા પડતા હતા એટલે મને લાગ્યું કે હું ધારતો હતો એટલું બધું જગત હોશિયાર ન હતું – અગર હું મને માનતો હતો એટલો બધો બબૂચક ન હતો! મને એ બાબતની પણ તકરાર નથી.

કિશોરલાલને ત્યાં મને કાન્તા પહોંચાડી પણ ગઈ, અને સાથે સાથે મને સૂચના પણ આપતી ગઈ કે મારે લગ્નની વાત તદ્દન ગુપ્ત રાખવી.

કિશોરીલાલ આજ ખૂબ આનંદમાં હતા. હું સવારે હાજરી આપી શક્યો ન હતો તે કસૂર તેમણે જોતજોતામાં માફ કરી, અને બીજે દિવસે પણ મારે ન આવતાં એક દિવસ આનંદ કરવો એમ તેમણે અત્યંત ખુશમિજાજમાં સૂચવ્યું.

મારાં લગ્નની એમને ખબર પડી હશે શું ? મને લગ્નનો આનંદ ભોગવવા દેવા માટે તેમનો આભાર માનવો કે નહિ ? કાન્તાને તો તેઓ ઓળખતા હતા અને તેની સાથે વાત કર્યા પછી તેઓ નાચી ઊઠયા હતા, એટલે કદાચ અમારાં જાદુઈ લગ્નની તેમને ખબર હોય પણ ખરી !

પરંતુ કારણ બતાવ્યા વગર જ તેમનો આભાર માનવાનું મેં સલામત માન્યું. આપણી કેટલી યે વાતોમાં આપણા સાહેબો અને માલિકોને રસ નથી હોતો !

પણ મારી માન્યતા ખોટી પડી એમ હું ત્રીજે દિવસે તેમની તહેનાતમાં હાજર થઈ ગયો ત્યારે મને સમજાયું. મારી એક વાતમાં તો અત્યારે તેમને ભયંકર રસ રહ્યો હતો એમ હવે મને લાગ્યું; અને તે વાત એટલે મારા લગ્નની વાત. તેમાં પણ મારું કાન્તા સાથે થયેલું લગ્ન તેમને સંપૂર્ણ રીતે વાંધાભરેલું લાગ્યું !

કારણ ?

હું તેમની હાજરીમાં ઊભો રહ્યો કે એકદમ કિશોરલાલ ઘુરકયા : 'તમને અહીં આવતાં શરમ નથી આવતી ?'

'સાહેબ ! મેં એવું કશું જ કર્યું નથી કે...'

'તમને નોકરી મળતી ન હતી, તે મેં આપી ! તેનો આ બદલો ? નિમકહરામ ?'

'નોકરી માટે હું આભાર માનું છું અને પ્રભુના આશીર્વાદ તમારા ઉપર ઊતરે એવી પ્રાર્થના કરું છું. બાકી પગાર હજી આપે આપ્યો નથી એટલે આપના પૈસાનું નિમક તો લાવી શકયો નથી...'

'ચૂપ ! મારા લાખ રૂપિયા ખોવરાવ્યા...'

'આ તદ્દન ખોટો આરોપ છે, સાહેબ ! પેલા "પુષ્પપરાગ" વાળા પાંચસો સિવાય બીજી એકે ય રકમને હું અડચો પણ નથી.'

'તમે કાન્તાની સાથે લગ્ન કર્યું એ વાત ખરી છે કે નહિ.'

'તદ્દન ખરી. પરંતુ મારી મરજી વિરુદ્ધ. હું તો એને હજી

પણ ઓળખતો નથી.'

'તમારા કાવતરા વિશે હું બરાબર પગલાં લેવાનો છું...'

'પણ સાહેબ! મેં તો પુણ્યનું કાર્ય કર્યું છે!'

'જેની સાથે મારું લગ્ન થવાનું હતું તેની સાથે તમે લગ્ન કરી દીધાં એ પુણ્યનું એક કાર્ય!'

'એમ ?...સાહેબ! મને શી ખબર ?'

'અને એ લગ્નની શરત ઉપર મેં પહેલેથી લાખ રૂપિયા એના ભાઈને ધીર્યા તે ગયા એ બીજું પુણ્ય!'

હું આભો બની ગયો...એક વાર પછી મને કાન્તાએ કહેલી ટૂંકી હકીકત યાદ આવી. કોઈનાં નામ તેણે દીધાં ન હતાં એટલે હું સમજી શકેલો નહિ કે કિશોરલાલ જ પોતાના ધનને જોરે કાન્તા સાથે લગ્ન કરવા માગતા હતા.

કાન્તા અને તેના ભાઈએ મળી એક ફિલ્મ ઉતારી હતી અને તેમાં કાન્તાએ મુખ્ય સ્ત્રીપાત્રનું કામ કર્યું હતું.

ધાર્યા કરતાં સિનેમા ફિલ્મોમાં ખર્ચ વધારે જ થાય છે, તેમ એમને પણ થયો. જેમણે પૈસા ધીર્યા હતા તેમણે પૂરી રકમ આપવા આગ્રહ કરી ફિલ્મનો કબજો લીધો. કિશોરલાલ પણ સ્ત્રીઓના સંગ્રહસ્થાન સરખી સિનેમા દુનિયામાં ધીરધાર કરતા હતા અને કાન્તા તથા તેના ભાઈને ઓળખતા હતા. તેમણે કાન્તાનું લગ્ન પોતાની સાથે થાય તો વગર વ્યાજે લાખ રૂપિયા ધીરવાની ઉદારતા દાખવી—નહિ તો અસલ ધીરનાર શેઠ કાન્તાને ફિલ્મના બદલામાં અમેરિકા પોતાની સાથે લઈ જવા માગતો હતો!

આ બંનેમાંથી એક પણ શરત કાન્તા કે તેના ભાઈને રુચિ નહિ. પરંતુ ભાઈની નાણાકીય મૂંઝવણ ભાઈના આત્મઘાતમાં પરિણામ પામશે એવો ભય લાગતાં કાન્તાએ કિશોરલાલ સાથે લગ્ન કરવાની અણગમા સહ હા પાડી, અને લગ્નનો દિવસ પણ નક્કી કર્યો.

ફોનમાં છેલ્લી કબૂલત કરવાની હતી અને વચ્ચે હું આવી ગયો!

મને ખરેખર ખબર નહિ કે હું મારા શેઠની વિરુદ્ધ રમી રહ્યો

હું આગર મને કાન્તા રમત રમાડી રહી છે!

ઈશ્વરને માથે રાખીને—ઘણું ખરું ઈશ્વર આપણે માથે જ ચઢી વાગેલો હોય છે—હું કહું કે મારા મનમાં તલપૂર પણ પાપ ન હતું. દુઃખી યુવતીને સહાય કરવાની યુવાનોની મહા ફરજ તરીકે જ મેં આ જોખમ ખેડયું હતું. કિશોરીલાલનો આમાં સંબંધ છે એમ મેં જાણ્યું હોત તો હું જરૂર આઘો ખસી ગયો હોત!... પણ કાન્તાને જોયા પછી—કાન્તાની સાથે કલાક ગાળ્યા પછી આઘા ખસવાનું કાર્ય મારા જેવા સ્ત્રીભીરુ માટે પણ અશક્ય થઈ પડયું.

છતાં નિમકહલાલીને બટ્ટો ન જ આવવો જોઈએ!

મેં કિશોરીલાલને કહ્યું: 'જે બન્યું તે મારી જાણ બહાર બન્યું છે, પરંતુ હું એ પરિસ્થિતિ સુધારી આપું તો?'

'સુધારી તમે હવે! કૃપા કરી મારું ઘર છોડી ચાલ્યા જાઓ એટલે બસ!'

'નહિ, નહિ; હજી માર્ગ રહ્યો છે. અને એ માર્ગ સફળ નીવડશે જ. આપને માટે કાન્તાને છૂટી રાખવા...'

એકાએક ઘંટડી વાગી અને એક શીખ પહેરેગીર અંદર આવ્યો. કિશોરીલાલે તેને હુકમ કર્યો: 'આ આદમીને કમ્પાઉન્ડ બહાર કરો. મારી નોકરીમાંથી એ અત્યારે છૂટો થયો છે, અને એને સજાએ પહોંચાડવા...'

કિશોરીલાલ વાક્ય પૂરું કરે અને શીખ મારું બાવડું ઝાલે તે પહેલાં હું ઓરડામાંથી કમ્પાઉન્ડમાં અને કમ્પાઉન્ડમાંથી સડક ઉપર આવી ગયો!

કાન્તા અને એની કાર ઝાંપે ઊભાં હતાં!

હું ત્યાં પહોંચ્યો અને કાન્તાએ સ્મિત કરી કહ્યું: 'કેમ નોકરી ખોઈ ને?'

'બીજું શું થાય? પણ વધારામાં એ કે હું પાપમાં પડું એમ છું.'

'તું અંદર બેસી જા; પછી મને સમજાવ.'

હું ગાડીમાં બેસી ગયો અને મેં કાન્તાને કૃતઘ્નતા ઉપર લાંબું

ભાષણ આપ્યું. મને એક વાત સમજાતી ન હતી તે પણ મેં એને પૂછી: 'પણ કાન્તા! તારા આટલા બધા મિત્રો, વખાણનારાઓ અને ઓળખીતા: એ સહુને મૂકી તેં મને ક્યાં ફસાવ્યો?'

'તારા જેવું મૂર્ખ બીજું કોણ મળે? સહુ કોઈ જાણે છે કે કિશોરીલાલને ગવર્નર ઓળખે છે, સરન્યાયાધીશ ઓળખે છે, પોલીસ કમિશ્નર ઓળખે છે અને એની પાસે ધનનો અખૂટ ભંડાર છે. તારા વગર કોણ આવી હિંમત કરે?'

'પણ મને ફસાવવાની યોજના કરી ક્યારે?'

'ફોનમાં વાત કરતાં કરતાં. તારા કંઠમાં મને લાગ્યું કે તું મારો તારણહાર છે!' કાન્તાએ હસીને કહ્યું.

'પણ એ કશું ચાલવાનું નથી. અપ્રામાણિકપણું એમાં થયું છે; એટલું જ નહિ પણ મારા ઉપર દગલબાજીનો આરોપ મુકાય છે.' મેં કહ્યું.

'છો મુકાય. કોર્ટમાં જવાબ અપાશે.'

'કોર્ટનો પ્રશ્ન જ નથી. હું નીતિનો પૂરો હિમાયતી...' મારી જાંઘ ઉપર ઝીણો પરંતુ મને કારમાં ઊભો કરી દેતો એક ડંખ વાગ્યો, અને સિસકારી બોલાવી વાક્ય મેં અધૂરું રાખ્યું.

'નીતિ? કહે, શો વિચાર છે?' કાન્તાએ કહ્યું.

'તું આમ ચૂંટી ખણે તો મારે કાંઈ જ કહેવું નથી.' નીતિ કરતાં મને કાન્તાની એ આવડતનો ભારે ભય લાગી ગયો.

'અને જો છુટાછેડાની વાત કરી છે તો જવાબમાં ચૂંટી સિવાય બીજું કાંઈ જ મળવાનું નથી!' કાન્તાએ કહ્યું.

'ચેતવણી આપ્યા વગર આમ હુમલો...નહિ; તું કહે તે મારે કબૂલ છે.' મેં મારી નીતિની ભાવના કાન્તાને ચરણે મૂકી દીધી.

થોડી વારે તેણે મને કહ્યું: 'કુંજ! તું બેકાર થયો એમ માને છે?'

'તું માત્ર હુકમ જ કર; પ્રશ્ન ન પૂછીશ. કદાચ તને જવાબ ન ફાવ્યો અને તારું તીક્ષ્ણ અસ્ત્ર તું વાપરે તો જોતજોતામાં સરકાર

મને વિક્ટોરિયા ક્રોસ આપી દેશે.'

'આપણે આપણી જ બનેલી વાતને ફિલ્મમાં ગોઠવી દઈએ.'

'અને તું બીજાઓ સાથે ભવાઈ કરે, એમ?' મેં જરા સખ્તીથી કહ્યું.

'નહિ, નહિ. નાયક તને જ બનાવવવાનો. ભલો, ભોળો, અણસમજુ...'

'પણ મને તો અભિનય આવડતો જ નથી.'

'શીખવીશ હું.'

અને આમ હું અભિનયક્ષેત્રમાં એક જાણીતો 'તારો' બની ગયો છું!

ઘણા પત્રકારો મારી મુલાકાત લઈ મને પૂછે છે કે આવું સરસ કલાવિધાન હું કેમ શીખ્યો?

હું તેમને કહું છું કે ટેલિફોનનું એક ભૂત મારા જીવનમાં જાગ્યું અને હું જે ન હતો તે આજે બની ગયો!

પરંતુ એ ટેલિફોનનું ભૂત મારી પાસે આવે છે ત્યારે મને પરી સરખું લાગે છે! જોકે હજી ટેલિફોનની ઘંટડી સાંભળતાં તો હું ચમકી જ ઊઠું છું.

ટેલિફોન એ વર્તમાન યુગની ભયંકર આફત છે! મને શું શું વીત્યું નહિ હોય? પરંતુ યુગબળ આપણને ઘસડે જ જાય છે. મારું કે તમારું એમાં શું ચાલે?

# ગાડીવાન

રાતના સાડા અગિયાર વાગે મેલમાં હું સ્ટેશને ઊતર્યો. મારા જેવા ઘણા મુસાફરો ઊતર્યા. મધરાત હોય કે પાછલી રાત હોય તો ય આટલા બધા મુસાફરોને ચડઊતર કરવી પડે એ દર્શાવી આપે છે કે દુનિયા આળસુ નહિ પણ ઉદ્યોગી બની ગઈ છે. જેટલાં યુદ્ધ અંગ્રેજો લડે એટલાં યુદ્ધ હિંદ પોતાનાં જ માનવાં જોઈએ એવાં ભાષણો, લખાણો અને વાતચીતને પરિણામે હિંદમાં કેટલા ઉદ્યોગો વધ્યા એનો હિસાબ યુદ્ધ પૂરું થયા પછી આપણે નિરાંતે કાઢી શકીશું. પરંતુ મધરાતની મુસાફરી કરવા જેટલી જાગૃતિ હિંદુસ્તાનમાં આવી હતી એની કોઈ ના પાડી શકે એમ નથી. અલબત્ત, હજી કાંઈ ગમતાં અણગમતાં ફાળો આપ્યા ઉપરાંત યુદ્ધનો મને વધારે સંસર્ગ હતો નહિ; છતાં યુરોપ-અમેરિકામાં નવું જગત રચાય છે એ સાંભળીને હું ઉત્સાહમાં તો આવી જતો!

વીસ વર્ષ ઉપર જેટલા પૈસા મારી પાસે હતા એના કરતાં આજ ઈશ્વરકૃપાએ મારી પાસે વધારે પૈસા છે. પરંતુ તે કાળે જેટલી સહેલાઈથી સેકન્ડ ક્લાસમાં હું મુસાફરી કરી શકતો તેટલી સહેલાઈથી આજ હું સેકન્ડ ક્લાસની ટિકિટ ખરીદવા હિંમત કરી શકતો નથી. મારી આબાદી વધવા સાથે હું કદાચ કંજૂસ થયો હોઉં! અગર...અગર...એ વધેલી સમૃદ્ધિ મૃગજળ જેવી કેમ લાગ્યા કરતી હતી? એ હિંદનું મૃગજળ કદાચ યુરોપ અને અમેરિકાની નવજગતરચનાનો ભાગ પણ હોય!

પરંતુ એ શોધી કાઢવા માટે હિંદુસ્તાનને હજી ઘણો અવકાશ

છે. આપણે કશામાં ય ક્યાં ઉતાવળ હોય છે ?

સેકન્ડ ક્લાસ અને થર્ડ ક્લાસના ઉતારુઓને જવા-આવવા માટે દરવાજા પણ જુદા હોય છે. કેમ ન હોય ? સાચામાં સાચો વર્ગ-ભેદ પૈસાનો કે ધર્મનો ? ધર્મભેદ એ સાચી વસ્તુ હોય તો હિંદુ પાણી અને મુસલમાન પાણીની માફક હિંદુ ક્લાસ, મુસ્લિમ થર્ડ-ક્લાસ તથા જંગલી – animist – થર્ડ ક્લાસના ડબ્બા જ નહિ પણ દરવાજા સુધ્ધાં રાખવામાં હરકત આવે એમ નથી. દેશાભિમાની હિંદુઓએ સ્વરાજ્ય લેવું હોય અગર માદરે વતનની ઝંખનાવાળા મુસ્લિમોએ પાકિસ્તાન રચવું હોય તો છરાલાકડીથી સજ્જ અને સુશોભિત ધર્મને હજી વધારે ઉગ્રતાથી પાળવો પડશે. ધર્મ સાચો પળાય તો સ્વર્ગ મળે; સ્વરાજ્ય અને પાકિસ્તાન તો સ્વર્ગનાં બચ્ચાં કહેવાય. એને માટે ખંભ ઠોકનાર શૂરવીરો ઊભા થાય તો રેલ્વેના હિંદુ ડબ્બા તથા મુસ્લિમ ડબ્બા ઊભા કરવામાં વાર કેટલી ? અને સ્ટેશનના દરવાજા તો જોતજોતામાં વધી જાય અને દરેક ઉપર કાં તો ‘હિંદુ દરવાજો’ કે ‘મુસ્લિમ દરવાજો’ એ નામ વાંચવાનું સદ્‌ભાગ્ય આ ભાગ્યશાળી હિંદી પ્રજાને પ્રાપ્ત થાય !

હિંદુ–મુસ્લિમ સમીકરણના ઘેનમાં હું દરવાજા બહાર નીકળ્યો. ગાડીઓ સારા પ્રમાણમાં ઊભી હતી તે એકે એકે અદૃશ્ય થઈ ગઈ. માણસોમાં પણ હું લગભગ એકલો જ રહી ગયો. ગાડીઓની સાથે મોટરબસો પણ ભરાઈને ચાલી. હું એકલતા અનુભવી રહ્યો. ઘેર કેમ પહોંચવું તેના વિચારમાં પડ્યો. સાથે સરસામાન તો વધારે ન હતો એટલે માત્ર દેહને જ ઊંચકવાનો પ્રશ્ન હતો. વીસ વર્ષ પૂર્વે તો જરૂર મેં ચાલી નાખ્યું હોત !...અગર મળેલી પહેલી ગાડીમાં ભાવ ઠેરવ્યા વગર સફાઈથી બેસી ગાડીવાળાને મેં હુકમ આપ્યો હોત : ‘ચલાવ.’

પરંતુ વીસ વર્ષની કમાણી પછી પગે ચાલવાની શક્તિ હું ખોઈ બેઠો હતો; એટલું જ નહિ પરંતુ આખી ગાડી કરી લેવાની હિંમત પણ હું હારી બેઠો હતો. લગભગ મારા દેહ ઉપર ઘોડો

નાખી, રઘાસઘા એક ગાડીવાળાએ મને પૂછ્યું :

'ચાલો, સાહેબ.'

'શું લઈશ ?' મેં પૂછ્યું.

'આપની સાથે ભાવ ઠરાવવાનો હોય ? આપ આપશો તે હું ખુશીથી લઈશ.'

'પરંતુ આપણને તકરાર પાલવે નહિ. પહેલેથી ભાડું નક્કી કરી દે.'

'ક્યાં હાથીઘોડા માગીએ છીએ, સાહેબ ? મહેનત જોઈને આપજો, આપને તો કંઈક વખત હું પહેલા લઈ જતો.'

ખરે, એ મુસ્લિમ ગાડીવાળો અંશતઃ મારો પરિચિત હતો. હિંદુથી મુસ્લિમ ગાડીમાં બેસાય ? કે ગાડીવાળામાં હિંદુ બહુમતી આ પ્રાંતમાં સ્થાપી શકાય ? પરંતુ ઘોડાઓમાં હિંદુ મુસ્લિમના ભેદ પડે કે નહિ ? ભાવિ એ પ્રશ્નનો ઉકેલ આપી રહ્યું છે. હાથી અને ઘોડા બન્ને કરતાં આજકાલ મોટરો વધારે અનુકૂળ પડે છે. એટલે શક્તિ હોત તો હાથી અને ઘોડા જેવા નિરુપયોગી પ્રાણીને બદલે ક્ષણવારમાં વીજળીવેગે ઘેર પહોંચાડનાર એ વાહનનો જ હું ઉપયોગ કેમ ન કરત ? મોટર તો ખ્રિસ્તી ધર્મ પાળે છે એટલે એને માટે મને વાંધો હોય જ નહિ.

અને ખરેખર અંધારામાં ઊભી રહેલી એક મોટરબસ બહાર નીકળી આવી અને તેના કન્ડક્ટરે 'આવવું છે ? આવવું છે ?'ની ભયંકર ચીસો પાડી મારું ધ્યાન ખેંચ્યું. કન્ડક્ટરની ચીસોમાં મને ઉચ્ચારમાર્ગ મળ્યો એટલે મેં પૂછ્યું :

'ક્યારે ઊપડે છે ?'

'હમણાં જ.' તેણે 'આવવું છે'ના કકળાટને ચાલુ રાખતાં જવાબ આપ્યો.

જોતજોતામાં આખી બસ મારા પર ધસી આવી અને મેં ઘોડાના મુખ નીચે આશ્રય લીધો,

'અરે, સાહેબ ! ઠીક કહું છું. ચાલો. મરજી ફાવે તે આપજો.'

ફરી ગાડીવાળાએ પ્રલોભન શરૂ કર્યું.

તપ કરનારને સિદ્ધિઓ આવીને લોભાવે એ પ્રમાણે ગાડીવાળાએ અને બસવાળાએ મને લોભાવવા માંડ્યો.

'બેસો એટલી વાર; જોતજોતામાં લઈ જાઉં.' બસવાળાએ કહ્યું.

'પણ તું લઈશ કેટલું?' મેં બસવાળાને પૂછ્યું.

સુપરટેક્સ નાખવો કે નહિ એની વિચારણા જેમ હિંદી ખજાનચીને મૂંઝવે તેમ ભાડાનો પ્રશ્ન મારા હૃદયમાં રહેલા મારા આંતર ખજાનચીને મૂંઝવતો હતો – નહિ, નહિ; હિંદી ખજાનચીને હિંદ ઉપર કોઈ પણ કર નાખતાં મૂંઝવણ થતી જ નથી.

'જે ભાવ છે તે. એક આના કરતાં બીજું શું તમે વધારે આપવાના છો?'

આ વાક્યને અપમાન ગણવું કે આમંત્રણ ગણવું એનો નિર્ણય કરતાં પહેલાં ગાડીવાળાએ મને કહ્યું: 'અરે, સાહેબ! એવા ખટારામાં તે આપ બેસો ખરા?'

ગાડીવાળાને ભાગ્યે જ ખબર હશે કે મફત જવાતું હોય તો સાહેબો એથી પણ વધારે ખરાબ ખટારામાં બેસવાની તૈયારી રાખે એવા હોય છે!

મેં કહ્યું: 'તું એક આને લઈ જાય છે?'

'અરે, શું સાહેબ આનાની વાત કરો છો? ગાડીની મોજ તે આનામાં મળે?'

'આવવું છે?' 'આવવું છે?'ના વિચિત્ર સૂરે મધ્યરાત્રિના વાતાવરણને ભેદી નાખ્યું. બસવાળાનું આમંત્રણ બબ્બે માઈલ સુધી પહોંચતું હતું. સોંઘવારીના આકર્ષણે હું બસ તરફ વળ્યો, એટલે ફરી ગાડીવાળાએ કહ્યું:

'ચાલો, સાહેબ! આનો તો આનો.'

પરંતુ બસવાળાએ ગાડીના આકર્ષણને અટકાવી દીધું. તેણે કહ્યું: 'બેસો, તરત ઉપાડું. ગાડીમાં ક્યારે પાર આવશે?'

અને હું એકદમ બસમાં જઈને બેઠો. ગાડીવાળો શું બબડ્યો

તે મેં સાંભળ્યું નહિ. તેણે ચાબુકના એક સટાકો લગાવી ગાડી ઉપાડી.

અમારી બસ પણ ઘરૂર અવાજ સાથે ઊપડી, અને ઝડપથી આગળ દોડતી ગાડીને તેણે પકડી પાડી; એટલું જ નહિ. એ ગાડીને તેણે પાછળ મૂકી દીધી. ગાડી આગળથી પસાર થતાં થતાં મેં જોયું કે ગાડીવાળો ઘોડાને ઉપરછાપરી ચાબુકો લગાવ્યે જતો હતો. ચાબુકના ફટકા અને મોટરબસના ઘરૂર અવાજમાં ઘોડાગાડીવાળાની વાણી પણ મેં સાંભળી : 'કમબખ્ત ! લે આ ચંદી, તારા નસીબમાં આજ ભૂખે મરવાનું જ છે !'

ચાબુકના ફટકા અને ગાડીવાળાની વાણી એ પણ સૂચવતી હતી કે માત્ર ઘોડા જ નહિ પરંતુ ઘોડાનો માલિક સુધ્ધાં આજની રાત ભૂખે સૂવાની જ કમબખ્તી ધરાવતો હતો.

એકાએક પ્રશ્ન મારા હૃદયમાં ઊઠ્યો—

ઘોડાને વાગતી ચાબુક શું એ ગાડીવાન ખરેખર ઘોડાને મારતો હતો? મને લાગ્યું કે એ ચાબુકના ફટકા ઘોડાને નહિ પણ મને મારતો હતો. જૂનું ઓળખાણ; ઓછામાં ઓછો ભાવ; ઘેર જઈ સૂવા ઉપરાંત કશું જ વધારે મહત્ત્વનું કાર્ય નહિ! છતાં બસની ઉતાવળમાં એ સર્વનો ભોગ આપી ગાડીવાળાને ભૂખે મારવાનું પાપ વહોરનારને જો ગાડીવાન ચાબુકે ન મારે તો બીજું શું કરે?

મારી સાથે ગાડીવાળાના ધંધાને ટકરાવતા બસના માલિકને પણ એમાંની કેટલીક ચાબુકો પડતી હતી!

અને જે સમાજવ્યવસ્થા ગાડીવાળાને તથા ઘોડાને ભૂખે મારતાં શરમાતી ન હતી, એ સમાજવ્યવસ્થાને પણ ઘોડા ઉપર પડેલી ચાબુકો વાગતી હતી.

પરંતુ ઘોડા ઉપર ચાબુક ફટકારતા ગાડીવાનને મૂકી હું, મારી બસ તથા સમાજની વ્યવસ્થા સડસડાટ વધ્યે ગયાં.

ગાડીવાળો અને બસવાળો બંને મુસ્લિમ હતા!

શું સાચું, વર્ગભેદ કે ધર્મભેદ?

# હવા ખાવાનું સ્થળ

ઉનાળામાં હું હવા ખાવાના સ્થળ ઉપર હતા મારા એક ધનિક મિત્ર છે; તેમનું વજન લગભગ બસો રતલ હતું, તે ઘટીને ૧૯૦ રતલ થયું હતું. ધનિક કુટુંબો અઠવાડિયે અઠવાડિયે પોતાનાં વજન લેવરાવે છે. મારા મિત્રનું એક માસમાં દસ રતલ વજન ઘટવાથી તેમને અને તેમના કુટુંબીઓને ભારે ચિંતા થઈ. નિષ્ણાત ડૉક્ટરોની એક મહાસભા ભેગી મળી અને વજન વધારવાના ઇલાજ તરીકે તેમણે સારું લવાજમ લઈ દવા લખી આપી કે મારા મિત્રે એકબે માસ હવા ખાવાના સ્થળે જવું.

હું મારે ખર્ચે હવા ખાવાના સ્થળ ઉપર જવાની આર્થિક શક્તિ ધરાવતો નથી. એટલે મારા મિત્રે પોતાની કાર મોકલી, ઘેર બોલાવી જ્યારે મને પૂછ્યું: 'તું હવા ખાવા જઈ શકે એમ છે?' ત્યારે મને ખૂબ નવાઈ લાગી અને મેં સ્પષ્ટ જણાવી દીધું કે 'ભાઈ! આ જન્મે ભાગ્યે હું હવા ખાવા જઈ શકીશ.'

તેમણે કહ્યું: 'તારે મારી સાથે આવવાનું છે. રજાની ગોઠવણ કરી લે. તારે ખર્ચ થશે નહિ અને તારી તબિયત સારી થશે.'

તે વખતે મેં જાણ્યું કે મારા મિત્રનું વજન ઘટે છે અને તેને સારી હવા તથા આસાએશની જરૂર છે.

ધનિકોને નિર્ધનો સાથે ભાગ્યે જ મૈત્રી હોઈ શકે છે. પરંતુ મારી અને મારા મિત્રની મૈત્રી અમે બંને નિર્ધન હતા ત્યારથી શરૂ થઈ હતી. એક પ્રસંગે નાની સરખી રકમ તેમને મેં આપેલી. તેમાંથી તેમની સફળતાનાં બીજ રોપાયાં એમ તેમના મનમાં ખરી

કે ખોટી રીતે ફસી ગયેલું હોવાથી તેઓ મારી સાથેની મૈત્રી નભાવી રહેલા હતા. અને જોકે હું નાનીસૂની નોકરીમાં પડ્યો હતો અને મારા મિત્ર અનેક ધંધાઓમાં ઊથલપાથલ કરી આગેવાન વેપારી બની ગયા હતા, છતાં જ્યારે જ્યારે તેમને ફુરસદ મળતી ત્યારે ત્યારે તેઓ મને બોલાવતા. એકાદ ટંક જમાડતા અને નવીજૂની વાતો કરી પોતે ક્યાં ક્યાં કેવી જાતની હોશિયારી અને ચાલાકી વાપરી ધન મેળવી રહ્યા હતા, તેનું મને ન સમજાય તેવું બ્યાન પણ કરતા હતા.

મેં રજા લીધી અને આકર્ષક મુસાફરી પછી અમે એક શીતળ ઊંચી પર્વતટેકરી પર પહોંચી ગયા. સુંદર બંગલામાં અમારો નિવાસ હતો. બંગલાની બાજુમાં એક ખેતર હતું અને ખેતરની ઝૂંપડીમાં આઠદસ માણસો રહેતાં હતાં. એ સઘળાં ખેતી કરતાં હોય એમ લાગતું હતું. સવારના ચારપાંચ વાગ્યાથી તે સાંજના સાત વાગતાં સુધી ખેતરમાં સતત કોસ ફરતો રહેતો હતો, અને બે બળદો પાસે કોસ ખેંચાવતા બેત્રણ પુરુષો કાંઈ ન સમજાય એવું એકતાનભર્યું ગીત ગાયા કરતા હતા.

હવા ખાવાનું સ્થળ શરૂઆતમાં ખૂબ ઉત્સાહ અર્પે છે. ગુજરાતી કુટુંબોની તબિયત સતત સારી હવા માગે છે; અને ધનિકોની તબિયત સારી હોવા છતાં તેને વધારે સારી બનાવવા તેઓ હવા ખાવાના સ્થળ ઉપર ઉનાળામાં સતત ઘેરો ઘાલ્યા કરે છે. એટલે આ ટેકરી ઉપર વસતિ પણ ખૂબ હતી. અને આવે સ્થળે સાધારણ ઓળખાણ પણ મૈત્રીનું સ્વરૂપ ધારણ કરી લે છે. મને એવા બેત્રણ મિત્રો પણ મળી ગયા.

મારા ધનિક મિત્રને તો ડૉક્ટરની આજ્ઞા પાળવાની હતી. ૧૮૦ રતલનું શરીર લઈ ફરવું એ સહજ મુશ્કેલ તો ખરું, અને ડૉક્ટરોએ "ચલાય એટલું ચાલવું" એ આજ્ઞા આપી દીધેલી હોવાથી તેઓ વધારેમાં વધારે દસ મિનિટ જેટલું ચાલવા ઉપરાંત વધારે પરિશ્રમ લેતા ન હતા. એ પરિશ્રમ બંગલાના બગીચામાં જ સમાપ્ત થતો. એ મિત્રને સંભાળવાની અને તેને આનંદમાં રાખવાની મારી ફરજ

કાળજીપૂર્વક હું અદા કરતા હતા. તે જ્યાં ત્યાં સમય એમનો સમય પસાર થતો. એટલે ત્યાં નવા બનેલા મારા મિત્રોએ મને ચેતવણી આપી કે 'જો અહીં લાંબું ચાલશો નહિ તો તમારી તબિયત સારી રહેશે નહિ.'

ચાલવાની મને જીવનભરની ટેવ હતી. મને ખબર નહિ કે તબિયત સુધારવા સારી હવાવાળા સ્થળે જનારને પણ પાછું લાંબું ચાલવાનું નિત્યકૃત્ય અહીં પણ કરવું પડશે. જ્યાં તબિયત બગાડવી મને જરા ય પોસાય એમ ન હોવાથી મારા નવા મિત્રોને મેં વિનંતિ કરી કે તેઓ જ્યારે જ્યારે બહાર નીકળે ત્યારે ત્યારે તેમણે મને સાથે રાખવો.

વિનંતિને પરિણામે મારા ઓળખીતાઓએ મારો જીવ લેવાનો જ માત્ર બાકી રાખ્યો. મારા બીમાર મિત્રની સાથે સવારમાં ચા-નાસ્તો મેં પૂરો કર્યો ન હોય એટલામાં નવા મિત્રો મને ફરવા લઈ જવા માટે હાજર થઈ જ ગયા હોય. બપોરે જમી રહ્યો ન હોઉં, એટલામાં 'ચાલો ફરવા' એવી આજ્ઞા કરતો એકાદ ઓળખીતો તો આવે જ આવે. તેનું નિવારણ કરી રહ્યો ન હોઉં, એટલામાં ત્રણ સાડાત્રણ વાગ્યાની ચા આવે અને એ ચા સાથે જ તંદુરસ્તીના ભંડાર ભરવા માટે આવેલા ઓળખીતાઓનું ટોળું "તમે બહુ આળસુ; નીકળો બહાર!" એમ કહેતું કંપાઉન્ડમાં પેઠું જ હોય. શરમને ખાતર, તબિયત બગડવાની બીકથી, તેમ જ હવા ખાવાના સ્થળ ઉપર ચાલ્યા જ કરવું પડે એવા પ્રકારની રૂઢિનો ભંગ કરવાની હિંમત ન હોવાથી, મારે ઓળખીતાઓની સાથે ચાલવું જ પડતું. અને ચાલવાનું તે કેટલું? એક માઈલ નહિ, બે માઈલ નહિ, ચાર માઈલ નહિ, પરંતુ દસદસ, બારબાર માઈલ, ધાર્મિક શ્રદ્ધાપૂર્વક ઠરેલા રસ્તાઓ ઉપર ફર્યે જ જવાનું! મને લાગ્યું કે આટલું શહેરમાં ફરવાનું રાખ્યું હોય તો જરૂર કોઈ પણ માંદા માણસની તબિયત શહેરમાં પણ સારી થતી જ જોઈએ. હવા ખાવાના સ્થળ ઉપર તબિયત સુધારવાનું રહસ્ય સ્થળની હવામાં નહિ પરંતુ ચાલ્યા

જ કરવાની રૂઢિમાં રહેલું લાગે છે !

મારા મિત્ર ફરવાની ઘેલછામાં માનતા ન હોવાથી બંગલાના કંપાઉન્ડમાં જ ચલાય એટલું ચાલી, આખો પર્વત ઘૂમી વળ્યાનો સંતોષ મેળવતા. અલબત્ત, મારી અને મારા મિત્રની તબિયત અમારા બન્નેના વ્યક્તિગત પ્રયોગોથી ખરેખર સારી થઈ.

એક સંધ્યાકાળે એક સુંદર દૃશ્ય ખડું કરતા 'પોઈન્ટ'ની મુલાકાત લઈ હું બંગલે આવ્યો. સૃષ્ટિસૌંદર્યની અદ્ભુત છાપ મારા મન ઉપર પડી હતી. ડુંગરોની નીચી ઊતરતી જતી ભૂરી ટેકરીઓની પાછળ સંતાતા સૂર્યે જે સોનેરી રંગ ક્ષિતિજ ઉપર છાંટ્યો હતો. એ દૃશ્ય હું કદી વિસારી શકું એમ નથી. મારા ઓળખીતામાંના એકે સટ્ટાની વાત કરી–આકાશ ખરેખર સોનું બની જાય એવી ઇચ્છા વ્યક્ત કરી મારા સૌંદર્યદર્શનને અપવિત્ર બનાવ્યું હતું; અને તેથી એ સૌંદર્યદર્શનનો વિચાર આવતાં એ સટોડિયા ઓળખીતાની કલુષિત કલ્પના મનને ઉદ્વિગ્ન બનાવતી હતી. આમ ભવ્ય અને તુચ્છ લીલાઓની વચ્ચે દોડી રહેલા મારા મનને સંયમમાં રાખી મથન કરતો હું બંગલામાં આવ્યો અને મેં સંધ્યાકાળે પડોશમાં આવેલા ગેરુરંગ્યા સુવર્ણસરખા ખેતરમાં બૂમાબૂમ થતી સાંભળી ! વૃદ્ધો-વૃદ્ધાઓ, યુવકો યુવતીઓ તથા બાળકો અને બાલિકાઓ ટોળે થયાં હતાં. એ ટોળામાંથી ભૂંડી ગાળો આવતી સમજાતી હતી અને એના ઘોંઘાટ વચ્ચે બેચાર લાકડીના ફટકા પણ સંભળાયા. બંગલાની નજીક નાની સરખી ઝૂંપડી બાંધી રહેતો એક ફકીર–જે સાથે સાથે હકીમી પણ કરતો હતો અને ધૂપ તથા મોરપિચ્છની મદદથી વળગાડ કાઢવાનો અર્ધગુપ્ત ધંધો પણ કરતો હતો–તે ટોળામાં પહોંચી ગયો.

હું તથા મારા મિત્ર એક સાચા અને સારા ગુજરાતી ગૃહસ્થો તરીકે બંગલામાં જ બેસી રહ્યા. ઝઘડો કરતાં ગુજરાતીઓએ શરમાવું જ જોઈએ, અને અજાણ્યા ઝઘડાથી જેમ બને તેમ દૂર ચાલ્યા જવું જોઈએ, એ પેઢી દરપેઢી ચાલતી આવેલી ગરવી કે ગરીબ

ગુર્જર ભાવનાને અમે ગીતવાર્તાના વળગી રહ્યા—જોકે એ ખેતરમાં આવેલા ઝૂંપડામાં રહેતી એક વૃદ્ધ બાઈ અમારું કામકાજ કરતી હતી. એટલે તે છેક અજાણી તો ન જ કહેવાય.

થોડી વારે ઝઘડો પતી ગયો. હકીમનો હોંકારો ઝઘડો બંધ થવામાં ખૂબ કામ લાગ્યો હશે, એમ વિચારી મુસ્લિમ ઉમરા ઉપર અમે અમારું ગુજરાતી હાસ્ય હસ્યા. મારા મિત્રે પૂછ્યું : 'પેલો હકીમ શા માટે વચ્ચે પડ્યો હશે ?'

મેં જવાબ આપ્યો : 'મિયાંભાઈ ખરા ને !'

અડધા કલાકે કામ કરનારી બાઈ આવી; તેને કપાળે રૂ લગાડ્યું હતું, એટલે મને લાગ્યું કે મારામારીમાં એને પણ વાગ્યું હશે.

મેં પૂછ્યું : 'બાઈ ! શાનો ઝઘડો કરતાં હતાં ?'

તેણે દુઃખભર્યું હાસ્ય કરી મને કહ્યું : 'કાંઈ નહિ સાહેબ ! એ તો સહજ.'

'શાનું સહજ ? તમારા માથામાંથી તો લોહી નીકળે છે !'

તેણે સ્વાભાવિક રીતે પોતાનો હાથ ઘા ઉપર લગાડ્યો, અને કહ્યું : 'સારું થયું કે પેલા સાંઈ વચ્ચે પડ્યા, નહિ તો આજ કાંઈનું કાંઈ થઈ જાત.'

'કાંઈનું કાંઈ એટલે ?' મેં પૂછ્યું.

'મારામારીમાંથી ખૂન પણ થઈ જાય. તે વખતે આવું કોઈને ભાન રહે છે !' બાઈએ કહ્યું.

'પરંતુ ઝઘડો શાનો હતો ?' મેં પૂછ્યું.

'ઝઘડો પૈસાનો. બીજો શાનો હોય ?'

'કેટલા રૂપિયા માટે આ મારામારી થઈ ?'

'ચાર રૂપિયાનો સવાલ હતો. બાર રૂપિયામાંથી આઠ તો આજે આપ્યા, અને પાંચ દિવસ પછી બાકીના આપીશ એમ કહ્યું. પરંતુ એને તો આજ જોઈતા હતા.'

'માગનાર કોઈ પઠાણ હતો શું ?' મેં પૂછ્યું.

'ના રે ના ! માગનાર તો મારી બહેન હતી.'

હું ચમક્યો. બહેનો વચ્ચેના લેણદેણના વ્યવહારમાં શું આવા ઝઘડા થઈ શકતા હશે? સુંદર ખેતર, સુંદર પર્વત, સુંદર હવા અને સુંદર સૃષ્ટિમાં વસતી બહેનો આવું કંગાલ માનસ ધરાવતી હશે એ કેમ સંભવે?

'બહેન થઈને તમને મારે?' મેં પૂછ્યું.

'શું કરીએ? દેવું હોય એટલે દાસ થઈને રહેવું પડે...અને એનો યે શો વાંક કાઢવો? છ છ મહિના થઈ ગયા; અમારાથી એને પૈસા અપાયા નહિ; એના વરને વ્યાજ ભરવું પડે! મારે નહિ તો બીજું શું કરે?'

બાર રૂપિયાનું દેવું! આઠ તો તેમાંથી પાછા વાળ્યા! ચારને માટે બહેનો વચ્ચે ગાળાગાળી અને મારામારી? અને તે આવા સૌન્દર્ય અને આરોગ્યભર્યા સ્થાનમાં?

'અરે, એ ચાર રૂપિયા અમારી પાસેથી લઈ જવા હતા ને?' મેં કહ્યું.

'હજી મહિનો થયો નથી અને શાના અપાય!' મારા મિત્રે વ્યવહારદર્શન કરાવ્યું. અમારું કામ કરતી, વૃદ્ધાવસ્થાને કિનારે આવેલી બાઈનું ખૂન થાય તો હરકત નહિ; પરંતુ એક માસ સુધી પૂરી નોકરી ન થાય તો ધનિકો કયા નિયમથી, કયા સિદ્ધાંતને આધારે કઈ અર્થશાસ્ત્રની સંભાવવાને આશ્રયે વહેલા રૂપિયા આપી શકે? સામાન્ય જીવનના અને ધનિક જીવનના અર્થશાસ્ત્રમાં ફેર હોય છે.

'એની હરકત નથી. આવતી કાલ પેલા સાંઈ પાસેથી ચાર રૂપિયા લઈ લઈશ.' બાઈએ કહ્યું.

'સાંઈ આપશે ખરો?' મેં પૂછ્યું.

'શા માટે નહિ? એને વ્યાજ આપીશું. એની ઝૂંપડીવાળી જગા એના માગતા પેટે જ આપી છે.'

'એમ?' મને આશ્ચર્ય થયું. પર્વત ઉપરની મોંઘી જમીન આ બાઈએ કોણ જાણે કેટલાયે રૂપિયામાં આપી દીધી હશે! એમાં મુદ્દલ કેટલું અને વ્યાજ કેટલું? કદાચ વ્યાજની જ રકમ મુદ્દલ

કરતાં વધી ગઈ હશે.

'આવી મોંઘી જમીન? તમે કેટલે આપી દીધી?' મેં પૂછ્યું.

'એ તો કાંઈ યાદ નથી. પણ એવી તો કેટલીય જમીન અમે આપી દીધી છે. તમે રહો છો એ બંગલાવાળી જમીન પણ મારી જ હતી!' બાઈએ કહ્યું અને હું ચમક્યો. અમે વાપરતા હતા એ વિશાળ બાગ અને બંગલાવાળી જમીનની માલિક બાઈ આજે ચાર રૂપિયા માટે લોહી રેડતી હતી!

'જમીનના તો બહુ પૈસા મળ્યા હશે.' મેં પૂછ્યું.

'હા, સાહેબ.'

'તે બધા ક્યાં નાખ્યા?'

'થોડું દેવું હતું, બે દીકરીઓ પરણાવી; સાસુસસરા જીવતાં હતાં તેમને જાત્રાએ મોકલ્યાં; અને બાકીના છોકરાએ દુકાન કાઢી તેની ખોટમાં નાખ્યા.'

મેં આગળ કશી વાતચીત કરી નહિ. મળેલા પૈસામાંથી પોતાની જાત ઉપર એક પણ રૂપિયો ન ખર્ચનાર આ પરોપકારી ખેડૂત સ્ત્રીને પગે લાગવું કે તેની બેવકૂફી માટે તેને વાગ્યા ઉપરાંત ધોલ મારવી તેની સમજ મને પડી નહિ.

થોડી વારે મારા મિત્રે કહ્યું: 'જોયું ને? પેલા સમાજવાદીઓ મજુરોને વધારે પૈસા આપવાનું કહે છે તે! આ બાઈએ મળેલા પૈસા વેડફી નાખ્યા! એમના હાથમાં પૈસા રખાય જ નહિ.'

મારા હાથમાં પણ પૈસા ન હતા. પૈસા થાય એવો સંભવ પણ ન હતો. એટલે મેં મિત્રની દલીલ સ્વીકારી લીધી. વળી હું તેમને ખર્ચે અહીં આવ્યો હતો, અને ઘેર પહોંચતાં સુધી તેમના પૈસાની મારે જરૂર હતી, એટલે તેમના સિદ્ધાંતને મેં ટેકો આપ્યો.

મારા મિત્રનું ખૂટતું વજન આ સ્થળમાંથી એમણે ખેંચી લીધું, એટલું જ નહિ પણ એક સારા ધંધાદારી તરીકે બીજું વધારાનું દસ રતલ વજન સંગ્રહી અમે પાછા ફર્યા. આખું વર્ષ અમે અમારા કામકાજમાં ગાળ્યું. વચ્ચે વચ્ચે અમે મળતા ત્યારે હવા ખાવાના સ્થળ

સંબંધી વાતો કરી અમારાં સ્મરણ તાજાં કરતા હતા.

બીજે વર્ષે પણ મારા મિત્રે મને હવા ખાવાના સ્થળે જવા નિમંત્રણ આપ્યું. મેં કહ્યું : 'તમારું વજન ઘટ્યું લાગતું નથી.'

'ડૉક્ટરો કહે છે કે વર્ષોવર્ષ નહિ જાઓ તો વજન ઘટી જશે.' મિત્રે જવાબ આપ્યો.

વજનપૂજાનું મહત્ત્વ આટલું બધું હશે એની મને ખબર નહિ. પરંતુ મારે એ વજન વધારવું જરૂરી ન હતું. મેં કહ્યું : પણ મારાથી કેમ છૂટા થવાય ? હું નોકરિયાત માણસ રહ્યો.'

'અરે, એમાં શું ? તબિયતને માટે બધું કરવું પડે. આ તો તારું યે શરીર સારું થાય અને મને સાથ મળે.'

ધનિકોની પરોપકારી વૃત્તિ માટે મને માન વધી ગયું. મારી તબિયત સુધારવા માટે એ ધનિક મિત્રની કેટલી બધી કાળજી ? ઉપરીઓના છણકા, કડવાં મોં, મારી આગળ વધવાની લાયકી વિષે પ્રત્યક્ષપરોક્ષ ટીકાઓ જોઈ-સાંભળીને પણ મેં રજા મેળવી અને હું મારા મિત્રની સાથે પાછો હવા ખાવાના સ્થળે પહોંચી ગયો. મારી નોકરી છોડાવી મને સ્વતંત્ર ધંધે લગાડવાની મારા ધનિક મિત્રની ઇંતેજારી લાંબા વખતથી ચાલતી હતી એ મારે સાભાર કબૂલ કરવું જોઈએ. પરંતુ મિત્રોના આભાર નીચે ન આવવાની મારી પ્રતિજ્ઞા મને નિર્ધન અને નોકરિયાત રાખ્યા કરતી હતી.

એના એ જ બંગલામાં અમે રહ્યા અને એને એ જ ક્રમ અમે શરૂ કરી દીધો. સાંઈની ઝૂંપડીને સ્થાને એક પાકું મકાન થયેલું જોયેલું એટલો જ માત્ર ફેરફાર મેં પ્રથમ દર્શને નિહાળ્યો. પરંતુ એક બીજો ફેરફાર થોડે દિવસે મારા ધ્યાનમાં આવ્યો. પેલી જૂની કામ કરનાર બાઈ આ વખતે દેખાતી ન હતી, અને પાસેના ખેતરમાં ડોસફેરણી સાથે ગવાતાં ગીતો સંભળાતાં નહોતાં ! એ કાંઈ મહત્ત્વનો બનાવ ન કહેવાય. નોકરો આવે અને જાય છતાં કોણ જાણે કેમ, એ જૂની નોકરડીની ગેરહાજરી મને દિવસે દિવસે વધારે પડતી લાગવા માંડી.

'હમણાં કાંઈ પેલા કૉસ ફેરવનાર સંભળાતા નથી.' મેં ચા પીતાં પીતાં મારા મિત્રને કહ્યું.

'ના.' માખણ ભરેલી બ્રેડ ખાતાં ખાતાં મિત્રે સંમતિ દર્શાવી.

'પેલી બાઈ યાદ છે ?'

'કઈ ?'

'ચાર રૂપિયા માટે લોહીલોહાણ થઈ હતી...'

'નોકરડી ?'

'હા.' મને નોકર અને નોકરડી શબ્દો ગમતા નહિ, કારણ હું પોતે પણ નોકર હતો. પરંતુ ધનિકો કોઈના નોકર ન હોવાથી તેમને એ શબ્દોના વપરાશમાં સંકોચનું જરા ય કારણ ન હતું.

'એ તો અહીંથી ચાલી ગઈ !'

'કેમ ?'

'તું જાણતો નથી ?'

'ના ભાઈ ! શું થયું એને, જે આ ખેતર મૂકી ચાલી ગઈ ?

'થયું કાંઈ નથી; મેં એની જમીન વેચાતી લઈ લીધી. પૈસાની એને તંગી હતી. આપણે વર્ષોવર્ષ હવે અહીં આવવાનું, એટલે બંગલો તો આપણે આપણો જોઈએ ને ? આવતી સાલ પહેલાં એ જમીનમાં બંગલો ચણાવી દઈશું.'

કાંઈ પણ કારણ ન હતું છતાં મારા હૃદયમાં એક ન રુઝાય એવો ચીરો પડ્યો.

'કેમ બોલ્યો નહિ ?' મારા મિત્રે પૂછ્યું.

'સારી વાત છે. તમારી મિલકત થાય અને હવા ખાવા માટે આવી શકાય, એના કરતાં બીજું રૂડું શું ?'

'બે બંગલા કરીશું; એક ભાડે આપીશું અને બીજો આપણે માટે રહેશે.'

'બહુ સરસ યોજના !'

'તારે નોકરી મૂકવી હોય તો કૉન્ટ્રાક્ટ અપાવું. એમાં કમાણી છે...'

'આપણને ધંધામાં સમજ ન જ પડે ને! આપણે તો નોકરી જ સારી.' મેં જવાબ આપ્યો.

'હું!' મારા મિત્ર તિરસ્કારપૂર્વક હસ્યા. એ હાસ્યમાં જ તેમનું એક રતલ વજન વધી ગયું હોવું જોઈએ.

રાત પડી અને હું બારીએ ઊભો રહી એના વગરના ખેતર ભણી જોઈ રહ્યો હતો. પેલી નોકરડીનો પડછાયો મેં નિહાળ્યો શું? મને લાગ્યું કે એ બાઈ ત્યાં પાછી ઝૂંપડી બાંધતી હતી અને તેના પુત્રો કોસ હાંકતા ગાતા હતા!

ભૂત હશે? પ્રેત હશે?

જમીનને છોડી જનારનાં હૃદય જો આકાર ધરી શકતાં હોય તો જરૂર આ છોડેલી જમીન ઉપર એ આવ્યા વગર રહે નહિ!

ભ્રમણામાં ન પડવા ખાતર મેં એ બાજુએ જોવું બંધ કર્યું. તો ય સવારમાં તે બાજુએ નજર પડી ગઈ.

ખેડૂત બાઈની જમીન એના સરખી જ ભૂખી, લૂખી, સૂકી–લોહીલુહાણ લાગતી હતી!

ધનિકો હવા ખાવાના સ્થળે આવી હવા ભલે ખાય; પરંતુ તેઓ ગરીબોની જમીન પણ ખાઈ જતા હશે એની કોને ખબર પડે?

ત્રીજે વર્ષે મારા મિત્રનો બંગલો બંધાયો અને વાસ્તુ માટે મને આમન્ત્રણ મળ્યું;

મારા ઉપરીએ મને રજા આપી.

હવા ખાવાનું સ્થળ ખરેખર સરસ હતું. મારા ધનિક મિત્રનો બંગલો કેટલો સુંદર બન્યો હતો! મેં તેને મુબારકબાદી આપી.

માત્ર પેલી નોકરડીનો પડછાયો એ બંગલાના પાયામાં પુરાયેલો મને દેખાયા કરતો હતો. કલ્પનામાં જ! ભ્રમણા! અને તે મારા ગરીબીની જ ભ્રમણા.

પરંતુ કોણ જાણે કેમ, મારા ઉપરીએ રજા રદ કરી મને

તત્કાળ કામ ઉપર પાછો બોલાવ્યો.

મને પાછા ફરવામાં કેમ આનંદ થયો ?

હવા ખાવાનું સ્થળ ઘણું જ સુંદર અને આરોગ્યભર્યું હતું !

પણ ત્યાં હું ફરી આજ સુધી ગયો નથી–મિત્રનો આગ્રહ ચાલુ છે છતાં.

# એક જુલ્મકથા

જોરજુલ્મની વાત? વાત નહિ, વાર્તા નહિ, કથા નહિ; હું બનતી બીના સંભળાવું. આજ પણ એ બને છે.

ગામને છેવાડે અમને રાખવામાં આવે. આખા ગામનો કચરો અમારા રહેઠાણની બાજુએ નાખવાનો. કામડાંમાંથી, માટીમાંથી કે વખતે કચરામાં ફેંકેલા ટીનના ડબ્બાઓના પતરાંમાંથી અમારાં મકાનો બને. ટાઢમાં અમે થરથરીએ, વરસાદમાં ભીંજાઈએ, તાપમાં સીઝી જઈએ. છતાં અમારાથી બીજે રહેવા જવાય જ નહિ. અમને સારા કહેવાતા લત્તામાં રહેવા કોઈ ઘર તો ન જ આપે, પરંતુ અમને કોઈ ઓટલે કે આંગણે પણ પડી રહેવા ન દે. અમારા નક્કી કરી મૂકેલા વાડામાંથી અમે બહાર જઈ શકીએ જ નહિ. આખા ગામનું પાણી ત્યાં વહી આવે અને ગંદકીભર્યું તલાવડું પણ ત્યાં ભરાય. એની આસપાસ અમારે રહેવાનું.

તમે કહેશો કે આ તો અનારોગ્યનું ધામ! અમે વળી આરોગ્યને ક્યાં ઓળખીએ છીએ? અસ્વચ્છ કાર્યો સાથે જ અમારે જીવનભરનો સંબંધ. અમારે જ ગામની ગંદકી સાફ કરવાની, મરેલાં ઢોર ખેંચવાનાં, ઢોરનાં ચામડાં પકવવાનાં અને ખાડા ખોદી શાળ ચલાવવાની. અમારા સિવાય બીજું કોઈ એ કામ કરે જ નહિ. લોકો જન્મસિદ્ધ હક્કની વાત કહે છે; હિંદુઓ સ્વરાજ્યને પોતાનો જન્મસિદ્ધ હક્ક કહે છે. અમારો જન્મસિદ્ધ હક્ક અસ્વચ્છ અને અનારોગ્ય ધંધાઓમાં જીવનભર રોકાવાનો!

અમને ન નાવાનું પૂરું પાણી મળે, ન પીવાનું. ગામમાં

તો ઘણા ય કૂવા હોય, પણ અમારાથી એ કૂવે પાણી ન ભરાય. અમે ઉકળાટનાં માર્યાં, તરસનાં માર્યાં તરફડતાં હોઈએ, તો ય ગામના કૂવાનાં મબલખ પાણીમાં અમે ઘડો કે ડોલ તો શું પણ આંગળી સુધ્ધાં બોળી શકીએ નહિ! પાણી તો પ્રભુની આપેલી પ્રસાદી છે, ખરું? પણ અમે એ પ્રસાદીની પાસે જઈએ તો અમને માર પડે.

તમે ચમકો છો? હા હા. અમને માર પડે, સારી રીતે માર પડે! અમને પાણી ભરવા ન દે એ તો ઠીક, પણ અમને કોઈ પાણી આપે પણ નહિ. અમને પોશે પણ કોઈ પાણી પાય નહિ. એકાદ કાચો કૂવો અમારી મહેનતે ખોદેલો અમારા લત્તામાં હોય; પાણી ગળાય નહિ; કચરો પડે; પાણી ઊનાળાં થઈ જાય; ખાડા ખોદીએ કે દૂર નાળામાં પાણી ભરવા જઈએ. અમને 'ગામના પાણીની બંધી.

અમને પાણી જ ન મળે તો 'બીજાં' ક્યાં સાધનો મળે? દવા મોંઘી પડે. વૈદો કે દાક્તરો અમને ઊભાં પણ ન રાખે. વૈદો અમને અડકે નહિ અને દાક્તરો તો એમના સ્પર્શને એટલો મોંઘો બનાવે છે કે એમનો વિચાર અમારાથી થઈ શકે જ નહિ. અમારી સારવાર કોઈ કરે જ નહિ. ભૂવા કે ડામ દેનાર ઊંટવૈદો સિવાય અમને કોઈ ઊભાં જ ન રાખે.

પુષ્ટિકારક ખોરાક અમારે ખાવો જોઈએ એમ તમે કહો છો? અમને પૂરો ખોરાક ન જ મળતો હોય ત્યાં પુષ્ટિકારક ખોરાકની વાત કેવી? અમે એવા દેશના સુપુત્રો છીએ કે જ્યાં અડધી વસતી એક ટંકનો ખોરાક પણ મુશ્કેલીએ મેળવી શકે છે, પા વસતી દોઢ ટંક અને બાકીનાને જ બે ટંક જમવાનું. એમાં અમારો પત્તો ક્યાં લાગે?

ખોરાક મફત મળતો નથી; એને માટે પૈસા જોઈએ. પૈસા માટે મજૂરી કરી અમે દેહ તોડીએ છીએ પણ એમાંથી મળતર કેટલું? જમીએ છીએ એવો અનુભવ અમારી આખી જિંદગીમાં

અમને થતો નથી.

અમે બરાબર મહેનત નહિ કરતા હોઈએ એમ તમે ધારો છો? દેહ ઘસાઈ જતાં સુધી અમે મજૂરી કરીએ છીએ એની હું તમને સોગન ઉપર ખાતરી આપું છું. અમારું ઘણું આરોગ્ય અમારી મહેનતને જ લીધે સચવાય છે. પણ દેહ એ મહેનત ક્યાં સુધી વેઠે? કુદરત ત્રીસ પાંત્રીસ વર્ષ સુધી યારી આપે; પછી તો શ્રમજીવન એકદમ અમને વૃદ્ધ બનાવી દે છે. અમારાં ચાળીસ વર્ષનાં માનવી સુખી વર્ગનાં સિત્તેર વર્ષનાં માનવી જેવાં લાગે છે—એથી યે ખરાબ.

અક્કલવાળી મહેનત અમારે કરવી એવી સહુની સલાહ મળે છે. પરંતુ એ અક્કલ અમારે લાવવી ક્યાંથી? અમે અમારા જથામાં જ પુરાઈ રહીએ. બહાર નીકળીએ ત્યારે ગાળો ખાવા કે ગાળો ખાઈ ગાળો દેનારની મજૂરી કરવા. અક્કલવાળાં સ્ત્રીપુરુષો અમને જોઈ હસે, તિરસ્કાર કરે, અને પોતાની અનિષ્ટમાં અનિષ્ટ બાજુ જ અમને બતાવે. ભાવ ઊપજે એવું વર્તન અમે કોઈનું યે દેખીએ નહિ. ભાવ વગર અમને અક્કલ કોણ આપે? અને આપે તો એ અક્કલ કેટલી પહોંચે?

ભણીએ ગણીએ તો સારું ખરું. પણ અમને ભણાવે કોણ? અમને કોઈ શાળામાં પ્રવેશ ન મળે- પ્રવેશ મહા દુઃખે પામીએ તો આખા ગામના નિશાળિયા પડતાલ ઉપર જાય અને શિક્ષકો શાળા બંધ કરીને બેસે. આગ્રહ કરીએ તો અમારા અધિકાર બહાર જઈએ છીએ એમ કહી આખું ગામ અમારા ઉપર તૂટી પડે, અમને માર મારે, દીવાદેવતા બંધ કરે—અમારો આખો વ્યવહાર બંધ કરે! ન છૂટકે અમને શાળામાં આવવા દે તો પણ અમારે બેસવાનું જુદું—બીજા કોઈને અડાય નહિ એવી ઢબનું—ધૂળમાં બેસવાનું. આ ડાઘ સાથે, આ સામેનાની ઉપરવટ થઈને અમારાથી શી રીતે ભણાય? અને કદાચ ભણાયું તો અમારામાં સહુને માટે કેવું વેર જાગે તે જાણો છો?

અમારાથી વાંચનાલય કે પુસ્તકાલયમાં પણ ન જવાય. અમને એ વિદ્યાસ્થાનોમાં કોઈ પેસવા જ ન દે. પ્રવેશ કરીએ તો ધક્કા અને માર ખાઈએ.

અક્કલ તે અમે ક્યાંથી લાવીએ? ભણતરનો પ્રકાશ જ અમારે માટે બંધ!

કદાચ પરધર્મીઓ અમને ભણાવે! રામને ભજનારા અમ હિંદુઓને ભણાવનાર મુસલમાન મળે, કે ખ્રિસ્તી ગોરાઓ! પણ એમાં એ ગોરાઓનો સ્વાર્થ એ કે અમે અમારો ધર્મ છોડીએ.

ધર્મ? ઘણી યે વાર અમને થાય છે કે અમારા ધર્મને લાત મારી ફગાવી દઈએ તો કેવું? પરધર્મમાં ગયેલાં અમારાં અનેક ભાઈબહેનોને અમે સુખી સ્થિતિમાં જોઈએ છીએ. અમને પજવણી જ અમારા સ્વધર્મીઓની. અમારી ઉપર ક્રૂરતા પણ અમારા જ સ્વધર્મીઓની!

અમને નામ આપે તે પણ તિરસ્કારભર્યાં.

અમને બોલાવે જ તેઓ ગાળ દઈને! એ ગાળમય ભાષા અમારા જીવનમાં એટલી જડાઈ ગઈ છે કે ઘણી વાર ગાળ વગરની સભ્ય ભાષા અમારાથી સમજાતી જ નથી.

અમને તેઓ રાખે પણ એવા વાસમાં કે જ્યાં ગંદકી અને અનારોગ્યનો નિરંતર વાસ હોય.

આમ મને પાણી પણ અમારા સ્વધર્મીઓ ન પાય. અમને ધંધા પણ અમુક જ કરવાની છૂટ. હાટ કરવું કે દુકાન માંડવી, વીશી ચલાવવી, વેપાર કરવો, શરાફીમાં પડવું: એ કશું ય અમારાથી ન બને.

એ બધું ચલાવી લઈએ છીએ. પરંતુ તમે જાણો છો કે ધર્મનાં સ્થાન પણ અમારે માટે બંધ હોય છે? ધર્મ અને ધર્મસ્થાન, દેવ અને દેવસ્થાન, સહુને પવિત્ર બનાવે એમ બધાં ય વાત કરે છે. પરંતુ ભૂલેચૂકે અમે દેવસ્થાનમાં પગ મૂક્યો તો? ધર્મ બોળાય, દેવસ્થાન અભડાઈ જાય. દેવ અપવિત્ર બને! અને પૂજારીઓ તથા દર્શને

આવનાર ભાવિકોના હૃદયમાં ધર્મ—ધર્મશાસ્ત્ર મના કરેલા એવા જ ક્રૂર ભાવો ફૂટી નીકળે, અને અમારાં લોહી ત્યાં રેડાય એટલી પાશવતા ત્યાં પ્રગટી ઊઠે! ભલા, ઈશ્વરને પણ અમારાથી સંતાડી રાખવાનો?

સાંભળો.

અમારાં જ ધર્મશાસ્ત્ર અમારાથી ભણાય નહિ.

અમારી જ ધર્મવાણી અમારાથી બોલાય નહિ—અરે, સાંભળાય પણ નહિ.

અમારાં જ ધર્મસ્થાનોમાં અમારાથી પગ પણ મૂકાય નહિ.

અમારા જ દેવનાં અમારાથી દર્શન થાય નહિ.

દેવદર્શન કરવાં હોય તો અમારે પણ અમારા અભડાયલા દેવ અને અભડાયલાં મંદિરો રચવાનાં! એમાં અમારાં બીજા સ્વધર્મીઓ આવે પણ નહિ!

અમે ઈશ્વરનું નામ દઈએ, ભજનો ગાઈએ, પ્રાર્થના કરીએ તો ય અમે અપવિત્ર!

વધારેમાં વધારે દુઃખ અમને આ વહેરાવંચાનું લાગે છે! પ્રભુ પતિતપાવન કહેવાય છે. પ્રભુ કે પ્રભુનું ધામ અમને પાવન ન કરે? પ્રભુનું બિરદ ખોટું પાડનાર એના ભક્તો અમને પતિત રાખી પ્રભુને પણ પતિત તો નહિ બનાવતા હોય?

ભવસાગરમાં પાર ઉતારનાર નૌકા એ ધર્મ! ધર્મ પાસે જતાં અમને એ ડૂબતી નૌકા લાગે છે!

ધર્મ અને ધર્મમંદિરોને તોડનારનો રાજઅમલ સ્વીકારાય, તેની નોકરી થાય, તેને સલામો ભરાય, તેના ચરણસ્પર્શ થાય; પણ અમને સ્વધર્મીઓને તો અડાય પણ નહિ!

હા, હા, અડાય પણ નહિ. પરંતુ એક જ ધર્મ પાળનાર અમે અસ્પૃશ્ય! પ્રાણીઓથી પણ અમે માનવો—સમધર્મીઓ—નપાત્ર! અમને કોઈ અડકે જ નહિ. અડકે તો અપવિત્ર બની જાય; ને સ્નાન કરે ત્યારે જ અમારા ધર્મબંધુઓ અમને અડી જવાના પાપમાંથી મુક્ત થાય!

શું કારણ ?

અમે કાળા કદરૂપા હોઈશું. પરંતુ અમને ન અડકનારમાં પણ અમારી કાળાશ કે અમારું કદરૂપાપણું નથી એમ રખે માનતાં. અમારામાં રૂપ કે રંગનો છેક અભાવ છે એમ પણ ન માનશો. અમને ન અડનાર અમારા સ્વધર્મીઓ જેવો પોશાક અમને પહેરવા મળે તો અમે અસ્પૃશ્ય છીએ એવી કોઈને યે ખબર પડે નહિ. રૂપરંગના અભાવને લઈને અમને ન અડકાય એવું નથી. અસ્પૃશ્યતા એ અમારા જન્મથી જ અમારા ધર્મબંધુઓએ અમને દીધેલો ડામ છે!

શું કારણ? ખબર નથી. શાસ્ત્ર તો કાંઈ કહેતું નથી. જીવ અને શિવની એકતા ઉપર ભાર મૂકનાર, वसुधैव कुटुम्बकम् સિદ્ધાંતનો આગ્રહ રાખનાર તથા शुनिचैव श्वपाके च पंडिता: समदर्शिन: એવો નિત્ય પાઠ આપનાર શાસ્ત્રમાં અમારી અસ્પૃશ્યતા માટે આધાર હોય ખરો ?

અમે અસ્વચ્છ ધંધા કરીએ છીએ માટે અમે અસ્પૃશ્ય? માનવી જાતે વ્યક્તિગત રીતે કેટલો અસ્વચ્છ છે એનું કોઈ માપ કાઢશે? સામુદાયિક અસ્વચ્છતા દૂર કરવાનું કાર્ય તો આરોગ્ય સ્થાપનાનું છે, સમાજસેવાનું છે, પુણ્યકાર્ય છે. અમે એ કાર્ય કરીને સમાજનું જીવન દીર્ઘ અને સ્વસ્થ બનાવીએ છીએ.!એના બદલામાં અમે જ અસ્પૃશ્ય? ન કરે નારાયણ અને અમે એ ધંધા બંધ કર્યા તો? અમારું કાર્ય તમે કરશો? અને એ પછી...ત્રણ ચાર પેઢીએ પણ અમને અસ્પૃશ્યતામાંથી મુક્ત કરશો ખરા? અને તમે એટલી પેઢીમાં અસ્પૃશ્ય બનવાની તૈયારી સેવશો ?

ના કહો છો? ત્યારે અમારા ધંધાને બહાને અમને અસ્પૃશ્ય શા માટે રાખો છો? તમારે માટે ઉપાડેલી જીવનભરની સેવાનો બદલો અમારી આસપાસ દીવાલ ઊભી કરી તેમાં અમને વંશપરંપરા પૂરી રાખીને આપશો, એમ ?

અમે વ્યસની છીએ, દુર્ગુણી છીએ, માટે અસ્પૃશ્ય ? દુર્ગુણનું માપ લેનારી પારાશીશી તમારી પાસે છે? હોય તો બીજાઓને પણ

મૂકી જુઓ ને ? અમારા દુર્ગુણ–અમારાં પાપ બહુ મોટાં તો નહિ જ હોય.

અને વ્યસન ?

અમને અણમાનીતા ઠરાવ્યા. અમને કોઈ અડે નહિ. સમાજની સ્વચ્છ દેખાતી બાજુએથી અમને હાંકી કાઢવામાં આવે. સામાજિક રંજનમાં અમારો ભાગ નહિ, અમારું અપમાન, અમારું એકાન્ત, અમારા ઉપર ગુજરાત ગજજુલ્મો, એ બધું ઢાંકવા-ભૂલવા કોડિયામાં લઈ દારૂ પી પડીએ એમાં ય તમે અમને અપરાધી ઠરાવશો ? અમે બીજું કરીએ પણ શું ?

ચા, શરબત કે દૂધની સગવડ અમારે માટે કોઈ કરે એમ છે ? એ થાય તે દિવસે કહેજો; અમે દારૂ છોડી દઈશું.'

અને...જેમને એ બધી સગવડ મળે છે તેમને પણ દારૂનું વ્યસન ક્યાં નથી હોતું ? એમને અમારા ભેગા મોકલવાની હિંમત કેમ કોઈ કરતું નથી ?

અમારી સેવાને ભૂલી જાઓ. સમાજમાં અમે કાંઈ ઉપયોગી કાર્ય કરીએ છીએ એ વાત ભલે ન માનશો. પણ અમે માણસ છીએ એનો કાંઈ વિચાર કરશો ? અમારા પ્રત્યે માણસાઈભર્યું વર્તન પણ નહિ રહે ?

આવું અમાનુષી વર્તન થાય જ નહિ એમ તમે કહો છો ? સાંભળો. હું ફરી કહી જાઉં.

અમને સમાજ અડકતો નથી – દુષ્ટ, રોગિષ્ટ કે ગુનેગાર ન હોવા છતાં ! અમારો નિવાસ ઉજળી વસ્તીથી દૂર–સમાજને ઉજળો રાખવા અમે મથીએ છતાં !

અમને કોઈ પાણી ન પાય.

અમને કોઈ ખાવાનું ન આપે.

અમને કોઈ આંગણે પણ ઊભા ન રહેવા દે; ઘરમાં તો પેસવાની વાત જ શી ?

કોઈ શાળા કે પુસ્તકશાળામાં અમારાથી પગ પણ ન મુકાય.

જેને તમે સાર્વજનિક સ્થળ કહો ત્યાં અમને કોઈ ઊભા પણ ન રાખે.

ધર્મસ્થાનમાં અમારો પ્રવેશ નહિ.

ઈશ્વરનાં દર્શનનો અમને અધિકાર નહિ.

આ જુલ્મ ખરો? તમે હા પાડો છો, નહિ? પણ તમને એમ લાગે છે કે એવો જુલ્મ તો જર્મનો જ કરી શકે. પરધર્મી દેશદ્રોહીની છાપ પામેલા યહુદીઓ સામે જર્મન આર્યનો આવી ક્રૂરતા વાપરે અને તેનો બચાવ પણ કરે.

હું તો તમારી નજર તળે નિત્ય થતા જુલ્મની મારી કથની કહું છું. જુલ્મ તો સ્વધર્મીઓ ઉપર થાય છે. જુલ્મ સહન કરીને પણ જુલ્મગારોના ધર્મને અમે વળગી રહીએ છીએ, અને દેશની આબાદીમાં ફાળો—સક્રિય ફાળો આપીએ છીએ.

અમે જુલ્મના ભોગ! અમે કોણ તે નથી ઓળખતા?

અમે અંત્યજો, અસ્પૃશ્યો, પેરિયાઓ! જાનવર કરતાં પણ ઊતરતા અમને ગણવામાં આવે છે. જરા વિવેક વાપરી અમને હવે કોઈ 'હરિજન' કહેવા લાગ્યા છે—શરમના માર્યા. અમે હિંદુ ધર્મનું કલંક!

અમારો પડછાયો પણ એટલો પતિત કે સ્નાન વગર પડછાયા-સ્પર્શની પણ વિશુદ્ધિ થાય નહિ!

છતાં અમે અમને હિંદુ તરીકે ઓળખાવીએ—હિંદુઓ અમારાથી અભડાઈ જાય તો ય!

અમે એમની સંખ્યા વધારીએ, જીવતી માનવપ્રજા તરીકે ઓળખાવવામાં મદદ કરીએ, છતાં અમે અછૂત!

હજાર વર્ષથી હિંદુ ધર્મ પાળનાર હિંદુસ્તાન પરાધીન છે! પવિત્ર હોવાનો દાવો કરી અમને અલગ કરનાર એ પ્રજાને મુસ્લિમોએ આવી પરધર્મીઓની સત્તાનો અનુભવ કરાવ્યો! એમને કુરનિસ થાય. પરંતુ અમે તો હડધૂત જ થવાના!

ફિરંગીઓએ આવી એ જ હિંદુઓને બંધનમાં જકડ્યા.

સાંભળીએ છીએ કે પરદેશમાં હિંદવાસીઓને કોઈ પેસવા દેતા નથી. ફિરંગીઓનાં બારણાં એમની સામે બંધ હોય છે.

ફિરંગીઓની વિશીઓમાં હિંદવાસીઓને કોઈ દાખલ કરતું નથી.

ફિરંગીઓની ગાડીમાં હિંદવાસીઓને બેસવા દેવામાં આવતાં નથી.

પરદેશમાં હિંદીઓને રહેવા દે તો તેમને 'કાળા' તરીકે કામ દેવામાં આવે છે, અને એમને રહેવા માટે એક ઢેડવાડો મુકરર કરવામાં આવે છે.

પરદેશીઓ અને પરધર્મીઓ તો આમ કરે એ સમજાય એવું છે. પરંતુ અમારો ધર્મ પાળનાર અમારા ધર્મબંધુઓ આ જુલ્મ અમારા ઉપર કેમ કરતા હશે? અમારો ધર્મ તો કહે છે—

'દયા ધર્મકો મૂલ હય, પાપ મૂલ અભિમાન.'

અમને પતિત ગણનાર પરદેશમાં તો પતિત મનાય, પણ આપણા દેશમાં ય તેમને પતિત ગણનાર ગોરાઓ વસે છે!

અમે શાપ તો દેતા નથી, પણ અમને એટલું તો લાગે છે કે હિંદીઓનું પતિતપણું અમારા પતિતોના નિઃશ્વાસમાંથી જ ઊપજ્યું હશે!

ખાડો ખોદે એ પડે!

અસ્પૃશ્યોનો ખાડો હિંદુઓએ ખોદ્યો. આખી હિંદુ પ્રજા એ ખાડામાં પડી છે!

આ જુલ્મની વાત નથી માનતા? આવો, હું તમને પાસેના જ એક ગામડામાં લઈ જાઉં. તમારી આંખે જ તમે જુઓ કે જર્મનો, જપાનીઓ, અંગ્રેજો કે મુસ્લિમો ન કરે એટલો જુલ્મ અમારા જ સવર્ણ હિંદુ ભાઈઓ અમારા ઉપર કરે છે! અમારા એક એક અંત્યજ હિંદુધર્મની એક એક કરુણ કથની છે—શરમકથની છે!

મેં કહી એના કરતાં પણ વધારે દુઃખમય વાતો તમે સાંભળશો.

# ગાંડી

તમાશાને તેડું ન હોય.

પણ હિંદમાં તો સદાય તમાશા ચાલ્યા જ કરે છે. ટોળાં જામતાં વાર લાગતી નથી. ટોળાં ઉપયોગમાં ન આવે, મદદરૂપ ન થાય, ઊલટાં હરકતકારક નીવડે, છતાં ટોળાં તો જામવાનાં જ.

આખલા લડતા હોય, દારૂડિયો લથડિયાં ખાતો ગાળો દેતો હોય, લહેણદાર અને દેણદાર વચ્ચે બોલાચાલી થતી હોય, ભાઈઓ મારામારી કરતા હોય, આગ લાગી હોય કે ગાડી નીચે કુરકુરિયું આવી ગયું હોય, તો ચારે બાજુએથી માણસોની ભરતી થવાની જ. એ માણસો લડતાંને અટકાવે નહિ, આગ ઓલવે નહિ, ગુનેગારને પકડે નહિ કે ઘવાયેલાંની સારવાર કરે નહિ; પણ એ ભેગાં તો થવાનાં જ.

આવું જ એક ટોળું શહેરના એક સાર્વજનિક દવાખાનાને દરવાજે ભેગું થયું હતું. પોલીસનો સિપાઈ બેદરકારીથી લોકોને વિખરાઈ જવા બોધ કરતો હતો. પરંતુ બોધ કર્યે ગાનવીનું મન ફરતું હોય એમ લાગતું નથી. મેં પણ એ ટોળાંમાં મારી જાતને ઝુકાવી. પરંતુ ટોળાના મધ્ય ભાગમાં શું બનતું હતું તેની ખબર ટોળાને છેડે ઊભેલા મારા સરખાને ઝડપથી મળે એમ ન હતું.

'શું થયું ?' મેં પૂછ્યું.

એના વિધવિધ ઉત્તરો મળતા ચાલ્યા :

'ખબર પડતી નથી.'

'કોઈને વાગ્યું લાગે છે.'

'ના રે; ચોર પકડાયો છે.'

'શી વાત કરો છો જાણ્યા વગર? એ તો એક બૈરી નાચતી હતી.'

'બાઈનાં ઘરેણાં ખેંચવા જતી હશે!'

'અં હં, એને વાગ્યું લાગે છે.'

'જુઓ ને, ભોંય ઉપર પડી તે!'

આમ જુદા જુદા ઉકેલ પામતો હું ટોળામાં ઘૂસી ગયો અને જોયું તો એક સ્ત્રી ખરેખર જમીન ઉપર પડી હતી. તેના માથામાંથી સહજ લોહી પણ ટપકતું હતું. તેની આંખો મીંચેલી હતી, અને તેને આવડા મોટાં ટોળાંનું ભાન હોય એમ લાગતું ન હતું.

દવાખાનું પાસે જ હતું. સતત રૂપાળી દેખાવા મથતી નર્સો, અને ખિસ્સાનું વારંવાર વજન તપાસતા કે કંટાળો આવતાં હસમુખી સ્ત્રીદર્દીઓ કે ચબરાક નર્સોનો વિચાર કરતા ડૉક્ટરોની સારી સંખ્યા પાસેના જ મકાનમાં હાજર હતી. પરંતુ દરવાજા બહાર પડેલી એક બેભાન સ્ત્રીની સારવાર માટે કોઈને પણ ફુરસદ મળે એમ ન હતું. વધારાનું મહેનતાણું મળ્યા વગર આજના શરમાળ ડૉક્ટરોથી સારવારના હુમલા થઈ શકે નહિ; જૂનાં હિંદુ બૈરાની, વગર બોલાવ્યે ખબર પૂછવા જઈ સારવાર કરવાની એવી જૂની ઢબ નવા ડૉક્ટરોને ન જ ફાવે.

ટોળાંને પણ તમાશા સિવાય કશો જ રસ આ સ્ત્રી પ્રત્યે ન હતો. એને પાણી છાંટવાની, એને ઉપાડી દવાખાને લઈ જવાની, એની પ્રાથમિક સારવાર કરવાની, અરે જરા એની આસપાસની ગિરદી ઓછી કરી એને હવા મળે એમ વ્યવસ્થા કરવાની પણ કોઈને જરૂર લાગતી ન હતી. ટોળામાં વિદ્યાર્થીઓ હતા, ગુંડાઓ હતા, ગૃહસ્થો હતા, કશામાં ય ગણતરી ન થાય એવા સામાન્યતાની છાપવાળા પુરુષો પણ હતા. પરંતુ ગુજરાતની હવામાં અજાણી બેભાન સ્ત્રીને દવાખાને લઈ જવાની જવાબદારી ભાગ્યે કોઈ લે.

સિદ્ધાંતની દૃષ્ટિએ નિબંધ લખવામાં કે વ્યાખ્યાન આપતી વખતે

આવા પ્રસંગે શું કરવું જોઈએ એનું હું સચોટ વિવેચન કરી શકું. પરંતુ મારો સેવાભાવ જરા શરમાળ છે, એટલે મેં દૃષ્ટાંતરૂપ બનવાનો મોહ જતો કર્યો અને થોડી વધારે સ્પષ્ટતા સાંભળી હું ટોળાંની બહાર નીકળ્યો. બહાર નીકળી મેં બીડી પીતાં સિપાઈને પૂછ્યું: 'આ કોણ બાઈ છે?'

'તમારે શી પંચાત? તમારી સગી હોય તો લઈ જાઓ, નહિ તો ભીડ ઓછી કરો.' તોછડાઈના નમૂનારૂપ સિપાઈએ મને જવાબ આપ્યો. હું ગુસ્સે થાઉં તે પહેલાં સિપાઈની પાસેની દીવાસળીની પેટી પાછી લેનાર એક સાદા મનુષ્યે મને કહ્યું: 'એ તો ગાંડી છે, ગાંડી. થોડા દિવસથી આમ જ કરે છે.'

'આમ જ કરે છે એટલે?' મેં પૂછ્યું.

'લોકો ચીડવે એટલે એ પથરા મારે; અને એ પથરા મારે એટલે છોકરાં એને સામા પથરા મારે.'

'કોઈ રોકતું નથી?'

'ગાંડાને કોણ રોકે?'

૨

'એ સ્ત્રી ગાંડી કે એને ચીડવનાર લોકો ગાંડા?' મને વિચાર આવ્યો. પરંતુ આવાં નિત્ય થતાં કુતૂહલ ઝડપથી શમી જાય છે. હું બીજા વ્યવસાયમાં પડ્યો; બીજાં ટોળાં જોયાં; અને આ વાત ભૂલી ગયો. બનેલું બધું જ યાદ કરવા જઈએ તો આપણે પણ પથરા ખાવાની સ્થિતિમાં ઝડપથી મુકાઈ જઈએ!

પરંતુ એ જ રસ્તે મારે વારંવાર જવું પડતું હતું. ત્યાં આછાંપાતળાં ટોળાં તો સતત વળેલાં જ રહેતાં. એ ટોળાંનું કેન્દ્ર બનેલી પેલી ઘેલી સ્ત્રી ચીથરાં પહેરી હાથમાં એકાદ નાનું વાસણ લઈ ત્યાં બેઠી હોય, ઊભી હોય કે સૂતી હોય જ! એકબે વખત મને લાગ્યું કે એ સ્ત્રીનું મુખ કોઈ સમયે જોવું ગમે એવું હોવું જોઈએ! આજ તો તેની બાવરી આંખ તેના મુખને પણ કદરૂપું

બનાવી રહી હતી !

એક દિવસ એ સ્ત્રીની આસપાસ થોડાં છોકરાં જ ટોળે વળ્યાં દેખાયાં અને મારું કુતૂહલ મને ત્યાં દોરી ગયું. એકબીજાના ઉત્તેજન વડે એ બાળકો બન્ને એટલી રીતે એ બાઈને પજવી રહ્યાં હતાં. પૈસો આપવાનું કહી એક કિશોરે તેના હાથમાં કાંકરો મૂક્યો: બીજા કિશોરે તેને ધીમે રહીને કાંકરો માર્યો: ત્રીજાએ થોડી ધૂળ ઉડાડી: ચોથાએ તેનું ચીથરું ખેંચ્યું: પાંચમાએ તેને 'એ ગાંડી !' કહી સંબોધન કર્યું—જે તાળીઓના નાદ વડે સહુએ વધાવી સંબોધનને અનેકગણું વધારી દીધું. પેલી સ્ત્રી કશાને ન ગણકારતી કાંઈ કાંઈ બબડી રહી હતી. એકાએક કોઈ ક્રૂર કિશોરે એક મોટી ઈંટ એ બાઈ તરફ ફેંકી અને બાઈના માથામાંથી રુધિર ટપકી રહ્યું.

આખું દૃશ્ય અસહ્ય હતું. આ અનાથ બાઈને ખીજવી—પજવી તેની ઘેલછાને વધારનાર બાળકોને ઉપજાવતા સમાજના હૃદયમાં કેટકેટલી ક્રૂરતા ભરી રાખી હશે? ક્રૂરતામાં મોજ માનનાર બાળકોનાં કુટુંબોમાં—વડીલોમાં કેટકેટલું વિષ વહેતું હોવું જોઈએ? નવું જગત આવાં બાળકો ઉપર રચાય ખરું?

પરંતુ એ વિષાદભર્યા વિચાર બાઈને ઈંટ વાગતાં અટકી ગયા, અને કોણ જાણે કેમ, મારા મન ઉપરનો અંકુશ ખોઈ નાખી મેં ઈંટ મારનાર કિશોરને એવા જોરથી તમાચો માર્યો કે એ બે ગરબડિયાં ખાઈ નીચે પડ્યો.

ટોળે વળેલાં બાળકો પ્રથમ તો સ્તબ્ધ બન્યાં, થોડી ક્ષણોમાં દૂર ખસી ગયાં, તથા કેટલાંક નાસવા લાગ્યાં. ઘેલા માનવીને ખીજવવાની—પજવવાની આનંદપ્રદ રમતમાંથી હજી સુધી કોઈએ તેમને રોક્યાં ન હતાં. ઊલટું સહુ કોઈ બાળકોથી પ્રારંભાયલી ગમ્મતને ઉત્તેજન આપી જોનારાઓ એ ગમ્મતના સહભાગીદાર બનતા હતા. એમાં મારા જેવાનું ઉગ્ર રોકાણ બાળકોને ભય અને આશ્ચર્ય ઉપજાવે એમાં નવાઈ નહિ.

બાળકો દૂર ગયાં એટલે મેં મારો હાથરૂમાલ કાઢી પેલી બાઈને

આપ્યો અને કહ્યું : ‘ લે, જરા માથા ઉપર દબાવી રાખ; હમણાં લોહી બંધ થઈ જશે. ’

અને પેલી બાઈની આંખમાંથી બોરબોર જેવડાં આંસુ સરી પડ્યાં. મારું હૃદય પણ ભરાઈ આવ્યું.

માનવક્રૂરતાને આંકો નથી. બાળકોનું હાસ્ય મેં સાંભળ્યું અને થોડા કાંકરા પણ મારા તરફ ફેંકાતા મેં જોયા. બે યુવકો હસતાં હસતાં બાળકોને ઉશ્કેરી રહ્યા હતા અને મારો તેમને લાગેલો ભય નિર્મૂળ કરતા હતા.

મારા ગુસ્સાનો પાર રહ્યો નહિ. એ બંને યુવકોને તથા ભેગાં થયેલાં બાળકોને પકડી પીંખી નાખવાનું મને મન થયું. મેં કડક આંખ કરી સહુની સામે જોયું અને ધસવાનો નિશ્ચય કર્યો. એના જવાબમાં આખું ટોળું ખડખડ હસી રહ્યું. મેં નીચે પડેલો એક પથ્થર ઉપાડ્યો, અને એની અસરમાં બાળકો તો ભાગ્યાં, પણ મને ય ભય લાગ્યો કે રખે ને હું પણ જોતજોતામાં કાંકરા અને પથરા ફેંકતો કોઈ ગાંડો માનવી બની જાઉં ! સામાજિક–સામુદાયિક ક્રૂરતા માનવીને જોતજોતામાં ઘેલો બનાવી શકે એમ છે. મને લાગ્યું કે આ જ ઢબે સમાજના બિનજવાબદાર ટોળાંએ પેલી બાઈનું માનસ અસ્થિર બનાવી દીધું હશે.

મારી માનની સમતુલા ખોવાય નહિ એ માટે મેં તરત જ પથરો નીચે નાખી દીધો, અને પેલી બાઈ પ્રત્યેની સહાનુભૂતિમાંથી ઊપજતી ફજેતીથી બચવા મેં ત્યાંથી ચાલવા માંડ્યું.

પેલા બે યુવકોમાંથી એકે મને પૂછ્યું : ‘ તમે બાઈને ઓળખો છો ? ’

‘ ના. ’ મેં ઘુરકીને કહ્યું.

‘ તમે વચ્ચે પડ્યા એટલે અમને એવું લાગ્યું. ’

‘ તમને શરમ નથી આવતી કે આવી નિરાધાર બાઈને તમે ભેગાં મળી હેરાન કરો છો ? ’ મેં કહ્યું.

‘ પણ એ તો ગાંડી છે ! ’

'તમે તો ગાંડા નથી ને ?'

'ગમે તેમ બોલે, ગમે તેમ ફરે, અને છોકરાં હસે; એને અમે શું કરીએ !'

'છોકરાંને વારી રાખો. વધારે થશે તો હું પોલીસમાં તમને બધાંયને પકડાવી દઈશ.'

'પેલો પોલીસનો સિપાઈ ફરે !' એક યુવકે કહ્યું.

'જરા ખાતરી કરવી હોય તો બેસો મારી દુકાને : બાઈ શું કરે છે એ તમને બતાવું. પછી તમારે કહેવું હોય તે કહેજો.' બીજા યુવકે કહ્યું.

એની પાનની દુકાન પાસે જ હતી. મને પણ ઇચ્છા થઈ કે એ બાઈની ચર્ચા વધારે સમજાય તો સારું. મેં તેનું આમંત્રણ સંતોષપૂર્વક સ્વીકાર્યું. બે પૈસાનું એક સરસ પાન બનાવરાવ્યું અને પાન બનાવનારની પાસે જ હું બેસી ગયો.

૨

મારી દૃષ્ટિ પેલી બાઈ તરફ જ હતી. માથે હાથરૂમાલ દબાવી તે થોડી વાર બેસી રહી. આંખમાં અશ્રુ એણે લૂછ્યાં અને રૂમાલના કટકા કરી એણે પોતાના લૂગડા સાથે બાંધ્યા. એનો ચીંથરિયો વેશ વધારે વિચિત્ર બન્યો.

થોડી વાર સુધી એણે કાંઈ બોલ્યા કર્યું. પછી ધીમે ધીમે એણે હાથના ચાળા કરવા માંડ્યા, અને દવાખાના તરફ તાકીને હાથવડે કાંઈ ધમકી આપતી હોય એવો દેખાવ કર્યો. એ બાઈનું મન ચોક્કસ ન હતું એની મને ખાતરી થઈ.

આ અસ્થિર મગજવાળી દયાપાત્ર સ્ત્રીમાં કોઈ ભયંકર આવેશ રહેલો હશે એની મને અત્યાર સુધી કલ્પના પણ ન હતી. પરંતુ એણે જ્યારે બેચાર મોટા પથરા વીણી પોતાની પાસે છુપાવી રાખ્યા ત્યારે મને લાગ્યું કે સ્વરક્ષણ ઉપરાંત એનો આવેશ કદાચ વિસ્તાર પામતો પણ હોય ! રસ્તે જનાર નિર્દોષ માનવીઓને એ પથરા

મારવા માટે તો એને રોકનાર માનસિક સ્થિરતા એનામાં તો નાશ જ હોય.

આવા માનસનો—આવી વ્યક્તિનો ઇલાજ શો હોઈ શકે? માનસ અસ્થિરતાની સારવાર કરતાં દવાખાનાંમાં એને...

એક મોટરકાર ઝડપથી પસાર થઈ અને પેલી બાઈએ એકાએક જુસ્સાથી એક પથ્થર કાર તરફ ફેંક્યો.

કારને એ પથ્થર વાગ્યો નહિ. પરંતુ પાન બનાવતા દુકાનદારે મને કહ્યું : 'જોયું ?'

'પણ આમ પથરા ફેંકવાનું કાંઈ કારણ ?' મેં પૂછ્યું.

'ખસેલા મગજને કારણ શું ?'

હું પણ વિચારમાં પડ્યો. છોકરાઓ આ ઘેલી બાઈને ચીડવે એનો બચાવ તો થઈ શકે જ નહિ, છતાં માનસિક તુલા ગુમાવી બેઠેલી આ બાઈનો અકારણ ઉપદ્રવ પણ બચાવવાને પાત્ર કેમ ગણાય ?

એક બીજી મોટરકાર ત્યાંથી પસાર થઈ અને પેલી બાઈએ પાછો પથરો ફેંક્યો. જરામાં એ પથરો કારને વાગતો રહી ગયો !

પરંતુ હવે એ બાઈ જાણે તાકીને બેઠી હોય એમ લાગ્યું. ગરીબ ગણાતા હિંદનાં શહેરોમાં કાર વાપરી શકતા સુખવાળી માનવોની સંખ્યા તો વધતી જ જાય છે. એટલે ત્રીજી કાર આવતાં બહુ વાર ન લાગી, અને એ ત્યાંથી પસાર થાય એટલામાં તો એક કડાકો થયો, કાચ તૂટતો રહી ગયો અને કાર ઊભી રહી,

કારને ચલાવનારે તથા પાછલી બેઠકમાં આરામથી બેઠેલાં એક પુરુષે બારી બહાર નજર નાખી અને તુચ્છ, પગે ચાલતી દુનિયાની પામરતાએ કશો ભારે અપરાધ કર્યો હોય એ ભાવથી ગુનેગારને શોધવા માંડ્યો. બપોરના સમયે આસપાસ માણસો થોડાં હતાં એટલે ગુનેગાર જડી આવે એમ હતું. ઓછી ગિરદીનો લાભ લઈ જરા આરામ લેતા પોલીસના સિપાઈ કંટાળીને આસપાસ જોવા લાગ્યા. એવામાં કાર ઉપર બીજો પથ્થર પડ્યો અને તે પેલી ઘેલી બાઈએ નાખ્યો એમ કારમાં બેસનારને દેખાયું પણ ખરું.

'જો ને, કારામ! પેલી બાઈ પથરા ફેંકે છે. બે ધોલ લગાવ!' કારમાં બેઠેલા ગૃહસ્થે શૉફરને આજ્ઞા કરી. ધોલ મારવા માટે પણ ધનવાનો માણસોને ભાડે રાખે છે! એમનાથી ધોલ મારવા જેટલો પણ હાથ ઊંચકાતો નથી!

શૉફરે ગાડી બાઈ પાસે વાળી – જોકે ત્રીજો પથરો એટલામાં ફેંકાઈ ચૂક્યો હતો – અને પાસે આવતાં બરાબર શૉફર નીચે ઊતર્યો.

લોકો ભેગા થઈ ગયાં, અને પેલી બાઈએ હાથમાં પથરા રાખી ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યો. શૉફર જરા ખમચાયો; લોકોમાંથી વિનંતીઓ ફેંકાવા લાગી: 'જવા દો, સાહેબ! એ તો ઘેલી છે. એને ભાને ય નથી.'

'ધાંધલ કે ફજેતી સિવાય જેટલો રોફ મારી શકાય એટલો જ રોફ મારવો એવું સૂત્ર સ્વીકારનાર કારના માલિકે વધારે ટોળું ભેગું થાય તે પહેલાં કારને ચલાવી અદૃશ્ય કરી. પેલી બાઈ હજી ગાળો દેતી બંધ પડી ન હતી. લોકો તેને સમજાવતા હતા, છોકરાં તેને ચીડવતાં હતાં, અને ધીમે ધીમે ધૂળ તથા કાંકરા ફેંકી પેલી બાઈને વધારે ઉગ્ર બનાવતાં હતાં.

સિપાઈએ ટોળાંને વિખેરતાં પેલી સ્ત્રીને ધમકાવવા માંડી: 'કેમ પથરા ફેંકે છે? મરવાની થઈ છે, ખરું?'

'મરને તું! હું તો પથરા ફેંકવાની ને એ બધાંયને મારવાની!'

'કોણ જાણે ક્યાંથી આ ગાંડી આવીને લોહી પીએ છે!' એ સ્ત્રીને માર મારવા ઉપાડેલો હાથ કોણ જાણે કેમ પાછો ખેંચી લઈ સિપાઈ બોલી ઊઠ્યો.

'હું લોહી પીઉં છું? મારા છોકરાને કચરી લોહીલુહાણ કરી નાખ્યો એનું શું?' બાઈએ જવાબ આપ્યો.

અને મને તત્કાળ સમજાયું કે સાચી અગર ખોટી, આવી જ કોઈ ભ્રમણામાં આ બાઈ આમ ગાડીઓ તરફ પથરા ફેંકવાની ઘેલછા કાઢે છે.

એનો પુત્ર સાચેસાચ કોઈ કાર નીચે કચરાઈ ગયો હોય તો?

આખા જગતની કાર સામે જેહાદ ઉઠાવવાનો એ બાઈને અધિકાર ખરો કે નહિ? એક કાર તૂટે તો બીજી આવે! પરંતુ આ બાઈનો મૃત પુત્ર પાછો આવે ખરો?

કારની અને માનવીની કિંમત વચ્ચે સરખામણી થાય ખરી? એ ઘેલી બની ગયેલી માતાના જીવનનું આખું ચક્ર ફેરવી નાખતી કાર ઉપર એ માતા કાળચક્ર બની રહે એમાં એનો દોષ કેટલો?

ટોળાંમાંથી બહુ થોડાં માણસોને ખબર હતી કે આ ગરીબ બાઈ પોતાના એક પુત્ર સાથે શહેરમાં પગે ચાલતી થોડા દિવસ ઉપર આવી હતી, અને જીવનમાં ઝડપનું – સમયનું કાંઈ પણ મહત્ત્વ હિંદવાસીને ન હોવા છતાં ઝડપને ચાળે ચડેલી એક કાર નીચે એનો પુત્ર આવી ગયો હતો.

લોહીભરેલા પુત્રને જોતાં જ એ માતાનું મન ફટકી ગયું, અને તે પ્રસંગ પછી તે આખી 'કાર' સૃષ્ટિની – કારમાં બેસનાર માનવતાની દુશ્મન બની ગઈ.

૪

એનું મગજ ફટકી ગયું ન હોત તો? માત્ર ગમે તે કારને તમે તેમ પથરા મારી વેરભાવ સંતોષવાને બદલે એણે આખા જગતમાંથી 'કાર' કે યંત્રનું નિકંદન કાઢવાનું કોઈ ગુપ્ત, વ્યાપક અને વધારે અસરકારક ષડ્યંત્ર રચ્યું ન હોત?

ધીમે ધીમે આટલી વાત તો મેં જાણી. પરંતુ એ બાઈ આ સ્થળેથી ખસતી કેમ ન હતી? લોકો, પોલીસનાં માણસો અને ઉપદ્રવી બાળકો પણ એને દવાખાનાને દરવાજેથી દૂર કરી શકતા ન હતા!

'એ તો અહીંથી જતી જ નથી. ઘસડીને લઈ ગયા, પણ પાછી આવીને અહીં જ બેઠી.' એક જાણકારે કહ્યું.

સંધ્યાકાળે મેં એને બજારમાંથી લઈ કાંઈ ચવાણું આપ્યું. એને ભૂખ તો લાગી હતી એટલે એણે મોંમાં ચવાણું નાખ્યું; પણ એકાએક અટકી જઈ તેણે મને પૂછ્યું: 'મારા દીકરાને ખાવાનું તો આપતા

હશે ને?'

મારું હૃદય જરા હલી ઊઠયું. મોટરકાર નીચે કચરાઈ ગયેલા પુત્રનું સ્મરણ માતાના હૃદયમાં કેટકેટલાં સ્વપ્ન ઉપજાવતું હશે?

'કેમ બોલતા નથી?' એણે એની ઘેલી આંખ મારી સામે સ્થિર કરી પૂછયું.

'મને ખબર નથી. તારો છોકરો તો...'

'આ દવાખાનામાં એને લઈ ગયા છે. પીટયાઓ મને પાછો આપતા નથી અને કહે છે કે એ મરી ગયો. એ મરી નથી ગયો હો! એને સંતાડી રાખ્યો છે...' કહી એ ઘેલી માતાએ ખાવાનું વેરી નાખી અઢળક આંસુ સાર્યાં.

'હું તપાસ કરી લાવું.' મેં એના મનના સાંત્વન અર્થે કહ્યું.

'બરાબર તપાસ કરશો? કે પછી બધાં કરે છે તેમ? એ મરી ગયો એમ કહી જો મને ચીડવી છે, તો...' એની આંસુભરી આંખ ફરી ગઈ અને એણે એક પથ્થર હાથમાં લીધો.

હું દવાખાનામાં ગયો. ત્યાંના ડૉકટરને પૂછતાં તેમણે કહ્યું: 'તમે કેટલાં માણસો પૂછવા આવશો? હું કેટલી વખત બધાંને જાહેર કરું કે એ ગાંડી બાઈનો દીકરો તો હૉસ્પિટલમાં લાવતાં બરોબર મરી ગયો છે?' ડૉકટરો હવે એકલા હાથથી જ વાઢકાપ કરતા નથી; સોબતની અસરથી એમની જીભ પણ શસ્ત્ર બનતી જાય છે.

મને એ બાઈની ઘેલછા સમજાઈ. એને હજી ખાતરી હતી કે એનો દીકરો દવાખાને જ છે, માટે એ આ સ્થળેથી ખસતી ન હતી. ક્રૂર સત્ય એ માતા સાંભળી શકતી ન હતી.

હજી એ ત્યાંની ત્યાં જ ફરે છે. એનાં ચીંથરાં વધતાં જાય છે; એની આસપાસ ટોળાં મોટાં થતાં જાય છે.

એના નામની કોઈને ખબર નથી; એના ગામની પણ કોઈને ખબર નથી. ખબર હોવા છતાં કોણ આગળ આવે! એની ઘેલછાએ એનું સગપણ મિટાવી દીધું છે. માત્ર પુત્રની ઝંખના સિવાય એની

આખી સૃષ્ટિ અવળી બની ગઈ છે.

એની ઘેલછા માનવીની ગમ્મત થઈ પડી છે!

પરંતુ એ ઘેલી, ભૂખી, તરસી, ક્રુદ્ધ માતાની ઘેલછાનું એક મોજું આખા સમાજ ઉપર શું ફરી વળતું નથી?

એના જ શાપમાંથી જગતની ડાહી માતાઓને રડાવતાં યુદ્ધો ફાટી નીકળતાં હોય તો?

અને એને ચીડવી રહેલો સમાજ એ ઘેલી બાઈ કરતાં વધારે ડાહ્યો હશે ખરો?

# કદરૂપો પ્રેમ

'આંખો સખની રાખ, નહિ તો ધોલ ખાઈશ !'

ચંચળે પોતાના સાથીદાર વીરાજીને ધમકાવ્યો. ઈંટના ચૂલા પાસે બેસી એ રોટલા ઘડતી હતી. નાના સરખા શિવાલયની ઓથે ખુલ્લામાં આ ગરીબ યુગલ પોતાનું રસોડું બનાવી બેઠું હતું. શિવાલયને ફરતી ઓસરી છાપરાવાળી હતી, અને આસપાસ નિર્જન મેદાન લંબાયલું હતું. જેમને ઘર ન હોય તે શિવાલયની ઓસરીને ઘર બનાવતાં. વટેમાર્ગુ, સાધુ, ભિખારી, મજૂર, ચોર કે અજાણ્યુ પ્રેમીઓ સિવાય શિવાલયનો આશ્રય કોઈ ભાગ્યે લેતું. અલબત્ત, ભૂત તો શિવના ધામમાં હોય જ ને ? પરંતુ હજી સુધી કોઈ ભૂતે આશ્રય લેનારને કદી પીડા કર્યાનું જાણ્યામાં નથી.

'તે હું શું કરું ? ના કહું છું તો ય તારા ભણી દોડે છે.' પાસે બેઠેલા વીરાજીએ જવાબ આપ્યો.

'આંખો માનતી ન હોય તો ફોડી નાખ !' ચંચળે ઇલાજ બતાવ્યો.

વીરાજીએ પોતાની પાસે પડેલા હાર્મોનિયમ ઉપર આંગળીઓ ફેરવી ધીમે રહીને ગાયું :

'કાગા સબ તન ખાઈઓ, ચુનચુન ખાઇઓ માંસ
યે દો નયનાં મત ખાઇઓ, પિયામિલનકી આસ.'

'મૂઆ મર્કટ ! એની એ વાત, ખરું ? લે, લેતો જા.' કહી રોટલા ઘડી હાથ ધોઈ રહેલી ચંચળે જોરથી એક ધોલ વીરાજીના ગાલ ઉપર લગાવી દીધી.

વીરાજીના મુખ ઉપર ક્રોધ છવાયો. ચંચળ ખડખડ હસી પડી અને બોલી : 'હસે છે ત્યારે નર્યો વનચર લાગે છે. પણ ગુસ્સે થાય છે ત્યારે કંઈક માણુસ લાગે છે, ખરો ! અલ્યા, કોનું મોં વારસામાં ઊતર્યું : માનું કે બાપનું ?'

'ચંચળ ! વધારે ઓછું ન બોલીશ, હો ! એ વાતમાં સાર નથી.' વીરાજીએ મશ્કરીમાં ઊતરી પડેલી ચંચળને કહ્યું,

'તારાથી થાય તે કરી નાખજે...પીટ્યો ક્યાંથી કોણ જાણે ભેગો થઈ ગયો છે ! ભૂતનો ભાઈ !' કહી ચંચળ બાજુએ ફરી ભેગા કરેલા પૈસા ગણુવા લાગી.

* * *

વીરાજી હારમોનિયમ વગાડતો અને ગાતો. ચંચળ પણ ગાતી અને વધારે પૈસા મળે તો નૃત્ય પણુ કરતી. બંનેમાંથી કોઈને પોતાની નાતજાતની કે ગામની પૂરી ખબર ન હતી. ધર્મ, ન્યાત તથા જાતથી પર બનેલી રખડતી કોમનાં એ બંને જણુ પોતાને વાઘરી તરીકે ઓળખાવતાં; વધારે માણુસો મળે તો તેમના સાથમાં, નહિ તો માત્ર એ બે એકલાં સાથેસાથે ગામેગામ ફરતાં; ગીત ગાઈ કે નૃત્ય કરી રસ્તામાં તથા શેરીઓમાં જતાઆવતા લોકોનું ધ્યાન ખેંચી દાણા, કપડાં કે પૈસા જે મળે તે ઉઘરાવતાં; કોઈ ઉજ્જડ ઝૂંપડી, હવડ ધર્મશાળા કે અપૂજ દેવના દહેરામાં રાતવાસો કરતાં, અને તેવી સગવડ ન મળે તો ઝાડ નીચે કે પછી ખુલ્લા આકાશ નીચે પડી રહી રાત ગાળી પ્રભાતથી પાછો પોતાનો કાર્યક્રમ શરૂ કરતાં.

કેટલાં ય વર્ષથી તેઓ આમ સાથે ફરતાં હતાં. ચંચળ છ-સાત વર્ષની થઈ ત્યારથી એક કડક સ્ત્રીપુરુષ યુગલની સોબત, ગીત અને ઘુઘરિયાળા નૃત્યની અર્ધગામડી તાલીમ, મારઝૂડ અને કદરૂપા વીરાજીનો નિત્યસાથ એના સ્મરણુમાં આવ્યા કરતાં હતાં. વીરાજી લગભગ એના જેવડો જ હતો અને એ પણ ચંચળ સાથે ગીતવાદ્ય શીખતો હતો. એક દિવસ બંને જણુ એકલાં પડ્યાં; એટલે હારમોનિયમ તથા ઘૂઘરા લઈ નાસી બીજે ગામ ચાલ્યાં ગયાં; એમનાં

પાલકોએ એમની તપાસ કરી નહિ એટલે ધીમે ધીમે સંતાઈ રહેવાને બદલે ખુલ્લામાં આવી તેમણે ગીતનૃત્ય રસ્તામાં શરૂ કર્યાં.

ચાની હોટલ, પાનની દુકાન, માળીનાં હાટ અને શાકબજાર પાસે કે શેરીઓમાં ફરતાં ફરતાં અગર બેસીને એ બંને જણ ગીત ગાઈ, નૃત્યચાળા કરી લોકોની કુતૂહલવૃત્તિને ઉશ્કેરી પોતાનું ગુજરાન ચલાવતાં. કુદરતે બંનેને સરસ કંઠ આપ્યા હતા. એટલે નાટક સિનેમાનાં ગાયનો તથા જાણીતી ગઝલ કવ્વાલીઓ ગાઈ ગામની સામાન્ય જનતાને તેઓ રીઝવી શકતાં હતાં – જોકે લાંબા સમય સુધી એક જ ગામમાં બંને ટંકનો ખોરાક દરરોજ તેમને મળે એમ ભાગ્યે જ બનતું.

પ્રસંગે લાગ મળતાં વસ્તુ ઉપાડી લેવાનું પણ તેઓ ચૂકતાં નહિ. એટલે પડેલો લોટો, મંદિર બહાર પડેલા જોડા, દેવળમાં નાખેલા પૈસા કે દુકાનદારની નજર બહાર રહી ગયેલી મીઠાઈ એમની ઝપટમાં વખત બેવખત આવી જતાં. પરંતુ મોટી ચોરીની તેમને જરૂર પડતી નહિ.

ચંચળનું ગાયન કે નૃત્ય થતાં પૈસા ફેંકનાર રસિકો હસતા, આંખ મિચકારતા અને વીરાજીથી ન સમજાય એવી કશી મશ્કરી પણ કરતા. વીરાજીને કોણ જાણે કેમ એ ચાળા ગમતા નહિ; પરંતુ ચંચળ સામું હસતી, આડી આંખે જોતી અને મશ્કરી કરનારાઓને જવાબ આપી આખા ટોળાંને હસાવતી. ચંચળને ઓળખનારા ઘણા માણસો મળતાં અને વીરાજીને એકલો જોનાર ચંચળની જ ખબર પૂછતા. એ પણ વીરાજીને ગમતું નહિ. વીરાજી ઘણી વાર કારણ વગર મારામારી કરી બેસતો અને કેડમાં એક ચોરેલો છરો ભેરવી રાખતો.

એક વાર સારા શેઠ જેવા દેખાતા એક માણસે ચંચળને બોલાવી પોતાની સાથે ગાડીમાં બેસવા આમંત્રણ આપ્યું.

'વીરાજી આવે તો હું આવું.' ચંચળે કહ્યું.

'એ ભૂતને પણ લઈ લે; એને પણ પગાર આપીશું.' શેઠે કહ્યું.

* * *

વીરાજી બહુ રાજી થયો અને બંને જણ શેઠની સાથે ગયાં. શેઠની એક નાટકકંપની હતી. થિયેટરની પાસેની એક જાણીતા ધર્મશાળામાં ચંચળ અને વીરાજી બીજાઓ ભેગાં એક ખૂણામાં રહ્યાં. ચંચળને સવારબપોર નાચગાયન શીખવાનું હતું. એમાં એને બહુ મજા પડી. એક રાતે એને શણગારીને ખેલમાં ઉતારી ત્યારથી વીરાજીને ચંચળ પ્રત્યે કોઈ એવી ભાવઊર્મિ ઊપજી કે ચંચળ સામેથી તે આંખ જ ખસેડી શકતો નહિ. ખેલ જોવા આવેલાં સ્ત્રીપુરુષોએ પણ ચંચળને તાળીઓથી વધાવી લીધી.

બીજે દિવસે ચંચળે વીરાજીને કહ્યું : ' વીરાજી ! તારું મોં જરા પણ રૂપાળું હોત તો કેવું સારું થાત ? '

' એટલે ? ' જરા આંખો ખેંચી વીરાજીએ પૂછ્યું.

' એટલે એમ કે તું એક રાજાનો કુંવર બનત અને હું તારા દુશ્મન રાજાની કુંવરી બની નાટકમાં તારી જોડે લગન કરત.'

'તે કહે ને પેલા શેઠને ! હું કુંવર બનવા તૈયાર છું. મને ગાતાં પણ...'

' આ મોંએ કુંવર બનવું છે? તારો રંગ જો, તારા હોઠ જો, તારી આંખો...'

વીરાજી ચંચળને મૂકી ધર્મશાળાની બહાર ચાલ્યો ગયો. પરંતુ કલાકેકમાં તો એ પાછો આવી ગયો. ચંચળનું મુખ પ્રત્યક્ષ જોવા તે અધીરો બની ગયો. વીરાજીને લાગ્યું કે ચંચળ વગર તેનાથી રહેવાશે નહિ.

વીરાજીનું વર્તન એકાએક સંકોચભર્યું બની ગયું. ચંચળ સામે તે તાકીતાકીને પણ છૂપી રીતે જોવા લાગ્યો. એક વખત ચંચળને ઘૂઘરા આપતાં બંનેના હાથ અડકયા. રોજના આવા સ્પર્શ સ્વાભાવિક બની ગયા હતા, પણ હવે વીરાજીએ સ્પર્શથી રોમાંચ અનુભવ્યો. જડ સ્પર્શમાં જીવ આવ્યો. કંપનીના કેટલા ય નટ ચંચળની પાસે આવતા, તેની સાથે વાતો કરતા અને એકાંત મેળવવા મથતા હતા. ચંચળ બધાંયની સાથે હસતી, બોલતી, જરા લટકો પણ

કરતી અને એકાંત હોય તો કોઈને તાળી પણ આપતી. એ વીરાજીને બિલકુલ ગમતું નહિ. વીરાજીએ ધીમે ધીમે ચંચળની ચોકી કરવા માંડી.

એક રાત્રે ખેલ પૂરો થતા પહેલાં એક નટે પડદાના અંધારાનો લાભ લઈ ચંચળને ખભે હાથ મૂક્યો. ચંચળ એ બદ્દલ વિરોધ જાહેર કરે તે પહેલાં તો નટના વાંસ ઉપર જબરદસ્ત મુક્કો પડ્યો, અને એ મુક્કો મારનાર વીરાજી વધારે ધાંધલ કરી ચાલતા નાટકને હરકત ન કરે તે માટે ચંચળે તેને ધમકાવ્યો. નટ તો મુક્કો ખાઈ તખ્તા ઉપર આવી 'સતીત્વ' ઉપર બેત બોલતો હતો.

'કેમ આમ ધાંધલ કરે છે? ઘેલો તો નથી બની ગયો?' ચંચળે કહ્યું.

'તારે ખભે હાથ મૂકનાર એક કોણ?' વીરાજીએ કહ્યું.

'શું થઈ ગયું એમાં?' ચંચળે જીવન અને નાટક બંનેમાં પ્રસરેલી વ્યાપક વિકારવૃત્તિને અનુમોદન આપતાં કહ્યું.

ચંચળને પણ અનિયમિત રમત ગમતી હતી શું? એવી રમતને તે ઉત્તેજન આપતી હતી શું?

'હું તને છેલ્લી વાત કહું. મારા દેખતાં તારી સાથે જે કોઈ ચેડાં કાઢશે તેની હું બરાબર ખબર લઈશ.' વીરાજીએ કહ્યું.

મારો માલિકબાલિક તું છે શું?' ચંચળે પૂછ્યું–જરા ક્રોધમાં.

'નહિ હોઉં તો થઈશ.'

'આ મોં લઈને? જરા આયનામાં તો નજર નાખ?' કહી ચંચળ આગળના ઉઘડેલા પડદા નજીક છમકારા સાથે જઈ નૃત્ય કરવા લાગી.

લોકોની તાળીઓ પડતી હતી; અંદરના સઘળા નટ ચંચળનું નૃત્ય કે નૃત્યમાં સ્ફૂટ થતું સ્વરૂપ જોઈ રહ્યા હતા. આયના આગળ એકાંત હતું; અને વીરાજીએ આયનામાં મુખ જોયું.

વીરાજી પોતાનું જ મુખપ્રતિબિંબ જોઈ ચમક્યો. એને આજ સુધી ખબર ન હતી કે પોતે આવો ભયંકર કદરૂપો હતો!

પ્રથમ તો આયનાએ એનો રંગ જ રજૂ ન કર્યો. ધીમે ધીમે કાળું ધાબું દેખાયું. અને એ ધાબામાંથી હાસ્યપાત્ર નાક, આશ્ચર્ય ઉપજાવતા હોઠ તથા ભયાનક આંખ ઊપસવા લાગ્યાં; અને આખું પ્રતિબિંબ સ્થિર થયું ત્યારે તો વીરાજીએ પાસે પડેલી એક લાકડી લઈ આયના સાથે પછાડી આયનાને ફોડી નાખ્યો.

ફૂટેલા આયનાએ અનેક સ્વરૂપમાં વીરાજીના કદરૂપા દેહને વ્યક્ત કર્યો. સૂત્રધારે આવી તેના કાન ઝાલી ધક્કો મારી તેને ત્યાંથી બહાર કાઢ્યો અને એની પાછળ ગાળોનો વરસાદ વરસાવ્યો.

પરંતુ એથી એને એટલી મૂંઝવણ ન થઈ જેટલી એના દર્પણ-પ્રતિબિંબે ઉપજાવી હતી. ધર્મશાળામાં જઈ એ પોતાને સ્થાને સૂઈ ગયો. નાટક હજી પૂરું થયું ન હતું એટલે ચંચળને આવવાની વાર હતી. સૂતાં સૂતાં એને ભૂત, રાક્ષસ અને પિશાચનાં દૃશ્યો દેખાવા લાગ્યાં.

ચંચળ આટલી બધી ખૂબસૂરત કેમ? અને વીરાજી આટલો કદરૂપો કેમ? બંને રખડતાં—વંશ કે વાલી વગરનાં! ચંચળનું રૂપ ક્યાંથી આવ્યું? વીરાજીના રૂપ રહિત મુખનું કારણ ક્યાં? બંને વાઘરી જાતનાં તો હતાં જ. પછી આવો ભારે ફેરફાર કેમ?

નૃવંશવિદ્યાના કૂટ પ્રશ્નોનો નિકાલ કરવાની વીરાજીમાં શક્તિ ન હતી. ગમે તે પેઢીના ગમે તે પૂર્વજનાં રૂપ, રંગ, ગુણ ગમે તે વારસામાં ફૂટી નીકળે છે! અનિશ્ચિત રખડેલ જીવન ગાળતી કોમમાં એક બાજુએ રૂપરૂપનો ભંડાર ઊપજે; બીજી બાજુએ વરવાશના જ ગુણાકારો થતા ચાલે!

અને રખડેલ કોમ માટે જ આ સાચું? કે બધાંયને માટે?

વીરાજીની નિદ્રા અસ્થિર બની ગઈ. આંખ મીંચતાં બરોબર એને એનું પોતાનું જ મુખ નજરે પડતું. સ્વમુખની સ્મૃતિ મોટે ભાગે અલભ્ય હોય છે. આજ વીરાજીની સ્મૃતિ એના મુખ સિવાય બીજું કશું સંઘરતી જ ન હતી. પાસાં બદલ્યા કરતા વીરાજીને કોઈ ઢંઢોળતું હોય એમ એકાએક લાગ્યું. એ સ્પર્શ નાજુક હતો.

રોમાંચ ઉપજાવતા એ પરિચય સ્પર્શને વીરાજીએ ઓળખ્યો. ચંચળ તેને જગાડીને કહેતી હતી: 'વીરાજી! વીરજા! જાગ.'

'શું છે? જરી સૂઈ રહેવા પણ દેતી નથી?' વીરાજીએ કહ્યું.

'ચાલ ચાલ, ભાગી જઈએ! અહીં તો બધા ય એવા છે.'

'કોણ બધા?'

'શેઠથી માંડીને પડદા ઊંચકનાર સુધી બધા ય.'

'શું થયું?'

'જે થયું તે. ચાલને તું? મારે અહીં રહેવું નથી.'

'તે જા તારે જવું હોય તો! મારે શું એમાં?'

'એમ કે? સારું. હું જઈશ—એકલી.'

કહી ચંચળે પોટકું ઉઠાવી માથે લીધું અને સહુને સૂતાં મૂકી તે કોઈને ખબર ન પડે એમ બહાર નીકળી.

જરા આગળ જતાં જ તેને લાગ્યું કે તેની પાછળ કોઈ આવી રહ્યું છે. પઠાણ રખવાળ તો પાછળ નહિ પડ્યો હોય? એને તો સમજાવી લેવાય એમ હતું...ત્યારે વીરાજી પાછળ આવતો હતો શું?

ખરેખર, જૂનું હારમોનિયમ લઈ વીરાજી ચંચળ પાછળ આવતો હતો!

'ના કહેતો હતો અને કેમ આવ્યો?' ચંચળે પૂછ્યું.

'મને લાગ્યું કે તને એકલાં નહિ ફાવે.'

'મને તો એકલાં જ ફાવે છે. જો ને, એકલી ચાલી આવી ને?'

'ત્યારે મને તારા વગર નહિ ફાવે એમ લાગ્યું! એટલે હું તારી પાછળ ચાલ્યો આવ્યો.'

'આપણે જેમ રહેતાં હતાં એમ રહીશું અને માગી ખાઈશું.' કહી થોડા દિવસ માટે ચંચળ અને વીરાજી બીજે ગામ જતાં રહ્યાં. ચંચળ સામાં ઘરેણાં લઈ નાસી ગઈ હતી એવા આરોપો મૂકી કંપનીના માલિકે તેમની તપાસ કરાવી. પરંતુ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં વચ્ચે ફોજદારે માલિકને પૂછેલા કેટલાક પ્રશ્નો મૂંઝવણ-ભર્યાં લાગવાથી 'નાલીશબાજી' લાગ્યું કે અને એકાદ ફરેલ, છોકરી

ફોજદાર સામે વેર લઈશ એમ મનમાં કદી મન વાળી નાટક કંપનીના માલિકે ચંચળને પાછો ન લીધો.

*　　*　　*

થોડાં સાચાં ઘરેણાં ચંચળને મળ્યાં હતાં એ વાત એણે વીરાજીને પણ કહી. પરંતુ મૂર્ખાઓની મશ્કરી આર્થિક સહાયમાં ઉપયોગી થઈ પડતી હોય તો તે અજમાવવામાં ચંચળને પાપ લાગ્યું દેખાયું નહિ; અને એ જ મંદ હાસ્ય, સ્મિત, ચપળતાભરી વાત અને બીભત્સ રસની કદી કદી સીમાએ પહોંચતાં સૂચનો વડે એણે કૈંક સહેલાણીઓને બેવકૂફ બનાવ્યે રાખ્યા.

'દુનિયામાં બેવકૂફોનો પાર નથી.' એક વખત ચંચળે વીરાજીને કહ્યું.

બેવકૂફો સાથે રમતાં તું બેવકૂફ ન બની જાય એ જોજે.' વીરાજી સદા ય ચંચળની મસ્તીને ડારતો.

'તારે તો એની એ જ શિખામણની વાત. જોજે તો ખરો; હું પાંચેક વરસમાં લાખ રૂપિયા ભેગા કરી બેસી જઈશ.' ચંચળ કહેતી.

વીરાજીને લાખ રૂપિયા ભેગા કરવાની યોજનાઓ જડવા માંડી. વાઘરીના રુધિરમાં ચોરી હતી જ, અને ચંચળને માટે એ ભાવના રાજમહેલોમાંની ચોરીની ઉચ્ચ કક્ષાએ પહોંચી; એક કે બે રાજમહેલો ફાડી શકાય તો ચંચળની ધારણા પ્રમાણે રૂપિયા એકદમ ભેગા થાય? અલબત્ત, વીરાજીની યોજના હજી માનસ સૃષ્ટિમાંથી બહાર આવી ન હતી.

વીરાજી સાથે ભારે મૈત્રી અને સહેવાસ હોવા છતાં ચંચળ વીરાજીના હૃદયની ઉષ્માને ઉત્તેજી શકી નહિ. નીતિના સિદ્ધાંતોની એ બંને રખડેલ માનવીઓને ઝાઝી ભીતિ ન હતી, એટલે વીરાજીની ઘેલછાને જોઈ તે હસતી. પરંતુ વીરાજીના ભાવને એણે કદી ઉત્તેજન આપ્યું નહિ.

ખુલ્લા મેદાનમાં કે દેવાલયને ઓટલે બંને રાતે સૂતાં પડેલાં

પૈસા ગણી લે એટલે વીરાજી કોઈ વાર કહેતો : 'ચંચળ! એક વાત કહું ?'

'હું જાણું છું તારે શી વાત કહેવાની છે તે. મૂઆ, મોંમાં તો ઢંગ નથી અને મને વાત કહેવા નીકળ્યો છે!'

'હું તને મૂકીને ચાલ્યો જઈશ, હો ?'

'તે તને કોણે ના પાડી? જા ને, આ રસ્તો રહ્યો!'

વીરાજી કદી કદી જતો પણ ખરો, પરંતુ થોડા કલાકમાં પાછો આવી જતો.

'કેમ, જખ મારવા પાછો આવ્યો ?'

'તને એકલી મૂકતાં જીવ ન ચાલ્યો.'

'જો મારી જોડે રહેવું હોય તો એક વાત સમજી લે.'

'સમજી ગયો.'

'શી ?'

'લાખ રૂપિયા વગર મારી જોડે...'

'લાખ તો શું પણ દસ લાખ હોય તો ય તારે મારી આશા રાખવી નહિ!'

આમ કહ્યાં છતાં રિસાઈને બંને પાછાં ભેગાં થતાં. ધીમે ધીમે વીરાજીના હૃદયમાં રુધિરના અક્ષરે લખાયું કે ચંચળ કદી એનું મન મનાવે એમ નથી જ. તો ય કદી કદી રમત થઈ જતી, વીરાજીથી ચંચળને અડકાઈ જવાતું અને બદલામાં ચંચળની તમાચ પણ વીરાજીને સહન કરવી પડતી. ચંચળ કોઈથી ડરતી નહિ; વીરાજીથી પણ નહિ; જોકે બેત્રણ વાર ચંચળને ડરાવવાનો વીરાજીએ પ્રયત્ન પણ કરી જોયો.

અંતે વીરાજીએ કાંઈ પણ વાત ન કરતાં ચંચળની સામે તાકી તાકીને નિહાળવામાં જ સંતોષ સેવવા માંડ્યો. ચંચળે એનો પણ વિરોધ કર્યો એટલે રાત્રે ચંચળને મૂકી વીરાજીએ પાસેના બીજા દેવળમાં જઈ સૂવા માંડ્યું.

*                *                *

ચંચળ પણ જરા વિચારમાં પડી. એ કદરૂપો પુરુષ એને અંશતઃ ગમતો અને અંશતઃ એ તિરસ્કારપાત્ર લાગતો. એની મૈત્રી, સેવા અને વફાદારીનો વિચાર આવતાં ચંચળ રાજી થતી; પરંતુ એનું મુખ નિહાળતાં એનો એક પણ ગુણ આકર્ષક લાગતો નહિ. વીરાજીની ગેરહાજરી એને ગોઠતી નહિ; પરંતુ હાજરી યે એકાંતમાં અણગમતી બની જતી. વીરાજીએ રાત્રે રાત્રે અદૃશ્ય થવા માંડ્યું એટલે સાહસિક ચંચળે કુતૂહલપૂર્વક તેનો પીછો પકડ્યો. પાસેના દેવાલયમાં આવેલા ત્રણચાર બાબી સાધુઓની ધૂણી ધિકાવવા, તેમની ચલમો ભરી આપવા અને તેમની અર્ધ જ્ઞાનમય અને અર્ધ ક્રોધમય વાણી ભાવપૂર્વક સાંભળવામાં વીરાજી પોતાની રાત્રી વિતાવતો હતો એની ખાતરી ચંચળે કરી એક નિઃશ્વાસ નાખ્યો. સાથે સાથે સન્માર્ગે વળતા સાથીને નિહાળી તેને સંતોષ પણ થયો.

'ચાલો ! ના કહેવાથી એ મરવા નહિ જ પડે.'

પરંતુ સાધુની સોબતે વીરાજીની આંખમાં રહેલી લોલુપતા દૂર ન કરી એ તો ચંચળ સમજી ગઈ. અને તેમાં રસ્તે ગીત ગાતી વખતે થતાં ચંચળનાં નયનનૃત્યને વીરાજી એકાગ્રતાપૂર્વક જોઈ રહેતો ત્યારે ચંચળને કદી કદી ભય લાગતો. ચંચળ બળવાન હતી, વીરાજી સામે થઈ જતી હતી; છતાં વીરાજી શારીરિક બળમાં ચડિયાતો હતો એ વાત ચંચળ સમજતી હતી. અને હજી વીરાજીએ ચંચળને ફરિયાદનું કારણ આપ્યું ન હતું તો ય વીરાજીનો વિશ્વાસ પૂરો પડતો નહિ. આ બધી ગૂંચવણનું એક જ કારણ–વીરાજીનું મુખ ચંચળને જરા ય ગમે એવું ન હતું. જરા પણ મુખ ગમે એવું હોત તો ? બીજા બધાને રીઝવવાનું છોડી ચંચળ વીરાજીને રીઝવત.

એક વાર પાંચ દિવસ સુધી વીરાજી અદૃશ્ય રહ્યો. ચંચળ બાબીઓને પૂછવા ગઈ. બાબીઓનો મુકામ ત્યાંથી ઊપડી ગયો હતો. ચંચળને હૃદયચમકાર ઊપજ્યો : 'વીરાજી બાવો તો નહિ બની ગયો હોય ?'

બેત્રણ દિવસ ચંચળ વ્યગ્ર રહી. એને વીરાજી વારંવાર યાદ

આવવા લાગ્યો. વીરાજીનું સ્મરણ વીરાજીના દૃશ્ય જેટલું કદરૂપું કેમ ન લાગ્યું ?

વીરાજીની ગેરહાજરીનું એક બીજું પણ પરિણામ આવ્યું. ચંચળની સાથે રહેવા, ફરવા, ગાવા તથા દિવસરાત ગુજારવા અનેક રખડતા યુવાનો તત્પર હતા; અને રખડતા ન હોય એવા યુવાનો–અયુવાનો પણ આતુર હતા એની પણ ચંચળને ખાતરી થઈ. વીરાજીની હાજરી ઘણા ઘણા રસિકોને મૂંઝવણભરી થઈ પડતી હતી. અને ચંચળને વહેમ પણ આવ્યો કે વીરાજી પોતાના શારીરિક બળનો ઉપયોગ કરીને પણ ઘણા સમભાવી પુરુષોને દૂર રાખતો હોવો જોઈએ. વીરાજી ઘણી વાર માથું ફોડાવીને શા માટે આવતો તેની ચંચળને સમજણ પડી ગઈ.

ત્રણ દિવસ સુધી વિચિત્ર એકાંત અનુભવતી ચંચળે ચોથે દિવસે ક્રોધ અનુભવ્યો.

'કોઈ વખત નહિ અને આ વખત આમ મને એકલી મૂકી ભાગ્યો ? સારું થયું; પીડા પતી; એનું મોં જોવું મટ્યું !'

અને પાછળ ભમનારા મજૂરો, ગાડીવાન, પાનવાળા અને ગુંડાઓની પોતાની આસપાસ તેણે પાંચમે દિવસે ભરતી કરી, અને ગાયનનો જલસો પોતાના રહેઠાણની ખુલ્લી જગામાં રાખ્યો. અપૂજ શિવાલયમાં તેમનો નિવાસ હતો.

પરંતુ ચંચળ સાથે હાર્મોનિયમ વગાડનાર કોઈ જોઈએ જ. વીરાજી તો હતો નહિ; એક પાનબીડી વેચનારે હાર્મોનિયમ વગાડવાનું બીડું ઝડપ્યું; અને જોકે ચંચળને એ ફાવ્યો નહિ છતાં વીરાજીને સંભારી એના ઉપર ક્રોધ કરી એના વગર ચાલી શકે છે એમ બતાવવા ચંચળે જલસો ફળીભૂત બનાવ્યો–પોતાના ગીતનૃત્ય વડે !

પાછલી રાતે જલસો પૂરો થતાં કેટલાક લોકોએ ત્યાં જ સૂવાની તૈયારી બતાવી. પરંતુ કોણ જાણે ક્યાંથી પડછાયા સરખો વીરાજી ત્યાં સૂતેલો દેખાયો. એને જોઈ સહુએ ચાલ્યા જવાનું પસંદ કર્યું.

ચંચળના મુખ ઉપર સહજ વિજયસ્મિત ફરક્યું. પરંતુ એણે

વીરાજીને બોલાવ્યો નહિ. સવાર પડતાં જ જાણે એ વીરાજીને ઓળખતી ન હોય એમ પોતાને કામે લાગી. ગેરહાજર વીરાજી કરતાં હાજર રહેલો વીરાજી વધારે ખરાબ લાગ્યો. ચંચળને અણગમો શરૂ થયો.

વીરાજીએ પણ જાણે કશું બન્યું ન હોય એમ ચંચળ સામે જોવા માંડ્યું. ચંચળે વીરાજીને ગણકાર્યો નહિ એટલે એણે પાસે પડેલું હાર્મોનિયમ લઈ આંગળીઓ ફેરવવા માંડી.

ચંચળ ઈંટના ચૂલા ઉપરની કલેડીમાં રોટલો શેકતી હતી અને છૂપી રીતે વીરાજી તરફ જોઈ લેતી હતી. હાર્મોનિયમ વગાડતા વીરાજીની નજર હાર્મોનિયમ તરફ હતી જ નહિ. એની આંખો ચંચળના પ્રત્યેક હલનચલનને પીતાં ધરાતી ન હોય એમ ચંચળ ઉપરથી ખસતી જ ન હતી. બોલ્યા વગર લાંબો વખત રહેલી ચંચળથી છેવટે કહેવાઈ ગયું : 'આંખો સખની રાખ, નહિ તો ધોલ ખાઈશ !'

'તે હું શું કરું ? ના કહું છું તો ય આંખો તારા ભણી દોડે છે.' વીરાજીએ જવાબ આપ્યો.

'આંખો માનતી ન હોય તો ફોડી નાખ.' ચંચળે ઇલાજ બતાવ્યો. જવાબમાં વીરાજીએ હાર્મોનિયમ ઉપર વગાડી ગાયું :

'યે દો નયનાં મત ખાઈઓ, પિયામિલનકી આસ.'

* * *

એ આશાનું પરિણામ ધોલમાં આવ્યું. વીરાજીએ ચંચળની ધોલ ઘણી વખત ખાધી હતી; વર્ષોથી ખાધી હતી. પરંતુ આજ તેનું અભિમાન ઘવાયું. તેના મુખ ઉપર ક્રોધ છવાઈ રહ્યો. ચંચળનું ગળું પકડી દબાવી દેવાની વૃત્તિ વીરાજીએ રોકી. પરંતુ ચંચળને એનો હિસાબ ન હતો. એ ખડખડ હસી અને વીરાજીના કદરૂપા દેખાવને એના પૂર્વજો સાથે જોડવાનું સાહસ કરવા લાગી. પ્રેમી વીરાજીને ચીડવવામાં અપ્રેમી ચંચળને બહુ મજા પડતી હતી. વીરાજીની વફાદારી ચંચળને ગમતી હતી, પરંતુ એનો પ્રેમ ગમતો ન હતો; કારણ એનું મુખ ગમે એવું ન હતું. અને જગતના પ્રેમીઓએ

એક વસ્તુ યાદ રાખવાની જરૂર તો છે જ કે ન ગમતું મુખ પ્રેમપ્રેરક તો નથી જ.

વીરાજીને થયેલા ઘામાં આમ ચંચળે લૂણ ભર્યું. અલબત્ત, ચંચળ પણ કુળવિશુદ્ધિનું અભિમાન રાખી શકે એમ હતું નહિ. ચંચળના રૂપાળા મુખ પાછળ કંઈક ઊંચી કોમો, કંઈક સત્તાધીશો અને કંઈક વિશુદ્ધ મનાતા પુરુષોની પરંપરા ઊપડી આવતી હતી. શિકારે આવેલો સાહેબ, મહેસૂલ ઉઘરાવતો મામલતદાર, પીઠાવાળો પારસી, જ્ઞાન ફેલાવતો બ્રાહ્મણ, આશીર્વાદ આપતો તપસ્વી અને નીતિ વહેંચતો શહેરી સુધારક : એ સહુનાં નામ ચંચળના રૂપને અંગે વીરાજી ઉચ્ચારી શકે એમ હતું. અને...અને...વાસનાવશ માનવી વનચર કરતાં કેવી રીતે ચડિયાતો ગણાય? પછી એ માનવી મહેલમાં રહેતો હોય કે મંદિરમાં!

વીરાજીના મુખ ઉપર ક્રૂર દઢતાની રેખા ઊપડી આવી. પૈસા ગણવાનું બહાનું જ હતું. ચંચળને તો વીરાજી સાથે વાતો કરવી હતી; અને વાતમાંથી એને ચીડવી વધારે પાસે લાવવો હતો — જોકે એના મુખની નિકટતા ચંચળને નહોતી ગમતી. ચંચળે જોયું કે વીરાજી ઊભો થયો છે, અને તેની પાસે આવી રહ્યો છે. વીરાજીની એને બીક તો ન હતી. છતાં કોઈ કોઈ વાર આ સામર્થ્યશાળી યુવકનું બળ તેને વ્યાકુળ બનાવતું ખરું. સહુની સાથે મારામારી કરવા તૈયાર રહેતો વાઘરી ચંચળ પ્રત્યે હિંસક આક્રમણ કરે પણ ખરો!

'કેમ ઊભો થયો? મારામારી કરવી છે?' ચંચળે પૂછ્યું.

'એમાં હું તને નહિ પહોંચું. પેલો રોટલો બળી જાય છે એ ઠીક કરવા હું ઊભો થયો છું.' વીરાજીએ ક્રોધ સમાવી કહ્યું.

'બેસ હવે, કર્યું તેં ઠીક.' કહી ચંચળે રોટલો ફેરવ્યો.

વીરાજી બેઠા — પરંતુ ચંચળની બહુ જ નજીક આવીને બેઠા. એના અણગમતા મુખ ઉપર કાંઈક એવી સખ્તી હતી કે ચંચળનું ધ્યાન એ તરફ દોરાયા વગર રહ્યું નહિ.

'આજે હું પાંચ દિવસે પાછો આવ્યો છું.' વીરાજીએ કહ્યું.

'તે શું કરવાને આવ્યો? કોણે કહ્યું હતું? ધમકાવવા આવ્યો છે, નહિ?' ચંચળે વીરાજીને સામો ધમકાવ્યો.

'ના; એક વાત નક્કી કરવા આવ્યો છું.'

'હું તારું ઘર માંડું અને તારો સંસાર ચલાવું, એમ? એ કદી બનવાનું નથી.' વીરાજી શું માગશે એ સમજીને જ ચંચળે નિકાલ કર્યો.

'કારણ? મેં તારી પાછળ જીવ આપવો બાકી રાખ્યો છે. તને ખબર નહિ હોય કે મેં તારી સાથે રહેવા માટે શું શું જતું કર્યું છે.' વીરાજીએ ધીમે ધીમે પણ લોખંડના રણકારા સરખા અવાજે કહ્યું.

'ભોગ તારા! એમાં હું શું કરું?'

'એટલે એમ કે હવે તને મારો ખપ નથી; ખરું ને? ગઈ

'રાતનો જલસો મારા વગર થઈ શક્યો.'

'તેં જોયો તો ખરો!'

'અને હું જઈશ પછી...'

'મને મન ફાવશે તેની જોડે રહીશ. છે કાંઈ કહેવું?'

'કાંઈ કહેવું નથી; હું અત્યારે જ ચાલી નીકળું છું.'

'જમીને પછી જજે.'

'હવે જમવાનું ભાવતું નથી.'

'ઓ મૂરખ! તને ખબર છે કે તારા માટે મેં શું શું જતું કર્યું છે તે?'

'હશે. પણ છેવટે તો મીંડું જ ને?'

'જરા સારું મોં લઈને ન અવતર્યો?' કહી ચંચળ હસી અને એકાએક લૂગડાનો છેડો આંખે દાબી રોવા લાગી.

વીરાજીએ લાકડાં સંકોર્યાં અને પાસે પડેલાં તણખલાં ચૂલામાં નાખવા માંડ્યાં. ભડકો થવાને બદલે વધારે ધૂણી થઈ અને ચંચળે આંખ લૂછી ચૂલામાં લગભગ મોં ઘાલી ફૂંક મારવા માંડી.

વીરાજી ત્યાંથી ઊઠી ઊભો થયો અને સહજ દૂર ગયો.

એકાએક ચંચળે બૂમ મારી : 'વીરાજી, વીરાજી! જો ને, મારી આંખમાં કેમ બળતરા બળે છે?

'મારું અણગમતું મોં તારી સામે છે એથી.' વીરાજીના મુખ ઉપર ક્રૂરતા હતી.

'મશ્કરી નથી. આ તો મરચાં આંજ્યાં જેવું બળે છે.' ચંચળે આંખો ચોળતાં કહ્યું.

'તારી આંખ એને જ લાયક છે.' વીરાજીએ કહ્યું.

'મૂઆ! કાંઈ કર્યું કે શું?'

'વીરાજીનું મોં તને કદી ન દેખાય એવું કર્યું છે.'

'મારાથી ખરેખર કશું દેખાતું નથી. વીરાજી!...' કહી ચંચળ ઊભી થઈ બાથોડિયાં ભરવા લાગી. બાવરી બનેલી ચંચળને લાગ્યું કે તેની દૃષ્ટિ અલોપ થતી જાય છે.

'તે તું જાણે. જે દેખાય તેને શોધી કાઢજે અને તેની જોડે રહેજે. હું તો આ ચાલ્યો.' વીરાજીએ કહ્યું, અને ખડખડ હસવા માંડ્યું.

'વીરાજી! ના જઈશ. મારી આંખો ફોડીને તું ક્યાં ચાલ્યો?' ચંચળે ક્રોધ અને લાચારીભર્યા રુદન વચ્ચે કહ્યું.

'ખાખીઓ ભેગો.'

'જરા ઊભો રહે...'

'મારું અને તારું એમ બંનેનાં કામ પૂરાં થયાં. હવે હું ઊભો રહું?' કહી વીરાજી ભાગ્યો. ચંચળે બૂમો પાડી, ચીસો પાડી, રુદન કર્યું, માથાં કૂટ્યાં. બીજે દિવસે કોઈ સહાનુભૂતિવાળો સંગીત મિત્ર એને દવાખાને લઈ ગયો. દવાખાને જાહેર થયું કે ચંચળની આંખો કાયમની ગઈ છે, અને કોઈ અજાણ્યા ઝેરની ધૂણીએ એની દૃષ્ટિ હરી લીધી છે. એનો ઇલાજ જ નથી.

સહાનુભૂતિવાળા સંગીતમિત્રોને અંધ સ્ત્રીનું ભારણ જોઈતું ન હતું. માનવી દયાળુ છે; પરંતુ એ દયા દૂર રહે રહે કરવામાં જ માનવીને ફાવટ આવે છે. ચંચળને ઝડપથી એના રહેઠાણમાં મૂકી

દયાળુ મિત્રે ફરજ બજાવી; પરંતુ એથી આગળ વધી આંખ ખોઈ બેઠેલી ચંચળે શું કરવું તેનો માર્ગ કોઈએ બતાવ્યો નહિ. લોકો જોઈ ગયા, એની ખબર પૂછી ગયા, એની આંખ ફોડનાર દુષ્ટ ઉપર ગાળોનો વરસાદ વરસાવી ગયા. પરંતુ કોઈએ એને ન પૂછ્યું કે એનું ભાવિ એ કેમ ઘડવાની છે! બેચાર શોખીનો સંગીતની માગણી કરી ગયા પણ ચંચળે તેમને ગાળો દઈ રવાના કર્યા. વગર જવાબદારીએ ચંચળ પ્રત્યે પ્રેમચેષ્ટા કરવાની હિંમત કરનાર એના જૂના વખાણનારાઓને એણે ધોલઝાપટથી દૂર કર્યા અને અપંગ બનેલી ચંચળ આમ તદ્દન એકલી બની ગઈ.

* * *

આઠ દિવસે કોઈએ એને ખાવાનું પૂછ્યું. ક્રોધ, દુઃખ અને નિરાધાર પણાની લાગણીનો આવેગ જરા હલકો પડતાં એને સમજાયું કે એનો દેહ પોષણ માગી રહ્યો છે. એણે ખાવાની હા પાડી.

પછી તો રોજ કોઈ ને કોઈ માણસ એને બે વાર જમાડવા આવતો. કેટલેક દિવસે એણે એ માણસને પૂછ્યું : 'તમે કોણ છો?'

'તારે શું કામ છે?'

'વીરાજી તો નહિ ને?'

'વીરાજી? ના રે ના! હું તો નગરશેઠનો નોકર છું. ગામમાં કોઈ ભૂખ્યું ન રહે એ જોઉં છું.'

ગામની ભૂખતરસ ભાંગના નગરશેઠો આજ તો અદૃશ્ય થઈ ગયા છે. છતાં ચંચળે એ કથન માન્ય કર્યું.

'ચાલ, હું તને કૂવે લઈ જાઉં અને નવરાવું.' કોઈ માણસે આવી ચંચળને કહ્યું. ચંચળ એનો હાથ ઝાલી કૂવે નાવા ગઈ. એ માણસે ચંચળને બદલવા માટે ચોખ્ખો ધોયેલો સાલ્લો આપ્યો.

'તમે વીરાજી તો નથી?'

'વીરાજી? મને ખબર નથી. હું તો અપૂજ દેવોની પૂજા કરું છું. તને જોઈ એટલે એમ થયું કે નવરાવું. દેવાલયમાં વગર નાયે રહેવાય?'

ચંચળે દોરી જનાર માણસના હાથ ઉપર હાથ ફેરવી જોયો.

પેલા માણસે જરા સખ્તાથી કહ્યું : 'જો બાઈ! બીજું ત્રીજું તોફાન આપણી પાસે નહિ ચાલે.'

'હું તોફાન નથી કરતી. હું તો જોઉં છું કે તમે વીરાજી તો નહિ હો!'

'વીરાજી કોણ મૂઓ છે, વળી?' પેલો પવિત્ર માણસ બબડ્યો.

થોડે દિવસે એક માણસે આવી પૂછ્યું : 'ચંચળ! આજે ગાવા આવીશ?'

'મારે આંખ તો છે નહિ; હું શી રીતે આવું?' ચંચળે કહ્યું.

'કોઈ તને દોરી લાવશે.'

'એમાં શો રસ પડશે?'

'બહુ દિવસથી તને સાંભળી નથી. તું જરૂર આવજે. હું માણસ મોકલીશ.' સંધ્યાકાળે એક માણસે આવી ચંચળને જલસામાં લઈ જવા દોરવા માંડી. ચંચળના હાથમાં લાકડી આપી આગળનો છેડો ઝાલી પેલો માણસ ચંચળને દોરી જતો હતો. રસ્તામાં ચંચળે પૂછ્યું : 'વગાડનાર કોઈ છે?'

'જોઈએ એટલા—સરસ.' પેલા માણસે જવાબ આપ્યો.

'એકાદ બેનાં નામ?'

'હુસેન, મહાડકર, અવિનાશ...'

'વીરાજી કરીને કોઈ છે ત્યાં?'

'વીરાજી? જાણ્યામાં નથી.'

ચંચળે નિઃશ્વાસ નાખ્યો. જલસો પતી ગયો. ચંચળનાં વખાણ થયાં. પાંચેક રૂપિયા પણ તેના હાથમાં પડ્યા. પરંતુ એને લાગ્યું કે વીરાજીના હાર્મોનિયમ વગર એનો કંઠ બરાબર ખીલી નીકળ્યો નહિ. ચંચળને દોરી એક માણસ પાછો એને શિવાલયમાં લઈ ગયો.

એક રાત્રે ચંચળને લાગ્યું કે એની નજીક માનવપગનો સંચાર સમજાય છે.

'કોણ હશે? ચંચળે પૂછ્યું. એને સોબત તો જોઈતી હતી.

અપંગ આંખવાળી આને કોઈ અડપલું તો ન જ કરે એની એને ખાતરી હતી. જોકે એને નવાઈ લાગ્યા કરતી હતી કે એને સંભાળનાર, એને પૂછનાર, હજી કેટલાંક માણસો હતાં ખરાં.

કોઈએ પ્રશ્નનો જવાબ ન આપ્યો. ચંચળે ધાર્યું કે શિવાલયમાં ભૂત પણ કદાચ ફરતાં હોય! અહીંના ભૂત પણ સારાં હતાં. અને એની આંખ ગયેલી હતી એટલે ભૂત હોય તોપણ એને દેખાય એમ હતું નહિ.

થોડી વારે માનવધસારો વધારે સ્પષ્ટ થયો અને એની આસપાસ લાકડીના ફટકા પડતા એણે સાંભળ્યા.

'શું છે? કોણ છે?' ચંચળે પૂછ્યું.

'કાંઈ નહિ. એ તો તારી બાજુએ થઈને સાપ ગયો એને પૂરો કર્યો.'

'ભલા ભગવાન! એને માર્યો શા માટે?'

'નહિ તો તને કરડી જાત.'

'સારું થાત! હશે, જે થયું તે થયું. તમે કોણ છો?'

'હું વટેમાર્ગુ છું. સવારે ગામમાં ચાલ્યો જઈશ.'

'તમે વીરાજી તો નહિ ને?'

'વીરાજી? ના ભાઈ. કોણ છે એ વીરાજી?'

'છે એક જણ. મારા મનમાં કે એ અહીં સૂતો હશે.'

'મારા સિવાય અહીં બીજું કોઈ છે જ નહિ. ગભરાતી તો નથી ને?'

'ના રે ના. અમારે આંખ વગરનાંને ગભરાટ શો? જે દેખતાં હોય એ બધાંય આંખ તે અમારી આંખ!'

'તે તારે આંખ નથી?'

'ના.'

'જનમથી જ નથી?'

હમણાં જ ગઈ.'

'બળિયા નીકળ્યા હતા કે કાંઈ વાગ્યું હતું?'

'તમારે આટલી બધી પૂછપરછનું કાંઈ કારણ ?'

'કારણ તો કશું ય નહિ. આસપાસના લોકો વાતો કરે છે કે એક બાઈની આંખ એના જ સાથીદારે ફોડી નાખી. મારા મનમાં કે તું જ એ હોઈશ.'

'ના, એ હું નહિ.'

'સાચી વાત કહીશ તો સુખી થઈશ. અને તેં જે વીરાજીનું નામ લીધું ને, એ જ નામ એ ગુનેગારનું આવે છે.'

'મારે સુખી યે થવું નથી. અને...તમે તે સાપ માર્યો, કે નાગ બની તમે મને ડસવા આવ્યા છો ?'

'હું તો પોલીસનો માણસનો છું. વીરાજીએ તારી આંખો ફોડી નાખી એની ચકચાર ચાલી અને તપાસમાં બધું જ ખરું નીકળ્યું. તું હવે જો ખરી વાત કહે તો બસ થઈ જાય, અને વીરાજીને ભારે સજા થાય.'

'ક્યાં છે વીરાજી ?'

'કેદમાં સ્તો. હજી સજા થઈ નથી. પણ...

'એને છોડી દો. મારી આંખો એણે ફોડી જ નથી.'

'એણે નહિ તો કોણે ફોડી ?'

'જાય છે કે નહિ અહીંથી, રોયા ? મને ફોસલાવવા આવ્યો છે, ખરું ને ?' કહી ચંચળે પાસે પડેલો એક પિત્તળનો પ્યાલો છૂટો ફેંક્યો, અને આખી રાત એ એકલી જ જાગતી રહી. સવારમાં કોઈએ આવીને પૂછ્યું :

'ચંચળ ! તારે આ વાજું વેચવું છે ?'

'ના; એ મારું ન હોય. વીરાજીનું છે.'

'વીરાજી તો ગયો. કાઢી નાખ ને હવે ?'

'અંહં.'

'સારા પૈસા આપીશ.'

'મારે પૈસા ન જોઈએ.'

'ત્યારે ?'

'વીરાજી આવીને લઈ જાય તો આપું.'

'મને જોવા તો દે ?'

'તમને વગાડતાં આવડે છે ?'

'હા.'

'જોઉં, વગાડી જુઓ...પણ પાછું મૂકતા જજો.'

'એમ ? વિશ્વાસ નથી આવતો ? લાવ.' કહી ચંચળના હાથમાંથી વાજું ખસેડી એણે વગાડવા માંડયું.

ચંચળે ધ્યાનથી સાંભળ્યું અને ડોકું ધુણાવ્યું.

'કેમ ? ના ગમ્યું ?' પેલા વેચાતું લેવા આવનાર માણસે પૂછયું.

'ગમ્યું. પણ...પણ એ હાથ ન હોય.'

'એ હાથ એટલે ?'

'કાલે ફરીથી આવજો. હું વાજું વેચું પણ ખરી.'

'પણ પાછી ફરી જઈશ ત્યારે ?'

'નક્કી ન કહેવાય. હું વિચાર કરી જોઈશ. એટલામાં વીરાજી આવી ચડે તો...'

'હવે એ ન આવે.'

'કાલે આ વખતે આવજો ને!' કહી ચંચળે વાત પતાવી દીધી અને હાર્મોનિયમ પોતાની પાસે ખેંચી લીધું.

હાર્મોનિયમને વખોડી કાઢવા છતાં તેને સતત વાપરનાર ઘમંડી સંગીતકારો અને એનો બહિષ્કાર કરવાની વાનરચેષ્ટા કરતા રેડિયોના દોઢડાહ્યા કલાકારોનો શાસ્ત્રીય દંભ ચંચળમાં ન હતો. એને હાર્મોનિયમ ગમતું હતું. એમાંથી શ્રુતિ સાફ નીકળે છે કે નહિ એના વાદવિવાદમાં એ કદી પડી ન હતી. એના કંઠની સઘળી કુમાશ વીરાજીની આંગળીઓ આ વાજામાંથી ઉપજાવતી હતી એટલી એને ખબર હતી. એણે હાર્મોનિયમ ઉપર વહાલથી હાથ ફેરવ્યો.

આખો દિવસ અને રાત એને ગાવાની પ્રબળ વૃત્તિ થઈ આવી. એણે આછુંઆછું ગાયા જ કર્યું.

પ્રભાતમાં જ તેણે ભૈરવી શરૂ કરી – ભૈરવી સાંભળવા એક

વખત અનેક શોખીનો શહેરમાં ભેગાં થતાં હતાં.

અખિયાં હરિદરશનકી પ્યાસી.
નંદ લગાય ત્યાગ ગયે તનકો,
ડાર ગયે ગલે ફાંસી—
અખિયાં હરિદરશનકી પ્યાસી.

પ્રભાતની શાન્તિ અને મેદાનના વિસ્તારમાં ચંચળના અશિક્ષિત છતાં મધુર સૂર ફેલાઈ રહ્યા.

જરા વારમાં એને લાગ્યું કે પાસે કોઈ બેઠું બેઠું એનું ગીત સાંભળે છે. એણે ગીત બંધ રાખ્યું.

‘પછી શો વિચાર કર્યો, ચંચળ ?’ પ્રશ્ન થયો.

‘કોણ છો, ભાઈ તમે ?’

‘એ તો હું; હાર્મોનિયમ લેવા આવ્યો હતો ને, તે.’

‘આટલા વહેલા ?’

‘સોદામાં વાર શી ?’

‘પણ તમને આ વાજું ફાવશે નહિ. એ પણ માનવીને કળી જાય છે.’

‘એ તો હું વાજાને મનાવી લઈશ.’

‘તમને ગાતાં આવડે ખરું કે ?’

સાધારણ. વાજું લીધા પછી વધારે શીખીશ.’

‘તમે ગાઓ તો ખરા ?’

‘તારી ભૈરવી પહેલી પૂરી કર; પછી હું વિચાર કરીશ.’

‘સાથ આપશો ને જરા ?’

‘જોઉં.’

કહી નવા આવનાર માણસે હાર્મોનિયમ લીધું અને ચંચળે ભૈરવી પૂરી કરી :

સૂર શામ પ્રભુ તિહારે મિલનકો
લઈઓ કરવત કાસી—
અખિયાં હરિદરશનકી પ્યાસી.

ગીત અને હાર્મોનિયમની મિલાવટ શોખીનોની બાષામાં ગજબ 'અચ્છી' થઈ. ગીતના વાતાવરણને લંબાવવા બેમાંથી કોઈ થોડી વાર સુધી બોલ્યું જ નહિ.

તું કહે તો હું તારો સાથ કરું. આપણે...જો મને હાર્મોનિયમ આપે તો પહેલાં તું ફરતી એમ હું તને ફેરવું.'

ચંચળના મુખ ઉપર સ્મિત ફેલાયું.

'હાર્મોનિયમ તારું જ માનજે.' ચંચળે કહ્યું.

'કેમ ? વગર પૈસે ?'

ચંચળની દૃષ્ટિ–બાહ્ય દૃષ્ટિ બંધ હતી છતાં અવાજ ઉપરથી હાથ લંબાવી ચંચળે પેલા પુરુષનો હાથ પકડી લીધો અને કહ્યું : તારું હાર્મોનિયમ, અને તારે પૈસા આપવાના ?'

'મને ઓળખ્યા વગર શાની હાથ પકડે છે? હું કોણ છું ?'

'તું ? તું વીરાજી છે. લુચ્ચા ! મને મૂકીને આમ નાસી જવાય?'

'અરે...પણ...તું તો દેખતી નથી ને ?'

'તને દેખું છું...'

'ખરેખર ? ઓ ભગવાન ! મને તો લાગ્યું કે તારી આંખો બિલકુલ ગઈ.'

'એમ જ છે. આંખે દેખતી નથી, પણ હું તને ઓળખું છું. તારા વગર મને રોટલો કોણ ખવરાવે, કોણ નવરાવે, કોણ ફેરવે અને કોણ ગવરાવે ? હવે જતો ન રહીશ. હું ક્યારની તને ઓળખી ગઈ છું.'

* * *

વીરાજી પકડાઈ ગયો, પરંતુ એના હૃદયમાં બીજો ઘા પડ્યો. ખાખીઓની સોબતમાં એણે થોડા વિષપ્રયોગો શીખી લીધા હતા, અને ધતૂરાના ઉપયોગમાં એણે સ્વમાન શોધ્યું. ગુરુએ બતાવેલું. ધતૂરાનું પ્રમાણ વીરાજીને હાથે વિષમ બની ગયું અને દેવતામાં નાખેલું ઝેર આંખને ક્ષણિક–આઠક દિવસની અસર કરવાને બદલે કાયમની અસર કરી ગયું. સતત ચોકી રાખતા વીરાજીએ જોયું કે

તેની વિરૂપતાનું વેર જીવનપર્યંત પહોંચે એવું ઘેરું બની ગયું છે. ચંચળને આખો જન્મારો અંધ રાખવાની વીરાજીની ઇચ્છા હતી જ નહિ. અને છતાં પોતાનું મહત્ત્વ દર્શાવવા જતાં ચંચળની આંખો એ પ્રેમીને જ હાથે ફૂટી !

'એમાં તું રડે છે શાનો ? સારું થયું મારી આંખ ગઈ તે !' ક્લેશમાં ગરકાવ થયેલા વીરાજીને એક દિવસ ચંચળે કહ્યું.

'શું સારું થયું ?'

'તારે માટે નહિ, મારે માટે સારું થયું.'

વીરાજીએ ડૂસકું ખાધું. ચંચળે વીરાજીનો કાળો હાથ સ્નેહથી પોતાની આંગળીઓમાં સમાવ્યો અને જવાબ ન આપતા વીરાજીને ચંચળે પોતાના હૃદયની વાત કહી.

'તારે માથે તો હું ભારણરૂપ બની છું, પણ મને આંખો જતાં વીરાજી ગમતો થઈ ગયો. તારી અને મારી વચ્ચે એ આંખો જ આવતી હતી, નહિ ?' ચંચળે કહ્યું.

વીરાજીએ તો ય કશો જવાબ ન આપ્યો.

પરંતુ વર્ષો થયાં અંધ ચંચળના દેહને અને જીવનને વીરાજી જરા ય કંટાળ્યા વગર દોર્યે જાય છે. પૈસા ખૂટે છે એટલે હામોં- નિયમને ઊંચકી ચંચળને અતિશય નાજુકીથી દોરી કદરૂપો વીરાજી શેરીઓમાં ફરે છે. ચંચળને રસોઈ કરી જમાડવી, પાણી ભરવું, ઘર સાફ રાખવું એ બધું ય વીરાજી કરે છે અને ચંચળ એમાં જોર કરીને ભાગ પડાવવા જાય ત્યારે પ્રેમથી એને ઊંચકી દૂર બેસાડી એ ગાય છે :

'યે દો નયના મત ખાઈઓ, પિયામિલનકી આસ.'

એ બન્ને પરણ્યાં કે નહિ તેની કોઈને ખબર નથી. બન્ને ભેગાં જ રહે છે અને ચંચળના સ્મિતથી અપૂજ દેવની ઓસરી ઉજ્જવળ રહે છે. સહુ કોઈ માને છે કે એ બન્ને પતિપત્ની છે. જીવનમાં વધારે વિધિની જરૂર છે ખરી ? અલબત્ત, વીરાજીનું નામ

ચંચળ બહુ વખત ઉચ્ચારતી નથી. એના રૂપાળા મુખ ઉપર હજી પણ એ નામ ઉચ્ચારતાં લાલાશ આવી જાય છે.

જીવનમાં ઘણી યે વાર રૂપ અને પ્રેમ વચ્ચે પસંદગી કરવાની જરૂર પડે છે—રૂપાળાં મોહક યુગલોને પણ.

અને રૂપ એટલે ? દેહ કે દિલ ?

# સ્વર્ગદ્વાર

મારી આંખ ઊઘડી ત્યારે હું સ્વર્ગના દરવાજા આગળ ઊભો હતો.

પરંતુ દરવાજા બંધ હતા !

સ્વર્ગની આસપાસ અવનવી કિલ્લેબંદી હતી—જાણે મધ્યયુગનો કોઈ રજવાડી ગઢ ! પરંતુ પૃથ્વી પરના ગઢ કરતાં એ ઘણો મોટો, અતિ વિસ્તૃત, નજર પણ ન પહોંચે એવો વિશાળ !

કિલ્લાની પાછળ અનુપમ પ્રકાશ ઝબકી રહ્યો હોય એવો ભાસ થતો હતો. સુંદર ગાનના ભણકારા પણ વાગ્યા કરતા હતા. સ્વર્ગ એટલે પરમ સુખનું સાતત્ય ! દરવાજો ઊઘડે અને હું અંદર જાઉં એટલી જ વાર ! પછી સંગીત, નૃત્ય, અમૃત, સૌન્દર્ય, ઇન્દ્રધનુષ્યનાં વિમાન, ચંદ્રતેજના ફુવારા...

પણ હજી કેમ કોઈ દરવાજા ઉઘાડતું ન હતું ? હું તો ક્યારનો અહીં ખોટી થાઉં છું.

બૂમ પાડું ?

'ખોલો, ખોલો, અય સ્વર્ગના દરવાનો ! દરવાજા ખોલો.'

મેં બૂમ મારી. જવાબ મળ્યો ? ના, ના. એ તો પડઘા પડે છે મારી જ બૂમના !

'ક્યાંથી ? હું ક્યાં છું ? ક્યાં ઊભો છું ? એ તો ચોક્કસ જ છે કે મારી સામે સ્વર્ગના જ દરવાજો ખડો છે ! તેજભર્યા અક્ષરે અહીં લખ્યું છે ને ?—

'સ્વર્ગ.'

ધનિકો અને શોખીનો પોતાના બંગલા, બાગ અને બગીચાને નામ આપે છે અને સુશોભિત પાટિયાં ચોડી એ નામને જગજાહેર કરે છે. મારા બંગલાનું મેં શું નામ આપ્યું હતું ?

...કુટિર...કેવી કુટિર ? હાં હાં; યાદ આવ્યું. એનું નામ તો 'માયામહૂલી !'

સ્વર્ગનું અનુકરણ પૃથ્વી કરે છે કે પૃથ્વીનું અનુકરણ સ્વર્ગ ? સ્વર્ગ પણ સુધરેલું તો હોવું જ જોઈએ. આ અક્ષરો વગર ખબર શી પડે કે સ્વર્ગ આ જ છે ?

કેટલો વિચાર કરીને મેં એ નામ આપ્યું હતું ? દયાદેવળ, મહેમાનમંદિર, ધર્મધામ ને કરુણાકુંજ જેવાં પાટિયાં પણ ચિતરાવ્યાં હતાં. એ બધું કાઢી નાખી અંતે મેં મારા નિવાસનું નામ 'માયા-મહૂલી' રાખ્યું ! કેવું સાદું, અભિમાન રહિત નામ ? મારી સાદાઈ, મારું નિરભિમાન, મારી દયા, મારી મહેમાનગીરી, મારાં ધર્મકાર્યો, અને...અને...મારી કરુણા...મને અહીં સ્વર્ગના દ્વારે પહોંચાડે છે, નહિ ?

પણ આ દરવાજા કેમ હજી ખૂલતા નથી ? મેં કેટલી વાર બૂમ પાડી હશે ? અમુક સમયે જ દરવાજા ખૂલતા હશે ? કશું નિયમિતપણું તો હોવું જ જોઈએ. પરંતુ માનવીનાં મૃત્યુ ઓછાં નિયમિત હોય છે ? સ્વર્ગને પાત્ર માનવીઓ માટે તો દરવાજા ખુલ્લા જ રાખવા જોઈએ. આમ આવનાર મહેમાનોને બહાર બેસાડી મૂકવાનો રિવાજ પૃથ્વી ઉપર તો ઉપયોગનો છે; એથી કામની ભારે સરળતા થાય છે. પણ સ્વર્ગમાં યે આવો પાર્થિવ વ્યવહાર ? અંદર ગયા પછી એ સંબંધમાં મારે ચળવળ ચલાવવી પડશે.

વખતે દરવાનો સૂતા હોય ! અમૃત પીવાનો તેમનો સમય થયો હોય ! અમૃતની પણ જુદી જુદી વાનીઓ બનતી હશે, નહિ ? કે પછી શરબતની માફક એ પ્રવાહી અમૃત જ પીધા કરવાનું ? એનો કેવો સ્વાદ હશે ? મધને મળતો ? લીંબુની સહજ ખટાશ એમાં ખરી કે નહિ ? અગર શૅમ્પેનનો સ્વાદ – ભણકાર તો એમાં નહિ.

હોય ? એકલી મીઠાશ જ એમાં ભરી હોય તો પેલી કહેવત ખોટી નહિ પડે ? અમૃત પીતાં હું તો ધરાઈ જાઉં – જો એ માત્ર મીઠાસને જ અર્ક હોય તો ?

મને જરા દરવાજો ઠોકવા દો ! ત્યાર વગર એમને ખબર નહિ પડે કે સ્વર્ગનો એક અધિકારી દરવાજા બહાર વગર કારણે સમય વિતાવતો રોકાઈ રહ્યો છે ! પૃથ્વીના સરખો અહીં 'કોલ બૅલ' કેમ નહિ રાખ્યો હોય ?

આ શું ?

દરવાજા રૂના બન્યા છે શું ? હું હાથ પછાડું છું છતાં જાણે હાથે કશું અડકતું જ ન હોય એમ કેમ લાગે છે; આ ભવ્ય કલામય દરવાજાને હું મારી આંખથી તો જોઈ શકું છું ? મારી ત્વચાનો સ્પર્શ એને કેમ થતો નથી ?

મારાથી પહોંચાયું ત્યાં લગીના ભાગને હું ઠોકી ચૂક્યો ! અવાજ તલપૂર પણ થતો નથી !

છતાં સ્વર્ગનૃત્યોની ઘૂઘરીઓનો છમછમાટ હું સાંભળું છું ! દિવ્ય વાદ્યોનાં ગુંજન મને કંપાવે છે ! શા માટે આ દ્વાર ખૂલતાં નથી ?

'દ્વારપાળ ! દ્વારપાળ !'

મારી જ બૂમ મને પાછી મળે છે ! એક જ બાજુએથી નહિ, ચારે બાજુએથી ! માત્ર સ્વર્ગમાંથી કોઈ મને જવાબ આપતું નથી. ક્યાં સુધી મારે ખોટી થવું ? ભલભલા સાહેબો પણ મને આમ બેસાડી મૂકવાની હિંમત કરતા નહિ ! મને ખરેખર હવે ખોટું લાગશે. દરવાજા બહાર બેસવાની સગવડ કરવાનું પણ કોઈને સૂઝતું નથી. સ્વર્ગને બારણે આવું જંગલીપણું ચાલતું હશે શું ?

ના, ના. દરવાજો ઊઘડતો લાગે છે ! કશું કારણ હશે જ કે જેથી દરવાજો ઊઘડતાં આટલી વાર થઈ હશે ! ઓહોહો ! કેટલો દૃષ્ટિપ્રિય ચમકાર ! અને કેવી અદ્‌ભુત સુવાસ ! રાતની રાણી, પારિજાત, જૂઈ, ચમેલી...એ બધી ફૂલરાણીઓ જાણે એક બની ગઈ ! બારણાં

કોણ ઉઘાડે છે? આપોઆપ ઊઘડ્યાં શું? બાવરો બની ઊભો કેમ રહ્યો? ભર ડગલું આગળ!

'કોણ છે આ? મારે માટે ઊઘડેલા દરવાજામાં બીજું કોણ પેસી જવા મથે છે?' મને જાણે જોતો જ ન હોય તેમ મારી બાજુએથી અંદર પ્રવેશતા એક પુરુષનો ખભો પકડી તેને રોકી મેં તેને આહ્વાન આપ્યું. મને એની ખબર ન પડી? એ ક્યારનો લાગ જોઈ મારી જોડે ઊભો હશે.

'મારા પગ મને લઈ જાય છે ત્યાં હું જાઉં છું. મને ખબર નથી કે આ દરવાજા આપને માટે ઊઘડ્યા હશે. તેમ હોય તો આપ ભલે જાઓ. હું પાછો જાઉં છું.' મને મૂકી આગળ વધી દરવાજામાં પ્રવેશ કરતા એક અશિષ્ટ, ગરીબ અને સભ્ય સમાજમાં સ્વીકાર ન પામે એવા પુરુષે મને જવાબ આપ્યો. સમાજમાં જેને સ્થાન ન મળે તેને સ્વર્ગમાં તે સ્થાન હોય? મેં એને ખસેડી ઊઘડેલા દરવાજાની અંદર પગ મૂક્યો.

અને આંખ મીંચી ઉઘાડતામાં મારો પગ પાછો ધકેલાયો. કોઈએ ધક્કો માર્યો શું? હું બધું જ સહન કરું, પરંતુ અપમાન તો કદી જ નહિ! ગુસ્સે થઈ હું ગાળ દેવા જતો હતો એટલામાં મેં શ્વેતવસ્ત્રધારી સૌન્દર્યસંપન્ન એક યુવકને નિહાળ્યો. બુદ્ધ સરખું તેનું મુખ મને વાગ્યું. મારા મેજ ઉપર બુદ્ધની મૂર્તિ હું સતત મૂકી રાખું છું—એક સારું મુખ નજરે પડે અને એની નીચે ઉપયોગી કાગળો પણ દબાય—

'આપ કોણ છો? આપનાથી અંદર નહિ અવાય.' એ તેજસ્વી પુરુષે મને કહ્યું.

હું ગમે તેવા તેજસ્વી પુરુષથી પણ અંજાઉં એમ નથી. મેં મારો આછો ક્રોધ પ્રગટ રાખી કહ્યું: 'તમે કેવા માણસ છો? સભ્યતા...'

'હું માણસ નથી. માણસાઈનાં મંથનમાંથા ઊપજેલો હું ફિરસ્તો છું, અને આ દરવાજાની ભાળસંભાળ રાખું છું.'

'તમે ગમે તે હો તેની મને પરવા નથી. પરંતુ તમારે સભ્ય થતાં શીખવું જોઈએ.' મેં જવાબ આપ્યો.

ફિરસ્તો ખડખડ હસવા લાગ્યો. એનું હાસ્ય મધુર હતું, નહિ? પરંતુ મને તો એમાં અપમાન જ લાગ્યું. મેં એના હાસ્યનો જવાબ આપ્યો: 'હું તમારું અપમાન સહેવા આવ્યો નથી.'

'ખરું જોતાં આપે અહીં આવવું જોઈતું જ ન હતું.'

'કારણ?'

'જેનાથી ન અવાય તેની સામે આ દરવાજા બંધ રહે છે.' ફિરસ્તાએ કહ્યું.

'આ માણસની સામે એ બંધ રહ્યા છે; મારી સામે નહિ.'

'એ આપની માન્યતા ભૂલભરેલી છે.'

'શા ઉપરથી?'

'જોયું નહિ કે એમના આવતાં બરાબર દરવાજા ખૂલી ગયા અને તમે અંદર પગ મૂકવા ગયા પણ પગ તો ઊપડ્યા જ નહિ?'

'તમે મને અટકાવ્યો લાગે છે. આ તે સ્વર્ગ કે જાદુઈ મકાન?'

'હું દૂર ઊભો રહું છું. હવે તમે જાઓ જોઈએ!' ફિરસ્તાએ કહ્યું.

ફિરસ્તો સહજ દૂર ઊભો અને ઉમંગથી મેં પગ આગળ મૂક્યો.

પગ આગળ મૂક્યો કે પાછળ? એ શું થયું? આગળ વધવાને બદલે હું બે ડગલાં કેમ પાછો હઠી ગયો?

'જોયું? હવે આ ભાઈ અંદર આવે છે એ જુઓ.' ફિરસ્તાએ ઇશારો કરી મારી બાજુએ ઊભેલા માણસને આગળ વધવા જણાવ્યું.

'હું મારી હાજરીમાં મારા સિવાય બીજા કોઈને સ્વર્ગમાં પેસવા દઈશ નહિ!' આવેશમાં આવી હું પુકારી ઊઠ્યો.

'એવી શિરજોરી કરવાનું કાંઈ કારણ?' ફિરસ્તાએ પૂછ્યું.

'કારણ એટલું જ કે હું મને પોતાને સ્વર્ગનો અધિકારી માનું છું.'

'અધિકાર તો સમજાઈ ગયો. પરંતુ આપ કોણ છો? આપ

ક્યાં રહો છો ? આપે એવું શું કર્યું કે જેથી આપ પોતાને સ્વર્ગના અધિકારી માનો છો ?'

'મારું નામ ન જાણે એવા સ્વર્ગમાં કોઈ સ્થળે અવ્યવસ્થા કે પક્ષપાત હોવાં જોઈએ.' મેં તીખાશથી કહ્યું.

'સ્વર્ગની પાત્રતાવાળા સહુની નોંધ અમારે ત્યાં રહે છે...'

'પૃથ્વી ઉપરનાં વગદાર પત્રો સહજ વાંચતા રહો તો ખબર પડશે કે હું કોણ છું. મારા મૃત્યુ ઉપર મોટા મોટા અગ્રલેખ લખાયા છે, મારી છબીઓ હજી આવ્યા જ કરે છે, અનેક કવિતાઓ હજી લખાયે જાય છે, અનેક આશ્રિતો આંસુથી મારી સ્મૃતિને ભીંજવે છે...'

'ઓહ ! પણ હજી અહીં કશી ખબર આવી નથી....'

'સભાઓ ભરાઈ ઠરાવો થયે જાય છે અને 'માયામહૂલી'ને સરનામે...'

'માયામહૂલી ? એ કઈ જગા છે ?'

'મારું પૃથ્વી ઉપરનું રહેઠાણ !'

'કોઈ જંગલમાં છે ? કે નદીકિનારે ?'

'શહેરના સારામાં સારા ભાગમાં.'

'સાચું છો ? દેખાવ ઉપરથી લાગતું નથી.'

'ના જી. હું દેખાવમાં માનતો નથી. સત્કાર્યમાં માનું છું.'

'મહૂલીમાં એકલા જ રહો છો કે બીજા કોઈને રાખો છો ?'

'મહૂલી ? એ તો ભવ્ય બંગલો છે !' મેં જરા ચિડાઈને કહ્યું.

ફિરસ્તાની આંખમાં ચમકારો મને દેખાયો. સત્ય કહેવામાં મેં શી ભૂલ કરી હતી ? ફિરસ્તાના મુખ ઉપર સ્મિત કેમ રમવા લાગ્યું ? અને એ સ્મિત મને ગમે એવું પણ ન હતું !

'આપનું અપમાન ન થાય તો હું એક સાચી વાત આપને સમજાવું.' ફિરસ્તાએ કહ્યું.

'હું સર્વદા સત્યનો જ આગ્રહી છું. કહો...'

'રહો છો મહેલમાં અને એને નામ મહૂલી આપો છો ! એથી કોને છેતરવા માગો છો ?'

મને આ કથનથી જરા ખોટું લાગ્યું. હું મારા મકાનને સાદું નમ્રતાભર્યું નામ આપું તેમાં આ ફિરસ્તાને છેતરામણી શા માટે લાગવી જોઈએ?

'પ્રશ્ન ન ગમ્યો ખરું' ફિરસ્તાએ પૂછ્યું.

'ના જી. હું કદી કોઈને છેતરતો જ નથી.'

'પોતાની જાતને છેતરવાની એક ભયંકર ટેવ માનવજાતે પાડી છે. પણ જવા દો. આપને માટે પત્રોમાં અગ્રલેખ શા માટે લખાયા?'

'હું મૃત્યુ પામ્યો માટે.'

'આ સ્વર્ગમાં પ્રવેશ કરતા પુરુષ માટે તો કાંઈ ઉલ્લેખ આવ્યા જાણ્યા નથી. આપના મૃત્યુમાં એવું શું હતું કે જેથી આપનો ઉલ્લેખ કરવો પડ્યો?'

ખરેખર, મને આ વાદવિવાદમાં ઊતરવું ગમ્યું નહિ. છતાં હવે સ્વર્ગના દ્વારપાળથી સાચી વાત છુપાવવામાં અર્થ ન હતો. અણગમતાં મારે પ્રશંસા કરવી જ પડી. હું શું કરું? આ કથા કહેવા માંડી ત્યારે મને પોતાને જ આશ્ચર્ય થયું હું કેટલો બધો સારો માણસ છું!

'મેં લાખોનાં દાન આપ્યાં છે!'

'કેટલી કમાણીમાંથી?'

'તમે ફિરસ્તાઓને વ્યવહારનું ભાન હોય એમ લાગતું નથી. સારી કમાણી હોય તો જ દાન થઈ શકે ને?'

'કહો, તમારી કમાણી કેટલી?'

'તમે તે ફિરસ્તા છો કે આયપતવેરાના આંકણીદાર?'

'આનું દાન નોંધાયું છે, તમારું નહિ. કાંઈ ભૂલ થતી હોય તો સુધારી લઈએ.'

'કમાણી તો નહિ કહું, પણ મારાં દાન સાંભળો. મહાબળેશ્વર, મસૂરી, ઉટાકામંડ અને શ્રીનગરમાં મેં આરામગૃહો બાંધ્યાં છે, જેમાં મારી સહી લઈ ઘણા ગુજરાતી દર્દીઓ મફત રહી શકે છે.'

'ગુજરાતી દર્દીઓ?...હાં, હાં, સમજ્યો. અને તે પણ તમારી

સહી લઈને!'

'પચાસ શાળાઓ મારે ખર્ચે ચલાવું છું.'

'જેમાં ઘણાંખરાં તમારા સગાનાં છોકરાં માસ્તરગીરી કરે છે તે, ખરું ને?'

'ખોટી વાત. બહુ જ નજીવી સંખ્યા મારાં સગાંની છે! ગાંધી-જયંતી વખતે વર્ષોવર્ષ હું પંદર હજાર રૂપિયાની થેલી ભેટ કરું છું.'

'પરંતુ કહે છે ને કે તમારી મિલોમાં તો તમે ઇજિપ્ત અમેરિકાનું રૂ વાપરો છો?'

'તે હશે. પરંતુ મારી મિલના કાપડને સ્વદેશી તરીકે મેં સ્વીકારાવી લીધું છે, અને એના નફામાંથી હરિજનો માટે હું કૂવાઓ અને મંદિરો પણ બંધાવું છું.'

'સારી વાત છે. પરંતુ અમારે ત્યાં નોંધાય એવું કશું હજી દેખાતું નથી. એક બાબત નોંધાવા આવતી હતી પણ તે પ્રભુએ નોંધાવા ન દીધી.'

'એમ? એવી કઈ બાબત છે?'

'હિંદી સૈનિકો માટે તમે કાંઈ તંબૂઓ બનાવી આપ્યા. પહેલાં તમે મફત કરી આપવાના હતા; પછી તમે તમારા દીકરાને નામે કંપની કાઢી એમાં કમિશન લીધું એટલે તમારું અહીંનું દાનખાતું ઊઘડતાં પહેલાં બંધ થઈ ગયું.'

હું ધારતો હતો એટલો બધો અજાણ્યો હું સ્વર્ગમાં નથી જ એટલું તો આ ફિરસ્તાના કહેવા ઉપરથી લાગ્યું. મારી મહત્તાનો વિસ્તાર આટલેથી અટકતો ન હતો. ફિરસ્તાઓને પણ આશ્ચર્યમાં નાખે એવાં કામકાજ મેં અનેક કર્યાં છે. મેં અનેક દેવ-દેવસ્થાનોમાં મોકલાવેલી ભેટ કદાચ જુનવાણી ગણાય—જોકે એ રકમ પણ નાનીસૂની નથી. જોષી, શાસ્ત્રી, પુરાણી અને ચમત્કારી બાવાઓને પણ મેં આપેલી ભેટ નજીવી તો ન જ કહેવાય. પરંતુ આજનો યુગ માને એવું પણ મેં ઘણું ઘણું કર્યું છે અને તેને લીધે મારાં તૈલચિત્રો પણ કેટકેટલી સંસ્થાઓમાં મુકાયાં છે. એમાંથી કાંઈક કહી આ

ફિરસ્તાને બોલતો બંધ કર્યો.

'મેં સ્વાતંત્ર્યની લડતમાં પણ સક્રિય ફાળો આપ્યો છે.' મેં કહ્યું.

'એમ? ચોપડે ચડ્યો લાગતો નથી.'

'તમારી ભૂલ થતી હશે.'

'આપે શું શું કર્યું? સ્વાતંત્ર્યની લડત એટલે આજે ચર્ચિલ, એમરી અને ક્રીપ્સ જેવા વાણીશૂરા શાહીવાદીઓને પ્રસન્ન...'

'નહિ, નહિ. હું હિંદસ્વાતંત્ર્યની લડત કહું છું.'

'પાકિસ્તાની છો?'

'ના જી.'

'હિંદના વિસ્તારેલા મંત્રીમંડળમાં છો?'

'ના જી. એવા મંત્રીઓને તો જિંદગીભર ભાડે રાખું એટલો ઈશ્વરકૃપાએ હું સુખી છું.'

'ઈશ્વરકૃપાએ?...ઠીક, ઠીક. તો પછી આપે કર્યું છે શું?'

'મેં શું નથી કર્યું? ઘણા દેશભક્તોને મેં મારે ઘેર ઉતાર્યા છે. કંઈકને મેં દિવસોના દિવસો સુધી મારી મોટરકાર વાપરવા આપી છે. એક મહાસભાની બેઠક વખતે આખા રસોડાનો ખર્ચ મેં ઉપાડી લીધો હતો. નોકરી છોડી આવેલા એક સરકારી નોકરને મેં મારું જીવનચરિત્ર લખવાના કામે રોક્યો હતો–જોકે એને એ કામ આવડ્યું નહિ. કંઈકના મેં દંડ આપ્યા છે, કંઈકની મેં ટિકિટો કઢાવી આપી છે, કંઈક બહેનો માટે મેં કેદખાને કાંસકીસાબુ મોકલ્યાં છે...'

'કેમ બોલ્યા નહિ?' મને વિચારમાં પડી અટકી જતો નિહાળી ફિરસ્તાએ પૂછ્યું.

'શું શું ગણાવું એની મને સમજણ પડતી નથી.'

'એટલી મોટી યાદી છે?'

'હા જી.'

'એકાદ વિગત તો કહો?'

'જુઓ, મારી ત્રણે દીકરીઓ અને ત્રણ દીકરા પ્રભાતફેરીમાં ફરે છે અને એમાંથી એક દીકરો અને એક દીકરી તો કેદમાં પણ જઈ આવ્યાં છે.'

ફિરસ્તાના મુખ ઉપર અપમાનભર્યું હાસ્ય પથરાઈ રહ્યું. એણે કહ્યું :

'પણ એમાં તમારે શું ? એ પુણ્ય તમારા દીકરાદીકરીને ફાળે જાય.'

'તમારું સ્વર્ગ પક્ષપાતી છે. મારી મરજી અને પરવાનગી વગર એમનાથી ઘર બહાર પગ પણ મૂકી શકાત કે ?...'

'બાળકો ઉપર આટલી બધી સખ્તી રાખો છો? એ તો પાપ ખાતે જશે. તમારે સ્વર્ગ સિવાયના એક સ્થળે એનો જવાબ આપવો પડશે.'

આવા કચકચિયા સ્વર્ગમાં મારાથી કેમ કરીને રહેવાશે ? મારી એકે ય વાતનો, મારા એકે ય કાર્યનો, મારા એકે ય દાનનો આ ફિરસ્તાને જાણે હિસાબ ન હોય એમ લાગે છે ! આવા જિદ્દી વર્ગમાં રહેવાને બદલે હું પાછો જ ચાલ્યો જાઉં તો શું ખોટું ?

પરંતુ પેલો મોહક પ્રકાશ, પેલું મુગ્ધ બનાવતું સંગીત અને આ અવનવી સૌરભ મને સ્વર્ગ પ્રત્યે હજી આકર્ષી રહ્યાં હતાં. આ ફિરસ્તાને બદલે બીજો કોઈ ફિરસ્તો આવ્યો હોત તો ? આવી ઝીણવટભરી દોષદૃષ્ટિ એનામાં ન હોત !

આ તો કેટલું અપમાન ? કેટલો અન્યાય ? મને પગ મૂકવાની પણ મનાઈ ! ગવર્નરોએ પણ મને મળવામાં આટલી વાર કરી નથી. દેશનેતાઓ તો મને દરવાજે લેવા આવતા—જોકે ઘણાખરા દેશનેતાઓની ઝૂંપડીને તો બારણાં પણ હોતાં નથી, જે કોઈ વાર હું કરાવી આપું છું...અને, અને...આ ભિખારી જેવા દેખાતા માનવીનો હાથ ઝાલવા ફિરસ્તો જાય છે ? જેને અડકી સાબુએ હાથ ધોવા પડે એ માણસને આ ફિરસ્તો આટલું માન આપે છે ?

'ફિરસ્તાજી ! આપે મારું અપમાન કરવામાં કશું જ બાકી

રાખ્યું નથી. કોઈ દિવસ ફંડફાળા ઉઘરાવવા પૃથ્વી ઉપર આવશો ત્યારે મારી જરૂર પહેલી પડવાની છે એ યાદ રાખજો. પરંતુ આ સ્પર્શને પણ અપાત્ર એવા માનવીનો હાથ ઝાલી આપ અંદર લઈ જવા મથો છો તો એણે મારા પ્રમાણમાં શું સત્કાર્ય કર્યું છે?'

'સ્પર્શને અપાત્ર? જરા એની સામે જુઓ તો ખરા કે એ કોણ છે?' ફિરસ્તાએ કહ્યું.

મેં તેની સામે જોયું. મને ક્યારનું લાગ્યા કરતું હતું કે આ માનવીને મેં ક્યાંઈ જોયો છે ખરો; પરંતુ હજી ગડ બેઠી ન હતી.

'એ કોણ હશે? એને ક્યાં જોયો હશે? અરે, આમ યાદ આવે છે ને પાછો ભુલાય જાય છે!'

'એને ન ઓળખ્યો?' ફિરસ્તાએ પૂછ્યું.

'હજી કાંઈ ધ્યાનમાં બેસતું નથી...અરે, હા. મારો નોકર તો નહિ? જીવાજી?' મને અત્યંત આશ્ચર્ય ઊપજ્યું. મારો નોકર સ્વર્ગમાં પેસતી વખતે મારી સાથે ઉમેદવાર?...અરે, મને પ્રવેશ મળ્યો નહિ અને એને લેવા સ્વર્ગદ્વાર આપોઆપ ખૂલે છે તથા ફિરસ્તો એને લેવા આવે છે?

'આજે ગંગા ઊલટી કેમ વહે છે? એણે કયું સત્કાર્ય કર્યું હશે? એ તો તદ્દન અનિયમિત, રેઢિયાળ અને ચોરીનો શક જાય એવો માણસ છે! એને તો હું આજ કાઢી મૂકવાનો હતો! અને એટલામાં હું અહીં આવી ચડ્યો! એ પણ સાથે જ ક્યાંથી થયો?'

'એનો અધિકાર છે માટે સ્વર્ગદ્વાર એની આગળ ખુલ્લાં થઈ જાય છે.' ફિરસ્તાએ કહ્યું.

'પણ આ તો અક્કલ બહારની વસ્તુ લાગે છે. હું લાખોનું દાન કરનાર; એને સ્વર્ગ નહિ! અને જેની પાસે દાન માટે એક પાઈ પણ નથી, તેને સ્વર્ગમાં સ્થાન!'

'તમે લાખોનું દાન કરોડમાંથી કરો છો. માનવ જાત કદાચ એથી ચકિત થાય; પરંતુ આ માનવીએ તો પોતાનો કોળિયો જતો કરી બીજાને જિવાડ્યો છે...

'એટલે ?'

'તમારે ત્યાંથી મજૂરી કરી થાકીને એ પોતાની ઝૂંપડીમાં ભર બપોરે આવી જમવા બેઠો. જમવાનું તો શું હોય ? જુવારનો રોટલો અને મીઠું...'

'ગરીબ માણસ બીજું ખાય પણ શું ?' મેં જરા દમામથી કહ્યું.

'એણે તો તે પણ ન ખાધું. ભૂખે તરફડી ગયેલી એક ભિખારણ એની ઝૂંપડી પાસે આવી મૂર્છા ખાઈ પડી. આ જીવાજીએ ભૂખ વેઠી લીધી અને પોતાનું અન્ન તેને આપ્યું. તમે એકાદ દિવસ એમ કરી જુઓ, પછી, સ્વર્ગની ઉમેદવારી નોંધાવો.' ફિરસ્તો બોલ્યો.

'પણ વગર જરૂરે હું ભૂખે મરું ?'

'હજી તમે અહીં આવી શકો એમ નથી જ; પાછા જાઓ. તમને સ્વર્ગના માર્ગની માહિતી જ નથી !'

'એ માહિતી ક્યારે થશે ?' મેં પૂછ્યું.

'આ જીવાજીને પગલે ચાલો ત્યારે.

'જીવાજીને પગલે ? એ તો ચોર પણ છે. હમણાંની મારા ઘરમાં પરચૂરણ ચીજોની ચોરી થાય છે, તેમાં એનો હાથ હોય એમ હું માનું છું. એવા ચોરને તમે સ્વર્ગમાં રાખો છો ?'

'આપની ચોરીઓ ગણાવું ?' ફિરસ્તાએ સહજ આંખ કપરી કરી કહ્યું.

'મેં કદી ચોરી કરી નથી. પરંતુ કોણ જાણે સ્વર્ગમાં ચોરીની શી યે વ્યાખ્યા થતી હોય ! ઊંડા પાણીમાં ઊતરતાં મારે વ્યવહારદૃષ્ટિએ ડરવું જોઈએ.

'આવો, જીવાજી ! પધારો આ સ્વર્ગમાં. તમારા શેઠને પૃથ્વી ઉપર પાછા હડસેલી મૂકીએ, સ્વર્ગમાં આવતાં પહેલાં હજી ઘણું ભ્રમણ એમણે કરવું પડશે.' ફિરસ્તાએ કહ્યું.

'પણ હું આટલે આવ્યો, સ્વર્ગનો પ્રકાશ જોયો, સંગીત સાંભળ્યું...' હું મારો હક્ક સ્થાપન કરવા બીજા જ મુદ્દા ઉપર ઊતરી પડ્યો.

'એમાં તમારે આ જીવાજીનો આભાર માનવાનો છે. એવા દૈવી પુરુષનું વેરભાવે પણ તમે ચિંતન કર્યું તેથી આટલે સુધી પણ આવી શક્યા. હવે જાઓ પાછા. જીવાજી! ચાલો મારી સાથે.' ફિરસ્તાએ કહ્યું.

'બાપજી! થોડું દેવું બાકી છે, અને પેલી બાઈને હજી મરતાં વાર લાગે એમ છે. એટલું કરી લઉં, પછી આપ કહેશો ત્યાં આવીશ.' જીવાજી બોલ્યો.

ખરેખર, જીવાજીને મેં પગાર ઉપરાંત પણ થોડા પૈસા આપ્યા હતા—ગરીબની ભીડ ભાંગવા. શા માટે મારે મારા પૈસા જતા કરવા?

'મારું દેવું પતે નહિ ત્યાં સુધી હું જીવાજીને છોડવા માગતો નથી.' મેં લેણદાર બની કહ્યું.

'અર્થના ગુલામ! જા, પાછો જા! અહીં ઊભા રહેવાની પણ તારી લાયકાત નથી. સ્વર્ગનો ઝાંખો પ્રકાશ પણ તને ત્યારે જ નજરે પડશે કે જ્યારે તું જીવાજીને પગલે ચાલીશ.'

ફિરસ્તો ઊડી ગયો! પ્રકાશ સમેટાઈ ગયો! કે સૂર્યનું કિરણ મારી આંખ ઉપર પડ્યું? સંગીત મને બદલાયું લાગ્યું મારા બગીચાના એક વૃક્ષ ઉપર કોકિલા ગાતી હતી! અને છતાં આ સૌરભ!...

મેં આંખો ચોળી. હું મારી 'માયામહૂલી'ના પલંગ ઉપર બારી પાસે હજી સૂતો જ હતો.

જીવાજીને ફૂલદાનીમાં ફૂલ ગોઠવતો મેં જોયો – બહુ જ ધીમાશથી.

પલંગમાં બેસી મચ્છરદાની ખસેડી હું બહાર નીકળ્યો. જીવાજીએ વિચિત્ર ગામડિયા ઢબે સલામ ભરી.

શું પેલું સ્વપ્ન હતું? હું સાચેસાચ સ્વર્ગ પાસે નહોતો ગયો?

'બાપજી! થોડુંક દેવું બાકી રહેશે; પાંચમાંથી ત્રણ રૂપિયા લાવ્યો છું.' જીવાજીએ રૂપિયા મને આપવા માંડ્યા.

'શાના રૂપિયા લાવ્યો છે?' મેં પૂછ્યું.

'આપના દેવા પેટે. આપે કહ્યું હતું ને કે જો હું આજ સવારે રૂપિયા નહિ ભરું તો નોકરી ઉપરથી દૂર થઈશ.'

'ઠીક; મૂક મેજ ઉપર.'

'બાકીના પછી આપીશ, આવતે મહિને.'

'વારુ.' મેં કહ્યું.

'આજ જરા મોડું થઈ ગયું હતું. એટલે ચાલવાને બદલે મેં 'કાર'માં ફરવા જવાનું નક્કી કર્યું. અડધે રસ્તે જઈ મેં શોફરને પૂછ્યું :

'જીવાજી ક્યાં રહે છે?'

'પાછળ રહ્યું એ તો. બંગલા પાસે જ એની ઝૂંપડી છે.' શોફરે કહ્યું.

'મને ત્યાં લઈ જા.' મેં આજ્ઞા આપી.

શોફરને જરા નવાઈ લાગી. પરંતુ એ આજ્ઞા પાળવા ટેવાયલો હતો. જોતજોતામાં હું જીવાજીની ઝૂંપડીએ પહોંચ્યો. શોફર પણ ગાડીમાંથી નીચે ઊતર્યો. ઝૂંપડીની ઓસરીમાં એક ફૂટ્યાતૂટ્યા ખાટલા ઉપર એક માંદી ગામડિયણ સૂઈ રહી હતી.

'જીવાજી છે?' મેં પૂછ્યું.

'ના રે! એ તો એના શેઠને ઘેર મજૂરીએ ગયો છે.' પેલી બાઈએ સૂતાં સૂતાં જવાબ આપ્યો.

'એનો શેઠ કેવો માણસ છે? એના ઉપર જુલમ કરે છે. મારે એની નોકરી છોડાવી મારી પાસે રાખવો છે.'

'બધા ય શેઠ એવા! અને સારા માણસ ઉપર કોણ જુલમ નથી કરતું? હું યે મરવા પડી ત્યારે જીવાજી યાદ આવ્યો!' પેલી બાઈએ કહ્યું.

'તુ એની કાંઈ સગી થાય છે?' મેં પૂછ્યું.

'એની બહેન થાઉં, ગામબહેન!' બાઈએ જવાબ આપ્યો.

'ગામબહેન?'

'સાહેબ! સગી બહેન નહિ; પણ એક જ ગામની દીકરી – એટલે ગામબહેન કહેવાય.' મારા શોફરે મને આ અવનવા સગપણની માહિતી આપી. મારા જ ગામની કોઈ દીકરીને મેં આ પ્રમાણે રાખી હોત ખરી?

'તે એની સારવાર જીવાજી કરે છે?' મેં પૂછ્યું.

'ભલો માણસ–ચક્રમ જેવો છે એટલે આવી કંઈક પીડા પોતાને માથે ઊભી કરે છે!' શોફરે કહ્યું.

પેલી સ્ત્રીની આંખમાં તેજ આવ્યું. એની નજર તીરછી થઈ. વગર બોલ્યે એણે શોફરને જાણે ઠપકો આપ્યો હોય એમ મુખ ફરી પાસું બદલી નાખ્યું.

જીવાજી એના કામમાં કદી કદી કેમ અનિયમિત થતો હતો તેનું કારણ મને સમજાયું.

'પણ એની સારવારનો ખર્ચ ક્યાંથી લાવે છે?' મેં પૂછ્યું.

'એ એમ જ. વધારાની મજૂરી કરે, અમારા જેવા પાસેથી ઉછીના પૈસા લે, અને મહામુસીબતે પાછા આપે. આજે જ એણે પાંચ રૂપિયા મારી પાસેથી લીધા.' શોફરે કહ્યું.

'પાંચ? શા માટે?'

'આપને પાછા આપવાના હતા ને! આપે સખ્તી ન કરી હોત તો એમ ને એમ લંબાયા કરતા.'

પણ મને તો જીવાજીને ત્રણ જ રૂપિયા આપ્યા હતા!

હું ઘેર પાછો આવ્યો આજ મને ચેન પડતું ન હતું. આજ બધું જ કામ મેં બાજુએ મૂકી દીધું અને આશ્રમભજનાવલિનાં ગીતો વાંચતો હું બેઠો. જમવામાં પણ મારું ચિત્ત હતું નહિ; કાગળો લખવામાં પણ મારું ધ્યાન ગયું નહિ; સલાહ પૂછવા આવનારાઓને મેં મુદત આપી.

ત્રીજે પહોરે હું ફરી પગે ચાલતો ચાલતો જીવાજીની ઝૂંપડી તરફ આવ્યો. જીવાજી કશું છોલી રહ્યો હતો. એણે મારા ભણી જોયું ન હતું, એટલે ધીમે પગલે હું જઈ તેની પાછળ ઊભો. જીવાજીની પાસે એક નાની સાદડી ઉપર ફળનો ઢગલો પડ્યો હતો અને પાસે કાચનો એક પ્યાલો તથા રસ કાઢવાનું યંત્ર પડ્યાં હતાં!

આ ઘેલો માણસ શું કરતો હતો?

માંદી બાઈએ મારા તરફ જોઈ જીવાજીને ધીમેથી કહ્યું:

'ભાઈ! જો ને, કોઈ આવ્યું છે.'

જીવાજીએ પાછળ જોયું અને ચમકીને તે ઊભો થઈ ગયો.

'બાપજી, તમે ?' જીવાજીથી બોલાઈ ગયું. મારા જેવો વિશ્વ-વિખ્યાત ધનાઢ્ય અને નેતા એના સરખા નોકરની ઝૂંપડીએ આવે ત્યારે આશ્ચર્ય અને ભય સિવાય બીજી કઈ લાગણી ઊપજે ?

'શું કરે છે, જીવાજી ?'

'કાંઈ નહિ, સાહેબ! આ જરા ફળનો રસ કાઢી મારી બહેનને આપતો હતો.

'એ તારી બહેન છે?'

'હા જી. સગી તો નહિ...પણ એથી યે વધારે અમે નાનપણમાં ભેગાં રમેલાં.'

'પણ આ ફળનું ભૂત તને કોણે બઝાડયું ?'

'શું કરું, બાપજી! ડાક્ટર વૈદ્ય કહે એ કરવાનું. નહિ તો મારી બહેન નહિ.'

'તે પૈસા ક્યાંથી લાવે છે?'

'ભગવાન આપી રહે છે. બહેનને સાજી કરવી હશે તો ગમે ત્યાંથી એ પૈસા મોકલાવશે.'

'પણ જો, જીવાજી! આજે તારે મને પાંચ રૂપિયા પાછા આપવાના હતા તેને બદલે ત્રણ કેમ આપ્યા ?'

'સાહેબ! ખરું કહું ? લાવ્યો'તો તો પાંચ. પણ આપે ત્રણ લીધા એટલે બે બચેલા રૂપિયામાંથી આ મોસંબી લઈ આવ્યો છું બહેન માટે. ચાલે એમ ન હોય તો હું ફાંફાં મારી જોઉં અને કાલ સવારે બાકીના બે રૂપિયા ભરી દઉં.'

'અને આ પ્યાલો અને કાચનું કચરિયું—એ બધું ઠીક તેં ભેગું કર્યું છે!' મેં ટીકા કરી.

'સાહેબ! સાચું કહું તો એ ચોરીનો માલ છે, આપને ત્યાંથી લાવ્યો. પાછો મૂકી દેવાનો ખરો; પણ પૂછવા રહું તો કોણ મને આપે? ડાક્ટરે કહ્યું કે ચોખ્ખા પ્યાલા વાપરજે...સાહેબ! ચોરી તો ખરી'તો. પણ મારી બહેન સાજી થઈ જવા આવી છે એ બધા

આપના જ પ્રતાપ...એનો અને મારો આશીર્વાદ આપને અહળક...'

હું જીવાજી સામે જોઈ રહ્યો. એ મારો મેલોઘેલો નોકર હતો કે સ્વર્ગનાં તેજથી અંકિત ફિરસ્તો હતો ?

'સાહેબ ! મારા ભાઈને કાઢી ન મૂકશો. મને તો એણે જિવાડી, પણ હજી મારાથી એને માટે મજૂરી થાય એમ નથી. થોડા દહાડા એને નભાવી લેજો. તમે તો મોટા માણસ...' પેલી સ્ત્રીએ આજીજી-પૂર્વક સૂતાં સૂતાં મને બે હાથ જોડી વિનંતી કરી.

હું મોટા માણસ, નહિ ? હું નમસ્કારને પાત્ર, ખરું ?

મને લાગ્યું કે જીવાજી મારા કરતાં મોટો માણસ છે. એ મારા પણ નમસ્કારને પાત્ર છે.

'જીવાજી ! બહેનને દવા અને રસ પાઈ મારી સાથે ચાલ.' મારી આંખમાં આવી ગયેલાં અશ્રુબિંદુને રોકી મેં કહ્યું.

ઘેર જતાં જતાં દરવાજા ઉપર ટાંગેલું 'માયામહૂલી'નું પાટિયું મેં કાઢી ફેંકી દીધું.

ટોપલો ભરીને ફળ મેં જીવાજીને આપ્યાં, અને એની બહેન માટે એક સારો ખાટલો, ગોદડાં અને મચ્છરદાની મોકલવા મેં આજ્ઞા કરી.

એથી શું ? ક્યાં જીવાજી, અને ક્યાં હું ? એના અને મારા હૃદયની કક્ષા વચ્ચે આકાશપાતાળ જેટલું અંતર !

એક કલાકાર મારું તૈલચિત્ર તૈયાર કરી મારી પસંદગી માટે સાંજે લઈ આવ્યા. ત્રીસ જગાએ મુકાયલાં મારા તૈલચિત્રોમાં આ એકત્રીસમું વધવાનું હતું.

મેં ચિત્રકારના જ દેખતાં મારા એ કહેવાતા સુંદર ચિત્રને લાત મારી ફાડી ફેંકી દીધું ! જીવાજીને મારી પાસે બોલાવ્યો અને એની તરફ આંગળી ચીંધીને મેં ચિત્રકારને વિનંતી કરી :

'આ મારા ગુરુનું તૈલચિત્ર મને કાઢી આપો; રાત્રે સૂતી વખતે અને સવારે ઊઠતી વખત એની સામે જોઉં એમ એ ગોઠવવું છે !'

ચિત્રકારે મને પાગલ માન્યો હશે. જીવાજીને પણ કોણ જાણે શું લાગ્યું હશે !

પલંગ છોડી જમીન ઉપર જે રાત મેં પથારી કરાવી—હાથે કરી લીધી—ત્યારે મારી પત્નીને પણ નવાઈ લાગી!

મારી સામે બિડાયલાં સ્વર્ગનાં દ્વાર ઉઘાડવા મારે શું શું જતું નહિ કરવું પડે?

જાતને પહેલી અળગી કરવાની, નહિ?

# મહાન લેખક

'પ્રભુ ! મને મહાન બનાવ.'

એ પ્રાચીન કાળની જ માગણી નથી. આજ પણ માનવી એ જ માગે છે. કદાચ પ્રભુમાં શ્રદ્ધા ન હોય તો કુદરતને એ સ્થાને બેસાડી માનવી વર માગે છે :

'હે કુદરત ! મને મહાન બનાવ.'

ઈશ્વરમાં સમજ ઓછી પડે એટલે માનવી કુદરતને ઓળખવા જાય છે. કુદરત ન ઓળખતાં એ પાછો ઈશ્વરને શોધવા મથે છે. ઈશ્વર અને કુદરત માનવીની ઇચ્છા પ્રમાણે કાયાપલટ કરે છે અને માનવી માગે છે એ આપે છે.

સનાતને વર માગ્યો :

'હે પ્રભુ – કુદરત ! મને મહાન બનાવ.'

પ્રભુએ કે કુદરતે તેને પૂછ્યું :

કઈ બાબતમાં તને મહાન બનાવું ? મહત્તાનાં તો અનેક ખાનાં છે.'

'તે હું નક્કી કરીશ. હમણાં તો મને વરદાન જોઈએ કે જેથી હું મહાન બનું.' સનાતને કહ્યું.

પ્રભુએ=કુદરતે એને વર આપ્યો : 'તથાસ્તુ !'

સનાતનની ચારે બાજુએ મહત્તાનાં દ્વાર ખુલ્લાં થઈ ગયાં. અને મહત્તાનો વિસ્તાર અને વૈવિધ્ય જોઈ તેને ભારે મૂંઝવણ થઈ.

'આવડા મોટા ભંડાર ! મારાથી કેમ લેવાશે ? કેટલું લેવાશે ?'

મહત્તાના એક ભવ્ય વિભાગ તરફ એણે નજર કરી. કીર્તિ

સ્તંભોની ઊંચીનીચી હાર એટલી લંબાઈ હતી કે તેની દૃષ્ટિ આખા વિભાગ સુધી પહોંચી પણ ન શકી. કેટલાક કીર્તિસ્તંભો ઉપર જીવંત મૂર્તિઓ દેખાતી હતી; કેટલીક ઉપર એ મૂર્તિઓ ઝાંખી પડી ગઈ હતી, અને અસંખ્ય કીર્તિસ્તંભો મૂર્તિ વગરના પણ હતા.

કેટલીક જીવંત મૂર્તિઓને તો એણે ઓળખી પણ ખરી.

પેલો તો કૈસર! જર્મન જંગ મચાવનાર મહા પરાક્રમી પુરુષ! આખું જગત એને યાદ કરતું હતું. કેવો ભવ્ય લાગે છે!

પણ પેલો નેપોલિયન બીજા સ્તંભ ઉપરથી કૈસરને કેમ હસી રહ્યો છે? કૈસર જાતે દેશનિકાલ થયો; નેપોલિયન કેદી બન્યો. બંને મહાન પુરુષો...પણ પરાજિત! મહત્તામાં પરાજય પણ ખરો શું?

ચંગીઝ અને તૈમૂર પરાજયની ના પાડે છે! ખોપરીઓના કીર્તિસ્તંભ ઉપર એ બંને બેઠા છે? એશિયા અને યુરોપને ધ્રુજાવનાર એ મહાન...પણ એમની મહત્તાનાં પ્રતીક રાજ્યો ક્યાં ગયાં? કેટલાં વર્ષ એમણે મહત્તા ભોગવી?

જૂલિયસ સીઝર તો પોતાના કીર્તિસ્તંભ ઉપર બેઠો બેઠો સહુને વિનવે છે કે:

'જોજો, મને ભૂલી જતા.'

હેક્ટર અને અકીલીઝ, રામ અને કૃષ્ણ, ભીમ અને અર્જુન... કીર્તિસ્તંભ ઉપરથી ઓળા તો બહુ મોટા પાડે છે. પરંતુ કેટલા ઝાંખા એ સહુ બની ગયા છે? તથા એ કીર્તિસ્તંભમાંથી કેટલાક તો પડતા જાય છે! વિક્રમ? શાલિવાહન?...નામ જ ઊકલે છે: એ જાતે તો કીર્તિસ્તંભ જોડે પડતા દેખાય છે! બન્ને કોઈ સંવત્સરકના દોરને વળગી રહ્યા છે અને તેમના સ્તંભ તો આ પડ્યા!

પાછળ નિસાસા નાખતાં, ગાળ દેતાં, રુદન કરતાં પ્રેતોનો સમૂહ કેમ ભેગો થાય છે?

એકએકથી મોટા કીર્તિસ્તંભો હજી ખાલી પડ્યા છે! સનાતનને જાણે બોલાવતા ન હોય?

સનાતને એકાએક ના પાડી. એના મુખ ઉપર જુગુપ્સાનો ભાવ

પ્રગટ થયો.

'ના, ના આ સંહાર ઉપર રચાયલી મહત્તા મારે ન જોઈએ.'

*　　*　　*

એણે બીજી પાસ નજર નાખી. એ બાજુએ શાન્ત, ભૂરો પ્રકાશ છવાયો હતો. એમાં ભવ્ય મંદિરો, દેવળો અને મસ્જિદો ડોકિયાં કરી રહ્યાં હતાં.

બોરોબુદૂરની દેવમાળાને કાંગરે કાંગરે ભગવાન બુદ્ધ પદ્માસન વાળી સ્મિતભરી મુખમુદ્રાથી માનવજાતને આશિષ આપતા દેખાતા હતા! એક બુદ્ધમાંથી હજારો બુદ્ધની રચના થઈ અને ચીન, જાપાન, તાર્તરી, હિંદ, બ્રહ્મદેશ : એ સર્વ સ્થળે એની પૂજા થઈ.

પણ...પેલા બૌદ્ધધર્મી જાપાનીઓ અને ચીનાઓ એકબીજાને ફાડી ખાય છે !

હિંદમાંથી બુદ્ધને આપણે હાંકી કાઢ્યા !

અને સનાતન પાસે બુદ્ધ સરખું રાજ્ય ક્યાં હતું કે એ છોડી બુદ્ધને પગલે પગલાં માંડે ?

બાલસંન્યાસી શંકરનું તેજ એમને અદ્વિતીય બનાવી રહ્યું હતું ! સંન્યસ્ત પાળવાની સનાતનની ઇચ્છા ન હતી. અને સંન્યસ્તથી મહત્તા આવતી હોય તો હિંદમાં સંન્યાસીઓની ખોટ નથી જ.

એ જ શંકરના અનુયાયીઓને મુસ્લિમોએ માર્યા, ખ્રિસ્તીઓએ માર્યા અને આજ હિંદુઓનો તેજોવધ થઈ રહ્યો છે...અરે તેઓ ગુલામોની ગણતરીમાં આવી ગયા છે.

મહમદની બાંગ જગતના મોટા ભાગને એક બનાવી રહી છે, નહિ? નિમાઝ પઢતા એક મુસ્લિમને લાગે છે કે એની સાથે કોટી કોટી સહધર્મીઓ એક ખુદાનું ધ્યાન કરી રહ્યા છે.

શા માટે એ મહાપુરુષનું મુખ ઉદાસ દેખાય છે? શું ઇસ્લામનો સ્થાપક એમ પૂછે છે કે ઇસ્લામ ક્યાં છે?

ઇસ્લામ એટલે શાન્તિસ્થાપના. ઇસ્લામી જગતમાં શાન્તિ છે ખરી? એની સ્થાપના સાઠ દિવસના ઉપવાસ અને ગુફાનું એકાન્ત

ધ્યાન માગે છે! તો ય આજનો ઇસ્લામ એટલે? હિંદમાં પાકિસ્તાન! અને પાકિસ્તાનના મૃત પડછાયા સરખા મોરોક્કો, મિસર, તુર્કસ્તાન, અરબસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાનમાં ઇસ્લામ એટલે ગોરા ખ્રિસ્તીઓની શતરંજ કે ગંજીફાનો મહેલ!

ખ્રિસ્તી? હા, હા. ભગવાન ઈશુની યાદ આપતા ખ્રિસ્તી!

ઈશુની દયા, ભક્તિ, ઈશુનો પ્રેમ...અરે અરે! પણ એના દેહમાં તો ખીલા ઠોકાયા છે! અને હજી એના મુખ ઉપરનું કષ્ટ મટયું નથી. ઈશુનો વધ ચાલુ જ છે!

સનાતનને એ કષ્ટમય દૃશ્ય વધારે દુઃખદ લાગ્યું. કોણ હજી એને શૂળીએ ચડાવી રહ્યું છે?

ખીલા ઠોકાવી સહુનાં પાપ પોતાને માથે ઉપાડી લેનાર એ પ્રભુપુત્રના ભક્તો જ? પ્રભુને અને ઈશુને નામે આખું જગત ગળવા તૈયાર થયેલા એ અજગરોની ભૂખ ભાંગતી જ નથી! કાળી દુનિયાનું સોનું ખાધું, તેલ પીધું, અનાજ લૂંટયાં અને વરાળ, વીજળી તથા મરુતને વશ કરી પોણી પૃથ્વી ઉપર પરાધીનતા સર્જી; છતાં કોઈ વઢનાર ન રહ્યું એટલે અંદર અંદર યુદ્ધ જમાવ્યું!

ભગવાન ઈશુ તો કહે છે કે:

'ખ્રિસ્તીઓ મારા અનુયાયી છે જ નહિ!'

સનાતન મૂંઝવણમાં પડયો. આ ધર્મસંસ્થાપકોની મહત્તા એમને પોતાને જ નથી ગમતી.

ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે।

યુગે યુગે કરમાઈ જતા ધર્મને પ્રફુલ્લ રાખવા પ્રભુને અવતાર લેવાની તકલીફ લેવી પડે!

'મારે એ ધર્મસંસ્થાપનની મહત્તા ન જોઈએ.' સનાતન બોલી ઊઠયો. રાજત્યાગ, સંન્યસ્ત, ઉપવાસ તથા શૂળી પણ ધર્મને વિશુદ્ધ રાખતાં ન હોય તો ધર્મમહત્તામાં મેળવવાનું શું?

* * *

પરંતુ મહત્તાના ઉપાસકોને મહત્તાની ખોટ લાગે એમ છે જ

નહિ. પેલો ધનનો ઝળકતો વિભાગ ! વૈભવનો ભંડાર ! રૉથ્સચાઈલ્ડ, રૉકફેલર, કાર્નેગી, ફૉર્ડ, નોબેલ, ક્રપ્સ...અરે આપણા જ દેશના પ્રેમચંદ રાયચંદ, તાતા, બિર્લા...ધનના ડુંગરો ઉપજાવી એના ઉપર ઊભા રહી સહુનું ધ્યાન અને માન પામતા એ મહાન અર્થવીરો !

રૉથ્સચાઈલ્ડે સહાય ન આપી એટલે નેપોલિયન હાર્યો...હિટલરને ક્રપ્સે ઘડ્યો...રૉકફેલર તથા કાર્નેગીએ વિદ્યા અને કળા વધાર્યાં... પણ નોબેલના ડાઇનામાઇટે શું કર્યું ? એમણે સ્થાપેલાં વિદ્યાસ્થાનની –Chairsમાંથી સામ્રાજ્યવાદ, સરમુખત્યારવાદ, નાઝીવાદ જેવા માનવીની માનવતાને દાટી દેતા વિચારો અને આચારોનો જન્મ થયો. અને માનવજાતનો મોટો ભાગ – કાળો ભાગ ભૂખે મરતો બન્યો. એમના વિજ્ઞાનમાંથી વિનાશ પ્રગટ્યો – જે પૃથ્વી, પાણી અને આકાશમાંથી મોત – ભયંકર મોત ઉપજાવી રહ્યો છે !

અને ત્રણ પેઢીએ કુકુંબફેર થતી લક્ષ્મી ! લક્ષ્મીને પ્રસન્ન કરનાર પહેલી પેઢી તપસ્વીની કદાચ હોય – ધનતપસ્વીની; બીજી પેઢી ભોગીની હોય – લક્ષ્મીને દેહસુખનું સતત સાધન બનાવતી; ત્રીજી પેઢી નિમાલ્ય કે રોગિષ્ટ દેહ તથા માનસ વિકસાવી લક્ષ્મીનું વિસર્જન કરે છે !

'ધનમહત્તા પણ મારે ન જોઈએ.' સનાતને કહ્યું.

* • ●

'તો પછી કઈ મહત્તા તારે જોઈએ ? મહત્તા એટલી મોટી છે કે એના પ્રકારો પસંદ કરવામાં જ તારી જિંદગી પૂરી થશે. સનાતનના હૃદયમાં વસેલા ડહાપણે કહ્યું. અને સનાતને ઝડપથી નજર ફેરવવા માંડી.

'લોકોને મંત્રમુગ્ધ કરતો વક્તા થાઉં ?'

ડિમોસ્થનીસ, સિસરો, પીટ, બર્ક, ગ્લેડસ્ટન, બિસેન્ટ, સુરેન્દ્રનાથ ...એ મહત્તા માત્ર વ્યાખ્યાન પૂરતી જ ચાલે. આજે એ સર્વ નામો ભુલાવા માંડ્યાં !

'મુત્સદી બની જગતને રમાડું તો ?'

મુનશીનો મુંજાલ, ગોવર્ધનરામનો બુદ્ધિધન...નહિ, નહિ;સાચા મુત્સદ્દીઓ ક્યાં નથી ? ચર્ચિલ, ચેમ્બરલેન, બિસ્માર્ક, મેકિયાવેલી, ચાણક્ય...

પરંતુ આંટીઘૂંટી અને પેરવીઓની પરંપરા ! ઉસ્તાદીભરી ભુલભુલામણી રચવી અને તેમાં સહુની સાથે પોતે પણ ગોથાં મારવાં ! પરિણામ ? પેલી કહેવત : 'ભાંજઘડિયાનાં છોકરાં ભૂખે મરે !'

મુત્સદ્દીઓએ, ચાણક્યોએ જગતની સ્મૃતિમાં ભારે ઉચ્ચ સ્થાન મેળવ્યું લાગતું નથી ! એમની કીર્તિના સ્તંભો નીચામાં નીચા !

* * *

'તો પછી રાજમહારાજા બનું તો ? ' સનાતને રાજમહતા તરફ જોયું. એમના કીર્તિસ્તંભો જીર્ણ બની ડગમગી કેમ ગયા હશે ?

હવે પૃથ્વી ઉપર રાજાઓ કેટલા ? બ્રિટનનો એક–જેને મરજી માફક લગ્ન કરવાનો પણ અધિકાર નહિ.

ઈટલીનો બીજો ! મુસોલિની આગળ એનું નામ પણ યાદ આવતું નથી.

જાપાનનો – જવા દો એને. ગત પૂર્વજોની સાથે સંદેશા ચલાવતો ભૂવો !

પણ આપણું હિંદ ? એ તો રાજાઓનો ભર્યો ભર્યો ભંડાર ! એક પાસ પૃથ્વીના રાજાઓ ઊભા કરો; બીજી પાસ હિંદના ! પૃથ્વીના પડ ઉપર વધારેમાં વધારે પંદર રાજાઓ; જ્યારે હિંદમાં પાંચસો ઉપરાંત રાજાઓની સંખ્યા !

પણ...પણ એ હિંદની રાજાઓ એટલે ? પોલિટિકલ ખાતાની પગચંપી કરતા પરાધીન પધડબંધો ! અને...

'જવા દો ! મારે રાજા થવું જ નથી, હિંદના કે હિંદબહારના. પૂતળાંના સંગ્રહસ્થાનમાં મારે ઉમેરો કરવો નથી.' સનાતને કહ્યું.

* * *

'તો પસંદગીમાં ઝડપ કર. વરદાન મળ્યું છે એટલે તારે મહત્તા તો સ્વીકારવી જ પડશે.' આકાશવાણી થઈ.

'લેખક બનું તો?' સનાતનના હૃદયમાં વિચાર આવ્યો. એણે મહત્તાના એક વિભાગ તરફ જોયું અને તેને લાગ્યું કે એમાં એની નજર ઠરતી હતી. વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, હોમર, શેક્સપિયર, ગેટે, અરે...ગુજરાતના નરસિંહ, પ્રેમાનંદ, શામળ, અખો અને દયારામ પણ દેખાતા હતા, નહિ?

એમનામાં વીરોની હિંસા નહિ; ધનિકો જેવી લક્ષ્મીની નિરર્થકતા નહિ; ધર્મસંસ્થાપકોની વાડાબંધી નહિ; મુત્સદ્દીઓનું મૃત હૃદય નહિ. વગર યુદ્ધે વીર બનાય, ઓછી લક્ષ્મીમાં ધનવાનોના વૈભવ અનુભવાય, ધર્મોમાં રહેલી એકતા અનુભવાય, અને મુત્સદ્દીઓના મૃત હૃદય પાછળ રહેલું માનવ જીવન પણ ઓળખાય અને ઓળખાવાય. રાજાઓ કાં તો સત્તા રહિત કે કાં તો અતિ સત્તાધારી! એ બંનેનાં દૂષણોથી રહિત બની એક લેખક વાચકોના હૃદય ઉપર સત્તા ભોગવે, અને તે જુલમ વગર. એમની અસર પણ ચિરકાલીન રાજાઓ, મુત્સદ્દીઓ અને ધનિકો વિસારે પડે, પરંતુ મહાન લેખકો નહિ. ઇલિઝાબેથ રાણીનું નામ ન જાણનાર શેક્સપિયરનું નામ જાણે છે; પ્રેમાનંદના સમયમાં ગુજરાતનો સૂબો કોણ હતો તે આપણે યાદ કરતા નથી, માત્ર પ્રેમાનંદના નામને સંભારીએ છીએ. કંઈક ધનિકો એ એ સમયે વડોદરા, સુરત અને પૂનામાં હશે! જનતાને પ્રેમાનંદનો ખપ છે, ધનિકોનો નહિ.

લેખકોના સ્મૃતિસ્તંભો કેટલા દીપ્તિમાન લાગે છે! અને... અને વર્તમાન પણ એની કદર કર્યા વગર રહેતો નથી! એટલો ભૂતકાળ જ લેખકોનો પ્રશંસક નથી જ!

એટલે લેખક બનીને જીવતે જીવતે પણ મહત્તાનું ભાન તો થાય જ! જેનું ભાન ન થતું હોય, જેનો અનુભવ ન થતો હોય, જેનો સ્વાદ લેવાતો ન હોય એવી માત્ર ભૂતકાલીન મહત્તા સનાતનને શાની ગમે? કોઈને પણ ન ગમે. એટલે સનાતને પોતાને મળેલા વિશાળ વરદાનમાં નિર્લોભપણે મર્યાદા મૂકી નક્કી કર્યું કે—

'હું મહાન લેખક થાઉં.'

વદદાન તો સનાતન મેળવી ચૂકયો હતો.

જોતજોતામાં એ મહાન લેખક થયો.

* * *

મહાન લેખક એટલે ?

એણે વર્તમાનપત્રોમાં લખવા માંડયું, માસિકોમાં લખવા માંડયું, વાર્ષિકોમાં લખવા માંડયું. શરૂઆતના લેખ અસ્વીકારે તેને નિરાશ બનાવ્યો નહિ, કારણ સાથે સાથે લેખ સ્વીકારનારની સંતોષજનક બાજુ પણ તેણે અનુભવવા માંડી. પછી તો એને લેખો લખવાનાં આમંત્રણ મળવા લાગ્યાં !

એણે વાર્તાઓ લખવા માંડી, નવલિકાઓ લખવા માંડી અને નાટકો પણ લખવા માંડયાં. કવચિત નિબંધો પણ એણે સર્જવા માંડયા.

એક દિવસ એને આશ્ચર્યનો અનુભવ થયો.

રસ્તે જતાં લોકોએ એની સામે આંગળી ચીંધવા માંડી : 'પેલો સનાતન ! લેખક છે...સરસ લેખક છે !'

એના ભણકાર એને કાને પડવા લાગ્યા. સનાતનને ખબર પણ ન પડે એમ એ મહાન થતો ચાલ્યો–કહો કે આમ થોડી થોડી ખબર એને પડવા પણ માંડી.

હવે એને વ્યાખ્યાનો આપવા માટે આમંત્રણો આવવાં શરૂ થયાં. લોકો એનાં વ્યાખ્યાનો સાંભળવા પણ લાગ્યાં.

પછી એની છબીઓ માટે માગણી થવા લાગી. એ ખર્ચાળ પણ મહત્તાના તત્ત્વ સરખી પ્રવૃત્તિ એને શરૂ કરવી પડી. ઊભા રહીને, બેસીને, લખતાં લખતાં, હસતાં હસતાં, વ્યાખ્યાન આપતાં, ફીંચકા ખાતાં, મિત્રો સાથે, એકલા, એમ જુદી જુદી છબીઓ વડે એ જાહેર વ્યક્તિ બની ગયો.

પ્રકાશકોએ એનાં પુસ્તકો પણ છપાવવા માંડયાં—માગીને.

વાચકોએ પ્રશંસાના પત્રો પણ સનાતનને પાઠવવા માંડયા. એમાં કેટલાક તો સંસ્કારી યુવતીઓના પણ હતા ! કોઈ ન દેખે એમ

સનાતને આયનામાં નજર નાખી પોતાની મહત્તાને પિછાનવા માંડી!

એને શાંતિભરી નિદ્રા આવવા લાગી.

પરંતુ એક સારી નિદ્રાભરી રાતને અંત પ્રભાતમાં આવેલી થોકડાબંધ ટપાલ ઉકેલતાં એક માસિકે સનાતનની મહત્તાને ઉતારી પાડવા પ્રયાસ કર્યો. એ માસિકે લખ્યું: 'સનાતનની કવિતા જુનવાણી માનસ તરફ ઢળે છે!'

સનાતનની ભમર ઊંચકાઈ પ્રગતિને મોખરે રહેનાર સનાતનને જુનવાણી કહેનાર પણ કોઈ નીકળ્યો ખરો!

પંદર દિવસે બીજા માસિકે લખ્યું: 'સનાતનના પત્રો નિર્માલ્ય સજ્જનતાના પ્રતીક છે. તાકાત હોય તો દુષ્ટતા આવે ને?'

સનાતને જોરદાર અને અનીતિભર્યાં પત્રોની રચના કરી. એક અવલોકનકારે જાહેર વ્યાખ્યાનમાં કહ્યું: 'આવાં નિર્લજ્જ પાત્રો અને નફ્ફટ વર્ણનો સનાતનની કલમે ચીતરવા માંડ્યાં છે એ નવાઈ જેવું છે. એમનું અંતઃકરણ તથા એમની કલમ ફિનાઇલમાં બોળાય તો ઠીક.'

સનાતનની નિદ્રા જરા અસ્વસ્થ બની. પ્રભુને–કુદરતને એણે કારણ પણ પૂછ્યું. એને જવાબ મળ્યો: 'ટીકા થાય એ મહત્તાનું ચિહ્ન છે. તારે મહાન બનવું હોય તો વિરુદ્ધ વિવેચનો સાંભળવાં જ જોઈએ.'

મહાન બનવાની લાલસામાં–કે મહાનપણું ચાલુ રાખવાની આકાંક્ષામાં સનાતને ટીકાઓ પ્રત્યે ઉપેક્ષા સેવવા માંડી.

પરંતુ એ જેમ જેમ લખતો ગયો તેમ તેમ એના ઉપર વધારે ટીકા થવા માંડી. એના મુખ ઉપર એક કરચલી પડી. એ કાયમ થઈ ગઈ.

એક રાત્રે એણે મહત્તાનો ભંડાર પાછો ઊઘડેલો જોયો. કોણ કહેતું હતું કે એક કીર્તિસ્તંભ સનાતન માટે ઊભો થતો હતો? અને એટલામાં?...

દયારામ ડગમગતા દેખાયા! પ્રેમાનંદ વ્યગ્ર કેમ હતા? પણે શેક્સપિયરના કીર્તિસ્તંભ પાસે શાની મારામારી થતી હતી?

'શેક્સપિયર સરખા વહી ગયેલા નટને તે નાટક લખનાં આવડે? એ બેકને લખ્યાં છે.'

'બેકન? પેલો લાંચિયો ઉમરાવ? એના હૃદયમાં સામાન્ય માનવી શેક્સપિયર સરખી ઊર્મિ ઊછળે જ નહિ.'

'શેક્સપિયર ઢોર ચારતો હતો એ જાણો છો ને?'

'જો હવે બોલ્યા તો મુક્કાબાજી થશે...'

અને એ મારામારી પડતી મૂકી સનાતને બીજી બાજુએ દૃષ્ટિ કરી.

'વૉલ્ટેરના શબને તો ગટર મળી—શાનો અહીં બેસાડ્યો છે?' એક બૂમ સંભળાઈ.

સનાતને મુખ ફેરવ્યું.

'હોમરનાં માબાપ કોણ તે તો કોઈ જાણતું જ નથી!' એક અવાજ આવ્યો. ત્યાંથી પણ એણે મુખ ફેરવી લીધું.

સૌમ્ય હિંદમાં આવું ન હોય! હિંદી લેખકો તરફ સનાતને નજર કરી.

'પણ આ વ્યાસ કે કાલિદાસનાં માબાપ કોણ?' એક પ્રશ્ન થયો.

'મેઘદૂત રચનાર અને શાકુન્તલ રચનાર બંને એક ન હોય.' બીજું વિધાન સંભળાયું;

'અને પેલા પ્રેમાનંદે નાટકો લખ્યાં એવી ગપ લોકો મારે છે!' ગાગરિયો ભટ!'

સનાતનને મન થયું કે એ પોતાને કાને હાથ દઈ દે. નવા સંસ્કાર આવી ગલીચ મનોવૃત્તિ અને ભાષાને પોષે નહિ જ!

'એમ? જોવું છે?' સનાતનના વિચારને આહ્વાન અપાયું; અને કોણ જાણે કેમ પણ મુંબઈના રાજાબાઈ ટાવરમાં છ ટકોરા વાગ્યા! સનાતન ત્યાં ક્યાં આવી પહોંચ્યો? વર્તમાન સંસ્કારનું આહ્વાન એને સાંભળવાનું હતું ને? જે સ્થળેથી અનેક ગુજરાતી વિદ્યાર્થીઓ સંસ્કારપદવી પામી રહ્યા હતા ત્યાંથી એક સુક્કો અવાજ સંભળાયો:

'નર્મદ! એ દારૂડિયા વ્યભિચારીને તમે વર્તમાન યુગની

સાહિત્યમૂર્તિ કહો છો ?'

'દારૂમાંથી દોલત ઉપજાવતા એક ગુજરાતી વર્ગના સાક્ષર પ્રતિનિધિની એ વાણી હતી ! સત્યકથનમાં નીડરતા દેખાડવાનો લોભ સરસ્વતીપૂજકોને પણ ગાળ દેતા બ્રહ્મમુખ કરી મૂકે છે. સત્યનું અભિમાન દારૂ જેટલો જ નશો ઉપજાવે છે શું ?

સનાતને ખરેખર કાન બંધ કર્યા, અને એણે ઉર્દૂ કવિ બિસ્મલને એના કીર્તિસ્તંભ ઉપર વિલંબિત ગઝલ બોલતો સાંભળ્યો :

હમારી ખાનાબરબાદી
 જો પૂછે તો, અય બિસ્મિલ !
હથેલી પર જરાસી ખાક રખના
 ઔર ઉડા દેના !

સનાતનનું સ્વપ્ન સમેટાયું અને એ જાગ્રત થતાં બરાબર એણે એક સત્ય દૃશ્ય જોયું. એક મિત્રોનું ટોળું તેના આવવાની રાહ જોઈ બેઠું હતું.

'આજે આટલી વહેલી કૃપા ?' સનાતને પૂછ્યું.

'તમારો મહોત્સવ ઊજવવો છે.' એક મિત્રે કહ્યું.

'મારો ? હું જૈન ધર્મની દીક્ષા લેતો નથી. મેં ભાગવતનું પારાયણ કર્યું નથી, કે લગ્ન...'

'શું તમે નમ્ર થાઓ છો ? તમારી સાહિત્યસેવાની કદર...'

'અરે પણ કાંઈ પ્રસંગ વગર ?'

'પ્રસંગ ? એ તો ગમે તે ઊભો થાય. તમારી જન્મતિથિ, તમારા પહેલા પુસ્તકની પચીશી, તમારા લેખનકાર્યની ત્રીસી...'

'પણ એમાંનું કશું જ ન હોય તો ?'

'છેવટ કાંઈ નહિ તો તમને પચાસ વર્ષ તો થયાં ને ? સુવર્ણ...?'

સનાતનની સામે જ આયનો પડ્યો હતો. સુવર્ણ મહોત્સવથી શરૂ થતા જીવનયુગમાં મસ્તક ઉપર ક્યારના શરૂ થઈ ગયેલા રૌપ્ય

1. શ્રી સંજાણાના યુનિવર્સિટી વ્યાખ્યાનોનાં સ્મરણ.

રંગને એણે નિહાળ્યા. મહત્તાની હાડમારીમાં પચાસ વર્ષ વીતી ગયાં ? બીજી બે કરચલી એના મુખ ઉપર રચાઈ હતી.

એણે મહત્તા માગી હતી. એ મહત્તા ખંડેર ન બને એવું ક્યાં માગ્યું હતું ? અને માગ્યું હોય તો તે સદા ય મળે પણ ક્યાંથી ?

માનવી સ્વપ્રશંસાથી સદા ય વિરુદ્ધ જ હોય છે. પરંતુ સહુનો આગ્રહ અને પરાયા આગ્રહને વશ થવાની સરળતા, નમ્રતા અને વિવેક માનવીમાં ન હોત તો કેટકેટલા મહોત્સવો વગર જીવન ઝાંખું બની ગયું હોત ?

સનાતનનો વિરોધ શમી ગયો. એનો ઉત્સવ ઊજવાયો. એના મહાન લેખકપણાને ચારે પાસથી અંજલિઓ અરપાઈ—ટીકાકારો તરફથી પણ. અને સનાતને બહુ જ નમ્રતાપૂર્વકની બિસ્મિલની ગઝલમાં જવાબ આપ્યો :—

'હમારી ખાનાબરબાદી
જો પૂછે તો, અય બિસ્મિલ
હથેલી પર જરાસી ખાક રખના
ઔર ઉડા દેના !'

સહુએ આ મહાન લેખકની મહાન નમ્રતા ઉપર તાળીઓ પાડી. ફૂલહાર લઈ ઘેર જતાં જતાં સનાતને ખરેખર ધૂળની ચપટી હથેલીમાં મૂકી એને ફૂંક મારી.

'મારી મહત્તા આટલી જ ?' સનાતને પોતાના મનમાં કહ્યું. અને નમ્રતાનો એક ઉગ્ર ભાવ અનુભવ્યો.

આખી સૃષ્ટિ ખડખડાટ હસી ઊઠી. સનાતન ચમક્યો. એને એ હાસ્ય પાછળ એક આકાશવાણી સંભળાઈ :

'શો આ ઘમંડી માનવી ! ધૂળ સાથે પોતાને સરખાવી મહત્તા લે છે !'

અને સનાતનના હૃદયમાંથી એક પુકાર ઊઠ્યો :

'પ્રભુ ! મને આપેલું વરદાન પાછું ખેંચી લે. મારે મહાન નથી બનવું.'

એની આંખ આગળ એક સત્ય ખડું થયું.

જે લેખનકાર્યે એને મહત્તા આપી હતી એ લેખન તો એણે આસપાસના નિત્ય જીવનમાંથી એંચ્યું હતું! મહાન સનાતન? કે સનાતનની આસપાસ રમતા અણુપરમાણુ?

સનાતને ધૂળની બીજી ચપટી હથેલીમાં લીધી. એને ફૂંકથી ઉડાડવાને બદલે એણે પોતાને કપાળે લગાડી.

# સંગીતસમાધિ

માનવી વસવાટમાં પણ વર્ગો પાડે છે. કોમવાર વર્ગો હવે બદલાઈ ગયા છે અને ધનવાર વર્ગો પડતા જાય છે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના મહોલ્લાની સરહદ ઉપર આવેલા એક ખડકીબંધ ઘરની પાસે ઊભાં રહી છસાત માણસો કોઈને શોધતાં દેખાયાં.

'કોનું કામ છે?' ખડકીમાં આવેલા બીજા ઘરમાંથી કોઈ યુવાને પૂછ્યું.

'ગુરુનું.' ઘર શોધતાં માણસોમાંથી એકે કહ્યું.

'ગુરુનું! અહીં તો કોઈ...'

'ઉસ્તાદનું.'

'અહીં કોઈ મુસલમાન રહેતું નથી.'

'પંડિતજીનું.'

'ઘર ભૂલ્યા લાગો છો. પંડિતબંડિત કોઈ અહીં છે નહિ.'

'કેમ? બારેક વર્ષ ઉપર એક ગવૈયા અહીં...'

'હાં...હાં. સારંગધર ગવઈ! એતો પથારીવશ છે. એમને એક ઓરડીમાં સુવાડ્યા છે.'

'અમારે એમનાં દર્શન કરવાં છે.'

'દર્શન? થોડા દિવસના પરોણા છે. એમને પડી રહેવા દો તો સારું.'

'શું થયું છે?'

'શું નથી થયું એમ પૂછો.'

'એમને પગે પડ્યા વગર પાછા જવું નથી.'

જવાબ આપનાર મનુષ્યને બહુ નવાઈ લાગી. જે ગવૈયાએ પોતાનું ઘર વેચી નાખ્યું હતું, જીવતાં સુધી એકાદ ઓરડીમાં પડી રહેવા પૂરતો પોતાનો હક્ક રાખ્યો હતો, પાંચેક વર્ષથી જેણે ગાયકી બાજુએ મૂકી દીધી હતી, બધાં જ વ્યસનો જેણે વળગાડયાં હતાં, અને અનેક પ્રકારની માંદગી ભોગવતો પાડોશીઓની નિષ્ઠુર અને ન છૂટકાની ઉદારતા ઉપર જીવતો મૃત્યુને બિછાને જે પડયો હતો, તે ગવૈયાના દર્શન માટે કોઈ પણ માનવી આવે એ એને મહા આશ્ચર્ય હતું.

'એમનું મગજ ખરાબ થઈ ગયું છે. પૂછીશું તો ય અવળો જવાબ આપશે.

'છતાં પૂછી જુઓ. એટલી તસ્દી અમારે ખાતર લો.'

'કોનું નામ આપું?'

'કહેજો કે બૈજનાથ આપનાં દર્શને આવ્યો છે.'

બૈજનાથ? હિંદનો મશહૂર ગાયક! સિનેમા અને ગ્રામોફોન કંપનીઓ જેના અવાજને લાખો રૂપિયા અર્પણ કરે છે, જેને સાંભળવા લાખો માણસ તલપી રહે છે, જેનું નામ દેતાં સંગીતશોખીનો થાકતા નથી, અને જેનું ઓળખાણ લખપતિઓ, ધનાઢયો અને નેતાઓના હૃદયમાં પણ ગર્વની લાગણીઓ ઉપજાવે છે, બૈજનાથ આજ આ નાનકડી ખડકીમાં આવી ઊભો હતો? યુવકે ધારી ધારીને બૈજનાથ સામે જોયું; એની પ્રખ્યાત થઈ ગયેલી છબી યાદ કરી અને થોડી ક્ષણોમાં બૈજનાથનું સામ્ય છબી સાથે મળી ગયું.

'ગભરાશો નહિ. કદાચ મારું નામ તેમને યાદ રહ્યું હશે. એક એમના દર્શન કરવા સિવાય બીજું કશું જ કામ મારે નથી.' વિચારમાં પડેલા યુવકને સંગીતકાર બૈજનાથે કહ્યું.

યુવક અંદર ગયો, અને તત્કાળ પાછો ફર્યો. સારંગધર પંડિતે સહુને પોતાની ઓરડીમાં આવવાની રજા આપી હતી.

અને એ ઓરડીમાં હતું શું? અડધું અંધારું. અંધારાથી આંખ ટેવાય એટલે ભીંત ઉપર સરસ્વતી, શંકર, કૃષ્ણ, નારદ, રાવણ, હનુમાન જેવા સંગીતાચાર્યોનાં જૂની ઢબનાં ચિત્રો લટકતાં દેખાતાં

હતાં. એક પથારી, એક ચટાઈ અને જૂના ડીંચકા સિવાય બીજું કશું ફર્નિચર ત્યાં દેખાતું ન હતું. ખીંટીએ મેલી લાલ ઝોળીમાં ભરવેલો તંબૂરો અને તબલાંની જોડ એક ખૂણામાં વિસરાયેલાં પડ્યાં હતાં. પથારીમાં સૂઈ રહેલા સારંગધર પગનો રવ સાંભળી ધીમે ધીમે બેઠા થયા.

'ઊઠશો નહિ. આપ સૂઈ રહો.' બૈજનાથે કહ્યું.

'જરા તાવ આવ્યો છે...' બેસતાં બેસતાં સારંગધરે કહ્યું.

'એ તો ઊતરી જશે...'

'ઊતરે, ન ઊતરે, મને શી પરવા? શરીર હવે મને મારું પોતાનું લાગતું જ નથી.'

બૈજનાથ અને તેના સાથીદારો જરા વિચારમાં પડ્યા. શરીરથી પર થઈ ચૂકેલો આ યોગી? કે સહુએ ખસેડી મૂકેલો આ પાપી ગવૈયો? એક પણ પાપ એવું ન હતું, જેનું આળ સારંગધરને માથે મુકાયું ન હોય.

એ ગાયક પૂરો વ્યસની હતો. અફીણ, ભાંગ, ગાંજો, દારૂ એ સામાન્યતઃ જાણીતાં વ્યસનો સિવાય બીજાં પણ વ્યસનો હોય તો તે સારંગધરથી અજાણ્યાં તો ન જ હોય. એના વ્યસનથી કંટાળી કંઈક શિષ્યો ચાલ્યા ગયા હતા અને કંઈક ગૃહસ્થોએ એના વગર પોતાના જલસા જમાવ્યા હતા.

પરંતુ વ્યસનથી સારંગધર અટક્યા ન હતા. એમની ચાલચલગત માટે અનેક પ્રકારની વાતો ચાલતી. તેઓ એક સમયે મશહૂર ગવૈયાની ખ્યાતિ પામ્યા હતા એટલે અનેક ગાયિકાઓ અને નર્તકીઓ તેમની શિષ્યા ગણાવવામાં માન સમજતી હતી. તેમના ગાઢ સંસર્ગમાં સારંગધર આવતા અને મહિનાઓના મહિના તેઓ ગાનારીઓના આવાસમાં પડી રહેતા એવી પણ છાપ તેમણે સમાજ ઉપર પાડી હતી. સારા ઘરની છોકરીઓએ સારંગધરનું શિક્ષણ લેવું એ પોતાની બદનામી પોતાની જાતે જ કરવા સરખું હતું. સંગીતમાં રસ ધરાવતી ગૃહસ્થ સ્ત્રીઓ સારંગધરનો પરિચય જરાય સેવતી નહિ, અને સારંગધરની આવડાનો લાભ રાખતી તો તેની કીર્તિ જરૂર ઝાંખી પડતી.

પૈસા તો સારંગધરને ખૂબ મળ્યા. ગવૈયાઓ સામાન્ય રીતે એકાદ વિગતને પોતાની બનાવી શકે. કોઈ ધ્રુપદમાં તો કોઈ ખ્યાલમાં, કોઈ ઠુમરીમાં તો કોઈ ગઝલ કવ્વાલીમાં પ્રાવિણ્ય મેળવે. વધારે આવડત હોય તો એકાદ વાદ્ય પણ હાથ કરે – બીન, સિતાર કે તબલાં. પરંતુ સારંગધરને તો ધ્રુપદિયા પણ શોધે અને ખ્યાલિયા પણ શોધે; ઠુમરી તો ગાનારીના જ ગળામાં શોભે, છતાં કોઈ પણ ગાનારી કે કોઈ પણ કવ્વાલ સારંગધરના દરબારમાં મુજરો કર્યા વગર ભાગ્યે જ રહે. સારંગધર એ સહુને મન ફાવે તેમ બક્ષિસો આપે, જરૂર છે એમ કહેનારને સહાય આપે, ખુશ થાય ત્યાં પૈસા વેરે, નાખુશ થાય ત્યારે વધારે આગળ વધવાની ટોકણી કરી વધારે પૈસા વેરે. હિસાબ-કિતાબ કશો જ રહેતો નહિ એટલે વર્ષે કે માસ આખરે સારંગધરને તો દેવું જ દેખાવાનું. તેમનું જૂનું શેરીનું ઘર બદલાયું નહિ. સંગીતનાં પુસ્તકો રચવાની, સંગીતકારોની મૂર્તિઓ અને ચિત્રો તૈયાર કરાવવાની, સંગીતસૂચક સંગ્રહસ્થાનો ઊભાં કરવાની તેમની મહત્ત્વાકાંક્ષા ખર્ચનો બીજો ખાડો ઊભો કરતી – જોકે એમાંથી એકે ય વાત બની નહિ.

સારંગધર પરણ્યા તો હતા, પરંતુ તેમનાં પત્ની બહુ વર્ષો પહેલાં ગુજરી ગયાં હતાં. લોકોએ કહ્યું કે પત્ની છૂટી. પછી તો એમને કોઈ પણ સ્ત્રી પરણે એમ હતું જ નહિ. એમનાં વ્યસન, અવ્યવસ્થા, પૈસાની બેદરકારી અને ચાલચલગતની ખામી. સ્થિર જીવન માગતી કોઈ પણ સ્ત્રીને સારંગધર પાસે આવવા દે એમ ન હતું.

અને વધારામાં તેમનો ઉગ્ર અને વિશ્વાસ ન રાખી શકાય એવો સ્વભાવ તેમના મિત્રો, વખાણનારાઓ અને શિષ્યોની સંખ્યાને ખૂબ ઘટાડી રહ્યો હતો. મોટે ભાગે તો તેઓ આનંદી, રમૂજી અને ટોળી હતા; પરંતુ સંગીતની વાત આવતાં તેઓ ગંભીર બની જતા. સંગીતની મશ્કરી સહન કરી શકતા નહિ, અને તેમણે માનેલા સંગીતસિદ્ધાન્તો વિરુદ્ધ જરા સરખો પણ વાદવિવાદ ચલાવી લેતા નહિ. એટલે સહુ કોઈ સારંગધરને છોડતું ચાલ્યું. માત્ર જિજ્ઞાસા કે સંગીતવિષયક મુશ્કેલી સિવાય તેમની પાસે જવાનું સંગીતકારો અને

સંગીતશોખીનોએ પણ માંડી વાળ્યું. છેલ્લાં આઠ દસ વર્ષમાં તો તેઓ એકલવાયા બની ગયા. હિંદભરમાં ઘણા ય સંગીતકારો એવા હતા કે જે સારંગધરના શિષ્ય કહેવરાવવામાં માન સમજતા હતા. પરંતુ સારંગધરની પાસે આવવું કે સારંગધરને બોલાવવા એ સ્થિતિ હવે તદ્દન બદલાઈ ગઈ. વર્ષે એકબે માણસો ખબર કાઢવા આવતાં; તેમને કેટલી વાર તેઓ મળવાની ના પાડી દેતા. કોઈ જૂનો મિત્ર કે શિષ્ય મનીઑર્ડર મોકલે તો તે પાછો કાઢતા અને પત્રમાં બીડેલી નોટ આવતી તો તેઓ ફાડી નાખતા અને બોલી ઊઠતા : ' મને ભિક્ષુક માન્યો, એમ ? '

જૂના પાડોશીઓની કાળજી – મહેરબાની જરા પણ દેખાય નહિ એવી કાળજી – તેમને જીવતા રાખી શકી હતી. નવી ઊછરતી પ્રજા તેમને નિરુપયોગી ચક્રમ ડોસા તરીકે ગણી તેમની ઉપેક્ષા કરતી. એ ઉપેક્ષાની તેમને પરવા પણ ન હતી. રસ્તે ચાલતાં ગવાતાં સિનેમા-ગીતો પ્રત્યે તેઓ તિરસ્કારની લાગણી વારંવાર વ્યક્ત કરતા, અને ઝડપમાં જ કૌશલ્ય માનતી આજની દુનિયાએ તેમની દીર્ઘસૂત્રી તૈયારી અને જમાવટના લંબાણથી કંટાળી તેમને ઝડપથી ભૂલવા માંડ્યા. સારંગધર એક સમયના હિંદવિખ્યાત સંગીતકાર હતા એ વાત વિસારે પડી, અને કદાચ આ સારંગધર એ જ પેલા જાણીતા સંગીતકાર એમ કોઈ કહે તો તે માનવા માટે પણ હવે બહુ ઓછા માણસોની તૈયારી હતી. આજના હિંદમાં સર્વોપરી સંગીતકાર તરીકે હવે બૈજનાથનું નામ વ્યાપક થઈ ગયું હતું. એ બૈજનાથ આજ ભુલાઈ જતા સારંગધર પાસે આવ્યા. સાંભળનારને નવાઈ લાગે એમ હતું.

## ૨

' એ જ શરીરનાં દર્શને હું આવ્યો છું.' બૈજનાથે કહ્યું.

' ઘેલો લાગે છે ! મને ઓળખે છે ખરો ? ' બેસતાં બેસતાં સહજ હસી સારંગધરે કહ્યું.

' આપને ન ઓળખે એ સંગીતને જ ઓળખતો નથી.'

'પણ...મને તો કહ્યું કે...કોઈ મશહૂર ગાયક આવ્યો છે.' તને તો જોયો છે. બરાબર દેખાતું નથી...' તાવ, પસારો અને ઉમરથી ક્ષીણ બનેલા સારંગધરની આંખ કરી નહિ અને માણસો ઓળખવાનું મુશ્કેલ થઈ પડ્યું હતું. તેમના વાળ ધોળા થઈ ગયા હતા. આંખ ઉપરની ભમર પણ ધોળી બની સારંગધરને કોઈ અન્ય દુનિયાના પ્રાણીનું સ્વરૂપ આપી રહી હતી.

'હું બૈજુ...આપનો શિષ્ય...'

'બૈજનાથ! હાં...હાં! સાંભળ્યું'તું કે તું તો ભારે નામ કાઢી રહ્યો. પાસે આવ...બેટા! રીસ ઊતરી?' સારંગધરે હાથ લાંબો કરી પરમ વાત્સલ્યથી બૈજનાથનો હાથ પકડી પોતાની પાસે ખેંચી બેસાડ્યો, અને તેની સામે વારંવાર નિહાળી તેને વાંસે અને માથે હાથ ફેરવ્યો. સારંગધરની આંખમાં નવી ચમક દેખાઈ.

'તાવ તો વધારે લાગે છે, પંડિતજી! વૈદ્ય ડૉકટરને બોલાવવા છે?' સારંગધરના હાથની ઉનાશથી ચમકી બૈજનાથે પૂછ્યું.

'**વૈદ્યો નારાયણો હરિઃ।** અને મારે તો નારાયણ સંગીત અને હરિ પણ સંગીત!'

'આપ એક કૃપા ન કરો?'

'હું? કૃપા? મારું શરીર તો જો! હું કોના ઉપર કૃપા...'

'આપને હું મારી સાથે લઈ જવા આવ્યો છું...'

'હું જંજાળરૂપ છું એનું ભાન તને રહ્યું છે ખરું?'

'જંજાળ? જે ગુરુનું સ્મરણ કર્યા પછી જ હું દિવસ શરૂ કરું છું એ જંજાળ?'

'મારું સ્મરણ? જગતને પૂછ...અરે મને જ પૂછ કે હું કેટલો પાપી છું!'

'હું ન માનું. મારે જગતને પણ પૂછવું નથી અને આપને પણ પૂછવું નથી. નાદબ્રહ્મની ઉપાસનામાં પાપ પ્રવેશ જ ન પામે.'

સારંગધર બૈજનાથની સામે જોઈ રહ્યા. તેમનામાં સ્થિરતા આવતી દેખાઈ. તેમની આંખો તેમના હૃદયની વાત કહી રહી હતી.

સારંગધરે પાપ કર્યું જ ન હતું એવો એ વાતનો મર્મ હતો. એમનાં કહેવાતાં પાપ એ નાદબ્રહ્મ સાથેની એકાગ્રતા સાધવાનાં ઉગ્ર સાધનો હતાં અથવા સંવાદ હલાવી નાખતી ક્લિષ્ટ આંધીમાંથી બહાર નીકળવાના હઠયોગપ્રયત્નો હતા.સારંગધરને જગતમાંસ'વાદસ્વર્ગ'સર્જવું હતું;સૂર, લય અને તાલની ત્રિવેણી માનવજાત સન્મુખ વહેતી કરવી હતી; અને એ માટે પોતાની કલ્પનાસૃષ્ટિ પણ સંગીતની જ બનાવી હતી. આખી સૃષ્ટિને તેઓ સંગીતસ્પર્શથી જ ઓળખતા હતા એમ કહીએ તો ચાલે. સજીવ કે નિર્જીવ સૃષ્ટિનાં સર્વ હલનચલનમાં તેઓ સંગીત વાંચતા અને રાગ, રાગણી, તેમનાં મિશ્રણ, વિધવિધ લયમાં તેમનાં આયોજન, અને તાલની રમતમાં જ પોતાના જીવનને વ્યતીત કરતા હતા. દૂધવાળી દૂધ વેચતાં ' દૂધ લો દૂ...ધ !'નો વિલંબિત ઉચ્ચાર કરતી સંભળાય તો સારંગધર બોલી ઊઠતા : ' ક્યા ગાંધારમેં ચલી જાતી હય !' કોઈ નવવધૂ નૂપુરના આછા ઝણકારસહ શેરીની એક કોરે ચાલી જતી હોય તો સારંગધર એ ઝણકારને ' ધીંડ ધીંડ તામ ઘુમ ઘુમ 'ના તોડામાં બેસાડતા, અગર કોઈ ઘોડો ચીંદ કે છારતકમાં જતો તો તરત સારંગધરને આખું જગત ઝપતાલ કે દાદરાના ઠેકા લેતું સંભળાતું.

પરંતુ એ બાહ્ય જગતમાં જ્યારે તાલભંગ કરતાં તત્ત્વો તેમને દેખાતાં ત્યારે સારંગધરના ક્રોધનો પાર રહેતો નહિ. અને એ તાલભંગ ક્યાં અને ક્યારે થતો એ બાબતમાં સારંગધર અને માનવજાત વચ્ચે સતત મતભેદ ચાલતો હોવાથી તેમની આસપાસના જગતમાં સારંગધર અનેક ઘર્ષણો ઊભાં કરતા એમ જગત કહેતું. જોકે સારંગધરને જગતનો દોષ કાઢવાની ફુરસદ મળતી નહિ. તાલભંગસ્થિતિ પરત્વે રોષ દર્શાવી તેઓ તત્કાળ નાદબ્રહ્મની ઉપાસનામાં જોડાઈ જતા. પરંતુ જગત સારંગધરના ક્રોધને ભૂલતું નહિ.

પડોશમાં કોઈ મા પોતાની દીકરીને ચીસ પાડી બોલાવે તો સારંગધર બારીએ આવી બોલતા : ઈશ્વરે આવું સારું ગળું આપ્યું છે. ટીપને બદલે એને ખરજમાં ગોઠવો ને, બહેન ?' અને સારા

ગળાવાળી એ બહેન ટીપને પણ વનડાવતી સૂર કાઢી સારંગધરની સૂરસૃષ્ટિમાં અસહ્ય ઊથલપાથલ કરતી.

'આ પાણું મીઠું ઢેખું ! પરમેશ્વર પાંપણથી ઉપડાવશે. સમજી ?' મીઠું વહુએ નેખું હોય કે ન નેખું હોય છતાં ઘરની પ્રત્યેક અવ્યવસ્થા માટે ઘરની વહુ જ જવાબદાર છે એ સિદ્ધાંત અનુસાર જીવન ઘડી ચૂકેલી સાસુને વહુ જવાબ આપતી :

'પણ મેં ક્યાં નેખું છે ?'

એટલે સાસુને પોતાના રાજ્યમાં બંડ ઊઠ્યાની થઈ ચૂકેલી ખાતરી વધારે દઢ થતી, અને દલીલને બદલે હિંદના વિલાયતી રાજ્ય માફક–કહો કે જગતનાં સર્વ રાજ્યોની માફક સાસુનો કંઠ ઉચ્ચાર કરતો : 'એમ ? સામું બોલે છે ?'

એ ઉચ્ચાર સાથે હિંદરક્ષણધારા કરતાં પણ વધારે વ્યાપક સત્તા ધરાવતા કુટુંબશાસક નિયમ અનુસાર લેવાતાં પગલાંના ધબકાર સારંગધરને વ્યથિત કરી મૂકતા અને અંતે તેમનાથી બોલાઈ જતું :

'અરે બાઈ ! હવે રાત પડી. જરા બોલતાં તો બંધ થાઓ ? વેરાયું હોય એના કરતાં બમણું મીઠું હું તમને આપું.'

'મોટા મીઠું આપનાર ના જોયા હોય તો ! હું બોલું છું તેમાં તારા બાપનું શું ગયું ?'

પડોશીની એક કર્કશ ચીસ આસપાસના રહીશોની સાત પેઢીના સૂરસંવાદને હલાવી નાખે છે એ સત્યસાસુને સમજાવવાના સારંગધરના પ્રયત્નો કર્કશ ચીસનાં અનેક આવર્તનો ઊભાં કરતાં.

હિંદમાં શૌર્યનો સંસ્કાર નથી એમ કહેનારને કેટલાક પતિદેવોનાં સ્વરૂપ બતાવવાની જરૂર છે. સારંગધરના પડોશમાં રહેતા એક શાસ્ત્રીભક્ત પતિએ પોતાની પત્ની ઉપર હાથપ્રકારનો વંટોળિયો વેર્યો, અને આવા પ્રસંગે પત્નીનો જ દોષ હોવો જોઈએ. એવી સામાન્ય માન્યતાનો વિરોધ કરી સારંગધર તેના ઘરમાં ઘસી આવ્યા અને પતિના 'વિરાટ'–હુમલાને રોકવા લાગ્યા :

'આ સારું કહેવાય ? સ્ત્રી ઉપર આમ હાથ...' સારંગધરે કહ્યું :

તેમને બોલતા અટકાવી પ્રહારે ચઢેલા શૂર પતિએ કહ્યું :

'સ્ત્રી તારી છે કે મારી? તું કેમ વચ્ચે આવે છે?'

'એ સ્ત્રી તમારી છે એવો કહે તો દસ્તાવેજ હું લખી આપું. મારામારી પણ જરા શાંતિથી વ્યવસ્થાપૂર્વક થાય તો મને અડચણ નથી. સૈનિકો પણ મરતાં મરતાં તાલ ચૂકતા નથી. આ તો...'

'પણ પારકી પંચાત તારે કરવાનું કાંઈ કારણ?' શરીર પતિદેવે દ્વંદ્વયુદ્ધની નીતિઘોષણા ઉચ્ચારી અને ભેગી થઈ ગયેલી જનતાએ એ ઘોષણા ઉપાડી લીધી. પત્નીને માર મારવો એ સારું કામ છે કે નહિ એ પ્રશ્ન બાજુએ મુકાયો. પરંતુ પતિપત્નીની મારામારામાં ત્રીજા માણસને પડવાનો અધિકાર નથી એ સિદ્ધાંત સર્વાનુમતે સ્વીકારાયો; અને સારંગધરે પાછાં પગલાં ભરી કોઈ બેસૂરું વાદ્ય સાંભળ્યાનો ભયંકર કચવાટ અનુભવ્યો. ઉપરથી એક નવી વાત ઉમેરાઈ તે જુદી! સારંગધર અને ક્ષત્રિકુલશોભન પતિ વચ્ચે ઝઘડો થયાનું કારણ માર ખાનાર પત્ની પ્રત્યેની સારંગધરની મીઠી દૃષ્ટિ પણ હોય, એવી વાત શરૂ થઈ. હોયમાંથી જોતજોતામાં 'છે' અને 'છે'જની કક્ષાએ પણ વાત આવીને ઊભી!

'પંડિતજી! જરા ઠંડાઈ પી લો; શાંતિ વળશે.' એક મળવા આવેલા ઉસ્તાદે અશાંત સારંગધરને સલાહ આપી. સારંગધરને જગતની અશાંતિમાંથી ઊગરવાનો માર્ગ મળ્યો. પવિત્ર પડોશીઓએ વાત કરવા માંડી: 'સારંગધર? અંહ! એ તો ગંજેરીભંગેરી છે!'

સારંગધરે લોકોની વાતનો સામનો કરવા ભાંગ ઉપરાંત ગાંજો પણ શરૂ કર્યો. આસપાસનું ક્લિષ્ટ, મેળ વગરનું, બેસૂરું જીવન એથી ઓછું ખટકવા લાગ્યું. સંગીતમાં એકાગ્રતા વધતી જણાઈ, સૂર ઉપર હતો એના કરતાં વધારે કાબૂ આવતો લાગ્યો, સંગીતસૃષ્ટિનાં સ્વપ્ન સાચાં બનતાં લાગ્યાં. છતાં આસપાસનું સંગીતરહિત જીવન ખટકતું ત્યારે ઘણા જોરમાં ખટકતું. પ્રભાતમાં ઊંડી સ્વર ભરતા સારંગધરને માટે કોઈ નિદ્રિત ભારતવાસીએ ફરિયાદ પણ કરી કે આ કામકાજ વગરનો ગવૈયો અમારી સવારની ઊંઘ બગાડે છે!

પ્રભાતના પવિત્ર મનોહર રાગ કોઈને પણ વિક્ષેપ પમાડે ખરા ? સારંગધરને આશ્ચર્ય ઊપજ્યું. એના પ્રશ્નનો જવાબ પણ મળ્યો કે :

'ભાઈ ! આમ બોલાવવું હોય તો કોઈ એકાન્ત બંગલામાં રહો !'

૩

અસ્વસ્થ સારંગધરને બંગલાની નવાઈ ન હતી. માત્ર જે સ્થળે એણે સ્વરસાધના કરી હતી તે સ્થળ છોડવાની તેમની તૈયારી ન હતી. છતાં રિસાઈને તેમણે થોડા દિવસ બંગલા સેવ્યા. બંગલાના માલિકો સારંગધરને પોતાના મકાનમાં રાખવાનું માન મેળવવા આતુર તો હતા જ. માલિકોને તો નહિ, જ પરંતુ માલિકોની સ્ત્રીઓ કે પુત્રીઓને સંગીતનો શોખ કેળવવાની ફુરસદ મળે છે. એવી એક શિષ્યાએ તેમને પોતાના જ બંગલામાં રહેવાની સગવડ કરી આપી.

પરંતુ એ શિષ્યાના પતિનું દૃશ્ય સારંગધરને અતિશય સંગીત-વિરોધી લાગ્યું. એ ધનિક ગૃહસ્થે લાખો રૂપિયાના ખેલ રચ્યા હતા, શૂન્યમાંથી વિશ્વામિત્રની માફક પોતાની વ્યાપારદૃષ્ટિ તેમણે સરજી હતી, અને સફળ માનવી તરીકે—માનવીતરીકે નહિ પણ વ્યાપારી તરીકે—મોટું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સરકાર-દરબારમાં પણ પૈસાના પ્રભાવે તેમને સ્થાન હતું. માત્ર સફળ વેપારના એક ફળ રૂપે તેમનો દેહ બેડોળ બનતો જતો હતો, અને કુટુંબ તરફ નજર કરવાની તેમની ફુરસદ ઘટતી જતી હતી, પૈસો એ તેમનું સર્વસ્વ હતું અને તે પૈસો જરૂર પડયે પત્નીને પણ તેઓ આપતા. પરંતુ હૃદયની આસપાસ ધનના કોટકિલ્લા રચનાર એ ધનિકનું હૃદય પત્નીને મળ્યું નહિ. દેહસ્થૂલતા રૂપે ફૂટી નીકળતું ધન દેહને હાસ્યપાત્ર બનાવી રહ્યું અને હાસ્યની સીમા ઓળંગી ગયેલી પત્નીને પતિ માટે ઘૃણા ઊપજી. સારંગધર અને તેમની શિષ્યાનો ધનિક પતિ માટે એકમત થયો. પૈસા અને પ્રેમ બેની પસંદગી માનવ જાતે કરવાની હોય છે. એક જ વ્યક્તિમાં એ બંને મહાપ્રાપ્તિઓ ભાગ્યે જ ભેગી થાય છે, એટલે જનતાને એ જુદે જુદે સ્થળે શોધવાં પડે છે. શિષ્ય પાસે

ધન તો હતું જ—પતિનું, પરંતુ પ્રેમ ન હતો; તે તેણે સારંગધરમાં શોધ્યો. લગ્ન સિવાય સ્ત્રીપુરુષના જીવનમાં સંવાદ ન જ સધાય એવી માન્યતા સારંગધરની ન હોવાથી તેઓ શિપ્રાને અનુકૂલ થવા ગયા. શિપ્રાનો બેડોળ પતિ પ્રેમમાં શુષ્ક હતો, જાસૂસીમાં નહિ. એની આંખોએ સારંગધર અને પોતાની પત્નીના સંબંધમાં સંગીત કરતાં વધારે નિકટતા પ્રગટતી નિહાળી, અને પરિણામે પત્નીને તો તેમણે ન ત્યજી, પણ સારંગધર બંગલામાં—કોઈ પણ ગૃહસ્થના બંગલામાં—રહેવા માટે નાલાયક બનાવ્યા.

બંગલામાંથી બહાર હડસેલાયેલા સારંગધરને એક પરિચિત નર્તકીનું આમંત્રણ મળ્યું, અને નર્તકીની આંખના તેજ સાથે મદ્યની પ્યાલીનો રંગ પણ એક થતાં સારંગધરે દારૂના નશામાં શાંતિ પ્રાપ્ત કરી. પછી તો સંગીતવિહોણી સૃષ્ટિને સૂરમાં લાવનાર મદિરા જ તેમની મિત્ર બની. ચીસ પાડતી માતા, પત્નીને માર મારતો પતિ, સંગીતશત્રુ પડોશી અને રૂપગુણ વગરના, તથા સ્ત્રીનો પ્રેમ ન જીતી શકતા ધનિક કરતાં શરાબની શાંતિ આપતી નર્તકી ઓછું પાપ કરે છે અને જીવનમાં ઓછો તાલભંગ કરે છે એમ માનતા સારંગધરે સમાજના કંઈક અસ્વીકૃત સંબંધોમાં જ સંગીતમયતાનો અનુભવ કરવા માંડ્યો. અને જોકે સંગીત શોખીનો તો તેમને શોધતા જ રહેતા, છતાં પ્રતિષ્ઠિત કહેવાતા સમાજે તેમનાથી અલગ રહેવા માંડ્યું; અગર તેમને અલગ—અસ્પૃશ્ય રાખ્યા. સેંકડો ગરીબોનાં લોહીમાંસ ઉપર મિલકત ઊભી કરનાર ધનિક છૂટે હાથે પૈસા વેરતાં ભિખારી બનેલા એક કલાકાર કરતાં વધારે પ્રતિષ્ઠિત શા માટે? જૂઠાણાં ઉપર જાહોજલાલી રચનાર કરતાં વકીલ સૂરગંગા રેલાવનાર એક નર્તકી કરતાં વધારે વિશુદ્ધ કેવી રીતે ગણાય? વહુના હૃદયમાં અગ્ન્યસ્ત્ર ભોંકતી સાસુ કરતાં એ અગ્ન્યસ્ત્રથી બચવા ઘર છોડી ગમે ત્યાં આશ્રય શોધતી વ્યભિચારી મનાતી વહુ વધારે પાપી હોઈ શકે ખરી? ખુશામત કરતા એક સફળ માનવી કરતાં દુઃખ દાટવા વ્યસન શોધતો માનવી વધારે વંઠેલ કેમ કહેવાય? આવાં આવાં પ્રશ્નોના

ઉત્તર પ્રતિષ્ઠિત સમાજ પાસે છે જ નહિ. સારંગધરના હૃદયમાં એ પ્રશ્નો ઉઠ્યા અને એમણે અપ્રતિષ્ઠિત કહેવાતા જીવનની બાજુઓનો આશ્રય લઈ પ્રશ્નોના ઉત્તર મેળવ્યા. એમાં જ એમને સંગીત વધારે સાચું બનતું લાગ્યું. પુણ્યશાળી મહાંધ કરતાં પાપી મનાતી જનતામાં વધારે સાચી સંગીતભક્તિ તેમને દેખાઈ, અને સારંગધરે પાપીઓમાં પોતાનું નામ કોતરાવ્યું. એમને પુણ્ય કરતાં સંગીત વધારે વિશુદ્ધ લાગ્યું. પુણ્ય કે પ્રતિષ્ઠા સંગીતવિરોધી કે સંગીતવિહોણાં હોઈ શકે જ નહિ એવા આંચકને લીધે સારંગધર જલસાઓને બદલે જમાતોમાં, વિદ્વાનોને બદલે બાવાઓમાં, ધનિકોને બદલે ફકીરોમાં અને મંદિર-મસ્જિદને બદલે મયખાનામાં વધારે સમય ગાળવા લાગ્યા.

અલબત્ત આ જીવનસરણીએ તેમના ગળાને જરા ખોખરું બનાવ્યું અને તેમના સ્વભાવને ઉગ્ર બનાવ્યો. સંગીતની વિશુદ્ધિ માટે, સંગીતના સ્વરૂપ માટે, સંગીતના સૌન્દર્ય માટે તેમણે રજપૂત જેવું તીવ્ર અભિમાન કેળવ્યું અને જરા જરામાં તલવાર ઉઠાવવા જેવું શૌર્ય વિકસાવવા માંડ્યું. સંગીતની જરા પણ ખામી, સંગીતની જરા પણ વિરૂપના સારંગધરને અસહ્ય થઈ પડતી અને તેને લીધે તેમના મિત્રો, શિષ્યો અને ભક્તો પણ જરા આઘા ખસવા લાગ્યા. દીપક રાગ જીવંત છે કે નહિ એની ચર્ચામાં તેમને આખી સંગીતશાળા સળગાવી દેવાનું મન થતું. કર્ણાટકી પૂર્વી અને હિંદુસ્તાની પૂર્વી વચ્ચે કેટલો ભેદ છે એનું દિગ્દર્શન કરાવવા તેઓ કાં તો આખા દક્ષિણ હિંદુસ્તાની સંગીતને કે આખા ઉત્તર હિંદુસ્તાની સંગીતને દાટી દેવા તત્પર થતા. કથકલી નૃત્ય અને જાવાબાલીનાં નૃત્યો વચ્ચે ઊભા થયેલા વિરોધોનું સમાધાન સૂચવતાં તેઓ સઘળા નર્તન ઉપર શાપ વરસાવતા — જોકે તેમનું જ્ઞાન અને તેમની સમજ તેમની પાસે આવા આવા પ્રશ્નોના ઉકેલ માટે અનેક સંગીતવિદોને આકર્ષ્યા કરતાં હતાં, સંગીતની સઘળી ચર્ચામાં તેમને રસ હતો. સહુ કોઈ તેમનો મત માગતું, પરંતુ ધીમે ધીમે એ રસમાં કડવાશ પ્રવેશ પામી અને તેમના મનમાં તલવારની ધારનાં દર્શન થવા લાગ્યાં. જે સંવાદ ઉપર ભાર મૂકી

સારંગધર સમાજને હડસેલી રહ્યા હતા, એ સંવાદના આગ્રહમાં તેમણે સંગીતસૃષ્ટિને પણ ડામાડોળ બનાવી સંવાદને – જીવનસંવાદને હલાવી નાખવા માંડ્યો. શિષ્યો પણ ધીમે ધીમે તેમનાથી ખસતા થયા. તેની તેમને પરવા ન હતી. સંગીતની તેમની કક્ષા પળે પળે ઊંચી ચડતી હતી; એ કક્ષા સાચવવા તેઓ દુર્વાસા સરખી ઉગ્ર સાવધાનતા રાખતા અને જ્યાં જીવનસંવાદમાં ઘર્ષણ ઊભું થતું ત્યાં વ્યસનની ધૂનમાં તેને છુપાવી સંગીતસૃષ્ટિને તેઓ સજીવન રાખતા.

૪

સંગીતમાં પારંગત બનેલો એક યુવાન સારંગધર પાસે આવ્યો. સારંગધરનો હાથ માથે મુકાય નહિ ત્યાં સુધી સંગીતમાં અંતિમ સફળતા ન મળે એવી સંગીતકારોમાં માન્યતા હતી. ઉત્તમ પ્રકારનું શિક્ષણ પામેલા સંગીતવિદોની છેલ્લી તાલીમ સારંગધરની. તેમની પાસે ગાળેલો સમય બહુ જ કિંમતી – સંગીતમુકુટની કલગીસરખો ગણાતો. એટલે સારંગધરના સ્વભાવની વિચિત્રતા સહન કરીને પણ વર્ષમાં એક બે સંગીતશિષ્યો તેમની પાસે શિક્ષણ લેતા જ રહેતા. અને એમના શિક્ષણની ખૂબી એવી હતી કે સંગીતકારોના સંગીતને સહજમાં ઓપ આપી દેતી. એ યુવાનની તૈયારીથી સારંગધર બહુ રાજી થયા અને તેને પોતાની સર્વ કલાસમૃદ્ધિ સમર્પી દેવાનો તેમણે નિશ્ચય કર્યો. શિષ્ય પણ અધિકારી હતો જ. સંગીતનું તેનું જ્ઞાન વિશિષ્ટ પ્રકારનું હતું, અને તેના ગળાની કેળવણી એટલી ઉમદા હતી કે કઠણમાં કઠણ તાન, મુરકી તથા ગમકને તે દેખાડતાં બરાબર સિદ્ધ કરી લેતો હતો. સારંગધરને લાગ્યું કે પોતાને નવું જીવન મળે છે. સંગીતના જ સ્વપ્નમાં રાચનાર એ કલાવિદને લાગ્યું કે એ શિષ્ય સંગીતસમૃદ્ધિ સાચવશે એટલું જ નહિ પણ તેને વધારશે. બહુ જ વાત્સલ્યથી સારંગધરે તેને સંગીતનું જ્ઞાન આપવું શરૂ કર્યું.

શિષ્યને માત્ર એક કુટેવ પડી ગઈ હતી. એ કુટેવ પણ એણે એના અન્ય સંગીતગુરુઓ પાસેથી જ મેળવી હતી. સંગીત સરખી

કંઠકળા મુખને સાધન બનાવે છે એટલે સંગીત કંઠ ઉપરાંત આખા મુખ ઉપર પણ ઘણો આધાર રાખે છે. કંઠને સંગીતમાં ઉતારવા માટે દંત, ઓષ્ઠ, ગાલ એ બધાનો ઉપયોગ કરવો પડે છે અને આંખ, હાથ, અંગુલિ તથા પગ પણ એમાં સહાયભૂત બની શકે છે. નિયમબદ્ધ અને કલામય અંગઉપાંગની સહાય મળે ત્યારે તેમાંથી અભિનય અને નૃત્ય સરખી સંગીતની સહચરી કલાઓ ઉપજે છે. પરંતુ સંગીતકારો – ખાસ કરીને પુરુષ સંગીતકારો સૂરતાલની ઉપાસના સમયે આવા અંગની માત્ર સહાય લેવામાં એ અંગોનો એવો મરોડ આપે છે કે સંગીતની સૌંદર્યમૂર્તિ બદસૂરત બની જાય છે. સંગીત એ મહાકલા છે. એમાં ઝીણામાં ઝીણી નકશી અને પ્રૌઢમાં પ્રૌઢ તરંગાવલિઓ રચી શકાય છે એ ખરું. છતાં પુરુષ સંગીતકારોએ એક અજબ કાવતરું સંગીત વિરુદ્ધ કર્યું લાગે છે. સંગીતના પ્રત્યેક અંગ ઉપર પોતાનું પ્રભુત્વ છે એમ સાબિત કરવાના મોહમાં આવડતી હોય એટલી બધી જ સંગીતરીતિઓ એક જ ચીજ ઉપર તેઓ લાદે છે. અને એ લાદવાની ક્રિયામાં આંખ, માથું, ડોક, હોઠ, હાથ અને શરીરને એટલા ઝોક, કંપ, આંચકા અને ઉછાળા ખવરાવે છે કે એમની કૃતિ સંગીત છે કે ભૂત ઉતારવાની ક્રિયા છે એની સમજ પડતી નથી.

'પિયા બિન નહિ આવત ચૈન'ની કુમળી મૃદુતાભરી અને નાજુકીથી દર્શાવાતી ભાવનાને સંગીતમાં ઉતારતી વખતે અંગકૂદકા અને હનુમાનકૂદકા મારતી અનુભવીએ ત્યારે આપણને કોઈ સુંદરી નોકરના હુકમ અનુસાર, સરકસના ખેલ કરતી હોય એમ લાગે છે.

'આંગનમેં મત સો મેરી સજની.' એ વહાલભર્યા સંબોધન સમયે સંગીતકાર તાનપલટાના ભયાનક હોકારા કરી મૂકે ત્યારે કોઈ રસિક નાયક નહિ પરંતુ 'ભૂંડે નાર પાધરી'નો સિદ્ધાંત ધરાવતો કોઈ જડસુ પતિ પત્નીના કાન ઝાલી આંગણામાંથી ખેંચી જતો હોય એવો ભાસ થાય છે. અને તેમાં યે જ્યારે આંખ અને મુખને વક્ર, બિહાવરાં કે ઉશ્કેરાયેલાં બનાવીને ગાવામાં આવે છે ત્યારે તો

અમૃતને ઘાસલેટના ડબ્બામાં ભર્યા સરખું લાગે છે. ગાયક ગાતા હોય : 'મુખ મોર મોર મુસકરત જાત.' અને ઝેર પીધું હોય એમ મુખ બગાડે; અગર ભક્તિભાવપૂર્વક 'મેરે જનમ મરણકે સાથી'નું ગીત ગાતાં ગમકના ભીખરા અને મુક્કાબાજી માટે ઊપડતા હાથનું ભયાનક દૃશ્ય ઊભું કરી સંગીતકાર ઈશ્વરને પણ બગાડી મૂકે, ત્યારે સંગીત કલા નહિ પણ રોગ બની જાય છે.

સારંગધરને ચાળાની, મુખમચકોડની અતિશય ચીડ હતી. શિષ્ય સુંદર રાગસ્વરૂપ ઊભાં કરતો, અને સારંગધરનાં સૂચન અનુસાર એ સ્વરૂપને જીવંત પણ બનાવતો. પરંતુ ક્વચિત્ તેનો હોઠ વાંકો થઈ જતો, એના હાથ કોઈ વખતે સનેપાત થયો હોય એમ ઊછળતા, અને સૂરકંપની સાથે કદી તે દેહ અને મસ્તકને પણ કંપાવતો.

'જો દીકરા ! ગાતી વખત હાથ ન હલાવીશ. તારે ગાવાનું છે, અભિનય કરવાનો નથી.' સારંગધરે એક વખત શિષ્યને કહ્યું.

શિષ્યે કાળજી રાખવા માંડી. છતાં તેનું ડોકું ગાતાં ગાતાં ઝૂકી જતું.

'તારે આટલું બધું ધૂણવાની જરૂર નથી.' સારંગધરે સૂચના આપી. શિષ્યે તે સૂચના માન્ય કરી, છતાં કદી તેનું મુખ ગાતાં ગાતાં વાંકું થઈ જતું.

'ભાઈ ! સંગીતકારનો આ ભારે દોષ શાસ્ત્રે કહ્યો છે. આવું રૂપાળું મુખ ઈશ્વરે આપ્યું છે; ગાતે ગાતે એને કદરૂપું ન બનાવ.' સારંગધર જરા ઉગ્ર બન્યા.

શિષ્યને તો સંગીત જાણવું હતું; એને આવી રીતે ચડાવાતી શિખામણોની જરૂર નહોતી. સંગીતે માનવીની મુખચર્યા કે દેહચર્યા સાથે આવો ચીડ ચડે એવો સંબંધ રાખવો ન જોઈએ એવી શિષ્યની માન્યતા હતી; અને પ્રત્યેક શિખામણ સાથે શિષ્યનું મન સામનો કરતું. પરંતુ સારંગધર તો સંગીતના આખા વાતાવરણને સૌંદર્યભર્યું જોવા તલસતા. સંગીતના પ્રદેશમાં સંગીતકારનું મુખ કે હલનચલન સહજ પણ કદરૂપાપણું ઉપજાવે એ એમને અસહ્ય બની જતું.

એક સવારે ભૈરવનું આખું સ્વરૂપ શિષ્યે ઊભું કર્યું. ગુરુએ

સાનંદાશ્ચર્યથી ' વાહવાહ ! ' કહેતાં કહેતાં શિષ્યના મુખ સામે જોયું અને ગુરુના દેહમાં કોઈ આવેશ આવ્યો. એમની સંગીતસૃષ્ટિ જાણે ભાંગી ગઈ હોય એમ તેમને લાગ્યું અને એ મહાપાપ કરનાર શિષ્યના મુખ ઉપર તેમણે એક સજ્જડ તમાચો લગાવી દીધો.

' હજી ભાન નથી આવતું ? રાગના આખા અવતાર બગાડી મૂકે છે ? મુખ વંકાવીને ગાતું હોય તો સામો ન આવીશ !' સારંગધરે તમાચાની સ્પષ્ટતા કરી અને શિષ્ય એકાએક ગુરુને છોડી ચાલ્યો ગયો.

સારંગધરે તે દિવસથી સંગીત છોડયું કહીએ તો ચાલે. અલબત્ત, જીવન આખું સંગીતને સમર્પણ કરનારથી સંગીત સાથે છૂટાછેડા તો ન જ થઈ શકે. પરંતુ તેમણે જલસા બંધ કર્યા, શિક્ષણ પણ બંધ કર્યું અને ગાવાનું પણ ઘણું ઓછું કરી નાખ્યું. શિષ્યના ગયા પછી સારંગધરને લાગ્યું કે તેમનું પોતાનું જ શિષ્ય પ્રત્યેનું વર્તન સંગીતસિદ્ધાન્તથી સેંકડો ગાઉ દૂર હતું. જેમ મુખ બગાડીને સંગીત ગાનાર દૂષિત ગાયક બને છે, તેમ તમાચા મારી સંગીત સુધારનાર પણ દૂષિત ગણાવો જોઈએ; વાણી, વર્તન અને વિચારની શુદ્ધિ ન ઉપજાવે એ સંગીત નહિ. સારંગધરને લાગ્યું કે તેઓ પોતે જ અપાત્ર હતા. તેમના હૃદયમાં અસંતોષની ઉગ્ર જ્વાળા પ્રગટી. સંગીતકાર તરીકેનું પોતાનું નામ લગભગ લુપ્ત બનાવી દીધું. વિશુદ્ધ રાગરાગણીઓની સૂરાવલિની કલ્પનામાં તેમણે જીવવા માંડયું. એ કલ્પના ઉગ્ર બનતી ત્યારે તેઓ ગાઈ ઊઠતા; પણ તે ઘણું થોડું.

સંગીતત્યાગે તેમને વૃદ્ધ બનાવી દીધા. અશક્ત, પરાધીન અને ગરીબ બની ગયેલો સંગીતકાર પોતાના જૂના મકાનના કેટકેટલાક ભાગ વેચીસાટી પોતાનું ગુજરાન કરતો, એક ઓરડીમાં પોતાનાં સંગીતસાધનો સામે રાખી જીવન ગુજારતો બની ગયો. એનું એને બહુ દુઃખ ન હતું. પરંતુ સંગીતની સઘળી આવડત વિકસાવે એવા શિષ્યને તેણે કાઢી મૂક્યો એ બેસૂરું અને બેતાલું કાર્ય તેના જીવનને —સુસંગીતને જીર્ણ બનાવતું ચાલ્યું. એ પછી જતા દેહને જરા ટટાર કરવાનો પ્રયત્ન વ્યસનો વધારી હતો. પરંતુ એ વ્યસનો

સંગીતની કલ્પનાને અતિ પવિત્ર કક્ષાની બનાવતાં ન હતાં. હૃદયમાં વ્યાકુળતા વધે, મૂંઝવણ થાય, માર્ગ ન જડે ત્યારે સારંગધર સૂરનાદિ રચતા; પરંતુ તે સાથે જ તેમને પોતાનો શિષ્ય યાદ આવતો.

૫

એ જ શિષ્ય તે બૈજનાથ. બારેક વર્ષે તે પાછો આવ્યો અને સારંગધરના દેહમાં વીજળી જાગી. મૃત બનતું સંગીત સજીવન થતું લાગ્યું. સંગીતમાં – નાદબ્રહ્મની ઉપાસનામાં પાપ બળી જાય છે એ બૈજનાથનું વચન સત્ય હોય છતાં બૈજનાથનું અપમાન કરી સારંગધરે સંગીતદ્રોહ કર્યો હતો એ વાત તાજી થઈ.

'હવે ઘર બહાર જવાની શક્તિ રહી જ નથી.' સારંગધરે કહ્યું.

'હું પાલખી મંગાવું...અગર આપ કહો તો હું જાતે ઊંચકી જાઉં.' બૈજનાથે કહ્યું.

સારંગધર હસ્યા અને બોલ્યા : 'તું ઊંચકી જાય એનાં કરતાં બીજું રૂડું શું ? તારી ખાંધ મળે તો મને મુક્તિ મળી એમ જ માનું...હવે સમય પણ...'

'હું એ માટે નથી આવ્યો. હું તો ગુરુને જીવંત રાખી બાકીનો અભ્યાસ પૂરો કરવા આવ્યો છું. અહીં ન બને તો મારે ઘેર...'

'આટલાં વર્ષે હવે ? રીસ ઉતારતાં બાર વર્ષ તેં લગાડ્યાં !'

'બાર વર્ષ નહિ, પણ બે જ દિવસમાં રીસ તો ઊતરી. પરંતુ આપની આપેલી શિક્ષાને જીવનમાં ઉતારતાં બાર વર્ષ વીતી ગયાં. મુખવિકૃતિની પડેલી ટેવ ટાળતાં બાર વર્ષનાં તપ કરવાં પડ્યાં.'

'મારી પાસે રહ્યો હોત તો બહુ વહેલાં...'

'પરંતુ વિકૃત મુખ મટે નહિ ત્યાં સુધી આપને મુખ ન જ દેખાડવું એવી મેં પ્રતિજ્ઞા લઈ લીધી.'

'એમ ?'

'આપને ખાતરી કરાવવા અને આપના આશીર્વાદ મેળવવા આવ્યો છું.'

'શતં જીવ શરદ :...! ખાતરીની જરૂર શી ?' મુશ્કેલીથી સારંગધર બોલ્યા.

'આપની પાસે હજી થોડાં તાન અને થોડી ગમક શીખવાનું બાકી છે.'

'તારા ગયા પછી મેં ગાવું જ લગભગ છોડયું છે.'

'મારા આવ્યા પછી એ હવે શરૂ થશે.'

અને ખરેખર માંદગી ભોગવતા સારંગધરમાં સંજીવની પુરાતી હોય એમ લાગ્યું. થોડી વાતચીત પછી તેમણે ગાવાનું તો નહિ પણ બૈજનાથનું ગીત સાંભળવાની હા પાડી અને પોતાના જૂના તંબૂરા અને તબલાંને પાસે લાવવા તેમણે સૂચન કર્યું. ધૂળ ખંખેરી બૈજનાથે વાદ્યોને ભાવભર્યું નમન કર્યું અને ઊંચકી લાવી તેમને સારંગધરના પગ પાસે મૂકી દીધાં.

'મેળવ તો ખરો!' સારંગધરે કહ્યું.

બૈજનાથે તંબૂરાના તાર મેળવ્યા, અને હથોડીના ખટકારા વડે તબલાંનો પણ મેળ પાડ્યો.

સારંગધરના દેહમાંથી તાવ ભાગી ગયો લાગ્યો. પોતે કરેલી મેળવણી બરાબર છે કે નહિ તેની ખાતરી કરવા બૈજનાથે તંબૂરો સારંગધરને આપ્યો. તેમણે આંગળીઓ ફેરવી સૂર મળ્યાની ખાતરી કરી તંબૂરો બાજુએ મૂકી તબલાં લીધાં. ધ્યાંઉં ધ્યાંઉં અને કડિંગ કડિંગ બોલતા નરઘાની એક બાજુએ સૂરની કચાશ લાગતાં સારંગધરે સહજ હથોડી ખટકારી અને એ ચર્મવાદ્ય એવું ગુંજી ઊઠ્યું કે બૈજનાથની આંખમાં આશ્ચર્ય ચમક્યું. મેળવેલું નરઘું સારંગધરે બૈજનાથના સાથીદારને આપ્યું.

અને બૈજનાથે સૂર શરૂ કર્યા. એમાંથી રાગ જન્મ્યો, રાગનો આકાર બંધાયો અને રાગનું સ્વરૂપ પ્રફુલ્લિત રીતે વિકસવા લાગ્યું. એ સ્વરૂપ ઘટ્ટ બન્યું અને જીર્ણ ઓરડીના વાતાવરણમાં સૌંદર્યની ભાત ઊપસી આવી. સારંગધર પ્રથમ તો શાંત રહ્યા, પરંતુ જેમ સૂરસરિતાનો પ્રવાહ વધતો ગયો તેમ તેમ સારંગધરની શાંતિમાં

ઉત્સાહ પ્રેરેલો, અને જોતજોતામાં તેઓ સંગીતની ઊર્મિ ઉપર ઊછળવા લાગ્યા.

રાગ પૂરો થતાં 'વાહ!'નો ઉદ્ગાર સારંગધરના કંઠમાંથી નીકળ્યો. સારંગધરનું વાર્ધક્ય અને જીર્ણતા અદૃશ્ય થતાં લાગ્યાં અને ધોળા વાળ છતાં યૌવનની તાજગીભરી રેખાઓ તેમના મુખ ઉપર દેખાવા લાગી. બૈજનાથને લાગ્યું કે સારંગધરને જિવાડવા હોય તો તેમને સંગીતના શુદ્ધ વાતાવરણમાં જ સાચવી રાખવા જોઈએ. અને ખરેખર હજી કેટલીક સંગીતવિશિષ્ટતાઓ સારંગધર પાસે એવી હતી જે બીજા કોઈ પાસે મળે એમ ન હતું.

બૈજનાથે નમન કર્યું અને કહ્યું : 'મારી બાર વર્ષની તપશ્ચર્યા ફળી. ગુરુ પાસેથી 'વાહ' સાંભળી! એની કિંમત મને મળેલા લાખો રૂપિયા કરતાં વધારે છે.'

'વધારે તો શાબાશી એ માટે આપું છું કે ગાતી વખતે તું જ રાગની મૂર્તિ બની જાય છે; જે તારે માટે હું માગતો તે તને મળ્યું.'

'ના જી. હજી બેત્રણ બાબતો એવી છે કે જે મારે આપની પાસેથી મેળવવાની છે.'

'હું! મારું ગળું હવે જીવે છે જ ક્યાં?'

'મૃત ગળામાંથી પણ અમને સજીવન કરતું સંગીત મળી શકશે.'

'ગીત શરૂ કર. ગળું જવાબ આપશે તો વળી જોઈશ.'

અને બૈજનાથે બીજો રાગ શરૂ કર્યો. એ રાગે સારંગધરને વધારે સજીવ અને સચેત બનાવ્યા. જીવંત રાગ ઓરડીમાં ફરતો લાગ્યો, અને સંગીતે ઓરડીની જીર્ણતા ભુલાવી. ઓરડીમાં શાલેમારબાગની શોભા, પારિજાતની સૌરભ અને મેઘધનુષ્યના રંગની મેળવણી નિખારી.

ગાતાં ગાતાં આંખની ઇશારતથી બૈજનાથે દર્શાવ્યું કે આની આગળની વિશિષ્ટતા સારંગધર કૃપા કરી તેને બતાવે.

'જો હવે આમ પલટો લે.' કહી સારંગધરે ગળાની આછી રમત કરી બતાવી.

બૈજનાથે એ રમત ગ્રહણ કરી તેનું તત્કાળ અનુકરણ કર્યું.

'વાહ વાહ ! હજી બે વખત ઘૂંટ. કાયમ બેસી જશે.' કહી સારંગધર શિષ્યને ઉત્તેજન આપી રહ્યા, અને થોડી વારમાં તો ગુરુ અને શિષ્ય વચ્ચે સંગીતની વિલંબિત આપ-લે શરૂ થઈ ગઈ. વર્ષોથી સંતાઈ રહેલી સઘળી સંગીતસમૃદ્ધિ સારંગધરે બૈજનાથ પાસે ખુલ્લી મૂકી દીધી. બૈજનાથે એ તત્કાળ હસ્તગત કરી લીધી.

'હવે તું સંગીતનો દેવતા લાગે છે. તને લોકો કેમ માને છે એનું રહસ્ય સમજ્યો ?' સારંગધરે ચાલતા સંગીતે કહ્યું. બૈજનાથ એ રહસ્ય બરાબર જાણતો હતો. એણે પોતાના મુખસૌંદર્યને સંગીતની જ ઉચ્ચ કક્ષાએ રાખ્યું હતું. મુખ જરા ય વિકૃત બનતું નહિ. ઊલટું સંગીતની અસર ઘેરી બનતી જાય તેમ તેમ બૈજનાથના મુખનું સૌંદર્ય વધતું જતું હતું.

સારંગધર તો ઉલ્લાસમાં ઝૂલતા હતા. વર્ષોથી મૂકેલું સંગીત આજ વિશુદ્ધ કલાસ્વરૂપમાં પાછું દર્શન દેતું હતું.

તબલું વગાડનાર એક તાલ સહજ ચૂક્યો અને સારંગધરે લાલ આંખ કરી તેના હાથમાંથી વાદ્ય લઈ લીધું. સારંગધરની આંગળી અને થાપ પડતાં એ જડ વાદ્ય સંગીતને કોઈ અનેરું સ્વરૂપ આપી રહ્યું. રંગબેરંગી વાદળમાં ચંદ્ર ફરતો હોય એમ તાલની વચ્ચે બૈજનાથનો રાગ ફરવા લાગ્યો; સંગીતકારને બિરદાવતો વાદ્યકાર ગુરુ પોતાની કલા વડે સંગીતને સ્વર્ગપાતાળનાં અનુપમ ઝોલાં ખવરાવતો હતો એનું નવું ભાન શિષ્યને થયું. અને રીસમાં ભાગી જઈ બાર વર્ષના ગાળામાં એણે ખરેખર કેટલું ગુમાવ્યું તેનો વિચાર બૈજનાથને આવ્યો.

'હાં. એકચિત્ત બન. સંગીત તો આરાધના છે. વાહ !' સંગીતમાં એકાગ્રતાનો થતો ભંગ સારંગધર જેવા સંગીતકારને ખૂંચે જ. સંગીત દ્વારા જ જગતના સર્વ વ્યવહારને ઓળખનાર એ સંગીતયોગીએ બૈજનાથના ગીતને હજી ઊંચી કક્ષાએ ચઢાવ્યું. સંસારનું, જગતનું, સ્થળકાળનું ભાન ભૂલી ગયેલા બંને ગુરુશિષ્ય સંગીતસ્વર્ગમાં મહાલી રહ્યા. બન્નેના હૃદય તથા દેહ રાગતાલના આસ્વાદમાં અમૃતની મીઠાશ અનુભવી રહ્યાં. સૂરતાલની અદ્‌ભુત કલા

કે કવિતામાં મહાસર્જનો કરતાં પણ ઉત્કૃષ્ટ છે. ગીત પરાકાષ્ઠાએ પહોંચ્યું. નાદબ્રહ્મનો સાક્ષાત્કાર જાણે થતો લાગ્યો. આસપાસથી આવી સંગીત સાંભળવા બેસનાર સામાન્યતઃ ઉદાસીન શ્રોતાઓ પણ મહાકલાનાં દર્શન કરી રહ્યાં.

સમયની થાપ વાગી અને સંગીત અટક્યું.

'વાહ વાહ !' સારંગધરના ઉદ્‌ગાર સંભળાયા અને મસ્ત પ્રસન્નતા અનુભવી રહેલું તેમનું શિર ભીંતે ટેકો લેવા ઢળ્યું. તેમના મુખ ઉપર પરમ સંતોષ અને પરમ આનંદની રેખાઓ ઊપડી આવી.

'અરે, અરે ! સારંગધર તો હાલતા નથી.' એક શ્રોતાએ કહ્યું. બૈજનાથે હાથ લાંબો કરી સારંગધરનો શ્વાસ પારખ્યો. શ્વાસ ચાલતો જ ન હતો !

શ્રોતાઓમાં એક ડૉક્ટર પણ આવી ચડ્યા હતા. તેમણે સારંગધરની નાડ પકડી સારંગધરનો પ્રાણ ઊડી ગયો હતો. સારંગધરને પથારીમાં સુવાડી ડૉક્ટરે હૃદય તપાસ્યું; હૃદય ધડકતું ન હતું. એટલું જ નહિ, ડૉક્ટરને લાગ્યું કે પાંચેક મિનિટથી તેમનું હૃદય બંધ પડી ગયેલું હોવું જોઈએ.

હૃદય બંધ પડ્યા છતાં તેમનો દેહ વાદ્ય વગાડી શક્યો અને સંગીતની થતી અસર અનુભવી શક્યો એ કેમ બને ? ડૉક્ટરને પણ એ ચમત્કારની સમજ ન પડી.

માત્ર બૈજનાથ સમજ્યો. સારંગધર સામાન્ય માનવી ન હતો. એ સંગીતયોગી—સૂરયોગી હતો.

એણે સંગીતસમાધિ લીધી હતી. મૃત્યુને પણ થોડી ક્ષણ રોકી એણે મહાસંગીતની પરાકાષ્ઠા અનુભવી. જેને માટે એ ઝંખતો હતો તે સંપૂર્ણ—સૌન્દર્યસંપન્ન સંગીત મળતાં એણે મૃત્યુને પણ ક્ષણો સુધી થોભાવ્યું.

બૈજનાથે એ જ સ્થળે ગુરુને નામે એક સંગીત મહાવિદ્યાલય સ્થાપ્યું.

• •